
દેવકુમાર
પ્રકાશક
ભોગીલાલ રતનચંદ
રાજકવિ
ધરમપુર સ્ટેટ
અમદાવાદ

રસમય

# વિવિધ કુસુમ
# કાવ્યતરંગ

થોડાજ વખતમાં બહાર પડશે.
ઘણાજ વિષયોથી ભરપુર
પૃષ્ટ ૩૦૦ પાકુ બાઇન્ડીંગ
કીં. રૂા. ૩-૦-૦

કવિ ભોગીલાલ કૃત

★

# શ્રી પ્રભુગુણ
# જૈન સ્તવનાવલિ

રત્નાકર
ચોવીસે તીર્થંકરોના સ્તવનો
તથા
ઘણીજ પ્રભુગુણની કવિતાઓ
વીગેરે
ટૂંક વખતમાં બહાર પડશે.

પૃષ્ટ ૧૫૦ થી ૨૦૦
કી. રૂા ૧-૪-૦

કવિ ભોગીલાલ કૃત

# શ્રી દેવકુમાર

[ સામાજિક અને ધાર્મિક ચરિત્ર ]

☆

લેખક અને પ્રકાશક.

**ભોગીલાલ રતનચંદ વોરા.**

રાજકવિ ધરમપુર સ્ટેટ.

ઠે : ઝવેરીવાડ, પટણીની ખડકી

**અમદાવાદ.**

આવૃત્તિ ૧ લી        સને ૧૯૪૨

કિંમત રૂ. ૨-૦-૦

# અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોના નામ.

૧૫૦. શેઠ ભુધાભાઈ સકરચંદ સુતરીયા અમદાવાદ.
૧૦૦. ધરમપુર મહારાજા શ્રીના પ્રાઈવેટ સેક્રેટરી.
રા. રા. ભોગીલાલભાઈ જે. મોદી.
૧૫. શેઠ મંગળદાસ ડાહ્યાભાઈ મુલચંદ અમદાવાદ.
૨. શેઠ ફૂલચંદ કાલીદાસ અમદાવાદ.
૧. શેઠ પરસોતમ ઘેલાભાઈ.
૨. શા રીખવચંદ લલ્લુભાઈ વીદ્રોલવાળા.
૧૦૦. રા. રા. મેઘજી હીરજી મુંબાઈ.
૫. શેઠ વાડીલાલ જમનાદાસ અમદાવાદ.
૭. શેઠ પોપટલાલ મોહોલાલ સાણુગોળા વાળા. અમદાવાદ.
૨. શેઠ ત્રીકમલાલ પ્રેમચંદ અમદાવાદ વાઘેશ્વરની પોળ.


## એક પંથ ને દો કાજ.

ધાર્મિક તેમજ સામાજીક સંગીત સાથે આખ્યાનકાર જેઓએ ઘણા ગામ નગર—શહેરોમાં તેમજ રાજા મહારાજાઓમાં આખ્યાનો કરી મુગ્ધ કરી ઘણા જ સુવર્ણચંદ્રકો મેળવ્યા છે તો તમારા ધાર્મિક પ્રસંગમાં તેમજ શુભ પ્રસંગોમાં જરૂર લાભ લેવા વિનંતિ છે. પોતાના ચુનંદા સ્ટાફ સાથે શ્રોતાજનોને મુગ્ધ કરી જનતાના આત્માને સંગીતથી હચમચાવી મુકશે. લી.

દવાખાનું પીંપળાવાળો ખાંચો; રતનપોળ,

કવિ ભોગીલાલ રતનચંદ વોરા.
ઘર. ઝવેરીવાડો, પટણીની ખડકી,
અમદાવાદ.

તા. ક. આ સિવાય દરેક અસાધ્ય રોગોની દવા કરવામાં આવે છે. તેમજ હીસ્ટ્રીયા તથા પક્ષઘાત જીવલેણ દર્દો ગેરંટીથી મટાડવામાં આવે છે. માટે મળો યા લખો. કવિ ભોગીલાલ.



મુદ્રક : શાહ મણીલાલ છગનલાલ ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ ઘીકાંટા રોડ. અમદાવાદ

( ધરમપુર સ્ટેટ રાજકવિ )

# ભોગીલાલ રતનચંદ વોરા

અમદાવાદ.



જેઓએ પોતાની શક્તિ અનુસાર લગભગ દસ પુસ્તકો બહાર પાડી જનતાની સાહિત્ય પ્રત્યે સેવા બજાવી પોતાની ફરજ અદા કરી છે. તેમજ સંગીત સાથે ધાર્મિક પ્રવચન કરી ઘણાજ સુવર્ણ પદકો મેળવી જનતાને મુગ્ધ કરી છે. જેઓશ્રી આ શ્રીપાળના રાસની બીજી આવૃત્તિ લોકલાગણીને વશ થઈ બહાર પાડી ધાર્મિક જનતાના આશીર્વાદ મેળવવા ભાગ્યશાળી થયા છે.

# લેખકના બે બોલ.

સદરહુ પુસ્તકનું પ્રકાશન કરવા મારી અંતીમ ઇચ્છા ઘણા વખતથી મારા અંતરમાં હતી. પરંતુ તે અભિલાષા કેટલાક અનીવાર્ય સંજોગોને લઇ પુરી થઈ શકી નહી. પરંતુ જ્યારે મારા હૃદયથી ચોક્કસ વિચાર થયો ત્યારે મારા મીત્ર શેઠ. બુધાભાઇ સકરચંદ સુતરીયાએ પોતાના માતુશ્રીના સ્મરણાર્થે આ પુસ્તકનુ પ્રકાશન બહાર પાડવા સારૂ મને આર્થીક સાહ્ય સારામાં સારી આપી મારા ઉત્સાહને જાગૃત બનાવ્યો. અને તેથી જ આજે આ પુસ્તક જનતા સમક્ષ રજુ કરવા ભાગ્યશાળી બન્યો. તેથી આ સ્થળે શેઠ બુધાભાઈનો અંતઃકરણથી આભારી છું.

શ્રી. સુતરીયા કુટુંબ મને ઘણા વર્ષોથી વાત્સલ્યભાવથી ચહાય છે. અને મારા આવા સાહીત્યના કાર્યમાં અવાર નવાર ઉત્તેજન આપી મારો ઉત્સાહ વધારવામાં સહાયભૂત થાય છે. શ્રીમાન શેઠ ભગુભાઇ તથા શ્રીમાન શેઠ તીકમભાઈ તથા શ્રીમાન શેઠ ભોગીલાલ ભાઇ વીગેરે ગૃહસ્થોએ મને ઘણા જ પ્રેમથી અને લાગણીથી પોતાનો બનાવ્યો છે. વળી આ જગ્યાએ બીજા પણ કેટલાક મારા અગ્રગણ્ય મીત્રોએ પણ પોતાના મુબારક નામ આગળથી આપી મારા આ પુસ્તકમાં સાહ્યભૂત થયા છે તેથી આ સ્થળે દરેક મિત્રોનો પણ આભાર માનું છું અને આશા રાખુ છુ કે મારા આવા દરેક શુભ કાર્યમાં મને હંમેશાં મદદ આપી આભારી કરશે. પરમાત્મા સૌને સુખી અને દીર્ઘાયુ રાખો એજ ભાવના.

તા. ક.

મારા પરમ સ્નેહી.

નામદાર ધરમપુર મહારાજા શ્રી. વિજયદેવજી સાહેબ. બહાદુરશ્રીના પ્રાઈવેટ સેક્રેટરી રાજકોટ નિવાસી ભોગીલાલભાઈ. જે. મોદી. તેઓ-શ્રીના મર્હુંમ વડીલ ભાઈ દિવાન સાહેબ અનોપચંદભાઈ જગજીવનદાસ મોદીના સ્મર્ણાર્થે આ પુસ્તકમાં મદદ આપી મને અતી આભારી કર્યો છે. તેથી આ સ્થલે તેઓશ્રીનો પણ આભાર માનું છું.

લી.

ભોગીલાલ કવિ.

# આભાર

આ પુસ્તક છપાવવા સારૂ જ્યારે મેં મારો વિચાર કર્યો ત્યારે કુદરતે
મને ગેબી મદદ આપવા એક સખી ગૃહસ્થને પ્રેરણા કરી અને તે
ગૃહસ્થ રાજનગરનિવાસી શેઠ **બુધાલાલ સકરચંદ સુતરીયા** છે.
મારા પુસ્તકમાં પોતાનાં માતુશ્રી બ્હેન પુંજીબેનના સ્મરણાર્થે
આ પુસ્તકમાં મને રૂ. ત્રણસોની મદદ આપવા ઉદાર હાથ
લંબાવી મારી મરી ગયેલી આશા સજીવન કરી મારા પુસ્ત-
કને પ્રોત્સાહન આપી મને આભારી કર્યો. ભાઈ બુધાલાલ
એક સદાચારી યુવક છે અને માતૃભક્તિનો પ્રેમ
પોતાની રગેરગમાં ભરેલો છે અને પોતાની યથા-
શક્તિ અનુસાર સારા કાર્યમાં પોતાની
લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી પોતાનું જીવનધન્ય
ગણે છે. ધન્ય છે! આવા માતૃપ્રેમી
પુત્રને ! પરમાત્મા ! તે ભાગ્યશાળી
માતાના ભાગ્યશાળી પુત્રને
સદા આરોગ્યમય અને
દીર્ઘાયુષ્ય રાખો.
એજ
**પ્રાર્થના.**

લી.

**ભોગીલાલ કવિ**

# દેવકુમાર સચિત્ર ધાર્મીક નવલકથા

## મંગળાચરણ

સાચી માતા સરસ્વતિ યાચી કરૂ અરદાસ,
સદા કૃપા મુજપર કરી કર જીવ્હાએ વાસ. ૧

રચના કરૂ પુસ્તક તણી નામ દેવકુમાર,
યશ કીર્ત્તિ મુજ કાર્યમાં દેજે સદા સુખકાર. ૨

તુજ કૃપાથી છું ઉજળો ધરજે રંક પર વહાલ,
કરજોડી તુજ ચરણમાં નમતો ભોગીલાલ. ૩

# સ્વ. મર્હુમ શેઠ લાલભાઈ છોટાલાલ શાહ

અમદાવાદ (નિવાસી)



મર્હુમ એક એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ ખાતાના વડા ઑફીસર હતા. અને સાહિત્યનું ઘણું જ ઊંચું જ્ઞાન હતું. તેઓશ્રીના નીકટ પરિચયમાં ઘણા વર્ષોથી હતો. તેઓશ્રીનું દેવકુમાર નામનું લખેલું પુસ્તક ઘણા જ વર્ષો પહેલાં છપાવેલું હતું. તે પુસ્તક તેઓશ્રીના (નાના) ભાઈ શ્રીયુત જમનાદાસ છોટાલાલ શાહ તથા તેઓ:શ્રીના સુપુત્રો ભાઈ રમણલાલ તથા ભાઈ રસીકલાલની શુભ ભાવનાથી પોતાના પિતાશ્રીની યાદગીરી સ્મરણાર્થે મજકુર પુસ્તકમાં ભાષા વગેરેનો ફેરફાર કરી મને ફરી છપાવવા સારૂ જે ઉદારતાભરી લાગણી બતાવી મને જે પ્રોત્સાહન આપ્યું છે તેના માટે તે સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પરમાત્મા મર્હુમના આત્માને અપૂર્વ શાન્તિ અર્પો.

લી.

ભોગીલાલ રતનચંદ કવિ.

# આ ● ભા ● ર

દેવકુમારનું પુસ્તક મર્હુમ શેઠ લાલભાઈ છોટાલાલ શાહે ચાલીશ વર્ષ પૂર્વે પોતે બનાવી છપાવેલું હતું તે પુસ્તક સામાજીક તેમજ વ્યવહારિક જ્ઞાન ને પોષણ આપનારૂ અતી ઉપયોગી હોવાથી તેઓશ્રીના (નાના)ભાઈ શ્રીમાન્ શેઠ જમનાદાસ છોટાલાલ શાહ તથા તેઓશ્રીના સુપુત્ર રા. રા. રમણલાલભાઇ તથા રા. રા. રસીકલાલભાઈ વીગેરેની પોતાના પિતાશ્રીની યાદગીરી માટે મજકુર પુસ્તકની ફરી આવૃત્તિ સુધારા વધારા સાથે નવીન ઢબથી લખવાનું તેમજ છપાવવાનું કાર્ય મને સોંપવામાં જે ઉદારતાભરી લાગણી બતાવી છે તેના માટે હું તેઓશ્રીના ભાઈ તથા તેમના પુત્રોનો સદા આભારી છું મર્હુમ મારા એક નીકટના સ્નેહી હતા. તેઓશ્રીની પક્ષઘાતની માંદગી વખતે તેઓશ્રીની સેવા કરવાનો મને ત્રણ વર્ષ સુધી અમુલ્ય લાભ મલ્યો હતો મર્હુમ પોતે મને એક પોતાના ભાઈ તરીકે ચહાતા હતા. તેથી આ મજકુર પુસ્તક દેવકુમારના નામનું તેઓશ્રીની યાદગીરી કાયમ મારા હૃદયમાં તેમજ વિશ્વમાં રહે. અને તે અમુલ્ય સેવાનું કાર્ય જે મારા હસ્તે થયું તેના માટે હું મારા આત્માને ભાગ્યશાળી સમજુ છું. પ્રભુ તેઓશ્રીના નાનાભાઈ શ્રીમાન જમનાદાસભાઈ તથા તેઓશ્રીના સુપુત્રો ભાઈ રમણલાલ તથા ભાઈ રસીકલાલ વીગેરેને પરમાત્મા સદા સુખી રાખે અને દીર્ઘાયુ ભોગવે અને મારો અને એઓનો સદા કુટુંબી સબંધ પ્રભુ કાયમ રાખે. એજ હૃદયની ભાવના.

લી.

**ભોગીલાલ કવિ**

**ના સ્નેહવંદન**

## પ્રકરણ પહેલું.

### ભદ્રબાહુસ્વામીનું ટુંક જીવન વૃત્તાંત.

**પ્રાચીન** સમયની આ વાત છે. પ્રભુ મહાવીરસ્વામીના સમય પછીની વાત કહું છું. જે સમયે જૈન શાસનમાં દિવસે દિવસે ઘણું જ પરિવર્તન થવા માંડયું, અને તે પરિવર્તન એટલે સુધી થવા લાગ્યું કે શાસનના નામથી ઘણી જ અંધાધુંધી ચાલવા માંડી—વધવા લાગી.

રાજા નંદના વખતમાં સત્યાસત્યની સાબીતી કરવી ભાગ્યે જ જરૂર પડે. આવા સમયમાં પ્રભુ મહાવીરસ્વામીની પાટ પરંપરામાં શ્રી ભદ્રબાહુસ્વામીનું નામ પ્રથમ સ્થાને છે, અને જૈન જૈનેત્તરના ઘણા ગ્રંથોમાં તેમના જીવનના દાખલાઓ જડી આવે છે. ભદ્રબાહુસ્વામી બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા, તેઓ બે ભાઈ હતા, તેમનું મુખ્ય વતન પ્રતિષ્ટાનપુર હતું, તેમના બીજા ભાઈનું નામ "વરાહમિહીર" હતું. તેઓનો મુખ્ય ધંધો ભણવાનો હતો. આ બંને ભાઈઓને શ્રી સરસ્વતિ દેવી શાક્ષાત વારસામાં વરી ચૂકી હતી. જેથી બંને ભાઈઓ વિદ્યામાં ઘણા જ પ્રવીણ—ચતૂર હતા. તેથી તેમની જગતમાં પણ જોડ મળવી મુશ્કેલ હતી. તેઓ વિદ્વતામાં અજોડ હતા.

તેઓ આટલા વિદ્વાન હોવા છતાં પણ સંયમી તથા ચારિત્રશાળી હતા. તેઓ વૈભવવિલાસની અભિરૂચીવાળા નહોતા, કેવળ સાદાઈમાં જ મહત્તા અને પવિત્રતા સમજતા હતા. આ પ્રમાણે બંને ભાઈઓ વિદ્યા ભણવામાં ઘણા જ કુશળ અને દરેક ધર્મશાસ્ત્રનો પુરેપુરો અભ્યાસ કરી પારંગત થયા હતા.

એક વખતે તેઓને યશોભદ્રસૂરિ નામના અગાધ વિદ્વાન જ્ઞાની આચાર્યનો સમાગમ થયો. તે આચાર્યશ્રી દશ વૈકાલિક સૂત્રની રચના કરનાર શય્યંભવસૂરિના ચૌદ પૂર્વધારી શિષ્ય હતા. જેમ સૂર્ય આગળ આગીઓ ઝાંખો પડી જાય તેમ આ બંને ભાઈઓ તે આચાર્યશ્રી પાસે સાધારણ વિદ્વાન પણ ન જણાયા, અને બંને ભાઈઓએ જાણ્યું કે જો ખરી વિદ્યા શીખવી હોય તો આ આચાર્ય પાસેથી શીખાય તેમ છે. તેથી બંને ભાઈઓએ આચાર્યશ્રી પાસે વિનયપૂર્વક દીક્ષા અંગીકાર કરી પોતાનો અભ્યાસક્રમ આગળ વધારવો શરુ કર્યો.

ધન્ય છે!!! આવા વિદ્યાભિલાષી આત્માઓને! જૈન શાસ્ત્રોમાં જે ગ્રંથો પવિત્ર અને પ્રમાણભૂત ગણાય છે, જેને 'આગમ' કહેવામાં આવે છે. પ્રભુ મહાવીરે જે ઉપદેશ આપ્યો છે તેને ગણધર શ્રી ગૌતમ સ્વામી અને બીજાઓએ સુત્રરૂપે પ્રરૂપ્યો છે. સૂત્રોની સંખ્યા બારની છે, અને તેનું નામ દ્વાદશઅંગ કહે છે. દ્વાદશ એટલે બાર અને અંગ એટલે સુત્રો, તેવા બાર સુત્રો છે, તેના નામ નીચે આપવામાં આવે છે.

૧. આચારાંગ. ૨. સુયગડાંગ. ૩. ઠાણાંગ. ૪. સમવાયાંગ. ૫. ભગવતીજી ૬. જ્ઞાતાધર્મકથા. ૭. ઉપાશકદશાંગ. ૮. અંતગડદશાંગ. ૯. અનુત્તરોવવાઈ. ૧૦. પ્રશ્નવ્યાકરણ. ૧૧. વિપાકશ્રુત અને ૧૨ દૃષ્ટિવાદ.

આ પ્રમાણે બાર સુત્રોમાંથી અગીઆર સુત્રો (અંગ) બંને ભાઈઓ શીખી ગયા પણ બારમું અંગ દૃષ્ટિવાદ ઘણું જ અઘરૂં અને મુશ્કેલી

વાળું હોવાથી તેમના ભાઈ વરાહમિહીર એટલેથી જ અટક્યા પણ ભદ્રબાહુસ્વામી ભણવામાં અટકે એમ નહોતા, કારણ કે પોતે એમ માનતા હતા કે શીખવું તો પુરેપુરૂં શીખવું. અને જ્ઞાન સંપૂર્ણ ખીલવવું. આવા પોતાના વિચારો હોવાથી અને પોતાની મક્કમ ભાવના હોવાથી તે વીરનર એકાગ્રચિત્તે 'દૃષ્ટિવાદ' શીખવા લાગ્યા, અને તે તે પુસ્તકનો પહેલો ભાગ 'પરિકર્મ' શીખી ગયા. આ ભાગમાં ઘણી ઝીણી ઝીણી વાતોનો સમાવેશ થાય છે. ત્યાર પછી બીજો ભાગ 'સૂત્ર' આવ્યો, તેના ૮૮ (અઠ્ઠાસી) ભેદ પણ શીખી ગયા હવે આવ્યો ત્રીજો ભાગ, તે ત્રીજો ભાગ 'પૂર્વગત' ઘણો કઠણ, અઘરો અને વિશાળ હતો. એના ચૌદ મોટા ભાગ અને એકેકું પૂર્વ એટલુ જ્ઞાનવાળું કે તેની સરખામણી થાય નહિં. અને તે પૂર્વ લખ્યા લખાય નહીં, ફક્ત આત્માની અગાધ શક્તિ (લબ્ધિ) થી જ શીખાય.

કોઈ સવાલ પૂછે કેઃ—કદાચ કોઈની લખવાની કે લખાવવાની ઇચ્છા થઈ હોય તો તેનું પ્રમાણ તો બતાવો કે જેથી તેનો ખ્યાલ આવે. અનંત જ્ઞાન ને અક્ષરમાં ઉતારવાનું પ્રમાણ કેવી રીતે બતાવી શકાય ! છતાં વાંચકોની જાણ માટે પ્રમાણ નીચે આપુ છું.

## સુત્ર લખવાનું પ્રમાણ

એક હાથી, ડુબે એટલી, લખવામાં શાહી વપરાય છે.
ત્યાં જ્ઞાની સત્ય જ બોલતા, પૂર્વ પહેલું પૂરૂં થાય છે. ૧

અર્થઃ—એક હાથી ડુબી જાય એટલી શાહી હોય ત્યારે જ તે પૂર્વ લખાય છે. એમ જ્ઞાની કહે છે. (૧)

બે હાથી ડુબે એટલી, જ્ઞાની કહે શાહી જાય છે;
બીજું પૂર્વ લખવા મહીં, શાહી એટલી વપરાય છે. ૨

અર્થઃ—બે હાથી ડુબે એટલી શાહી બીજું પૂર્વ લખવામાં વપરાય છે એમ જ્ઞાની કહે છે. (૨)

આ પ્રમાણે તેનું માપ સમજવાનું છે. જેમ જેમ સુત્રોની સંખ્યા વધે તેમ તેમ બમણા બમણા હાથીઓ ડુબે એટલી શાહી વાપરવામાં આવે તો પણ જ્ઞાની કહે છે કે તે સુત્રો લખી શકાતા નથી. આવી અગાધ વસ્તુની પ્રાપ્તિતો ભાગ્યશાળી કે પુણ્યશાળી જ વ્યક્તિ મેળવી શકે. આવી મુશ્કેલી ભર્યો ભાગ પણ ભદ્રબાહુસ્વામી શીખી ગયા. અને તે પછી અનુયોગ અને ચૂલિકા પણ શીખ્યા હવે તેઓ ચૌદ પૂર્વધારી કહેવાયા. તેઓશ્રીએ બીજા મહાન ગ્રન્થો અન્ય લોક સમજી શકે તેવી સરળ ભાષામાં કેટલાકના સરળ અર્થો કર્યાં. અને તેનું નામ નિર્યુક્તિ કહેવામાં આવ્યું. એવી નિર્યુક્તિ દશ સુત્રોમાં બનાવી.

જ્યારે તેઓ વિદ્યામાં સંપૂર્ણ પારંગત થયા છે એમ ગુરૂના જાણવામાં આવ્યું ત્યારે ગુરૂએ ભદ્રબાહુસ્વામીને આચાર્યપદ આપ્યું. આથી વરાહમિહીર કહે હું પણ ઘણું ભણ્યો છું તો મને પણ આચાર્યપદ અપાવો!

તારૂં કહેવું બરાબર છે, પણ તારામાં ગુરૂનો વિનય અને નમ્રતા ક્યાં છે? ભદ્રબાહુસ્વામી બોલ્યા.

ત્યારે શું હું નકામો સાધુ થયો? જો તમે મને આચાર્યપદ નહીં અપાવો તો મારે તમારી દીક્ષા પાળવી નથી. વરાહમિહીર ચીડાઈને બોલ્યો.

જેમ તને અને તારા આત્માને ઠીક લાગે તેમ કર. ભદ્રબાહુસ્વામીએ કહ્યું.

આથી વરાહમિહીરે દીક્ષા ત્યાગ કરી દીધી. અભાગીના હાથમાં રત્નચિંતામણી રત્ન આવેલું હોય પણ ભાગ્ય વિના કેવી રીતે રહે!

### દોહરા.

એક બાપના બે દીકરા, એક વિનયી ને વિદ્વાન છે,
ત્યારે જુઓ બીજો દીકરો, જેને ક્રોધ ને અભિમાન છે. ૧

ભણ્યો છતાં ગણ્યો નહીં, જ્ઞાની છતાં અજ્ઞાન છે,
કર્મની ઘટના છે ન્યારી, વિધિ વિશ્વમહિં બળવાન છે. ૨

વિધિ તણી ઘટનાને કોઈ, સંસારમાં પહોંચ્યું નથી.
મોટા અને નાના સૌ, વિધિના ભેદ સમજ્યા નથી. ૩

ધારે જગતમાં માનવિ, પણ ધાર્યું નહીં કદિ થાય છે.
વિધિ તણી મરજી વિના, ઘટના કશી ન બદલાય છે. ૪

આ પ્રમાણે વરાહમિહીર દીક્ષા ત્યાગ કરી ચાલી નીકળ્યો. આ વખતે પોતાના વડીલ બન્ધુ શ્રી ભદ્રબાહુસ્વામીને કહ્યું કે:—

"શું તું મારાથી આગળ વધી જઈશ! ના, ના, કદી પણ એમ બનવા દઈશ નહીં. હું જોઉં છું કે તું કેવી રીતે મારાથી આગળ વધી શકે છે? હું પણ તને વખત આવે ન બતાવી દઉં તો મારૂં નામ વરાહમિહીર નહીં! મારામાં જેટલું જ્યોતિષજ્ઞાન છે તેટલું જ્ઞાન આ જગતમાં કોઈને નથી. માટે હું જ્યોતિષ વિદ્યામાં આગળ વધી તને બતાવી આપું તોજ ખરો!" ક્રોધના આવેશમાં વિનય અને વિવેકને ઉંચે લટકાવી વરાહમિહીર બોલ્યા.

મનુષ્ય જાતિમાં જો અભિમાન રૂપી હાથી ન હોત તો જરૂર દરેક મનુષ્ય પોતાના આત્માનું કલ્યાણ સાધી શકત. પણ કુદરતે એવી ઘટના મુકી છે કે અભિમાનરૂપી ગજરાજને જીતવો તે ઘણો જ મુશ્કેલ છે. વળી જ્ઞાનીઓએ પણ પોતાના અનુભવ વડે સિદ્ધ કરી

બતાવ્યું છે, કે વિનય, વિવેક અને નમ્રતા એ પોતાના જીવનના વિકાસ માટે ઉત્તમ પગથીયું છે, અને અગ્રસ્થાન છે.

૨

હવે આપણે વરાહમિહીર શું કરે છે તે તરફ ધ્યાન આપીએ! વરાહમિહીરે મને જ્યોતિષ ઘણું જ સારૂં આવડે છે અને મુર્હુત પણ સારામાં સારૂં જોઈ આપું છું એમ પોતે પોતાની જાતે જ ઠામ ઠામ જાહેર કરવા માંડયું, અને પોતે જ પોતાની કીર્તિ વધારવા પોતાના મૂખે બણગાં ફુંકવા માંડયા. આથી ઠામ ઠામ તેની વાતો થવા લાગી. જેથી વરાહમિહીર રોજ રોજ નવા નવા બણગાં ફુંકવા લાગ્યો.

આવી રીતે એક વખત વરાહમિહીરે એવી ગપ ચલાવી કે "મેં ગામ બહાર જઈ મુર્હુત જોવા માટે કુંડળી કરી અને તેમાં સિંહનું ચિત્ર આલેખ્યું અને તેનું ગણીત ગણવાની ધુનમાં ને ધુનમાં તે ચિત્ર ભૂંસવું ભુલી ગયો અને જ્યારે હું ઘેર ગયો ત્યારે તે ચિત્રની હકીકત મારા ખ્યાલમાં આવી, એટલે હું તરતજ ત્યાં પાછો ગયો પણ જેવો હું સિંહનું ચિત્ર ભુંસવા માટે ગયો તે જ વખતે તેના ઉપર સાક્ષાત સિંહરાશીનો સ્વામી સિંહ જ હતો, અને તેણે મારા ઉપર પ્રસન્ન થઈ મને વરદાન માગવા કહ્યું તેથી મેં કહ્યું કે "જો આપ સાચા હો અને મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને જ્યોતિષનું સંપૂર્ણ જ્ઞાન આપો, તેથી હું જગતની સેવા કરી મારૂં જીવન સાર્થક કરૂં" આથી સિંહ મારા ઉપર પ્રસન્ન થઈ મને વરદાન આપી અદૃશ્ય થઈ ગયો. તેથી મેં વિદ્યા અને વરદાન વડે જ લોકોની સેવા કરવાનો નિશ્ચય કર્યો છે." આ પ્રમાણેની હકીકત લોકોને સમજાવવા માંડી.

કહેવતમાં કહ્યું છે કે "દુનિઆ ઝુકતી હે મગર ઝુકાને વાલા ચાહીયે" આ બધી વાતો સાંભળી લોકો ગાડરીઆ પ્રવાહની માફક વરાહમિહીરને અતિશય માન આપવા લાગ્યા. વળી કહેવતમાં કહ્યું છે

કે:—" અધુરો ઘડો છલકાય પણ ભર્યો ન છલકાય" તેમ મનુષ્યના જીવનમાં ગંભીરતાનું લક્ષણ આવવું ઘણું જ મુશ્કેલ છે, તે લક્ષણ તો કોઈક વીરલાઓમાં જ હોય છે!

આ સમયે ત્યાંના રાજા નંદને ત્યાં ઘણે વર્ષે પુત્રપ્રાપ્તિ થઈ. તેથી રાજા નંદને કઈ જાતની ખામી હોય! જ્યાં અનેક જાતના વૈભવ, અનેક જાતની સાહ્યબી અને લક્ષ્મીના અખૂટ ખજાના હોય વળી પુત્રની પ્રાપ્તિ થઈ પછી કઈ વાતની મણા હોય! આથી રાજાએ પુત્રની જન્મપત્રિકા બનાવવા વિચાર કર્યો. ત્યાં તો વરાહમિહીરને શોધવા જવું પડે તેમ નહોતું. જેથી વરાહમિહીરે જન્મપત્રિકા બનાવી. પુત્રનું આયુષ્ય કુંડળીમાં જોઇને સો વરસનું કહ્યું તેથી રાજા ઘણો જ ખુશી થયો અને રાજા નંદે વરાહમિહીરને ઘણું જ ઈનામ આપી તેનું સન્માન કર્યું.

હવે વરાહમિહીરને વિચાર થયો કે ભદ્રબાહુનો ઘાટ ઘડવાનો આ લાગ સારો આવ્યો છે, માટે લાવ યુક્તિ કરૂં. થોડીવાર વિચાર કરી રાજા નંદની પાસે ગયો અને કહ્યું કે:—

" જુઓ! નગરના તમામ નાગરીકો તેમ જ પ્રજાના તમામ સારા સારા આગેવાનો આવી ગયા પણ પેલા જૈન સાધુ ભદ્રબાહુ સ્વામીએ આપશ્રીને મળવા પુરતો પણ વિવેક કર્યો છે? તો તે શા કારણથી નથી આવ્યા તેનું કારણ તો જાણો!" વરાહમિહીરે રાજા નંદને સમજાવ્યું.

આ વાત સાંભળી રાજાએ મંત્રી શકડાળને બોલાવી કહ્યું કે:- તમામ નગરજનો મને પુત્રની ખુશાલીમાં મળવા આવ્યા પણ તમારા જૈનના આચાર્ય ભદ્રબાહુસ્વામીએ મને મળવા આવવાની પણ તસ્દી લીધી નથી. આથી તુરત જ શકડાળ મંત્રી ભદ્રબાહુસ્વામી પાસે આવ્યા અને નંદરાજા પાસે થએલી વાત કહી સંભળાવી.

શકડાળ આવ્યા જાણી ભદ્રબાહુસ્વામી બધી વાત સમજી ગયા હતા, છતાં પણ તેમણે શકડાળની બધી વાતો ધ્યાનપૂર્વક અને શાન્તિથી સાંભળી. ભદ્રબાહુસ્વામી ચૌદપૂર્વધારી જ્ઞાની હતા વળી અગમનીગમની વાતને પોતે સારી રીતે જાણતા હોવાથી પોતે વિચાર્યું કે રાજાની શાસન પર અપ્રીતિ થાય નહિં તેમ કરવું જોઈએ.

મંત્રીશ્વર! રાજાનંદને મારા ધર્મલાભ કહેશો અને સાથે એટલું પણ કહેશો કે "કામ વગર આવવું અને જવું શા માટે? કારણ કે તમારો પુત્ર આજથી બરાબર સાતમે દિવસે જ બિલાડીના મુખથી મરણ પામશે" ભદ્રબાહુસ્વામીએ કહ્યું.

આ સમાચાર મંત્રી શકડાળે રાજા નંદને પહોંચાડયા, જેથી રાજાનદે શહેરની તમામ બિલાડીઓ પકડી પકડી દૂર મોકલી દીધી. પરંતુ જ્ઞાનીઓના વચન કદિ મિથ્યા થયા સાંભળ્યાં છે? કદિ નહીં! જે કાળે જે બનવાનું હોય છે તે જરૂર બને જ છે. તેમાં કોઈ મીન કે મેખ કરી શકતું નથી. તેવી જ રીતે બરાબર સાતમે જ દિવસે એવું બન્યું કે જ્યારે ધાવમાતા કુંવરને લઈને બારણા પાસે ધવરાવતી હતી તે વખતે બારણા ઉપરથી "આગળીયો" પડ્યો, અને કુંવરને વાગવાથી તરત જ તે મરણ પામ્યો. આ બનાવ બનવાથી આખા નગરમાં શોક છવાઈ ગયો. આખા શહેરમાં ગમગીની પેદા થઈ ગઈ. જ્યારે આ સમાચાર પંડિત વરાહમિહીરના સાંભળવામાં આવ્યા ત્યારે તે આમતેમ નાસવા લાગ્યો અને ઘણો જ શરમીંદો થઈ ગયો,

હવે ભદ્રબાહુસ્વામી રાજાનંદને શાન્તિ આપવા માટે ગયા, અને રાજાને શાન્તિથી સમજાવી આશ્વાસન આપવા લાગ્યા કે સંસારની આવી વિચિત્ર ઘટનાઓ છે. માટે ધીરજ રાખો. રાજાનંદે આ વખતે પૂછયું કેઃ–આપે મારા પુત્રનું સાત દિવસનું આયુષ્ય શી રીતે ભાખ્યું

હતું. અને આપે બિલાડીના મુખથી જ મરી જશે તેવું કહેલું પણ તે બરાબર નથી. રાજાનંદે પ્રશ્ન પૂછ્યો.

બરાબર છે! તે 'આગળીઓ' લાવો એટલે બતાવું ભદ્રબાહુ-સ્વામીએ કહ્યું.

મંત્રી શકડાળ તે આગળીઓ લાવ્યા અને તેના પર જોયું તો જણાયું કે તેના ઉપર બિલાડીના મુખ ( મોંઢા ) નું ચિત્ર હતું. આથી રાજા નંદે પૂછ્યું કે આ બધું તમે જાણ્યું કેવી રીતે?

મેં અમારા શાસ્ત્રના આધારે જાણ્યું છે, પરંતુ વરાહમિહીરે જે મુર્હૂત જોયું હતું તેનો ટાઈમ ખોટો હતો તેથી ગણત્રીમાં ફેર આવ્યો હતો. ભદ્રબાહુસ્વામીએ કહ્યું.

૩

આ સાંભળી વરાહમિહીરને અતિશય ખેદ ઉત્પન્ન થયો જેથી જ્યોતિષના તમામ પુસ્તકો પાણીમાં બોળવા—ફેંકી દેવા તૈયાર થયો. તેથી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે:—અરે! મૂર્ખ, શાસ્ત્રો તો બધા સાચા છે, પણ સમજવા માટે ગુરૂગમની જરૂર છે? આમ પાણીમાં ફેંકી દેવાથી શું લાભ થવાનો છે? આથી વરાહમિહીર જરા શાંત તો થયો પણ ગુરૂ પ્રત્યે (ભદ્રબાહુ પ્રત્યે) દ્વેષ ઓછો ન થયો—નજ કર્યો. અંતે આમ ખરાબ વિચારો કરતાં કરતાં કાળધર્મ ( મરણ ) પામ્યો જેથી તે મરીને 'વ્યંતર' થયો અને જૈન સંઘમાં રોગચાળો ફેલાવવા લાગ્યો.

આ ઉપદ્રવો દૂર કરવા માટે ભદ્રબાહુસ્વામીએ એક સૂત્ર બનાવ્યું. તે સૂત્રનું નામ 'ઉવસગ્ગહરં સૂત્ર' કહેવામાં આવે છે. જેના બોલવાથી તે સર્વ ઉપસર્ગોની કાંઈ પણ અસર થઈ શકી નહીં, આથી વર્તમાન કાળમાં પણ એ મહા પ્રભાવશાળી સ્તોત્ર ગણવામાં આવે છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ આવી રીતે જૈન ધર્મનું

ગૌરવ વધારી શાસનની અણમોલ સેવા બજાવી જૈન શાસન પર અણહદ ઉપકાર કર્યો છે.

૪

આ જમાનામાં શ્રીયશોભદ્રસૂરિશ્વરની પાટે શ્રી શંભૂતવિજયજી નામના પરમજ્ઞાની આચાર્ય હતા. ભદ્રબાહુસ્વામી તેમના ગુરૂભાઈ થતા હતા, જેથી આ બંને મહાપુરૂષોએ આખા ભારતવર્ષમાં જૈન ધર્મનો મહાન ધ્વજ ફરકાવી દીધો હતો. આ સમયે પાટલીપુત્ર નગરમાં મહાન ઉથલપાથલ થઈ રહી હતી. અને સર્વે સ્થળે મહા વિગ્રહ ઉત્પન્ન થયો હતો.

જ્યારે રાજા નંદે ચાણકય નામના એક અત્યંત બુદ્ધિશાળી બ્રાહ્મણનું અપમાન કર્યું ત્યારે તે બ્રાહ્મણ અનેક જાતના કાવાદાવાઓ કરવા લાગ્યો. અને તેના પરિણામમાં રાજા નંદનો નાશ થયો. જેથી તે ગાદી ઉપર ચંદ્રગુપ્ત રાજા બિરાજમાન થયો. આ ચંદ્રગુપ્ત રાજા 'મુરા' નામની દાસીનો પુત્ર હતો. તેથી તેનો વંશ મૌર્ય કહેવાયો. રાજા ચંદ્રગુપ્તનો વજીર ચાણકયને બનાવવામાં આવ્યો. ચાણકયની બુદ્ધિ અતિ તીવ્ર હતી, ચંદ્રગુપ્તરાજાના બાહુબળથી તેણે પોતાની કીર્તિ આખા હિન્દમાં ફેલાવી અને પોતાની સત્તા જમાવી. આ વખતે પરદેશીઓ પહેલ વહેલા હિન્દ પર ચડી આવ્યા હતા. એમ ઘણા ઇતિહાસવેત્તાઓ જણાવે છે. અને તે પરદેશીઓને હાર આપી તેમને કાઢી મૂકયા અને તે લોકોનો ઘણો દેશ કબજે કર્યો.

રાજા ચંદ્રગુપ્ત ઘણા જ વૈભવ અને ઠાઠથી રહેતા હતા, આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાના જ્ઞાન વડે ચંદ્રગુપ્ત ઉપર ઘણી સુંદર છાપ પાડી હતી. એક રાતે રાજા ચંદ્રગુપ્ત ભરનિંદ્રામાં હતા તે સમયે તેમને સોળ સ્વપ્ના આવ્યા હતા તે સ્વપ્ના એવા ભયંકર હતા કે જેથી રાજા અતિ મૂંઝાયો તેથી આચાર્ય ભદ્રબાહુસ્વામીની પાસે ગયો.

મહારાજ શ્રી! મને આજ રાતે સોળ સ્વપ્ના આવ્યા છે તો તેનો શું અર્થ અને ભાવ થાય છે. તે કહેશો? રાજા ચંદ્રગુપ્તે વિનયપૂર્વક પૂછ્યું.

પધારો રાજન્! તમોને કયા કયા સ્વપ્ન આવ્યા છે? તે જણાવો એટલે તેના દરેકના ભાવ કહી સંભળાવું. આચાર્યશ્રી એ કહ્યું.

મહારાજશ્રી સાંભળો! મને નિચે મુજબ સોળ સ્વપ્નો આવ્યા છે.

૧, કલ્પવૃક્ષની ડાળ ભાગેલી જોઈ. ૨, સૂર્યાસ્ત કવખતે જોયો. ૩, ચંદ્રમા ચાળણી જેવો જોયો. ૪, બાર ફેણવાળો નાગ જોયો. ૫, દેવ વિમાન પાછું ફરતાં જોયું. ૬, ઉકરડામાં કમળ ઉગેલું જોયું ૭, ભૂતોનું ટોળું નાચતું જોયું. ૮, આગીયો જોયો. ૯, સરોવર પાણી વગરનું જોયું પણ તેમાં દક્ષિણ દિશાએ ડહોળું પાણી જોયું. ૧૦, કુતરાને સોનાની થાળીમાં ખીર ખાતા જોયો. ૧૧, વાંદરાને હાથી ઉપર બેઠેલો જોયો. ૧૨, સમુદ્રને માઝા મુકતો જોયો. ૧૩, મહારથને વાછરડાં જોડેલા જોયા. ૧૪, રાજપુત્રને ઉંટ ઉપર બેઠેલો જોયો. ૧૫, રત્નોના ઢગલામાં માટી મળેલી જોઈ. અને ૧૬. બે કાળા હાથીને લડતા જોયા. ઉપર મુજબના સોળ સ્વપ્ના મને આવ્યા છે. ચંદ્રગુપ્ત રાજાએ એક પછી એક એમ સોળ સ્વપ્ના કહી સંભળાવ્યા.

આ સોળે સ્વપ્નાના ભાવ આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાના જ્ઞાન વડે કહ્યા તે જાણવાથી વાંચક વર્ગ! તમોને આજનો સમય યાદ આવશે અને જરૂર કહેશો કે "જ્ઞાનીઓ હજારો વર્ષ પહેલાં જે વસ્તુ ભાખી ગયા છે તે વસ્તુ આજના જમાનામાં નજરો નજર જોઈ શકાય છે. આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ નિચે મુજબ ખુલાસો આપ્યો છે.

## ૫

## સોળ સ્વપ્નાના ભાવ.

( રાગ–લાવણી )

ભદ્રબાહુ મુની કહે ભૂપને, સ્વપ્ના આવ્યા દુઃખકારી,
અર્થ કહું છું તે તું સુણજે, લેજે હૃદયમાં ઉતારી,
સમય કહું છું એવો આવશે, દુઃખી થશે સૌ નરનારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧

પહેલે સ્વપ્ને **કલ્પવૃક્ષની,** તૂટેલી જોઈ ડાળી,
જૈનધર્મની દીક્ષા લેશે, ઘણા જ ઓછા ભાગ્યશાળી.
સમય સમયનું કામ કરે છે, સમય તણી છે બલિહારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૨

**સૂર્યઅસ્ત** જોયો કવખતે, બીજા સ્વપ્નાની માંહીં,
પંચમ આરામાં તો કોઈ, કેવળ જ્ઞાની થશેજ નહીં,
મન પરજવ ને અવધી જ્ઞાન પણ, નાશ થશે કહું દીલધારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૩

ત્રીજા સ્વપ્નાની અંદર તો જોયો **ચંદ્રમા** ચાળણી જેમ,
ધર્મ ચળાશે ચાળણી માફક, મતમત્તાંતર પડશે એમ,
શ્રદ્ધા ઘટશે જૈન ધર્મની, થશે મિથ્યાત્વી નરનારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૪

સ્વપ્ન ચોથું મહાભયંકર, **નાગ** બાર ફેણુ ફૂંકારે,
પડશે દુષ્કાળ બાર વરસનો, મહા વિકાળ તે વારે,
અન્ન તણો નહીં દાણો મળશે, પડશે ઢીલા સંયમધારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૫

ઉત્તમ સાધુ કરી સંથારો, કાયાનું કલ્યાણ કરશે,
કાયર સાધુ ઢીલા પડીને, અ.ત્ય રસ્તે વિચરશે,

ચોથું સ્વપ્ન મહા વિચિત્ર, સુણતાં છૂટે કંપારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૬

**દેવ** વિમાનને પાછું ફરતાં, જોયું પાંચમા સ્વપ્નામાં,
ચારણ–મુની તેમ વિદ્યાધર, આવશે નહીં આ ભૂમિમાં,
અનેક જાતના ભેદો પડશે, વધશે જગમાં ભયભારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૭

**કમળ** ઉકરડામાં ઉગેલું, દેખ્યું છઠ્ઠા સ્વપ્નેધાર,
ઉંચ હશે તે નીચ ગણાશે, નીચ બનશે રોણકદાર,
ઉંચ નીચની ભાવના ઘટશે, થાશે દુઃખી શાહુકારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૮

**ભૂતો** કેરૂં ટોળું જોયું, સાતમા સ્વપ્નાની માંહીં,
માનતા વધશે મિથ્યાત્વ દેવની, ધર્મશ્રદ્ધા તો રહેશે નહી,
જંત્ર મંત્રમાં લોકો તો, સ્વાર્થ શાધશે બહુભારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૯

આઠમે સ્વપ્ને દેખ્યો **આગીયો**, એનું ફળ સુણો રાજા,
જૈન ધર્મની શ્રદ્ધા ઘટશે, રહેશે નહીં દુઃખની માજા,
માતપિતાની બેટા બેટી, મર્યાદા દેશે ત્યાગી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૦

સુકુ **સરોવર** જોયું નવમે, દક્ષિણ દિશ ડહોળું પાણી,
દક્ષિણ દિશાએ ધર્મ રહેશે, ત્રણ દિશા રહેશે હાણી,
જ્યાં કલ્યાણક તિર્થંકરના, ત્યાં જૈન ધર્મ રસાતાળી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમઆરા દુઃખકારી. ૧૧

દશમે સ્વપ્ને **કુત્તો** દેખ્યો, સોના થાળમાં ખીર ખાતો,
ઉત્તમ કુળનો પૈસો સઘળો, મધ્યમ કુળમાં રહે જાતો,

ધનવાન બનશે મધ્યમ લોકો, દુઃખી દેખાશે સત્યવાદી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૨

**વાંદર** બેઠો હાથી ઉપર, અગીઆરમા સ્વપ્નાની માંહીં,
મિથ્યાત્વી રાજાઓ વધશે, જૈનધર્મી રાજા રહેશે નહીં,
ઉંચ્ચ રાજાઓ હેઠા પડશે, નીચ થાશે સત્તાધારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૩

બારમે સ્વપ્ને દેખ્યો **સમુદ્ર**, માઝા મુકતો અપરંપાર,
રક્ષક ફીટી ભક્ષક બનશે, રાજાઓ જુલ્મી અપાર,
પ્રજા પર જુલ્મો ગુજરશે, વધશે કર અપરંપારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર પંચમ આરા દુઃખકારી. ૧૪

તેરમે દેખ્યા મહારથ માંહી, **વાછરડાં** જોડેલા સહી,
પવિત્ર દીક્ષા કેરા ઝઘડા, વધતા જાશે વિશ્વની માંહી,
અનેક જાતના વાડા વધશે, પદવીઓનો મોહભારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૫

ચૌદમે સ્વપ્ને **ઊંટ** ઉપરતો, બેઠેલો છે રાજકુમાર,
રાજા પ્રજામાં સંપ ન રહેશે, એ સ્વપ્ના કેરો છે અધિકાર,
કુસંપ કેરી વહેશે સરિતા, થશે જ દુનીઆ ઓશિયાળી
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૬

પંદરમા સ્વપ્નાની માંહી, **રત્ન** કેરા ઢગલામાં,
માટી મળેલી દેખી તેમાં, શું શું થાશે અવનીમાં,
મુનીઓ વહેવાર તજીને, રહેશે ઘણા આડંબધારી.
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી, ૧૭

બે કાળા **હાથીને** લડતા, દેખ્યા સ્વપ્ના સોળમામાં,
મન માન્યો વરસાદ ન પડશે, કાળ પડે ઘણા દેશોમાં,
નાના મોટા સઉ કોઈ, પાડશે દુઃખની કીકીયારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૮

કહે ભોગીલાલ સુણો શ્રોતાજન, સ્વપ્ન લાવણી લલકારી,
ચંદ્રગુપ્તને આપે ખુલાસો, શ્રી ભદ્રબાહુ અણગારી,
આવો જમાનો ચાલશે ભાઇ, વર્ષ જ એકવીસ હજારી,
ચંદ્રગુપ્તને કહે છે મુનીવર, પંચમ આરા દુઃખકારી. ૧૯

ઉપર મુજબ સોળે સ્વપ્નાના ભાવ ચંદ્રગુપ્ત રાજાને આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ કહી સંભળાવ્યા. વાંચકગણ! આ વાંચવાથી જરૂર એમ કબુલ કરવું પડે છે કે "જ્ઞાનીઓ જે કહી ગયા છે તે સત્ય છે." ચંદ્રગુપ્ત રાજર્ષી સ્વપ્નાનો અધિકાર સાંભળીઘણા જ ગમગીન થયા અને પોતાના રાજકુંવરને રાજ્યનો તમામ રાજ્યભાર સોંપી પોતે નિવૃત્તિનો માર્ગ ગ્રહણ કર્યો, ધન્ય છે!!! આવા હલવા કર્મી રાજાઓને!

## ૬

## શ્રી સંઘનું બહુ માન.

જ્ઞાનીઓના વચન કદિ ખાલી ગયાં સાંભળ્યા છે? જ્ઞાનીઓના વચન મિથ્યા થાય નહિ. એજ પ્રમાણે જ્યારે બાર બાર વર્ષનો મહા ભયંકર દુષ્કાળ પડયો ત્યારે દરેક જનને અન્નના તેમજ પાણીના સાંસા પડવા લાગ્યા, એટલે ઘણા ખરા સાધુઓ દક્ષિણ દિશા તરફ ચાલ્યા ગયા.. અને આજુ બાજુના ગામડાસાંથી આહાર પાણી લાવી નિર્વાહ ચલાવવા લાગ્યા. આ વખતે એવું બન્યું કે ઘણાખરા સાધુઓ શાસ્ત્રો ભૂલવા લાગ્યા—ભૂલી જ ગયા. કારણ કે વિદ્યા એ એવું ધન છે કે જો તેને કેળવવામાં ન આવે તો તે તદ્દન ભૂલી જવાય છે.

જ્યારેબાર વર્ષનો દુષ્કાળ પુરો થયો અને સાધુઓ પાછા ફર્યા. ત્યારે પાટલીપુત્ર નગરમાં સકળ સંઘ ભેગો થયો અને જેને જે સુત્રો યાદ રહ્યાં હતાં તે બધા એકઠા કર્યા એમાં અગીઆર અંગો મળી શકયા અને બારમું 'દ્રષ્ટિવાદ' અંગ બાકી રહ્યું, જેથી બધા

૨

મુંઝાવા લાગ્યા. પણ દરેકને યાદ આવ્યું કે ભદ્રબાહુ સ્વામી દ્રષ્ટિવાદ અંગ જાણતા હતા તેઓ હાલ નેપાળમાં છે. તો આપણે તેઓને આમંત્રણ આપીએ. સકળ સંઘે વિચાર નક્કી કર્યો.

આથી બે મુનિમહારાજને ભદ્રબાહુસ્વામીને તેડવા માટે સંઘે મોકલ્યા. જ્યારે મુનિઓ લાંબો વિહાર કરી નેપાળ આવી પહોંચ્યા ત્યારે ભદ્રબાહુસ્વામી ધ્યાનસ્થ અવસ્થામાં હોવાથી મુનિ મહારાજ ત્યાં બિરાજમાન થયા. જ્યારે આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી ધ્યાનમાંથી જાગૃત થયા ત્યારે મુનિમહારાજોએ વિનયપૂર્વક બે કરજોડી કહ્યું કે:-

આચાર્યશ્રી! આપશ્રીને પાટલીપુત્ર નગરના જૈન સંઘે તે નગરમાં આવવા માટે આમંત્રણ મોકલાવ્યું છે. જેથી અમો આપશ્રીને આમંત્રણ આપવા આવ્યા છીએ, તો આપ પધારો! બન્ને મુનિ મહારાજોએ વિનયપૂર્વક કહ્યું.

મેં હમણાં મહાપ્રાણ ધ્યાન શરૂ કર્યું છે અને તે બાર વર્ષે પુરૂં થાય છે. માટે મારાથી હમણાં આવી શકાશે નહીં. આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ ઘણી શાન્તિપૂર્વક જવાબ આપ્યો.

મહાપ્રાણ ધ્યાનની સિદ્ધિ થવાથી એક મુહૂર્ત માત્રમાં જ બધા પૂર્વના સુત્રો તથા અર્થોની ગણના થઈ શકે છે. એમ મુનિઓ જાણતા હોવાથી વધારે આગ્રહ ન કરતાં પાછા ફર્યા અને સંઘને આવીને સઘળી વાત કહી સંભળાવી.

આ વાત સાંભળ્યા પછી સંઘે બીજા સાધુઓને મોકલવા વિચાર કર્યો અને મોકલવા નક્કી પણ કર્યું. જેથી મહારાજશ્રીને કહ્યું કે તમો ત્યાં જઈને એટલું જ પુછશો કે-" જે કોઈ સંઘની આજ્ઞા વિરૂદ્ધ જાય તો તેમને શી શિક્ષા કરવી " એમ પુછશો. જો તે એમ કહે કે " સંઘ બહાર મૂકી દેવો " તો તમારે સાફ શબ્દોમાં કહેવું કે

શ્રી સંઘે તમને સંઘ બહારની શિક્ષા ફરમાવી છે એ પ્રમાણે કહેવું.

હવે મુનિ મહારાજ નેપાળના રસ્તે વિહાર કરવા લાગ્યા. લાંબા સમયે તેઓ નેપાળ આવી પહોંચ્યા. નેપાળ આવીને તેઓ ભદ્રબાહુ-સ્વામી પાસે ગયા. અને શ્રી સંઘનો સંદેશો આપ્યો. અને પૂછ્યું કે 'સંઘની આજ્ઞા ન માને તો શી શિક્ષા કરવી' તેથી ભદ્રબાહુસ્વામી કહે કે 'સંઘબહાર' પણ સાથે સાથે ઘણા જ વિવેકથી જણાવ્યું કે શ્રી સંઘે આમ ન કરતાં મારા ઉપર કૃપા કરવી જોઈએ. તમો શ્રી સંઘને કહેશો કે:–"બુદ્ધિમાન સાધુઓને મારી પાસે ભણવા મોકલો તો હું તેમને હંમેશાં સાત સાત પાઠ શીખવાડીશ" આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ સંદેશો મોકલાવ્યો.

મુનિ મહારાજ પાછા આવ્યા અને શ્રી સંઘને ભદ્રબાહુસ્વામીનો સંદેશો કહ્યો. એટલે શ્રીસંઘે પાંચસો સાધુઓને તૈયાર કર્યા. જે કોશ્યા વેશ્યાને ત્યાં બાર વર્ષ સુધી પડી રહેનાર હતા અને જેમણે પાછળથી દીક્ષા દીધી હતી તે શકડાળમંત્રીનો પુત્ર સ્થુલીભદ્ર પણ આ પાંચસો સાધુમાં હતા. આ પ્રમાણે શ્રીસંઘે બંધારણ નક્કી કરી પાંચસો સાધુઓને નેપાળ મોકલ્યા.

શ્રી સંઘની આજ્ઞા આવાં ધર્મધુરંધર વિદ્વાનો પણ શિરોમાન્ય રાખતા હતા પણ આજે તો **બાર ભૈયા ને તેર ચોકા** જેવી પ્રણાલિકા ચાલી રહી છે. સૌ મહાવીરના ભક્તો, સાધુઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ પણ દરેકના વાડા જુદા અને રસ્તા જુદા કરી નાંખ્યા છે. શું મહાવીરના શાસનમાં આમ હતું? ના, પણ **કાળની ગતિ ગહન** છે. જ્યાં પંચમહાવ્રતધારી સાધુઓમાં મતમત્તાંત્તર અને એક એકની ચશમપોશીમાં ઉંચા ન આવે ત્યાં આત્માનું કલ્યાણ કેવી રીતે કરી શકે! શું મહાવીરના પવિત્ર સાધુ-ઓની આવી સ્થિતિ હોય ખરી કે?

૭

આ પ્રમાણે ક્રમે ક્રમે દરેક સાધુઓ ભણવા લાગ્યા પણ ભણવાનો કાર્યક્રમ ઘણો જ અઘરો અને સખ્ત હોવાથી ઘણા ખરા સાધુઓ ભણતાં કંટાળી ગયા પણ સ્થુલીભદ્રજી કંટાળ્યા નહીં અને તેમનો ઉત્સાહ વધતો ગયો. આખરે સ્થુલીભદ્ર દશપુર્વમાં બે વસ્તુ ઓછી રહી ત્યાં સુધી ભણી રહ્યા. જ્યારે ભદ્રબાહુસ્વામી નેપાળમાંથી પાછા ફર્યાં તે વખતે સ્થુલીભદ્રજી પણ સાથે આવ્યા આ વખતે આચાર્ય શ્રી સંભૂતવિજયજી કાળ ધર્મ પામ્યા હતા, તેથી તેમની પાટે ભદ્રબાહુસ્વામી આવ્યા અને 'યુગપ્રધાન' કહેવાયા. તેઓ વિહાર કરતા કરતા પાટલીપુત્ર નગર આવી પહોંચ્યા.

આ વખતે મંત્રી શકડાળની સાતે પુત્રીઓએ ચારિત્ર અંગીકાર કરેલું હતું. સ્થુલીભદ્ર પાટલીપુત્રમાં આવી પહોંચ્યાના સમાચાર આ સાતે પુત્રીઓએ સાંભળ્યા જેથી તે સાતે પુત્રીઓ તેમને વાંદવાને માટે ગઈ અને આચાર્ય મહારાજ શ્રી ભદ્રબાહુસ્વામીને પૂછ્યું કેઃ—

સ્થુલીભદ્રજી ક્યાં છે ! સાધ્વીજીએ પૂછ્યું.

પાસેની ગુફામાં ધ્યાન ધરતા બેઠા હશે. ગુરૂદેવે જણાવ્યું.

જ્યારે સાતે (બ્હેનો) સાધ્વીજીઓ સ્થુલીભદ્રજીને વંદણા કરવા ગઈ ત્યારે સ્થુલીભદ્રજીએ પોતાની વિદ્યાનો ચમત્કાર બતાવવા માટે સિંહનુ રૂપ ધારણ કર્યું. આ સાતે સાધ્વીજીઓ મુનિના બદલે સિંહનું રૂપ જોઈ ચમકી તુરત જ પાછા ફરી ગયા. અને ભદ્રબાહુસ્વામીની પાસે આવી ઉભા રહ્યાં.

આચાર્ય મહારાજ ! ત્યાંતો સિંહ દેખાય છે, અને સ્થુલીભદ્રજીનું ભક્ષણ કરી ગયો છે. સાધ્વીશ્રીએ કહ્યું.

ભદ્રબાહુસ્વામી સઘળી હકીકત તરત સમજી ગયા. જાવ ! ફરીથી જાવ ! તમને સ્થુલીભદ્રજી જરૂર મળશે. આચાર્યશ્રીએ શાંતિપૂર્વક કહ્યું.

જ્યારે સાધ્વીઓ ફરીવાર ત્યાં ગયા. ત્યારે પોતાના ખરા સ્વરૂપમાં સ્થુલીભદ્રને જોયા તેથી હર્ષીત થઈ વંદન કરી અરસ પરસ સુખ શાન્તિના સમાચાર પૂછ્યા.

બીજે દિવસે અધુરો—બાકી રહેલો અભ્યાસ શીખવા માટે સ્થુલીભદ્રજી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પાસે આવ્યા. અને કહ્યું કે ગુરૂદેવ! મને આગળ પાઠ આપો!

હવે તમને શાસ્ત્રો નહીં શીખવાડાય! કારણ કે હવે અધુરો રહેલો ભાગ શીખવાને તમે લાયક નથી! ગુરૂદેવે ગંભીરતાથી કહ્યું.

આ પ્રમાણે ગુરૂદેવના મૂખમાંથી શબ્દો નીકળતાં સાંભળી સ્થુલી-ભદ્રજી ઘડીવાર સ્થંભી ગયા અને અફસોસ કરવા લાગ્યા કે "એવો તે મારો કયો અવિનય થયો છે, કે ગુરૂદેવ મને શીખવાડવાની ના પાડે છે?" આમ ખુબ વિચાર કરતાં પોતે લીધેલું સિંહનું રૂપ યાદ આવ્યું. જેથી તેઓ ગુરૂદેવને નમી પડયા. અને પોતે કરેલા અપરાધની ક્ષમા યાચી ખાત્રી આપી કે હવેથી કદિ પણ મારાથી આવી ભૂલ નહીં થાય! એમ ઘણા કાલાવાલા કરી ગુરૂદેવને સમજાવવા પ્રયત્ન કરી જોયા. પણ તે બધા નિષ્ફળ નીવડયા.

હવે તમને મારાથી નહીં ભણાવાય એમ સાફ શબ્દોમાં ગુરૂદેવે જણાવ્યું.

આખરે શ્રી સંઘે આચાર્ય મહારાજને વિનંતી કરી "કે આપ સ્થુલીભદ્રની ભૂલની ક્ષમા કરી અભ્યાસ આગળ ચલાવો. જેથી જૈન શાસનની ઉન્નત્તિ થાય!

શ્રી સંઘની વિનંતીને માન આપી આચાર્ય મહારાજે અધુરો રહેલો ભાગ સ્થુલીભદ્રને ભણાવ્યો પણ તેના અર્થ ન સમજાવ્યા. આથી હવે સ્થુલીભદ્રજી સર્વ શાસ્ત્રના જાણકાર થયા. તેમના પછી હજી સુધી કોઈ પણ જાણકાર થયા નથી.

જ્યારે ભદ્રબાહુસ્વામીનો કાળ નજીક આવતો જણાયો. તેથી તેમની જગ્યા સાચવનાર ચારિત્રવાન, બાહોશ તથા વિદ્વાન સાધુ જોઇએ પણ આ વખતે સ્થુલીભદ્રની બરોબરી કરી શકે તેવો બીજો કોઈ સાધુ નહોતો તેથી ભદ્રબાહુસ્વામીની પાટે સ્થુલીભદ્રને બેસાડયા, અને પોતે શાન્તિથી ધ્યાન ધરતા કાળ કર્યો.

આવા પ્રાતઃસ્મરણીય પુરૂષને માટે કોને માન ન હોય? જેઓની વિદ્વતા આજે જૈનોના ઘેર ઘેર ગુંજી રહી છે. જેઓનું ચારિત્ર ભલભલાને અચંબો પમાડે એવું છે! ધન્ય છે!!! આવા નિડર મહાત્માઓને!

પર્યુસણ જેવા પવિત્ર પર્વમાં વંચાતુ મહાપવિત્ર 'કલ્પસૂત્ર' પણ તેઓએ જ એક સુત્રમાંથી જુદુ પાડીને બનાવ્યું છે. બીજા પણ જ્યોતિષના અણમુલા ગ્રંથો બનાવી જગતના ચર્ણોમાં ધર્યા છે. નમસ્કાર હો! એ મહાશ્રુત કેવળી ભદ્રબાહુસ્વામીને!

## પ્રકરણ બીજું.

### વૈભવની લાલસા.

આ ક્ષણભંગુર સંસારની અટવીમાં અનેક જાતના કાવાદાવાઓથી ભયંકર પરિણામો બનતા આવ્યા છે, અને બને છે. આજ સંસારમાં અનેક જાતના આત્માઓ વસે છે, જન્મે છે અને મરે છે. મનુષ્યને પોતાના કર્મનો બદલો મળે છે જ. તેમાં કાંઈ નવિનતા નથી.

આજે ભરતક્ષેત્રના વિશાળ પ્રદેશમાં અનેક જાતના પ્રદેશો શોભી રહ્યા છે. તેમાં એક **પ્રતિષ્ટાપુર** નામના નગરમાં આપણે પ્રથમ દ્રષ્ટિગોચર કરીએ તો ખ્યાલ આવશે કે તે નગર કેવું છે! જે નગરમાં અનેક જાતના વહેપારીઓ વસે છે, જ્યાં રત્નાગર સાગરની અનુપમ લ્હેરો ઉછળી રહે છે, દરેક નરનારી પોતાના કાર્યમાં આનંદ માની રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં આનંદ! આનંદ! આનંદ સિવાય કશું નજરે પડતું નથી. તે નગરમાં અનેક શ્રી તિર્થંકર ભગવાનના ચૈત્યો, જેની શિલ્પકળા અજોડ છે, તેવા કારીગરી ભરેલા ગગનચુંબીત **જૈન**મંદિરો શોભી રહ્યા છે. અને ત્યાં **જૈન** ધર્મના સંપૂર્ણ શ્રદ્ધાવાન શ્રાવક શ્રાવિકાઓ પોતાના જ્ઞાન ધર્મમાં અત્યંત આનંદ માની રહ્યા છે.

આ નગરમાં રાજા **વિરભદ્રસિંહ** રાજ્ય કરે છે જેવું તેમનું નામ છે તેવા જ તેમના ગુણો છે. સ્વભાવમાં ગંભીર અને દયાળુ છે.

પ્રજાને પોતાના પ્રાણથી પણ વધારે વહાલી ગણે છે. જ્યાં અન્યાયનું નામ નિશાન પણ નથી, જ્યાં દુઃખની કોઈ વસ્તુ નથી. જ્યાં વાઘ બકરી એક આરે પાણી પીએ છે. આવા પૂણ્યશાળી નગરનો રાજા પણ પૂણ્યશાળી હોય તેમાં નવાઈ શી?

આ રાજવીને પરમાત્મા કૃપાથી પાંચ કુમાર હતા જેનું નામ **વસંતસિંહ, દેવકુમાર, કેશવસિંહ, ભદ્રીકકુમાર** અને પાંચમાનું નામ **કીર્તિકુમાર** હતું. આ પાંચે રાજ્યના સ્તંભ સમાન રાજકુંવરો ઘણા જ ઉમંગની સથે આનંદ ભોગવી રહ્યા છે, પણ કુદરતની કોઈ અન્ય ઘટના હોય તે કોણ મિથ્યા કરી શકે તેમ છે! દરેક જાતનું સુખ તો મનુષ્યને ભાગ્યે જ મળે છે. અને સંપૂર્ણ સુખી કોઇ વીરલા જ હોય છે!

આ વખતે મધ્યરાત્રી હતી બરાબર બાર વાગ્યા હતા. અંધકારે પોતાનું રાજ્ય ચારે બાજુ જમાવ્યું હતું. અને ચોર તથા વ્યભીચારી માણસો પણ પોતાના કામમાં મશગુલ બની રહ્યા છે. આ સમયે રાજકુમાર **દેવકુમાર** પોતાના મહેલમાં આમતેમ આંટા મારે છે અને બોલે છે કેઃ–શું દુનિઆ! શું સંસાર! આજે મને આવા કુદરતી ખરાબ વિચારો કેમ આવે છે શું મારા માટે ભાવિ કંઈ જુદુ ઘડાયું હશે ભાવી! મારા માટે તું શું કરવા માગે છે? આજે મારા ભાઈના દર્શનનો લાભ મને મલ્યો નથી. તે નથી રાજમહેલમાં! નથી કોઈ જગાએ તેમનો પત્તો! શું મારા બન્ધુને કોઈએ ફસાવ્યા હશે! શું કારાગ્રહમાં પુરાયા હશે! બન્ધુ! બન્ધુ! મને તમારો વિયોગ ઘણો અસહ્ય લાગે છે! એક વખત તો તમારા મુખાર્વિન્દના દર્શન કરાવો? ઓ ભાઈ, ઓ ભાઈ, શું તમે આ નિરાધાર દેવકુમારને મૂકી ક્યાં ચાલ્યા ગયા? શું વિધાતા તું પણ મારા ઉપર નિષ્ઠુર થઈને હસી રહી છે? હે આકાશના દેવો! તમને મારા બન્ધુના વિયોગની દયા મારા ઉપર કિંચિત પણ આવતી નથી?

## દોહરો

કડવા હોએ લીંબડા પણ મીઠી છે તેની છાંય;
બન્ધવ હોએ બોલકણા પણ છે પોતાની બાંય.

ભાઈ! તમો જ્યાં હો ત્યાંથી તુરતજ તમારા બન્ધવને તમારા દેદારના દર્શન કરવો! અને મને આવી ભેટો. આ પ્રમાણે દેવકુમાર પોતાના બન્ધુના વિયોગે વિહ્વળ બની બાવરો બની જાય છે ત્યારે તે ભાન ભૂલી ન કરવાનું કરી બેસે છે. તેવી રીતે દેવકુમારનું મન સ્થિર ન રહેતાં પોતાની તલવારને મ્યાનમાંથી કાઢી પોતાના પર ઘા કરવા જાય છે. તે સમયે તેનો જીગર જાન મિત્ર લાલસિંહ અણીની વખતે અચાનક આવી ચઢયો તેણે તુરતજ તલવાર પકડી લીધી અને દેવકુમારનો જાન બચાવી લીધો, આ દ્રશ્ય જોઈ લાલસિંહ વિચારવા લાગ્યો અને બોલ્યો કેઃ--

શું મારા મિત્રની આજે આવી વિચિત્ર દશા? કેમ ! શું તેને ચિત્તભ્રમ વાયુ થયું છે? શું તેને કોઈ વાતનો આગાધ લાગ્યો છે ! હે! પ્રભુ! શું મારા મિત્રને આ સંકટમાંથી નહી બચાવે? આ પ્રમાણે લાલસિંહ બોલતો હતો. તે અવાજ દેવકુમારે જરા સ્વસ્થ થતાં સાંભળ્યો અને લાલસિંહને જોતાંજ એકદમ ભેટી પડે છે. કોણ! મિત્ર લાલસિંહ! સારૂં થયું કે પ્રભુએ તને અહીં મોકલ્યો! માફ કરજે ભાઈ, આજ મારા મનનું કાંઇ ઠેકાણું નથી. આજે મને મારા બન્ધુનો વિયોગ ઘણો સાલે છે. અને મને મારો અંતરાત્મા કહે છે કે મારા ભાઈના માટે કંઈક દગો થયો છે.

દેવકુમાર! તું જ્યારે તારા દીલની વાત મને નહીં કહે ત્યારે કોને કહીશ માટે સત્વર જે હોય તે મને કહી તારા દીલની શાન્તિ કર. લાલસિંહે કહ્યું.

મિત્ર! શું સમજાવું! મારા ભ્રાતને કોઇ યમરાજનો દુત ઉપાડી ગયો, અને કોઈ પાપીએ મને ભ્રાતરત્નથી રહીત કર્યો છે. મિત્ર! મારા ભ્રાતનું કોઈ દુષ્ટના હાથે ખૂન થયું હશે? દેવકુમારે જણાવ્યું.

ઉપર મુજબની વાત દેવકુમારના મુખથી સાંભળી લાલસિંહ પોતે મિત્રને ધીરજ આપતાં કહે છે--

## દોહરો

મિત્ર શોક તજો તમે સુણી દીલ દુખાય,
વચન સુણતાં તાહરાં હૃદય મુજ દુભાય.

મિત્ર! ગમે તેટલું કલ્પાંત કરો પણ મોત તો સર્વ મનુષ્યોને માથે ફરે છે. માટે મોતથી ડરનાર તો કાયર અને હીચકારો ગણાય છે, માટે આ વખતે તો ધીરજ અને શાન્તિ રાખવી જોઇએ અને તેનો ભેદ ઉકેલવો જોઈએ વળી ભાઇનું મોત કેવી રીતે થયું તેની તપાસ કરી તેનો બદલો લેવો એજ સાચો ભ્રાતૃભાવ અને સરળ રસ્તો છે. મિત્ર! તારા આત્માને શાન્તવન આપી મને વાત કહો કે તમારા ભ્રાતનું શું થયું છે, તે કયાં હતા અને તેમનું મૃત્યુ કેવી રીતે થયું. તે તમને કેવી રીતે માલુંમ પડયું, લાલસિંહે ધીરજ આપતાં પૂછ્યુ.

મિત્ર! આજે સવારે અંધકારનો નાશકર્તા અરૂણોદય થતાંજ રણક્ષેત્રમાંથી પૂજ્ય પિતાશ્રીની પત્રિકા લઈ એક ઘોડેસ્વાર સેનાપતી ઉદાસી ચહેરે હાંફતો અને ધ્રુજતો મારા ભાઈ વસંતસિંહના મૃત્યુના ખબર લઈને આવ્યો પણ મૃત્યુ પામેલા મારા ભાઇનો દેહ દેખાતો નથી તેમ તેના શબનો બિલકુલ પત્તોજ નથી. એટલે તેઓ મૃત્યુ પામ્યા

કે પછી કોઈ હરણ કરી ગયું તે નક્કી સમજાતું નથી, અરે! તેજ નક્કી નથી. આ સમાચાર જ્યારથી મારા સાંભળવામાં આવ્યા છે, ત્યારથી મારા આત્મામાં શોકાગ્નિએ પ્રવેશ કર્યો છે. મિત્ર ! આ બાબતનો ઉકેલ શી રીતે લાવવો તેની મને કંઈપણ ગમ પડતી નથી. દેવકુમારે કહ્યું.

મિત્ર! કોઈપણ વસ્તુનો શોક કરવાથી તેનું પરિણામ કાંઇ આવતું નથી પણ તે વસ્તુની શોધ કરવાથી તેમજ પુર્ષાર્થ કરવાથીજ દરેક વસ્તુ સાધ્ય થાય છે. માટે હીંમત ન હારતાં તેની સંપૂર્ણ પણે તપાસ કરી ભાઈનું ખુન કોને કર્યું, અને કેવી રીતે કર્યું. અને તે વખતે કઈ જગ્યા ઉપર હતા વિગેરે સર્વે હકીકત ઘણી સંભાળ પૂર્વક બારીકાઈથી તપાસ કરી તેનો પત્તો મેળવવોજ જોઇએ. જ્ઞાનીએ પણ કહ્યું છે કે:–" **પંચ પીંડના બનેલા કાયારૂપી પુતળાનો આયુષ્ય પુરૂ થતાં આખરે નાશ થાય છે, દરેક વ્યક્તિના માથે મોત નક્કી જ છે, નામ તેનો નાશ હોય જ છે.** " તો શા માટે હતાશ અને નિર્માલ્ય થાય છે. જ્યારે તમારી સમક્ષ **ભદ્રબાહુસ્વામી** જેવા જ્ઞાની ગુરૂ છે તો તું શા માટે નિરાશ થાય છે? વળી એક કવિએ પણ કહ્યું છે કે:–

"હજારો નિરાશામાં અમર આશા છુપાઈ છે."

શું તું આ સૂત્ર તદ્દન ભૂલી ગયો? ભાવી કોઈનું મિથ્યા થયું છે? મિત્ર! "હું મારા અનુમાનથી નક્કી કહું છું કે તમારા ભાઈ વસંતસિંહ મૃત્યુ પામ્યા નથી પણ કોઈ કાવત્રાના ભોગ બનેલા છે." આજે જગતમાં જે કાવા, દાવા, છળ અને પ્રપંચ થાય છે તે ફક્ત મનુષ્ય પોતાની વૈભવની લાલસા પુરી કરવા માટે જ કરે છે. તેથી તો જ્ઞાનીઓએ કહ્યું છે કે:–" તે ક્ષણીક વસ્તુના મોહમાં ન પડતાં સત્ય

વસ્તુંનો સંહારો લઈ આત્માની ઉન્નતિ સાધવી એ મનુષ્યનું સાચુ લક્ષણ છે."

વળી એક કવિએ કહ્યું છે કે મનુષ્યના ત્રણ અક્ષર. તેમાં પહેલો **મ**, બીજો **ન** અને ત્રીજો **સ**. એમ એક પછી એક લેવાથી મનુષ્ય શબ્દ લખાય છે તો તેનો અર્થ શું થાય છે તે નીચે મુજબ જણાવે છે.

### દોહરા

**મ**મ્મા તણું જ્યાં મન તો, મજબુત જેનું છે નહીં,
માયા મહીં ગુલતાન છે, કિંમત તેની છે નહીં. ૧

જે માનમાં મરડાઈ મરે, તેને મનુષ્ય નહીં જાણવો,
કહે છે કવિ 'ભોગી' ખરે, હેવાન સમ પીછાણવો. ૨

**ન**ન્ના તણી નિતી નથી, જ્યાં ન્યાયનું નહીં નામ છે,
એવા મનુષ્યો છો ભલે, પણ મનુષ્ય નહીં હેવાન છે. ૩

**સ**સ્સા તણી શાંતિ નથી, સંતોષનું નહીં નામ છે,
શ્રદ્ધા નથી, શૂરવીરતા નથી, તે મનુષ્ય નહીં હેવાન છે. ૪

મિત્ર! હવે નકામો કલેશ કરવો મુકી ખરી વસ્તુ શું છે તેની બુદ્ધિપૂર્વક તપાસ કરવી તેજ ખરો ભ્રાતૃ ધર્મ છે. લાલસિંહે પોતાના મિત્ર દેવકુમારને આશ્વાસન આપતાં સમજાવ્યું.

મિત્ર! લાલસિંહ, તું કહે છે તે બધી હકીકત સત્ય છે પણ મારા આત્માને ભ્રાતૃ વિયોગનો કારી ઘાવ એવો લાગ્યો છે કે જેથી મને ધીરજ યા શાન્તિ મળવી મુશ્કેલ છે. બસ, મારે પણ મારા વડીલ બન્ધુની પાછળ જવું જ જોઈએ તેના સિવાય મને હવે શાન્તિ મળનાર નથી. દેવકુમાર ઉદાસી ચહેરે બોલ્યો.

મિત્ર દેવકુમાર! તું તારા આવા હીચકારા અને બાયલાપણાથી મર્દાનગીને લજવે છે? શું તું આવો કાયર, ભીરૂ અને બીકણ ક્યાંથી પાક્યો? સાચો ક્ષત્રિય તો ખાંડાના ખેલ ખેલે! હસ્તો હસ્તો દુશ્મનનાં

કાળજાં ચીરી પોતાની શૂરવીરતાની છાપ પાડે! ત્યારે તારા મૂખમાંથી તો એક નામર્દ જેવી વાત નીકળે છે. શરમ છે! શરમ છે!!! જો તને વડીલ ભાઈ પ્રત્યે સાચો જ પ્રેમ હોય તો તેની પુરેપુરી શોધ કરી તેના વેરનો બદલો લે! આથી વધારે મારે કહેવાનું હોય જ નહીં. માટે ચાલ, ઉઠ, જલ્દી કર, અને સત્ય વસ્તુની હકીકત જાણવા માટે પિતાશ્રી પાસેથી સર્વ વૃત્તાંત જાણી લઈએ. લાલસિંહે આશ્વાસન આપતાં સમજાવ્યું.

હવે બંને મિત્રો વાતો કરતા કરતા ચાલ્યા જાય છે. ત્યારે બન્ને મિત્રો કહે છે કે ગુરૂ [1]ભદ્રબાહુસ્વામીના દર્શન કરી કૃતાર્થ થઈએ. અને તેઓશ્રીનો આશીર્વાદ લેતા જઈએ. એમ કહી બન્ને મિત્રો જાયછે.

---

૧. ભદ્રબાહુસ્વામી જ્યોતિષમાં ઘણા જ વિદ્વાન અને અજોડ જ્ઞાની હતા. તે તો શંકા વગરની વાત છે. તેઓના બનાવેલા પુસ્તકોમાંથી અંગ્રેજોએ શોધખોળ કરી આકાશમાં કયા ગ્રહો કેટલા અંતરે છે તે બતાવ્યું છે. તો તે અત્રે વાંચક વર્ગની જાણ માટે લખું છું,

ગ્રહ સાત છે, ૧–બુધ. ૨–શુક્ર, ૩–મંગળ. ૪–ગુરૂ. ૫–શની. ૬–યુરેનસ. અને ૭–નેપચ્યુનછે, તેમાં પહેલા પાંચ આપણી દ્રષ્ટિએ પડે છે અને બાકીના બે દુરબીનની સહાયતા વગર દેખાતા નથી. એટલે પહેલા પાંચ ગ્રહોની માહિતી હિંદુ, ગ્રીક, રોમન ઈત્યાદિ પ્રાચીન રાજ્યોને હતી અને બાકીના બેની માહિતી નહોતી. દુરબીનની યુક્તિ ઇ, સ. ૧૬૧૦ માં નીકળ્યા પછી તેની પાછળ સુધારણા થઈ. ઈ. સ. ૧૭૮૧ માં દુર્બીનની સહાયથી હુર્શલ નામના એક અંગ્રેજ જ્યોતિષીએ યુરેનશ ગ્રહ શોધી કહાડયો.

અને તે પછી ઇ. સ. ૧૮૪૬ માં નેપચ્યુનની શોધ થઈ. આ વાત ચમત્કારી લાગતાં ઘણી બારીક દ્રષ્ટિથી જોવા માટે જ્યોતિષીએ મહેનત કરી ત્યારે તેને માલમ પડયું કે લાઈન સરખી જતી નથી. તેની ગતી ચાલીને આમ તેમ જાય છે. એમ તેના મનમાં આવવાથી તેને નિશ્ચય કર્યો કે જે જગ્યાંએ ઝોક જાય છે તે જગ્યાની આસપાસ એકાદ ગ્રહ હોવો જોઇએ. અને તે ધોરણ ઉપર પેરીસના જ્યોતિષી એમ. સી, બ્હેરીયર અને કેબ્રીજના જ્યોતિષીએ આ કામ ગણીતની સહાયતાથી ગ્રહના ઠેકાણાનું અનુમાન કર્યું. આ

બંને મિત્રો ગુરૂ ભદ્રબાહુસ્વામીની સમીપ જઈ વિનય પૂર્વક વંદન કરી બેઠા તેથી ગુરૂદેવ પોતાની પ્રણાલીકા મુજબ ધર્મલાભ સંભળાવે છે.

ગુરૂદેવ! આપશ્રીતો ચૌદ પુર્વધારી જ્ઞાની છો, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના જાણકાર છો, આપ વિના આ સૃષ્ટિમાં કોઈ સમર્થ વિદ્વાન નથી, મને ખાત્રી છે કે મારા ભવિષ્યમાં શું શું હકીકતો બનવાની છે તે જણાવવા આ કીંકર ઉપર દયા કરશો! દેવકુમારે પૂછયું.

---

બંને જ્યોતિષીનું એક સરખું જ અનુમાન થયું. જેથી બર્લીનના જ્યોતિષી ડો. ગ્યાલીએ પોતાનું દુર્બીન લાવી આ ગ્રહ જોવા લાગ્યો. તો તે સ્પષ્ટ દેખાયો. આ ગણીત શાસ્ત્રનો ચમત્કાર ઉપર કહેલા પ્રમાણે ગ્રહ સાત છે. અને પૃથ્વી પણ સૂર્યની આસપાસ ફરે છે. એમ **કોપર્નીક** સાહેબે સન ૧૫૪૩ માં સિદ્ધ કર્યું હતું. અને તે દિવસથી તેની ગણના ગ્રહમાં થઈ.

આ ગ્રહ જે માર્ગે સૂર્યની આસપાસ ફરે છે તે માર્ગ દીર્ઘ વર્તુલાકાર એટલે બદામી આકારમાં છે. આ માર્ગને 'કક્ષા' કહે છે. સૂર્યના સમીપ રહી જોતાં આઆઠ ગ્રહની પકિત બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શની, યુરેનસ અને નેપચ્યુન આ પ્રમાણે થાય છે. આ સર્વને સૂર્ય સમીપ પ્રદક્ષિણા કરતાં સરખો વખત લાગતો નથી પણ દરેકના વખતમાં મોટો અંતર પડે છે. બુધને ત્રણ મહિના લાગે છે, શુક્રને આઠ મહિના લાગે છે, યુરેનસને એક હજાર ને આઠ મહિના લાગે છે, નેપચ્યુનને એક હજાર નવસો એંસી મહિના લાગે છે વળી આ ગ્રહોના આકાર જુદા જુદા છે. વ્યાસ એટલે ગોળના ગર્ભની મધ્યની દોરી તે વ્યાસ. બુધનો ૩૦૦૦) ત્રણ હજાર માઈલ, શુક્રનો ૭૫૦૦) સાત હજાર પાંચસો માઇલ, પૃથ્વીનો ૮૦૦૦) આઠ હજાર માઇલ, મંગળનો ૫૦૦૦) પાંચ હજાર માઇલ ગુરૂનો ૮૫૦૦૦) પંચાસી હજાર માઈલ, શનીનો ૭૧૦૦૦) એકોતેર હજાર માઇલ, યુરેનશનો ૩૩૦૦૦) તેત્રીસ હજાર માઇલ અને નેપચ્યુનનો ૩૬૫૦૦૦) છત્રીસ હજાર પાંચસો માઇલ છે. આ બધા ગ્રહોમાં બુધ નાનો છે અને ગુરૂ મોટો છે.

હે વત્સો! સાધુનો રસ્તો નિરાળો છે, તેઓ સંસારના કાવા-દાવાથી તદ્દન વિમૂક્ત રહે છે. સંસારના કોઈપણ જાતના કાર્યમાં સાધુઓને પડવાનો અધિકાર નથી, અને ફક્ત પોતાના આત્માની શુદ્ધિનો અને મોક્ષનો વિચાર કરી શકે તે સિવાય બીજો કાંઈ પણ વિચાર કરી શકે જ નહીં. તેથી હે! વત્સો! હું એટલું જ કહીશ કે આ બાબત હાલના સમયને અનુસરી મૌન રહેવામાં જ સાર છે. વખત વખતનું કામ બજાવ્યા કરે છે, માટે વખત આવે સૌ સારા વાના થશે. વત્સો! શ્રદ્ધા, નીતિ, સત્ય અને સંયમ કદી પણ આ કાયાથી ચુકશો નહીં. તો જરૂર તમો તમારા કાર્યમાં ફતેહમંદ થશો તેવો મારો આશિર્વાદ છે. ગુરૂદેવશ્રી ભદ્રબાહુવાસ્વામીએ જણાવ્યું.

બંને મિત્રો ગુરૂદેવનો આશીર્વાદ મેળવ્યા પછી રાજ્યભુવનમાં આવે છે. આ વખતે રાજા વિરભદ્રસિંહ, પ્રધાન છત્રસિંહ, કુંવર ભદ્રીકસિંહ અને બીજા કેટલાક સામંતો હાજર હતા.

મંત્રીશ્વર! આપના રાજ્યમાં પ્રજાની પરિસ્થિતિ કેવી છે? પ્રજાને કઈ પ્રકારનું દુઃખ છે? આપણા શત્રુનું બળ કેવું મજબૂત છે? આ ચાલુ યુદ્ધમાં કોનો વિજય થશે? પ્રજાપ્રિય રાજાએ પ્રશ્નો પૂછ્યા.

---

હવે ગ્રહોનું દુરત્વ જૂઓ :—

સર્વ સમીપનો ગ્રહ બુધ તે સૂર્યથી સાડા ત્રણ ક્રોડ માઇલ દૂર છે. શુક્ર સાડા છ ક્રોડ માઇલ દૂર છે, પૃથ્વી સવાનવ ક્રોડ માઈલ દૂર છે. મંગળ ચૌદ ક્રોડ માઈલ, ગુરૂ સાડી સુડતાલીસ ક્રોડ માઇલ, શની સત્યાશી ક્રોડ માઇલ યુરેનસ પોણાબે અબજ માઈલ અને નેપચ્યુન પોણા ત્રણ અબજ માઇલ છે. ખરેખર ! પાસેનો જે ગ્રહ બુધ છે. તેની સમીપમાંથી આગગાડી નીકળી દર કલાકે સાઠ માઈલ મધ્યમાં એક પળ પણ સ્થિર ન રહેતાં જો એક સરખી ચાલે તો તેને સૂર્યની પાસે જવા માટે ૬૩) ત્રેસઠ વર્ષ લાગે.

આ પ્રમાણે ગણના દરેક ગ્રહની કરી લેવી. તો સમજાશે કે કુદરતની શું ઘટના છે અને જ્ઞાનીઓની કેટલી અપૂર્વ વિદ્યા છે.

અન્નદાતા! જ્યાં સુધી આપ જેવા શીરછત્ર મહારાજાની સંપૂર્ણ કૃપા પ્રજા ઉપર છે ત્યાં સુધી આપ નામદારશ્રીનો જ હરહંમેશ વિજય છે! આપના પરાક્રમથી ભલભલા દુશ્મનો અને મહારથીઓ પણ થર-થરે છે, આપની હાક આજે ઘણા વિશાળ પ્રદેશ ઉપર ગાજી રહી છે, તો કોની તાકાત છે કે આપશ્રીના રાજ્ય ઉપર ઉંચી આંખ પણ કરી શકે? આપણા શત્રુ મોહનપુરીનો રાજા **પ્રવિણસિંહ**નો જરૂર પરાજય થશે. પણ નામદારશ્રી! શત્રુ દગલબાજ, કપટી, કળાકૌશલ્યતા પૂર્ણ અને વ્યવસ્થિત છે, નામદારશ્રી! આપે મને વસંતસિંહની સાથે યુદ્ધમાં ન જવા દીધો તે ઠીક કર્યું નથી. રાજ્યની અને રાજ્યવ્યવ-સ્થાની હકીકત પ્રધાન કહી સંભળાવે છે. તેવામાં એક અનુચર સભા મંડપમાં પ્રવેશ કરે છે.

મહારાજાધિરાજ! બહાર કોઈ કાસદ રણક્ષેત્રમાંથી પત્ર લઈ આપને આપવા સારૂ આપની આજ્ઞાની રાહ જોતો ઉભો છે. અનુ-ચરે જણાવ્યું.

જાવ! તેને આવવા દો! રાજાએ ફરમાવ્યું.

નામદારશ્રી! આ પત્રિકા સરદાર સામંતસિંહે આપની હજુરમાં આપવા મને મોકલ્યો છે. તો આપ તે સ્વીકારો! કાસદે જણાવ્યું.

મંત્રીશ્વર! તે પત્રિકા સર્વ સભાજનોને વાંચી સંભળાવો! રાજાએ આજ્ઞા આપી.

જેથી પ્રધાને તે પત્રિકા હાથમાં લીધી અને વાંચવી શરૂ કરી પણ તે શરૂ કરતાં જ એકદમ બોલી ઉઠયા કેઃ—મહારાજ! આ પત્ર કલ્પિત છે. આ લખેલી હકીકત તદ્દન બનાવટી અને બીનપાયાદાર લાગે છે.

કાસદ! સાચુ બોલ, આ પત્ર કોને લખ્યો છે! શું પત્રમાં લખેલી બીના તદ્દન સત્ય છે કે સત્યથી વેગળી છે? શું વસંતસિંહ ગયો! પણ તે ક્યાં ગયો! પ્રધાને ગભરાતાં ધમકીથી પૂછ્યું.

પ્રધાનજી! તમે પત્ર વાંચી આટલા બધા અધીરા અને અસ્વસ્થ કેમ લાગો છો ? શું પત્રમાં કંઈ અવનવો બનાવ બન્યો છે ? કે જેથી તમો ઉપરા ઉપરી પ્રશ્નો પૂછો છો. રાજાએ પૂછ્યું.

અન્નદાતા ! પત્ર શું વાંચું, પત્ર વાંચતા મારા ચક્ષુઓમાંથી ચોધાર અશ્રુધારા વહે છે. મારો હસ્ત પત્રના ભારથી થરથર કંપે છે. તેમજ પત્ર વાંચતાં મારૂં મન ઘણું જ અસ્થિર અને શૂન્ય બની ગયું છે. મહારાજ ! પ્રિય વસંતસિંહ એકાએક રણભૂમિમાંથી અભેદ માર્ગે ચાલ્યો ગયો છે. અને આપણું સકળ સૈન્ય સેનાપતિ વગર નિરાશ્રિત દશામાં પડયું છે. પ્રધાને જણાવ્યું.

પ્રધાનજી ! તમે આ શું બોલો છો ? જરા પત્ર તો વાંચો ! રાજાએ કહ્યું.

આથી પ્રધાન પત્ર વાંચે છે, ત્યાં બેઠેલા સઘળા સામંતો, સરદારો અને દેવકુમાર વિગેરે સર્વ હતાશ થયા અને મહા ગંભીર વિચારમાં પડી ગયા. મહારાજા પોતે પત્ર સાંભળતાં અને પુત્રના મરણની વાત જાણતાં તરત મહા શોકસાગરમાં ડુબી ગયા. અને હૃદય ઉપર આઘાત લાગતાં જ પોતે મૂર્છિત થઈ ગયા. સર્વ સામંત સરદારોએ અનેક જાતના ઉપચારો કરી મહારાજાને શુદ્ધિમાં આણ્યા. ત્યારે કહે છે કેઃ—

પત્ર સુણતાં રાજવી, અંતર થકી ગભરાય છે.
પુત્રનું મરણ સુણતાં, મૂર્છિત દશા ત્યાં થાય છે,
શું કર્યું મેં આ કર્યું, એ માનવી મિથ્યા બકે,
પણ ઈશની આજ્ઞા વિના, નવ પાન પણ હાલી શકે.

મારા પુત્રને કોઈ લાવો ! કોઈ લાવો ! ગમે ત્યાંથી લાવી તેના દેદારના દર્શન કરાવો ! અરે ! હે પ્રભુ તને આ શું સૂઝયું ? કયા પાપે તેં મારો પુત્ર હર્યો. રાજા બોલ્યા.

પૂજ્ય પિતાશ્રી ! આપ જરા પણ ચિંતા કરશો નહિ. મને ખાત્રી છે કે મારા વડીલ ભાઈનું મોત થયું નથી પણ કોઈ કાવત્રાબાજે તેમનું હરણ કરેલું છે. દેવકુમારે જણાવ્યું.

કેમ પ્રધાનજી ! આ બાબતમાં તમારો શું અભિપ્રાય છે ! રાજાએ પ્રશ્ન પૂછ્યો.

મહારાજ ! દેવકુમારનું કહેવું મને સત્ય વાગે છે, મારી પણ એ વિનંતિ છે કે આપણે ધીરજથી આ બાબતની તપાસ કરવી જોઈએ પ્રધાને કહ્યું.

શિરછત્ર પિતાજી ! આ આપનો બાળક પોતાના વડીલ ભાઇના માટે પ્રાણનું બલિદાન આપવામાં જરાપણ પાછી પાની નહિ કરે. હું આકાશ પાતાળ એક કરીને પણ મારા વડીલ ભાઈનું કેવી રીતે મોત યા હરણ થયું તેનો પત્તો અવશ્ય લગાડીશ. માટે પિતાજી ! મને મારા વડીલ ભાઈનો પત્તો લગાડવા સારૂ રણયુદ્ધમાં જવા આજ્ઞા આપો ! દેવકુમારે આજ્ઞા માગતાં જણાવ્યું.

મારા છતાં હું તને કુમળા બાળકને કેમ જવા દઉં ! પુત્ર, તું તારે અત્રે રહે અને મને જ તે તપાસ કરવા જવા દે. રાજાએ પુત્રને સમજાવતાં કહ્યું.

પિતાજી ! શું સિંહનો શિકાર શિયાળ કરશે ! શું આપનો પુત્ર એક બાયલો અને હિચકારો બની આ બધું જોયા કરશે ! ના ! ના ! આ દેવકુમાર જ્યાં સુધી હયાત છે ત્યાં સુધી તમને સોગન છે કે મને જવાની આજ્ઞા ન આપો તો ! ભ્રાતૃભાવ ઉત્પન્ન થતાં દેવકુમારે મક્કમતાપૂર્વક આજ્ઞા માગી.

અન્નદાતા ! હું પણ મારા મિત્રની સાથે જઈશ અને પ્રાણના ભોગે દુશ્મનોને હંફાવીશ તેમજ ભાઈ વસંતસિંહનો પત્તો જરૂર લગા-

ડીશ માટે મને પણ જવાની સત્વર આજ્ઞા આપો! દેવકુમારના મિત્ર લાલસિંહે પણ આજ્ઞા માગી.

પુત્રની વ્યાજબી હઠ અને ભ્રાતૃપ્રેમ જોઈ રાજાને શાન્તિ થઈ. આ બંને યુવાનોની હઠ અને પ્રેમ જોતાં રાજાએ બંનેને જવાની આજ્ઞા આપી. અને પ્રધાનને સાથે જવાનું ફરમાવ્યું. પ્રધાનને દરેક ભલામણ કરી પોતાના ભુવન તરફ ગયા. રાજાના ગયા પછી દેવકુમાર તથા લાલસિંહ પોતાની માતુશ્રીની રજા લેવા માટે ગયા.

### દોહરો.

કર્મની ઘટના સદા, જ્ઞાનીએ ન્યારી કહી,
ઢાંકયા કર્મની કોઇને, ખબર તો પડતી નહીં,
માટે જગતના માનવી, કર્મ ન મૂકે કોઈને,
જેવું કરો તેવું ભોગવો, ન દોષ દેશો કોઈને.

## પ્રકરણ ત્રીજું.

### મનના મનોરથ.

**આ** વખતે વિરભદ્રસિંહના મહાલયમાં કંઇંક જુદો જ રંગ જામી રહ્યો હતો. અને તે રંગ કાંઈ જેવો તેવો નહતો. તે રંગ એવો હતો કે તે રંગના રંગાટમાં કંઇંક રંગાઈ ગયા અને હજારો રોળાઈ ગયા. તે રંગ કેવો હતો. મહારાણી દેવળદેવી આજે ઘણા ખુશખુશાલ ચહેરાથી પોતાના આત્માને આનંદ આપી રહી હતી. અને કહેતી હતી કે "આ જગતમાં હું ધારૂં તેજ થાય અને થવું જ જોઈએ. જો મારા વિચારોની વચમાં કોઈપણ આવે તો તેનો અવશ્ય નાશ થવો જ જોઈએ." આમ હવાઈ કિલ્લા બાંધતી પાછી વિચારમાં આવી કેઃ– દાસી ઉપર વિશ્વાસ લાવવો તે ઠીક નથી, કારણ કે ગમે તેમ તો દાસી તે દાસી જ. તે કહેવાય તો ગુલામડીને ! હું કાંઈ કહું અને તે કાંઈ કરે તો વખત આવે મારા પાપનો ઘડો ફૂટી જાય, અને મારા ભોગ મળે, પણ ફીકર નહીં. દાસી મંજરી વસંતસિંહ બાબતના શા સમાચાર લાવે છે. તે હકીકત જાણવા મારી ઈચ્છા સ્ફૂરી રહી છે, જો વસંતસિંહ રણક્ષેત્રમાં જ પૂરો થાય તો "ટાઢા પાણીએ ખસ જાય" અને મારી ધારેલી દરેક યુક્તિઓ પાર પડે, કદાચ રણક્ષેત્રમાંથી જીતીને આવશે તો મારે બીજી યુક્તિ કામે લગાડવી પડશે. એવામાં દાસી એકદમ આવી અને કહેવા લાગી કેઃ–

બાઇસાહેબ, ફત્તેહના ડંકા, મારૂં ઈનામ લાવો ! દાસી મંજરી ઘણી કપટી અને કુટિલ હતી. દરેક પાપી કાર્યમાં તેનો ભાગ અગ્ર-

સ્થાન ભોગવતો હતો. રાણી દેવળદેવી પોતાના કાર્યમાં તે દાસીની સલાહ લેતી હતી. બાઈસાહેબ! તમારા જેવા ચતુર અને હોંશિયાર આજના જમાનામાં કોઈ નહીં હોય! આપ તો જે ધારો છો તે કાર્ય ઘણી બુદ્ધિપૂર્વક અને સહેલાઈથી પાર પાડો છો. ધન્ય છે! આપની વિલક્ષણતાને! દાસી મંજરીએ મહારાણીના વખાણ કરતાં કહ્યું.

મંજરી! જો મારામાં ભૂલ હોય તો હું આ પદવીએ આવું જ ક્યાંથી! મારો તો સિદ્ધાંત છે કે જે કાર્ય કરવું તેજ કરવું કહેવતમાં કહ્યું છે કે "દેવ પાધ્યામી તો કાર્ય સાધ્યામી" હું તો આ સિદ્ધાન્તે ચાલવાવાળી છું. જો આ પ્રમાણે ન કરૂં તો મોટા કુંવરો સાથે બાથ કેમ ભીડાય, સોકય સામે યુક્તિપ્રયુક્તિ કેમ કરાય, અને અપરમાતા તરીકે કેવી રીતે રહેવાય! માટે પોતાનો સ્વાર્થ સાધવા સારૂ ગમે તેવા કષ્ટો આવે તો પણ તેનું પરિણામ ભોગવવા તૈયાર રહેવાની શક્તિ હોવી જોઈએ. સોકય તો બિચારી સ્વર્ગમાં બિરાજતી હશે. મંજરી! બોલ તો ખરી કે લડાઈના શા સમાચાર લાવી છું? રાણીએ મંજરીને પૂછ્યું.

બાઇ સાહેબ! મેં આપના કહેવા મુજબ પેલા યોગેશ્વરનું ધ્યાન ધર્યું અને મહામુશીબતે તેનું મન મેં મારા પ્રત્યે આકર્ષ્યું. આપશ્રીની તમામ હકીકત મેં નિવેદન કરી પણ યોગેશ્વર તો એકનો બે થયો નહિ પણ જ્યારે હું મારો પ્રાણ તેમના ચર્ણો આગળ ધરવા તૈયાર થઇ ત્યારેજ તેમને મારી વિનંતી ધ્યાનમાં લીધી અને બોલ્યા કે બાઈ! હું કોઇપણ મનુષ્યની તેમજ કોઈ પ્રાણીની ઘાત કરતો નથી પણ જ્યારે તું આટલી બધી આજીજી કરે છે ત્યારે તે માણસ મારી વિદ્યાના બળે અદ્રશ્ય થઇ જશે અને ઘણા વર્ષો સુધી જડશે નહિ. આ સાંભળી રાણી આનંદના આવેશમાં આવી ગઈ અને પોતાના આત્માને ખુશ કરવા લાગી પણ દાસીએ કહ્યું બાઈ! હજુ આગળ તો સાંભળો!

વસંતસિંહનું મૃત્યુ થયું નથી પણ તે કોઈ પાપીના પંઝામાં સપડાઈ ગયા છે એવી માન્યતા દેવકુમાર તથા તેમનો મિત્ર લાલસિંહ બરાબર સમજી ગયા છે. અને કુમાર વસંતસિંહને શોધવા માટે તે બંને વીરોએ પ્રતિજ્ઞા કરી છે. તો બાઈ સાહેબ! એક તો ગયો પણ બીજાથી બહુ સાવચેત રહેવાની જરૂર છે. જો કદાપી દેવકુમાર આ કાર્યમાં ફત્તેહમંદ થશે તો સમજજો કે આપણા બંનેનું આવી જ બન્યું છે, દાસીએ જણાવ્યું,

પાપી મનુષ્યો પોતાના પાપને છુપાવવા માટે કેટલા ભગીરથ પ્રયાસ કરી પોતાના જીવનને ધૂળમાં મેળવે છે. પણ તે સમજતાં નથી કે આખરે તો **પાપીનો વિનાશ છે અને સત્યનો જ જય છે.**

ઓ મ્હારી વહાલી અને ડાહી દાસી! તુંજ મને આનો ઉપાય બતાવ કે જેથી એ બંને દુશ્મનોના પંઝામાંથી છુટું, કારણ કે તું દરેક કાર્યમાં કુશળ છે, સમયસૂચકતાનું તને પુરેપુરૂં ભાન છે અને તારી બુદ્ધિ એટલી બધી અગાધ છે કે તું ધારે તો દેવોના પણ આસન ડગમગાવે. મારા પ્રાણથી વ્હાલી મંજરી! આનો રસ્તો તું મને જલ્દી બતાવ! મહારાણીએ ગમગીન દશામાં પૂછ્યું.

આથી દાસી વિચાર કરે છે કે કેવી રીતે કાર્ય પાર પાડવું કે જેથી એક બાણથી બંને પક્ષીઓ નાબુદ થાય. મંજરી કર્યા કામની ધણીઆણી હતી ગમે તેવા જોખમી કાર્યમાં પણ તેની અગાધ હિમત અને કુનેહ હતી ખુબ વિચાર કર્યા પછી ઉપાય સુઝી આવતાં રાણીને કહે છે કેઃ–

બાઇસાહેબ! દેવકુમાર મોહનપુરાના મદોન્મત રાજાની સાથે યુદ્ધે ચઢે છે. અને પોતાના ભાઇ વસંતસિંહને ગમે ત્યાંથી શોધી લાવવા પોતાના આત્માની સાથે નક્કી કરેલ છે. પરંતુ તે રણક્ષેત્રમાં જ મરી જાય તો વગર મહેનતે ઉપાધી ઓછી થાય અને જો કદાચ વિજયી થઈ પાછો આવે તો કેશવસિંહને મારાઓ પાસે સ્વધામ

પહોંચાડી તેનો આરોપ આપણે દેવકુમાર ઉપર મુકાવીશું એટલે તેને પણ રાજા મારી નંખાવ્યા સિવાય રહેશે નહીં. પછી રહ્યો ફક્ત તેનો મિત્ર લાલસિંહ તે દેવકુમારના વિયોગથી કોઈ દિવસ આ બાજુ દ્રષ્ટિ પણ કરશે નહીં. વળી કીર્તિકુમાર નાનો છે એટલે આપના કુંવર ભદ્રીકસિંહને રાજ્યતખ્ત પ્રાપ્ત થશે. આ પ્રમાણે કપટી દાસીએ પોતાની અક્કલની જાદુઈ વાત રાણીને કહી.

ઉપર મુજબની હકીકત દાસી પાસેથી સાંભળ્યા પછી મહારાણી દેવળદેવી ઘણી જ ખુશી થઈ અને દાસીને પોતાની ખાસ સહચરી અને વિશ્વાસુ માનવા લાગી. મારી વ્હાલી મંજરી! જો તું આ વખતે મારી પાસે નહોત તો આવો સરળ અને સિદ્ધો ઉપાય કોણ બતાવત? પણ મંજરી! યુક્તિ શી રીતે પાર પાડવી તેનો ઉકેલ કરે તો ઠીક! રાણીએ દાસીને કહ્યું.

બાઇસાહેબ! આપ એ બાબતથી નિશ્ચિંત રહો, તેનો ઉપાય વખત આવે બતાવીશ. જ્યાં સુધી આ દાસી મંજરી આપની સેવામાં હાજર છે ત્યાં સુધી મારા રાણી દેવળદેવીના દરેક કાર્યમાં સફળતા મળશે જ તેની ખાત્રી રાખજો. બાઈસાહેબ! “અબળા જ્યારે પ્રબળા બને છે ત્યારે ભલભલા ગણાતા મહારથીઓને એક ચપટી વગાડતાની વારમાં ભોંય ભેગા કરી નાંખે છે.” માટે આપ બેધડક આપનું કામ મારી સલાહ મુજબ ચલાવ્યા કરો! દાસી મંજરીએ પાણી ચડાવતાં કહ્યું.

જ્યાં પાપીને પાપી મળે ત્યાં સત્ય, દયા કે પ્રેમ ક્યાંથી હોય! જ્યાં માતા પોતાના પુત્રનું ખૂન કરવામાં જ પોતાનું હિત સમજતી હોય ત્યાં ધર્મ જેવી વસ્તુ ક્યાંથી સમજાય! વાહ! વાહ! વાહ!!! કુદરત તારી અજબ લીલા! અને તારી અજબ ઘટનાને!

### દોહરો.

માતા થઈને પુત્ર કેરી, ઘાત કરવા ધારતી,
ધિક્ક પડો એ માતને. જે પુત્ર સ્નેહ ભૂલી જતી.

હવે આપણે વસંતસિંહના અંતઃપુર તરફ નજર નાંખીએ. ત્યાં વસંતસિંહની બ્હેન સૌભાગ્યસુંદરી તથા ભાઈ કીર્તિકુમાર અને જયકુંવર (વસંતસિંહની પત્નિ) અને દાસી વિગેરે બેઠા બેઠા વાતો કરી રહ્યાં છે.

મારા લાડકવાયા દિયર! તમો તમારી ભાભી પાસે આવો! તમારા મોટાભાઈ રણયુદ્ધમાં ગયા છે અને તેમની કાંઇ પણ ખબર આવી નથી વળી તમારા બન્ધુ દેવકુમાર પણ આજ મારી પાસે આવ્યા નથી. માટે રણયુદ્ધના શા સમાચાર છે તેની જરા ખબર તો કાઢો! જયકુંવરે કહ્યું.

ભાભી! હું તો કંઇ જતો નથી પણ મારે તો મારા ભ્રાતા પાસે જવું છે તો તે ક્યારે પાછા આવશે! હું લડાઇમાં જઉં તો લડાઈ જોવા મળે પણ આજે આપણે બંને સાથે લડીએ અને જોઇએ કે કોણ જીતે છે? નાના દિયર કીર્ત્તિકુમારે પૂછ્યું.

ભાભી! જોયું, ભાઇ લડવામાં તો ઘણા હોંશિયાર છે. પણ મારા વીરા! તું જાણે છે કે ત્યાં ભલભલા યોદ્ધાઓ પાણી પાણી થઈ જાય છે. ત્યાં તલવાર, ભાલા, બરછી, કટારો અને તોપોના ગોળા સિવાય કંઇ નજરે ન પડે! હજારો માણસોના ત્યાં લોહી રેડાય છે. કાયરો થંભી જાય છે. પણ મારા વીરા! તું તો બાપા અને બા કહેતો તેમની ગોદમાં સમાઈ જાય. સૌભાગ્યસુંદરીએ જણાવ્યું.

આ પ્રમાણે બેનનું બોલવું સાંભળી કીર્ત્તિકુમાર નાનો છતાં સિંહની માફક એકદમ બોલ્યો કે–બ્હેન! તું મને કાયર સમજતી નહીં જોઈ છે મારી પેલી તલવાર! જે તલવારથી હું પિતાશ્રીનું નામ ઉજ્વલ કરીશ. અને ભલભલા દુશ્મનને હંફાવીશ, કેમ ભાભી! તમે કાંઇ બોલતા નથી! કીર્તિકુમાર બોલ્યો.

બરાબર છે! તમારૂં બોલવું મને ઘણું જ પ્રિય લાગે છે ભાભીએ કહ્યું.

ભાભી! જો મારૂં બોલવું તમને ઘણું પ્રિય લાગતું હોય તો મને તમારૂં એક ગીત સંભળાવો! કીર્તિકુમારે જણાવ્યું.

સુણો! મારા વ્હાલા દિયરજી. ભાભી બોલ્યા.

## ગીત.

આવો આવોને મારા દેવરીયા
તને ભાભી તુમારી બોલાવે દેવરીયા–આવો આવોને–ટેક
તારી જોઈ સુંદર ચાલ, મને આવે દિલ વ્હાલ દેવરીઆ,
આવો આવોને મારા દેવરીઆ–૧
તને આનંદે રમાડું, મિષ્ટ ભોજનો જમાડું, દેવરીઆ
આવો આવોને મારા દેવરીઆ–૨
જોઈ તારૂં ગોરૂં અંગ, લાગે તારો પ્યારો સંગ, દેવરીઆ
આવો આવોને મારા દેવરીઆ–૩
મને આવે અતિ પ્રેમ, રહેજો સદા કુશળ ક્ષેમ, દેવરીઆ
આવો આવોને મારા દેવરીઆ–૪
જોઈ દિયર દેદાર, ભાભી ખુશ અપરંપાર, દેવરીઆ
આવો આવોને મારા દેવરીઆ–૫

(ભોગીલાલ)

આ પ્રમાણે જયકુંવર પોતાના દિયર કીર્તિકુમારને ઘણા જ પ્રેમથી પોતાના મધુર કંઠથી ગીત સુણાવી આનંદ આપે છે.

બાઈસાહેબ! જુઓ તો ખરા દેવકુમાર પોતાના મિત્ર લાલસિંહની સાથે ગમગીન ચહેરે, શ્યામ વેષે, મંદ ગતિએ અને રણયુદ્ધના પોષાકથી સજીત થઈ અત્રે પધારે છે. દાસીએ એકદમ દોડતી દોડતી આવી સમાચાર આપ્યા.

ક્યાં છે દેવકુમાર અને લાલસિંહ? જયકુંવરે આશ્ચર્યથી પૂછ્યું.

ભાભી, જુઓ! જુઓ! પેલા મારા ભાઈ આવે છે. સૌભાગ્ય-સુંદરી બોલી.

મોટાભાઈ! તમે આવો બિહામણો વેષ કેમ પહેર્યો છે! મને તમારો વેષ જોઈને બીક લાગે છે. કીર્તિકુમારે પૂછ્યું.

ભાઈ! તને કોઈ ડરાવતું નથી. ભાભીશ્રી! આપશ્રીને હું ઘણાજ વિનયપૂર્વક પ્રણામ કરૂં છું. આપ મારા ઉપર માતા જેવો પ્રેમ ધરાવો છો તે બદલ હું આપશ્રીનો સદાનો ઋણી છું. દેવકુમારે કહ્યું.

વ્હાલા દિયરજી! તમે આવું બોલી મને શરમીંદા ન કરો! તમારા વડીલ ભાઈ તથા આપ મારા ઉપર જે પૂજ્યભાવ રાખો છો તેનો બદલો તો તમને જીનેશ્વર ભગવાન આપશે; પણ આજે તમે આ લશ્કરી પોષાકમાં કેમ છો? તમારા ભાઈના શા સમાચાર છે? તેઓ રણક્ષેત્રમાંથી વિજયી થઈ ક્યારે આવશે? જે હોય તે હકીકત મને સત્વર ત્વરાએ જણાવો! મને તેઓની હકીકત સાંભળવાની બહુ જીજ્ઞાસા થયા કરે છે. જયકુંવરે જણાવ્યું.

ભાભી! માતા તો ગુજરી ગઈ છે, પણ માતા તરીકે તમે તમારી ફરજ બજાવી આ દેવકુમારને સદાને માટે તમારો બાળક બનાવ્યો છે. ભાભી! શું કહું! કહેતાં મારી જીભ ઉપડતી નથી. મારૂં હૃદય બળીને ખાખ થઈ જાય છે. અને કહેતા મારૂં મન ગભરાય છે, છતાં સાંભળો! દેવકુમારે ગંભીર મૂખે બધી વાત કહી સંભળાવી.

આ વાત સાંભળી સૌભાગ્યસુંદરી તથા જયકુંવરના ચક્ષુઓ અશ્રુભીનાં થઈ ગયાં અને બંને નણંદ ભોજાઈ હતાશ તેમ જ નિસ્તેજ બની ગયાં.

ઓ! ઈશ્વર, તેં આ રાજ્ય ઉપર શું કરવા ધાર્યું છે? શું મારા ભાઈનું પાપીએ મોત નિપજાવ્યું છે? ના, ના, મારો અંતરાત્મા તે માનવાને સાફ ના પાડે છે. નિશ્ચય કોઈ કાવત્રાના ભોગ બનેલા છે.

ભાભી ! શું તમે આમ સમજુ થઇને શોક કરો છો? દુઃખના વખતમાં તો હિંમત અને ધીરજથી આવેલી આફતને જાફત માની વધાવી લેવી જોઇએ જ. સૌભાગ્યસુંદરીએ કહ્યું.

ગમે તેમ તો પણ પત્નિનો પ્રેમ તો હંમેશાં પતિ ઉપર નિર્મળ અને નિસ્વાર્થ જ હોય છે. જગતમાં સતી સ્ત્રીઓ ચક્રવર્તીનો વૈભવ પણ પોતાના સતીત્વ આગળ તુચ્છ ગણે છે.

જયકુંવર—

અસ્ત થયો ક્યાં સૂર્ય એ મારા, વ્યર્થ કરી સહુ આશા,
આધાર તુટયો મુજ જીવનમાં, ખોટા જગત તમાશા—૧

કીર્તિકુમાર :—

શિરછત્ર મારા હાય સુકાયા, કરમાયા અરે રણમાં,
આગ પ્રગટી મુજ અંગે અંગમાં, તાપ પ્રગટયો હ્રદયમાં—૨
વિયોગ તારો નથી સહેવાતો, વડીલ બન્ધુ ક્યાંજ ગયા,
મને દેખી હસતા ફૂલતા, તે હસનાર બન્ધવ ક્યાં જ ગયા—૩

લાલસિંહ અને દેવકુમાર :—

કોટી ઉપાયે સંધાયે ન પાછી જીવનદોરી જે તુટી,
જ્ઞાની કહે છે જગને સાચુ, ત્રુટી તેની નહીં બુટી—૪

ભાઈ દેવકુમાર ! તમે મારી રજા માગવા આવ્યા છો ? શું તમને આ દુઃખી ભાભી તથા દુઃખી બ્હેનની પણ દયા નથી આવતી કે આવી સ્થિતિમાં તમે અમને કોના આધારે મૂકી જાઓ છો ? તમારા વડીલ ભાઈ તો ગયા, તે હજુ પાછા ફર્યા નહીં, અને તેમની હકીકત સાંભળીને મારા આત્માને શું આગાધ થતો હશે તે તો ફક્ત મારૂં મન જાણે. ભાઈ ! આ નિરાધાર ભાભીને અધવચમાં આમ રખડતી મૂકી ન જશો ! જયકુંવરે રૂદનભર્યા અવાજે કહ્યું.

મારા પવિત્ર માતા તુલ્ય ભાભી તમે આ શું બોલો છો! શું તમારા વચન ક્ષત્રિયાણીને શરમાવે એવા નથી! સાચી વિરાંગના તો યુદ્ધે જનારને પ્રેમપૂર્વક આશીર્વાદ અને હિંમત આપી વિદાય આપે, જ્યારે મારા ભાઈના વૈરનો બદલો લેવા જવાનો નિશ્ચય કરી આવેલા આ દેવકુમારને શું તમારી નિર્માલ્યભાષામાં હતાશ બનાવી મારા ઉત્સાહને મંદ પાડો છો? ના, ના, તેમ કદી બનનાર નથી. મેં મારા ભાઈની તપાસ માટે અને તેમના વેરનો બદવો લેવા માટે જે પ્રતિજ્ઞા લીધી છે તેને અટકાવવા કોઇની પણ તાકાત નથી. માટે મારા પવિત્ર ભાભી! મને જવાની સત્વર રજા આપો. દેવકુમારે મક્કમતા પૂર્વક જણાવ્યું.

જ્યારે જયકુંવરબાએ આ વીરના વચનો સાંભળ્યા ત્યારે તેમને ક્ષત્રિયાણીને શોભે તેવી રીતે બંને રણશૂરાઓને રણમાં જવાની રજા આપી અને શિખામણરૂપી કહ્યું કે:—

રણયુદ્ધના મેદાનમાં, પાછા કદિ પડશો નહિં.
વડીલ બન્ધુના પ્રાણ માટે, પ્રાણ લેવા ચૂકશો નહીં. —૧
રણયુદ્ધમાં યશ કીર્તિ લઈ, જનુની કુખ શોભાવશો,
ક્ષત્રિય સાચો એ જ કે, ઈજ્જત ન ગુમાવશો. —૨

જાઓ! મારા બાળકો જાવ! પ્રભુ તમારી રક્ષા કરશે. રજા આપતાં ભાભીએ કહ્યું.

મોતાભાઈ, મોતાભાઈ, હું પણ તમાલી સાથે આવવા તૈયાલ થઉં છું. નાનોભાઈ કીર્તિકુમાર બોલ્યો.

ભાઈ કીર્તિ! તારે હજુ રણયુદ્ધના ખેલ ખેલવાની બહુ વાર છે. વખત આવશે ત્યારે તું પણ તે રણમાં જઈશ અને કુળનું નામ શોભાવીશ. દેવકુમારે કહ્યું.

હવે બંને મિત્રો ભાભી, બેન તથા નાનાભાઇની રજા લઈ વિદાય થાય છે.

## પ્રકરણ ચોથું

## પાપીઓની પિશાચ લીલા

રાણી દેવળદેવી પોતાના શયનગૃહમાં બેઠેલી છે. ત્યાં તેનો કુમાર કીર્તિકુમાર આવીને કહે છે કે માતુશ્રી! મારા વડીલ બન્ધુ વસંતસિહ સૈન્યમાંથી અદ્રશ્ય થયા છે અને તેમની શોધ માટે મારાભાઇ દેવકુમાર તથા તેમના મિત્ર લાલસિંહ તથા પ્રધાન છત્રસિંહ રણક્ષેત્રમાં જવા સારૂ તૈયાર થયા છે. મહારાજ આજે ભદ્રીકસિંહ ઉપર ઘણા ગુસ્સે થયા હતા. દેવળદેવી જાણતી હોવા છતાં વાત છુપાવવા સારૂં બોલીકે હાય! હાય! મારા વસંતસિંહને એકાએક શું થયું. હે! ભગવાન, મારા લાડકવાયા બાળને શું આફત આવી પડી. અરે રે! શું મારો વ્હાલો દીકરો આમ એકાએક દુશ્મનોનો ભોગ થઇ પડયો! હે પ્રભુ! હું આ શું સાંભળું છું. શું દેવકુમાર યુદ્ધ કરવા જાય છે? એ નાનો બાળક રણમાં જઈ શું ધાડ મારવાનો છે? જેણે ટાઢ, તડકો કે દુઃખ તો સ્વપ્ને પણ જોયું નથી તે મારો સુકુમાર જેવો દેવકુમાર પોતાના ભાઈના વેરનો બદલો લેવા જશે હાય! હાય! ઇશ્વર, તેં આ શું કરવા ધાર્યું છે? શું બધી આફતોનો વરસાદ અમારા ઉપરજ વરસાવવા વિચાર છે. અરે વિધાતા! મારો વસંત જ્યાં હોય ત્યાં તેનું રક્ષણ કરજે! આ પ્રમાણે મહારાણી કીર્તિકુમારને સંભળાવવા બોલવા લાગી.

આથી કીર્તિકુમાર સર્વસ્વ વાતો કરવા લાગ્યો અને દેવકુમારના

ઘણાજ વખાણ કર્યાં તેમજ તેની લાયકાત, પ્રજાનો તેના ઉપર પ્રેમ, સામંતો અને સરદારોનો તેના માટે પૂજ્યભાવ કેવો છે વિગેરે વાતો કરવા માંડી. વળી બહાદુર, અને લડવૈયો પણ છે વળી દેવકુમાર કરતાં તો લાલસિંહ ઘણોજ શૂરવીર, સહાસીક તથા નિડર છે. વળી દેવકુમાર પોતાના મિત્રની ઇચ્છા પ્રમાણેજ ચાલે છે. વિગેરે વાતો કીર્તિકુમાર પોતાની માતાને કહે છે.

જ્યારે લાલસિંહની વાત આવી ત્યારે દેવળદેવી કહે છે કે હા, ભાઈ હા, તે સર્વ હું જાણું છું એક દિવસ એવો આવશે કે તમારી બધાની પાસેથી આખુ રાજ્ય પચાવી પોતે માલીક થઇ બેસશે. માતાએ કહ્યું.

માતુશ્રી ! આ વચન તમે વ્યાજબી અને સાચા બોલતા નથી. દેવકુમાર તો એક વીર, સાચો, ક્ષત્રિય અને ધર્મ પરાયણ છે. હંમેશા જેના હૃદયમાં જૈન ધર્મનું રક્ષણ છે. જેના આત્મામાં સત્ય અને શિયળનો પ્રભાવ છે, જેના ઉપર ભદ્રબાહુસ્વામી જેવા ગુરૂદેવનો આશિર્વાદ છે. જેને ફક્ત નિસ્વાર્થ સિવાય કોઈ ચીજ ઉપર પ્રેમ નથી, રાજ્યનો ભૂખ્યો નથી, તેમજ કોઇના બુરામાં રાજી નથી. આવા પવિત્ર કુમાર ઉપર તમે આવો આક્ષેપ મુકો તે ઠીક નથી કીર્તિકુમારે કહ્યું.

ઠીક! ઠીક! જવાદે હવે, તારૂ ટાયલું મારે નથી સાંભળવું ? તને રાજકાજના કાવા દાવાની શી ખબર પડે! તને ભાઈ, ભાઈ કીધો હશે એટલે તું બહુ ફૂલાઈ ગયો હશે. પણ હું તો સારી રીતે સમજું છું કે એ જેટલો બહાર છે તેટલોજ ભોંયમાં છે. તેમજ તેનો મિત્ર લાલસિંહ પણ તેનાથી ચંદરવા ચઢે તેવો છે માટે તેમના ખોટા વખાણ કરી નકામો ભૂલ ન કરીશ. દેવળદેવી બોલી.

માતુશ્રી મારા વચનો તમને ગમતા નથી તો તમારી મરજી. ઠીક તો હવે હું જઈશ. એમ બોલતો કીર્તિકુમાર ઉઠયો.

હવે કીર્તિકુમારને જતાં જતાં વિચારો આવે છે કે શું માતુશ્રીને દેવકુમાર ઉપર વેર હશે! શા માટે! શા માટે તેને દુશ્મનની નજરથી જોતા હશે! એમ વિચાર કરતો કરતો કીર્તિકુમાર જાય છે ત્યાં તેણે ચાર મારાઓને દાદર ઉપર ચઢતાં જોયા આથી તેને સંશય પેદા થયો કે આ ચાર માણસો કોણ હશે? દેખાય છે તો વનચરો જેવા! તેઓને મારી માતુશ્રી પાસે જવાનું શું પ્રયોજન હશે? તેમના આવવામાં જરૂર કાંઈ ભેદ હોવો જોઈએ. માતુશ્રી દેવકુમાર ઉપર ઈર્ષા કરે છે પણ ફીકર નહિ! "જેનો પ્રભુ પાંસરો તેનો વેરી આંધળો" "જેને રામ રાખે તેને કોણ મારી શકે તેમ છે!" છતાં મારે તો ભાઇની ચીંતા કરવીજ જોઈએ. કીર્તિકુમાર વિચાર કરતો પોતાના ભુવનમાં ચાલ્યો ગયો.

મંજરી! જો તો કોણ આવે છે! કોઈના આવવાનો અવાજ સાંભળી રાણી દેવળદેવીએ પૂછયું.

બાઈ સાહેબ! એતો આપણે બોલાવેલા માણસો આવ્યા છે. દાસી મંજરી બોલી.

બા સાહેબ! આપશ્રીના હુકમના અમો તાબેદાર છીએ માટે જે આજ્ઞા હોય તે ફરમાવો! ચારે મારાઓ રાણીને વંદન કરતાં બોલ્યા.

તમને દાસી મંજરીએ બધી વાત તો કરી હશે? રાણીએ પ્રશ્ન પૂછયો.

ના, બા! અમને દાસીએ કશી પણ વાત કરી નથી. મારાઓ બોલ્યા.

અલી મંજરી! આપણી વાતથી આ ચારે બહાદુરોને વાકેફ કર દેવળદેવીએ આજ્ઞા આપી.

જુઓ! ભાઇઓ, કામતો ઘણું જ મુશ્કેલી ભર્યું છે. પણ જો તમો કામ પાર પાડી આપો તો તમારૂં દળદર દૂર થઇ જશે અને

હંમેશના માટે આ પાપી ધંધો કરવો નહીં પડે. માટે જો તમારાથી બની શકે તેમ હોય તોજ હા કહેશો. નહિ તો જેવા આવ્યા તેવા પાછા સીધાવો! દાસી મંજરીએ ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું.

બેન, બા! તમે કોઈ વાતે ગભરાશો નહીં, જે કામ હોય તે ખુશીથી કહો! અમે અમારા પ્રાણના ભોગે મહારાણી માતાની સેવા બજાવીશું. આ ચારે પાપીઓએ કહ્યું.

જુઓ ભાઈઓ! તમો જાણો છો કે રાજકાજમાં હરહંમેશ ખટપટો ચાલે છે, અને રાજગાદી માટે એકબીજાને મારવા ઈન્તેજાર હોય છે. તેમાં પણ ઓરમાન માતાને સોક્યની અદેખાઇની હદ જ હોતી નથી! બોલો હવે સમજ્યા કે નહિ! દાસી મંજરીએ પૂછ્યું-

ના, મંજરીબાઈ તમારી આવી મોઘમ વાત અમારા સમજવામાં આવી નહીં કારણ કે અમે તો કોળીભાઇ રહ્યા. અમને તો સાદુ, સીધુ અને ચોકખું ચટ સમજાવો તોજ સમજણ પડે, બાકી તો વાતમાં શું માલ છે? પેલા ચાર માણસો બોલ્યા.

વાહ! વાહ! બહાદુરો તમને ધન્ય છે! તમારી વીરતાના વખાણ ભવિષ્યમાં આવાજ કરાવશો. મરદ જેવા મરદ થઇને આટલું પણ સમજતા નથી! લ્યો, ત્યારે સમજાવું. 'મહારાણીશ્રી તમારી પાસે એક માણસની ઘાત કરાવવા માગે છે.' પાપી મંજરીએ જણાવી દીધું.

આ સાંભળી પેલા ચારે માણસો એકદમ ચમકી ગયાં અને બોલી ઉઠ્યા કે—"બોય બાપરે! આતો મનુષ્યહત્યા, કામ તો મહાભારત જેવું છે. અને તે વળી દરબારમાં જ" તો બક્ષીસની આશા મોટી રાખવી જ જોઇએ!

રાણી સાહેબના ખજાનામાં ક્યાં તોટો છે? તમે કહેશો એટલી બક્ષીસ આપશે! એક જણ બોલ્યો.

તમારે કેટલી બક્ષીસ જોઇએ છીએ? મંજરીએ પૂછ્યું.

બા સાહેબ! અમને દરેકને ફક્ત એકેક હજાર રૂપીઆ અને ચાર વચ્ચે એક ગામ આપવા કબુલ કરો તો તમારૂં કામ પાર પાડીએ. નરાધમે કહ્યું.

તમારી કીધેલી વાત કબુલ છે, કરો ફત્તેહ અને ઉતારો બેડો પાર દાસીએ જણાવ્યું.

બા સાહેબ અમને કામની હકીકત સમજાવો એટલે અમે અમારૂં કામ શરૂ કરીએ. નરાધમો બોલ્યા.

મહારાજાશ્રીને પાંચ પુત્રો છે તેમાં ચાર પુત્રો મર્હુમ (પહેલી) રાણીના છે અને પાંચમો પુત્ર ભદ્રીકસિંહ દેવળદેવી રાણીનો છે, અને..................

.........બેન બા! અમે આમ લાંબી વાતોમાં ભૂલી જઇએ. એક તો અમે અભણ અને વળી ગામડીયા ગમાર કહેવાઇએ. માટે અમને ટુંકમાં સમજાવો! નરાધમો અધવચ બોલ્યા.

......મોટો પુત્ર વસંતસિંહ લડાઇમાં મરણ પામ્યો છે તેથી કેશવસિંહ તથા દેવકુમાર બન્ને વારસદાર રહ્યા. તો તે બન્ને જણને આપણા રસ્તામાંથી દુર કરવાના છે. અને આ બંનેનું એકી વખતે જ મૃત્યુ થવું જોઈએ તેમાં જરા પણ પાછી પાની થાય નહિ. માટે મારૂં કહેવું બરાબર સાંભળો! હું તમને યુક્તિ બતાવું તે પ્રમાણે યુક્તિથી કામ કરો. “જે દિવસે **દેવકુમાર** રણક્ષેત્રમાંથી પાછો ફરે તેજ રાતે **કેશવસિંહનું** ખુન કરી તે લોહીવાળી શમશેર દેવકુમારના મ્યાનમાં મૂકી દેવી અને કેશવસિંહના ખુનનો આક્ષેપ તેના ઉપર મૂકવો. અને તેમ કરતાં કદાચ પકડાયા તો રાણી સાહેબનું નામ જીવ જાય તો પણ આપવું નહીં. અને કહેવું કે અમે તો દેવકુમારના હુકમથી આવ્યા છીએ. આ પ્રમાણે દાસી મંજરીએ સમજાવ્યા.

આ સાંભળી ચારે નરપિશાચો આ ગોઝારૂ કૃત્ય કરવા તૈયાર થયા. ધિક્કાર હો! એ પાપી અપરમાતાને અને એ નરપિશાચોને! આવી રીતે પોતાનો પતિ હયાત હોવા છતાં પોતાના સાવકા પુત્રનું વગર વાંકે કરપીણ ખુન કરાવે. અને ફક્ત રાજ્યના લોભ માટે આમ ન કરવાનું પિશાચીક કૃત્ય કરે તે કદાપી આનંદ લઈ શકે? હે! વિધાતા! તારી પણ કોઈ વિચિત્ર ઘટના છે!

જાઓ! દેવકુમાર આવશે ત્યારે તમને ખબર આપીશું. તે વખતે તમને કહેલી ગોઠવણ મુજબ તમારૂં કાર્ય પાર પાડી તમારી ફરજ બજાવજો. મંજરીએ કહ્યું.

વારૂ? બાઈસાહેબ, અમે જઈએ છીએ. તેમ કહી તેઓ ચારે જણા ચાલ્યા ગયા.

નરપિશાચોના ગયા પછી મંજરીએ પૂછ્યું કે—બાઈસાહેબ, કેમ! આ મંજરીના કામમાં કંઈ ભૂલ છે?

ના, ના, વ્હાલી સખી! તારામાં જેવી નિપૂણતા છે તેવી નિપુણતા ભાગ્ય જ કોઈમાં હશે. ઠીક, હવે તે વાત જવા દે. કારણ કે 'ભીંતને પણ કાન હોય છે' જો કોઈ સાંભળશે તો આપણી ધારેલી બધી મુરાદો ધૂળમાં મળી જશે. રાણીએ કહ્યું.

દેવળદેવી પોતાના મનમાં હદ ઉપરાંત ખુશી થતાં બોલી કે—શું મારા ભાગ્યની બલિહારી છે. હું જે કાર્ય હાથ ધરૂં છું તેમાં અવશ્ય મારા પોબાર જ થાય છે. વાહ! વિધાતા વાહ! મારા પ્રાણનાથ પણ મારી જાળમાં કેવા સપડાયા છે! હું કહું તેજ સત્ય માને અને હું જેમ નચાવું તેમ નાચે છે. વળી હું પાણી માગું તો દૂધનો કટોરો હાજર કરે છે. શું મારા નસીબની બલિહારી! શું મારા પૂણ્યનો ઉદય! બસ, હું સર્વ અગવડો દૂર કરી મારા લાડકવાયા પ્રિય પુત્ર

ભદ્રીકસિંહને જ રાજ્યાસન અપાવું. વસંતસિંહ તો ગયો, તે તો હવે આ ભવમાં પણ પાછો ફરનાર નથી. કેશવસિંહ રાજ્યનો હક્કદાર–વારસદાર છે. તે પણ થોડા દિવસમાં જ પરલોક સિધાવવાનો. અને તેની સાથે દુષ્ટ દેવકુમારનો પણ ઘાટ ઘડાવવાનો, પછી તો ગાદીનો વારસદાર–હક્કદાર મારો પુત્ર જ થવાનો. પછી જુઓ મારા જેવી રાણીનો બહાર! બેન મંજરી! આપણો કેવો પ્રપંચ? રાણીએ પૂછ્યું.

કોઈ આવતું હોય એમ લાગે છે! અવાજ સાંભળી મંજરી બોલી.

જો તો ખરી! કોણ આવે છે? રાણીએ કહ્યું.

એ તો આપણા મનના માનેલા હૈયાના શૂન્ય અને જેના પ્રાણ પારકાના કરેલા છે એવા ચતુર સુલક્ષણા આપના પુત્ર આવે છે! દાસીએ જણાવ્યું.

કોણ! દેવકુમાર આવે છે. રાણીએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

હા! દેવકુમાર અને તેનો મિત્ર લાલસિંહ બંને આવે છે. દાસીએ કહ્યું.

આવો! આવો! મારા બાળકો, રાણીએ ઉભાં થતાં કહ્યું.

દેવકુમાર પોતાની (સાવકી) માતુશ્રીને વંદન કરે છે અને કહે છે કે–માતુશ્રી! ભાઈ, વસંતસિંહનો રણયુદ્ધમાં પત્તો નથી, આપણો પરાજય થયો અને સર્વસ્વ ગયું.

આ સાંભળી દેવળદેવી બોલી કે–હાય! હાય! દૈવ, હું આ શું સાંભળું છું, ભાઈ દેવકુમાર! શુ તું આ વાત ખરેખર સત્ય કહે છે! ભાઇ વસંત! તારૂં ક્યાં પાપીએ મૃત્યુ નિપજાવ્યું. હાય! પ્રભુ! શું તારો કોપ અમારા ઉપર જ ઉતર્યો છે! રાણીએ બોલવા જ માંડ્યું.

માતાજી! અમો બંને મિત્રો રણક્ષેત્રમાં જવા માટે આપશ્રીનો આશિર્વાદ લેવા આવ્યા છીએ. તો અમને આજ્ઞા આપો! દેવકુમારે કહ્યું.

ભાઇ દેવકુમાર ! તું હજી બાળક છે! રણક્ષેત્ર એટલે શું તેની તો તને પુરી ખબર નથી! તારાથી એ તલવાર અને ભાલાના ચમકારો કેમ સહેવાશે? એક કાંટાનો દુઃખાવો સહન કરવાને પણ આજે શક્તિ નથી તો રણક્ષેત્રમાં યુદ્ધના ચમકારો કેવી રીતે ઝીલી શકશો! માટે પુત્ર! પ્રધાનજીને જવા દો! તે અનુભવી છે તે બધી યોગ્ય ગોઠવણ કરશે. માટે હે! વત્સો! તમારે જવાની કાંઇ જ જરૂર નથી! રાણીએ કહ્યું.

માતુશ્રી! આપનું કહેવું સત્ય છે! પરંતુ પ્રધાનજી વૃદ્ધ છે એટલે એમને વધુ મહેનત આપવી એ વ્યાજબી નથી. કારણ કે તેઓથી રણયુદ્ધમાં ચપળતાથી ફરી શકાય નહીં તેથી અમે જઇશું. અમને પિતાશ્રીએ આજ્ઞા આપી છે અને આપ પણ આશિર્વાદ આપી આજ્ઞા આપો! દેવકુમારે કહ્યું.

ધન્ય છે! મારા બહાદૂર પુત્રો! જાઓ, સુખેથી રણક્ષેત્રમાં સિધાવો. પ્રભુ તમને યશ આપશે. દેવળદેવીએ આશિર્વાદ આપ્યો.

(સ્વગત) તમારૂં સત્યાનાશ જજો અને રણક્ષેત્રમાં જ તમારૂં મરણ થજો દાસી મંજરી મનમાં બબડી.

દેવળદેવીની આજ્ઞા લઈ બંને મિત્રો વિદાય થયા પછી મંજરી અને રાણી બેઉ જણા ખુબ બળી જવા લાગ્યાં. હે પ્રભુ! મારી લાજ સાચવજે! આ બંનેનો ઘાટ ઘડાઈ જજો અને મારા પુત્ર ભદ્રીકસિંહને રાજ્યગાદી પ્રાપ્ત થજો. હે પ્રભુ મારી આ ઇચ્છા પાર પાડજો. રાણી દેવળદેવી બોલી.

## પ્રકરણ પાંચમું.

### છાવણી

**સૈન્ય** સર્વ તૈયાર થઈ રહ્યું છે, ભાલા, તલવાર અને હથી-આરોથી ઘોડેસ્વારો શોભી રહ્યા છે, આકાશમાં ધૂળના ગોટેગોટા ઉડી રહ્યા છે. આકાશ તદ્દન ઢંકાઈ ગયું છે. ફક્ત આજ્ઞાની રાહ જોવાય છે. દિવાન છત્રસિંહ, દેવકુમાર તથા લાલસિંહ પણ આવીને ખડા થઈ ગયા છે. આમ આખું લશ્કર પોતાના શસ્ત્રો સજી યુદ્ધમાં વિજય મેળવવા તત્પર થઇ રહ્યું છે. મહારાજા વિરભદ્રસિંહ પણ આવી પહોંચે છે.

પ્રધાનજી! તમો વૃદ્ધ છો છતાં ઉત્સાહી અને નિમકહલાલ છો, તેથી મારા કુમળાં બાળકોને તમારા ભરૂસા ઉપર યુદ્ધમાં જવા માટે આજ્ઞા આપી છે. માટે જાઓ! સત્વર સિધાવો! અને પ્રવિણસિંહ જેવા પામર પ્રાણીનો પરાજય કરી વિજય લઇ વહેલા આવો!

મારા વ્હાલા દેવકુમાર અને મિત્ર લાલસિંહ! તમારૂં શૌર્ય અને ઉમંગ જોઈ મારા આત્માને સંતોષ થયો છે. ક્ષત્રિયને શોભે એવો વિજય લઈ વ્હેલા વળજો? જો જો! બહુ સાવચેતીથી કામ લેજો કારણ કે દુશ્મનો કપટી અને દુર્જન છે. માટે ઘણી સંભાળ-પૂર્વક કામ લેશો અને ફત્તેહ કરી વહેલા વળજો. રાજા વિરભદ્રસિંહે શિખામણ આપી.

મારા શૂરા સરદારો! આપણા રાજા પ્રત્યેની આપણી નિમકહલાલી જગ પ્રસિદ્ધ છે. રાજા આપણો દાતા, ત્રાતા અને પિતા છે તેની પ્રતિષ્ઠા સાચવવી તે આપણો મૂખ્ય ધર્મ છે. આવો નિમકહલાલી બતાવવાનો પ્રસંગ ફરી ફરી આવશે નહિ. સાચો ક્ષત્રિયતો પોતાના દેશ માટે, પોતાની માતૃભૂમિ માટે, પોતાના માલીક માટે અને પોતાની ઈજ્જત માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરે તેજ સાચો ક્ષત્રિય અને શુરવીર ગણાય છે. પીઠ બતાવનાર પુરૂષ હીચકારો અને બાયલો ગણાય છે. માટે મારા વ્હાલા બિરાદરો! આવો અણમોલ પ્રસંગ ભાગ્ય હોય તોજ પ્રાપ્ત થાય છે પ્રવિણસિંહ જેવા પામરને વશ કરવો અને તેનો પરાજય કરવો તેમાં તો શું મોટી વાત છે? લાલસિંહે શુરાતન આપતાં કહ્યું.

સાચો ક્ષત્રિય એજ કે, નમતું જરી દેશે નહિ.
સાચો ક્ષત્રિય એજ કે, ટેક કદી તજશે નહિ.
સાચો ક્ષત્રિય એજ કે, પ્રાણને ગણશે નહિ.
સાચો ક્ષત્રિય એજ કે, ઈજ્જત ખોઇ જીવશે નહિ.

મહારાજા શ્રી વિરભદ્રસિંહજીનો જય! કુચ શરૂ કરતાં લશ્કરે ગગન ભેદી અવાજથી સારૂંય આકાશ ગજાવી મૂકયુ. અને કુચ આગળ વધવા માંડી. કુચ કરતાં કરતાં રણભૂમિના મોખરા પાસે લશ્કર આવી ચઢ્યું ને શુરીલા વાજાં વાગવા માંડયા, ઢોલ-નગારાં વગાડી સૈનીકોને શુર ચડાવવામાં આવ્યો. ભાલા સામે ભાલા, શમશેર સામે શમશેર, ઘોડા સામે ઘોડા, અને પાયદળ સામે પાયદળ ગોઠવાઈ ગયાં. દેવકુમાર અને લાલસિંહ સેનાપતિ બન્યા જેથી લશ્કરમાં અનેરો ઉત્સાહ આવ્યો.

હવે સામા સામી યુદ્ધ ચાલવા લાગ્યું, માણસો મૃત્યુને વશ થયા, રક્તધારાઓ વહેવા લાગી, શુંરવીરો પોતાની માતૃભૂમિ માટે

પોતાના પ્રાણના બલિદાન આપી પરલોક સિધાવ્યા ઘોર યુદ્ધ ચાલ્યું. દેવકુમાર બહાદુરી બતાવી શમશેર વતી સેંકડો સૈનિકોને કાપતો કાપતો આગળ વધ્યો અને અચાનક તે દુશ્મનોના પંઝામાં સપડાઈ ગયો પણ તે પાછો પડે તેમ નહતો. તેણે પોતાનો બચાવ કરવા સેંકડો માણસોનો નાશ કર્યો પણ એકલો માણસ ક્યાં સુધી ટકી શકે! આ તકનો લાગ જોઈ પ્રવિણસિંહ સૈન્ય સાથે દેવકુમાર ઉપર તુટી પડ્યો.

આમ એકદમ દેવકુમાર ઉપર હલ્લો થતાં લાલસિંહ ચમકયો. તેના જાણવામાં આવ્યું કે દેવકુમાર દુશ્મનોના પંઝામાં ઘેરાઈ ગયો છે એટલે તે કુશળ બુદ્ધિશાળી બહાદુર દેવકુમારની સહાયતાએ પહોંચ્યો. અને ઘણીજ વીરતાપૂર્વક બહાદુરીથી દુશ્મનોનું દળ કાપવા માંડયું અને થોડી વારમાંતો લોહીની નદીઓ વહેવડાવી દીધી. હજારો માણસો મોતના પંઝામાં સપડાઇ ગયા. હવે લાલસિંહ એકદમ પ્રવિણસિંહ ઉપર તુટી પડયો. અને સખ્ત પ્રહારોથી ઘાયલ કર્યો. પ્રવિણસિંહ જેવો ઘાયલ થઈ નીચે પડે છે કે તરતજ બહાદુર સૈનીકોએ મુશ્કેટાટ બાંધી જીવતો રાજકેદી બનાવ્યો, આથી તેમની વિજય પતાકા ફેરવાઇ. ધન્ય છે! આવા મિત્રને!

મહારાજા શ્રી વિરભદ્રસિંહનો જય! મહારાજાનો જય આખા સૈન્યમાં જય ઘોષણા ગાજી રહી. આ બંને બહાદુરોની શુરવીરતા જોઈ પ્રધાનજી પણ દીંગ થઈ ગયા અને ઘણાજ ખુશી થયા.

વીરના બાળકો વીરજ હોય છે! પ્રધાને ખુશી થતાં કહ્યું. પ્રવિણસિંહને રાજકેદી બનાવી લશ્કરને રાજધાની તરફ કુચ કરવા હુકમ કર્યો.

મહારાજા વિરભદ્રસિંહ પોતાના મહાલયમાં બેઠા છે પણ આજે તેમનું હૃદય સ્થીર નથી પોતે આજે શોકમય અને ચીંતાજનક

દેખાય છે તેઓને આજે ચીંતાએ ઘેરી લીધા છે. અને વિચાર મગ્ન દશામાં તેઓને વિચાર આવે છે કે મારા પ્રિય પુત્ર વસંતસિંહનું શું થયું હશે! તેનો પત્તો લાગશે કે નહિ! આમ વિચારમાંને વિચારમાં ગમગીન બની ગયાં છે. એવામાં **કેશવસિંહ** આવે છે.

પૂજ્ય પિતાશ્રી! મને દેવકુમારની સહાયતા માટે જવાની આજ્ઞા આપો! શું મારા જીવતા ભાઈ દેવકુમાર ઉપર આફત આવે! ના, ના, એમ કદાપી ન બને! પિતાશ્રી! મને સત્વર જવાની આજ્ઞા આપો! કેશવસિંહ આગળ બોલવા જાય છે ત્યાં તો કીર્તિકુમાર આવે છે અને તે પણ પિતાશ્રીની આજ્ઞા માગતાં કહે છે કે!--પિતાશ્રી! શું ક્ષત્રિય પુત્રો આ પ્રમાણે મહેલમાં બેસી પોતાની કાયરતા બતાવશે! શું અમને અમારા ભાઈ દેવકુમારની સહાયતાએ જવા માટે રજા નહી આપો! કીર્તિકુમાર બોલ્યો.

મારા વ્હાલા પુત્રો! તમારો ભાતૃભાવ જોઈ આજ મારા આત્માને કોઈ અનેરો આનંદ અને પ્રેમ ઉભરાય છે! ધન્ય છે! તમારી લાગણીને! ધન્ય છે! તમારી રાજ્ય ભક્તિને! પુત્રો! તમોને મોકલવા કરતાં હું પોતેજ જઈ દેવકુમારનું રક્ષણ કરૂં કારણ કે તમો રાજ્યના બે સ્તંભ છો! તમારા ઉપર તો નગર રક્ષાનો મોટો આધાર છે. માટે મારા બેટા તમને જવા કેમ દેવાય! પુત્ર કીર્તિકુમાર તારા વગર મને જરા ચેન નહિ પડે કારણ કે તારી કાલી કાલી અને મીઠી મીઠી ભાષાઓ મને કોણ સંભળાવશે! પુત્રો, તમો તો મારા વૃદ્ધાવસ્થાની લાકડીઓ છો! અને મારી આંખોના નુર છો. પ્રભુ તમો સર્વેને આનંદમાં રાખે! એજ મારી અંતિમ અભિલાષા છે. માટે તમો જવાની હઠ બીલકુલ ન લેશો. અને હું પોતેજ જવાની તૈયારી કરૂં છું. રાજાએ પુત્રોને સમજાવતાં કહ્યું.

મહારાજાનો જય થાઓ! જય થાઓ! એક અનુચર વધામણી આપવા જય ઘોષણા કરતો આવે છે.

આ સાંભળી રાજા ચમકે છે અને પુછે છે કે કોણ છે? અને શું વધામણી લાવ્યો છે?

અન્નદાતા! વધામણી ઘણીજ સારી છે કે જેથી ઉત્સાહ વધે! આપના પ્રિય પુત્ર દેવકુમાર અને લાલસિંહ દુષ્ટ પ્રવિણસિંહને બંધીવાન બનાવી આપશ્રીની સેવામાં લઈને આવે છે. અનુચરે વધામણી આપી.

અરે! તું આ સાચું બોલે છે કે મારી મશ્કરી કરે છે! શું મારો દેવકુમાર યશકીર્તિ વરીને દુશ્મનને લઇને આવે છે! રાજાએ પૂછ્યું!

અન્નદાતા! હા, સાચું કહું છું અનુચર બોલ્યો.

એવામાં તો પ્રધાન છત્રસિંહ, દેવકુમાર અને લાલસિંહ મહારાજાનો જય! મહારાજાનો જય! બોલતા આવ્યા. અને વંદન કરી બંધીવાન રાજા પ્રવિણસિંહને લાવી હાજર કરે છે. આથી રાજા વિરભદ્રસિંહ બોલે છે કેઃ–

ભગવાન દેજે દીકરા, જે દીકરા પણ દિનકરા,
એવા તું દેજે દીકરા, કુળ પૃથ્વી શોભાવે ખરા.—૧
એવા ન દેજે દીકરા, કરે આબરૂના કાંકરા,
એવા ન દેજે દીકરા, જે દીકરા નહિ દિ ફર્યા.—૨
એવા ન દેજે દીકરા, મા બાપને જે તાપતા
કષ્ટ કપુતનું કેટલું, જેને વીતે તે જાણતા.—૩
માટે કહું છું હે પ્રભુ! તું દેજે સૌને દીકરા,
કહે છે "ભોગી" પ્રેમથી, સત્ય નીતિવાન હો દીકરા.—૪

આ સાંભળી દેવકુમારની જય હો! જય હો! સર્વ લોકો બોલી

ઉઠ્યા આજે રાજકચેરીમાં કોઈ અનેરો આનંદ છવાઈ રહ્યો છે. એક કવિ કહે છે કે—

શું વિધિના લેખ, તેની ગમ તો પડતી નથી,
વિધિ તણા ઉકેલની, ચાવી કદી જડતી નથી.
એક વખત થયો પરાજય, બાજી બધી ઉંધી થતી,
પણ શું વિધિના લેખ, કે બગડી બાજી સુધરી જતી.

ક્ષત્રિયાણીઓ પુષ્પહાર લાવી દેવકુમારને વધાવે છે, અને વીરને શોભે તેવા આશિર્વાદ આપી પોતાની ફરજ અદા કરે છે. આજે રાજકચેરી માણસોથી ઉભરાઈ રહી છે.

પિતાશ્રી! દુશ્મનોને હવે શું શિક્ષા કરવી છે? આપના હુકમ-મનીજ રાહ જોવાય છે? આજના શુભ પ્રસંગનો પ્રતાપ બધો મારા મિત્ર લાલસિંહનો જ છે. જો લાલસિંહ વખતસર હાજર ન થયો હોત તો આ દેવકુમાર આજે આ ભૂમિ ઉપર હાજર ન હોત. મારો પ્રાણ બચ્યો તેનો યશ લાલસિંહનેજ ઘટે છે. તો પહેલું માન તો તેનેજ મળવું જોઈએ. દેવકુમારે જણાવ્યું.

કેમ! મોહનપુરી કપટી રાજા બોલ જોઇએ! હવે તારા માટે કઈ શિક્ષા જરૂરની છે? પ્રવિણસિંહ બંધીવાનના વેષે કેદી તરીકે ઉભો રહ્યો છે તે તરફ ફરતાં દેવકુમારે પૂછ્યું.

મહારાજ! મારો આટલો ગુન્હો માફ કરો! હવે ફરીથી કોઈ પણ દિવસ આવું ગોઝારૂં કૃત્ય નહી કરૂં! પ્રવિણસિંહ બોલ્યો.

વિરભદ્રસિંહ—

જો નાગને દુધ પાઈને ઉછેરીએ બહુ પ્રેમથી,
પણ ડંખવાનો સ્વભાવ કોઈ દિવસ જાતો નથી.

અરે, નીચ! તેં મારા પાટવીપુત્ર વસંતસિંહનું ખુન કર્યું છે ને! મહારાજા તાડુક્યા.

ના, અન્નદાતા! મેં વસંતસિંહની ઘાત કરી નથી, હું તો કુમારવસંતસિંહનું શૌર્ય અને લડવાની બહાદુરી જોઈ મારા મનમાં તાજુબ થઇ ગયો અને ત્યારથીજ મેં તો નક્કી કરી લીધું કે મારી સર્વે ધારેલી આશાઓ ધૂળમાં મળી જશે અને મારી કરેલી મહેનત વ્યર્થ જશે પણ એકાએક વસંતસિંહ લડાઇમાંથી ગુમ થયા અને આખું લશ્કર આગેવાન વગર હતાશ થયું તેથી તે તકનો લાભ લઈ મેં આ ગોઝારૂં કૃત્ય કરી જીત મેળવી. પણ મારી અદેખાઇનું ફળ મારે પોતાને જ ભોગવવું પડયું. કહેવતમાં કહ્યું છે કે-"ખાડો ખોદે તે પડે." તેમજ થયું છે.

મહારાજ! આપશ્રીની ભૂમિ ફળદ્રુપ અને નંદનવન સમી હોવાથી તે ભૂમિ પર મેં લોભદ્રષ્ટિએ પિશાચીક ભાવના કરી પણ આખરે હું તેમાં ફાવ્યો નહિ. જ્યારે મેં યુદ્ધ કર્યું ત્યારે મનથી ધાર્યું હતું કે બળીયા સાથે બાથ ભીડુ છું અને આખરે મારો પોતાનો જ પરાજય થવાનો છે. છતાં પણ મે હિંમતથી સામનો કરવાનો નિશ્ચય કર્યો. ત્યાં તો આપના શુરવીર શિરોમણી દેવકુમાર, પ્રધાનજી તથા વીર લાલસિંહ વિગેરે મારા ઉપર ચઢાઈ કરી આવ્યા ત્યારે મેં પણ મારી મતિ અનુસાર સામનો કર્યો. કુદરતની ઘટના મારા પ્રત્યે બદલાઇ ગઈ અને શૂરવીર લાલસિંહની બહાદુરીથી તેમજ દેવકુમારની ચાણક્ય બુદ્ધિથી આપ નામદાર સામે બંદીવાન દશામાં આવી ઉભો છું. "**મારા હાથના કર્યાં હૈયે વાગ્યાં**" અન્નદાતા! મને માફ કરો! હવે કોઇપણ દિવસ આવું નીચ કાર્ય નહીં કરૂં. પ્રવિણસિંહ માફી માગતા બોલ્યો.

આપની રાંકડી પ્રજાનું પાલન રાજાના ધર્મ અનુસાર કરી જીવનને ધન્ય કરો! પ્રવિણસિંહને જીવતદાન આપતાં દિલાવર રાજા વિરભદ્રસિંહ બોલ્યા.

ધન્ય છે મહારાજા! તમારી ઉદારતાને અને વીરતાને! પ્રવિણ-સિંહ બોલ્યો.

પ્રવિણસિંહને જીવતદાન આપી પોતાની રાજધાની તરફ જવાની વિદાયગીરી આપી તેથી પ્રવિણસિંહ પોતાના રાજ્યધામ તરફ વિદાય થયો.

હવે મહારાજા લાલસિંહને બોલાવે છે. જેથી લાલસિંહ હાજર થાય છે. ધન્ય છે! મારા રાજ્યના હિતચિંતકને! તેં તો મારા રાજ્યની મારા કુળની અને મારી પ્રજાની તારા પ્રાણના ભોગે અત્યંત સેવા બજાવી છે. બોલ, બોલ, મારા કુમારના જીવનરક્ષક તું માગ, માગ, માગે તે આપું. મહારાજા બોલ્યા.

પૂજ્ય પિતાશ્રી તુલ્ય મહારાજા! મિત્રો મિત્રોની ફરજ બજાવે તેમાં વધારે કંઇજ કરતો નથી. મેં તો ફક્ત મારી ફરજ માત્ર બજાવી છે. મારા અહોભાગ્ય કે મને સેવા કરવાનો આ મોંઘેરો સમય પરમાત્મા પ્રતાપે મળ્યો. દયાળુ પિતાશ્રી! મારે તો ફક્ત આપશ્રીની સ્નેહભરી લાગણી જોઈએ છીએ. તે સિવાય આ કિંકરને કોઇપણ જાતની અભિલાષા નથી. લાલસિંહ બોલ્યો.

ધન્ય છે! આવા નિરાભિમાની વીરને! એમ કહી સર્વે પોત-પોતાના સ્થાને જાય છે.

## પ્રકરણ છઠ્ઠું.

### દેવકુમારનું દિવાનખાનું.

**દેવકુમાર** પોતાના દિવાનખાનામાં બેઠા છે અને યુદ્ધની બધી હકીકત પોતાના ભાઇ કેશવસિંહને સમજાવે છે.

ભાઈ કેશવસિંહ! જો મારો મિત્ર લાલસિંહ ન હોત તો આજે તું તારા ભાઈ દેવકુમારને આ સ્થાને જોવા માટે ભાગ્યશાળી ન બન્યો હોત. આ બધો યશ હોય તો તે લાલસિંહને આભારી છે. દેવકુમાર બોલ્યો.

ઓ! મોટાભાઇ, શું હજુ વસંતસિંહ નથી આવ્યા? મને તેમના વગર ઘડી પણ ગમતું નથી, શું મને તેમની મુલાકાત નહિ કરાવો? જાઓ, મોટાભાઇ હું તમારાથી રીસાઈ જઇશ અને નહિ બોલું. કીર્ત્તિકુમાર બોલ્યો.

મારા વ્હાલા ભાઈ, શું તું ડાહ્યો થઇ આવી હઠ કરે તે સારૂં નહીં. ભાઈ વસંતસિંહના માટે આ તારા ભાઈને અહરનીશ ચિંતા થયા કરે છે. બિચારી માતાતુલ્ય જયકુંવર ભાભી પણ તેમના વિયોગે ઝુરી મરે છે. હે પરમાત્મા! શું મારા ભાઈનો પત્તો નહિ લાગે! પ્રિય લાલસિંહ આજે બધે આનંદ આનંદ છે પણ ફક્ત જેષ્ટ બન્ધુ વિના આ બધો આનંદ શુષ્ક અને રસ વગરનો લાગે છે. દેવકુમારે જણાવ્યું.

મિત્ર દેવકુમાર! તું આવો ભડવીર, નિડર અને શૂરવીર થઈ ચિંતામાં તારૂં જીવન નષ્ટ કરીશ તો તબીયત બગડશે. માટે વસંતસિંહની શોધ તો કરવીજ જોઇએ અને પરિણામ પ્રભુના હાથમાં મૂકવું જોઈએ. વધુ ચિંતાઓ કરવાથી આપણી ધારેલી મુરાદ બર આવતી નથી ઉલટું શરીરની શક્તિ નષ્ટ થાય છે. વળી માનસિક કાર્યમાં સફળ થઈ શકતા નથી માટે હિંમત ન હારતાં તેનો ઉપાય શોધવો એજ આપણી ફરજ છે. મિત્ર દેવકુમાર! ઉઠ, ઉભો થા, આત્માને આનંદ આપવા જરા ખુલ્લી હવામાં ફરવા જઈએ. લાલસિંહે કહ્યું.

મિત્ર! આજે મારો વિચાર શિકારે જવાનો છે! તું મારી સાથે આવીશ? દેવકુમારે પ્રશ્ન પૂછ્યો.

દેવકુમાર! મને શિકારનો શોખ નથી કારણ કે નિરપરાધી પ્રાણીને વગર ગુન્હે મારી નાંખવા જેવું આ જગતમાં ભયંકર પાપ બીજું નથી. શું તું ગુરૂ ભદ્રબાહુસ્વામીનો બોધ ભૂલી ગયો! જીવનનો મૂખ્ય પાયો દયા અને દાન ઉપર છે તો તે જ્ઞાનપૂર્વક વિચાર કરી શિકારની લતનો ત્યાગ કર. અને સાચા જીવનનો રસ્તો ગ્રહણ કર. મિત્ર! પવિત્ર સંયમી અને મહા ધર્મ ધુરંધર વિદ્વાન ભદ્રબાહુસ્વામી જેવા ગુરૂનો બોધ સાંભળ્યા પછી શિકાર કરી નિરપરાધી જીવોને હણવા તેના કરતાં તો દુઃખી, દીન અને અવાચક પ્રાણીની બની શકે તેટલી સેવા કરી તેને અભયદાન આપી જીવનને સાર્થક કરવું તેજ મનુષ્યનો સાચો ધર્મ છે. લાલસિંહે કહ્યું.

મિત્ર! તારી બુદ્ધિને ધન્ય છે! આજે તેં મારા ઉપર કોઈ અજબ છાપ પાડી છે. હું આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે "કોઈ દિવસ નિરપરાધી જીવ હણીશ નહિ અને હણવા દઈશ પણ નહિ. અને મારા

રાજ્ય ધર્મ અનુસાર હું તેની સદા રક્ષા કરીશ.” દેવકુમાર બોલ્યો.

સંસારમાં સંસ્કાર જ્યાં, સારા કદી પડતા નથી,
સંસ્કાર શુભ વિના કદી, કોઈ સુખી થાતા નથી,

બંને મિત્રો આનંદ કરવા માટે જંગલમાં ફરવા નીકળ્યા સાથે કેશવસિંહને લીધો. વનની ઘનઘોર ઘટા અને વૃક્ષોની હારમાળા જોઇ ઘડીભર દુઃખ ભૂલી ત્રણે નવયુવાનો આનંદમાં મોજ માને છે.

મોટાભાઈ! જોતો ખરો, શું વનની શોભા છે! કુદરતે કેવી રમણ્યતા મેળવી છે! આખુ નંદનવન આજે આપણને હર્ષ ભર્યો આવકાર આપી કૃતાર્થ થાય છે. પક્ષીઓ પણ પોત પોતાના માળામાં નિર્દોષ આનંદ માની રહ્યા છે. ભાઈ! ભાઈ! જુઓ તો ખરા! પેલી સિંહણ પણ બકરીના બચ્ચાને સાથે લઇ પોતાના બચ્ચાઓ સાથે કેવી ગેલ કરે છે! શું નંદનવનની શોભા! જ્યાં પક્ષીઓ પણ સંપથી અને પ્રેમથી પોતાના જીવનનો રસ લુંટી રહ્યા છે. કેશવકુમાર બોલ્યો.

સામેથી કોઈ મહાત્મા આવતાં જણાયા જેથી દેવકુમાર વિગેરે ત્રણે યુવાનોએ ઘણા હર્ષીત થઈ સાષ્ટાંગ પ્રણામ કર્યા. આથી મહાત્માએ ત્રણે બાળકોને આશિર્વાદ આપ્યા.

બાળકો તમો કોણ છો! તમારે તમારૂં નગર શા માટે છોડવું પડયું! અને તમો આમ ઉદાસી કેમ જણાવો છો! મહાત્માએ પૂછયું

ગુરૂદેવ! અમો બેઉ પ્રતિષ્ટાપુત્ર નગરના રાજા વિરભદ્રસિંહજીના પુત્રો છીએ અને આ લાલસિંહ અમારો મિત્ર છે! કેશવસિંહે કહ્યું.

મહાત્માજી! આ બંને કુમારના મોટાભાઈ વસંતસિંહ લડાઈ-માંથી ગુમ થયા છે અને તેમનો કોઈ જગ્યાએ પત્તો નથી તેથી અમો ત્રણે જણા મનને આનંદ આપવા નગર છોડી આ ઉપવનમાં આવ્યા છીએ લાલસિંહે જણાવ્યું.

વત્સો ! શાંન્ત થાઓ ! તમારી દિલગીરી શોધવાનો ઉપાય કરૂં છું એમ કહી મહાત્માએ સમાધિ ચડાવી. સમાધિ પુરી થતાં પોતાના જ્ઞાનવડે વસંતસિંહની હકીકત કહેવા લાગ્યા.

વત્સો ! સાંભળો, વસંતસિંહને તમારી અપરમાતાએ મંત્ર બળે કોઈ અદ્‌ભૂત માણસ પાસે ઉડાડી હરણ કરાવ્યું છે, તે હાલમાં વસંતપુર નગરની પાસે ગુફામાં ઘણાજ આનંદની સાથે રહે છે. તેને ત્યાં કોઈ જાતનું દુઃખ નથી ફક્ત દુઃખમાં તો કુટુંબીજનોનો વિયોગ છે, પ્રથમ તે માણસોએ મારી નાંખવાનો વિચાર કરેલો પણ તેની ચાલાકી અને વીરતા જોઈ તેના ઉપર કૃપા કરી તેને જીવતો રાખ્યો છે. વળી એજ ગુફામાં તેજ અદ્‌ભૂત માણસની લાવેલી સુવર્ણપુરના રાજાની રાજકુંવરી છે તે વસંતસિંહની ચાકરી કરે છે કારણ કે વસંતસિંહે તેનું શિયળ પોતાના બાહુ બળથી સાચવ્યું હતું. વસંતસિંહ તે રાજકુંવરીને પોતાની બ્હેન ગણે છે. તે બેઉ ભાઈ–બ્હેન સુખે દિવસો નિર્ગમન કરે છે. કુંવરી રૂપમાં, સૌન્દર્યમાં અને યોવનમાં અજોડ છે. તેમજ નૃત્ય કળા અને વહેવારીક જ્ઞાનમાં સંપૂર્ણ અને કુશળ છે. તેનું રૂપ દેવકન્યાને પણ શરમાવે તેવું છે.

વત્સો ! જ્યારે દેવકુમાર તથા લાલસિંહને પોતાની અપરમાતાના દુષ્ટ કૃત્યથી વનવાસ જવું પડશે ત્યારે વસંતસિંહની તપાસ કરતાં કરતાં તે દુશ્મનોનો લાલસિંહ પરાજય કરશે. અને તે કુંવરી લાલસિંહનેજ પરણશે. પણ વસંતસિંહ મળશે નહિ. પરંતુ વસંતસિંહ તો પ્રથમ દેવકુમારનેજ મળશે. વત્સો ! દેશવટો તમારા ભાગ્યમાં લખાયેલો છે અને તે હવે ઘણોજ નજદીક છે! માટે દેશવટો ઘણીજ ખુશીથી સ્વીકારજો ! તેમાંજ તમારી કીર્તિ અમર થશે. ઋષીમહાત્માએ વસંતસિંહના સમાચાર આપતાં શિખામણ આપી.

મહાત્માના શબ્દો સાંભળી સર્વ સજ્જડ થઈ ગયા. અહા હા!

શું રાજ્ય લોભ માટે માતા પોતાના દીકરાઓનું ખુન કરવા તૈયાર થાય છે! ધિક્કાર છે એવી માતાઓને! ધિક્કાર છે એ રાજ્ય અને વૈભવને! ખરેખર! જ્ઞાનીઓ જે ભાખી ગયા છે તે તદ્દન અક્ષરે અક્ષર સત્ય–સાચુંજ છે. જ્યાં વૈભવ છે ત્યાંજ કલેશ અને કુસંપ હોય છે. હે! પરમાત્મા, મને હિંમત આપ અને માતુશ્રીને સદ્બુદ્ધિ આપ! આ પ્રમાણે દેવકુમાર પશ્ચાતાપ કરી મહાત્માને વંદન કરી ત્યાંથી વિદાય લે છે. અને સર્વ પોતાના સ્થાન તરફ પાછા ફરે છે.

વાંચકગણ હવે આપણે રાણી દેવળદેવી તરફ નજર નાંખીએ. દેવળદેવી પોતાની દાસી મંજરીને બોલાવી કહે છે કેઃ––દાસી હવે બરાબર લાગ આવ્યો છે.

બાઈ સાહેબ, હવે તે કંઈ ભૂલ આવે ખરી કે! બા! હવે જે કરવું હોય તે આજેજ કરી નાંખવું જોઇએ દાસીએ કહ્યું.

મંજરી! તું તો કોઈ અજબ અબળા છે જ્યાં સુધી તું મારી પાસે મોજુદ છે ત્યાં સુધી મારા દરેક કાર્ય નીર્વિઘ્ને પાર પડવાના તેમાં લેશ પણ શંકા નથી. પરંતુ મંજરી હજી પેલા મારાઓ કેમ આવ્યા નથી! રાણીએ પૂછ્યું.

બા સાહેબ! અમો આપની સેવામાં હાજર છીએ ચાર નરાધમો આવતાં આવતાં બોલ્યા.

મંજરી! આ માણસોને જે કામ કરવાનું છે તેની સમજણ આપ! રાણીએ કહ્યું.

જુઓ! આ મહેલની પાછળની બાજુએ કેશવસિંહનું દિવાન-ખાનું આવેલું છે. અને ત્યાંજ દેવકુમાર આજે સુઈ રહેવાનો હશે. કદાચ દેવકુમાર ત્યાં સુઈ રહેવાનો ન હોય તો તમારે તેના મહેલમાં જવું પડશે. તમો આપણા ગુપ્ત દ્વારમાંથી દાખલ થાવ અને કેશવસિંહનું ખુન

કરી તે ખુનનો આરોપ દેવકુમાર ઉપર આવે તેમ કરવું જોઈએ, વળી તેવી બાજી ગોઠવવા એવી રીતે કરવું કે જેથી દેવકુમાર જાગે નહી. અને લોહીથી ખરડાએલી શમશેર તેના મ્યાનમાં મુકી દેવી અને તેની શમશેર તમારે લઈ લેવી. આ બધુ કામ આજ સાંજ પછી અને સવાર પહેલાં કરી નાંખવાનું છે. દાસી મંજરીએ બધી હકીકત સમજાવી.

મંજરી ! દેવકુમારના વિરૂદ્ધ રાજાના કાનમાં વિષ રેડવું જોઈએ. રાણી દેવળદેવી બોલી.

એ કામ તો તમારૂં પોતાનું જ છે ! દાસીએ જવાબ આપ્યો.

આજ રાતે આ ચંદ્રીકા ચંદ્ર ઉપર જરૂર જીત મેળવશેજ રાણીએ કહ્યું.

આ ખુન કેવી રીતનું થશે ! દાસીએ મારાઓને પૂછ્યું.

જોવા જેવું થશે, વળી સાથે સાથે તમારી પણ પુરી ફજેતી થશે અને નાક કાન કપાવી ગધેડે બેસવા વખત આવશે ! મારાઓ બોલ્યા.

જોયું જશે, પછીની વાત પછી પણ બે હકકદાર તો જશે ! રાણી બોલી.

શું કીર્તિકુમારની પણ એજ દશા થશે ! ધ્યાન રાખજો વસંતસિંહ જીવે છે. અને તે આવશે તો તમારી ફજેતીઓ જોવા જેવી થશે. મારાઓ બોલ્યા.

બા સાહેબ ! જવાદોને એ વાત, તે વાતમાં શું માલ છે ! શું મુએલાં મડદાં જીવતા થયાં સાંભળ્યા છે ? ભીંતને પણ કાન હોય છે માટે તે વાત જવાદો ! હું હવે બીજી બાતમી મેળવવા જઉં છું એમ બોલી દાસી જાય છે.

વાંચકવર્ગ ! હવે આપણે કેશવસિંહના દિવાનખાના તરફ દ્રષ્ટિ કરીએ. કેશવસિંહ સરળ અને નીતિવાન કુમાર છે. જેને પોતાના

બન્ધવ ઉપર અગાધ વિશ્વાસ અને અણહદ માન છે તેથી તે પોતાના ભાઈ દેવકુમાર ને કહે છે.

ભાઈ! આજે આપણે બંને જણા અહિંઆજ સુખ દુઃખની વાતો કરી સુઈ જઇશું? કેશવસિંહે પૂછ્યું.

જેવી વડીલ બન્ધુની આજ્ઞા! દેવકુમાર બોલ્યો.

ભાઈ! તું આજે જીવતો આવ્યો એટલે બસ, નહી તો આ બધાની શી દશા થાત અપરમાતા બહુ કપટી છે! પૂજ્ય પિતાશ્રીને ગમે તેમ ઉંધુ ચતુ સમજાવી પોતાનું ધાર્યું કરે છે. કેશવસિંહે કહ્યું.

હોય, એમાં શું છે! ગમે એમ તો પણ તે આપણી માતા છે અને રાજ્યની મહારાણી છે વળી ભદ્રીકસિંહ જેવા વીરપુત્રની માતા છે માટે અભિમાન કેમ ન હોય? ભાઈ! મને તો વસંતસિંહ વિના ચેન પડતું નથી, દેવકુમારે કહ્યું.

આ પ્રમાણે બંને ભાઈઓ વાતો કરતાં કરતાં નિદ્રાધીન થઈ ગયાં. હવે પેલા નરાધમો શાન્ત રાત્રીમાં પોતાની પાપલીલાની શરૂઆત કરવા મહેલમાં દાખલ થાય છે. અને ધીમે પગલે ચાલવા લાગ્યા. જોજો અલ્યા, ઘાંટો પાડી બોલતા? જોજો કંઈ પણ ગરબડ થાય નહિ તેની પુરેપુરી સંભાળ રાખજો. નહિ તો આપણા ચારેનું આવી બન્યું સમજજો. એક નરાધમ ચૂપકીથી બોલ્યો.

બિચારા બંને રાજકુમારો શાંત ચિત્તથી અઘોર નિંદ્રામાં આનંદ લઇ રહ્યા છે ત્યારે આ ચારે નરાધમો ધીમી ચાલે-બિલ્લી ચાલે ઉઘાડી તલવાર રાખી રાજકુમારોના પલંગ પાસે આવી ઉભા અને તરતજ કેશવસિંહનું માથું ધડથી જુદુ કરી નાખ્યું બિચારાના સોએ વર્ષ પૂરા થઈ ગયા. અને તે લોહીવાળી તલવાર દેવકુમારની તલવારના મ્યાનમાં મૂકી ચારે પાપીઓ નાસી છુટ્યા.

કેશવસિંહને વેદના થયાથી તે એકદમ ચીસ પાડે છે. ઓ બાપરે! મરી ગયો રે! ઓ પાપી દુષ્ટો, મેં તમારૂં શું બગાડ્યું હતું. મારા એકાંતવાસમાં આવી તલવારનો ઘા મારી નાસી જાય છે. કોઈ પકડો! કોઈ પકડો! એ દુષ્ટોને! ઓ પિતા! ઓ ભાઈ દેવકુમાર! દોડો! દોડો! દુષ્ટો મારા ઉપર ઘા કરી ચાલ્યા જાય છે! ખુબ વેદના થતાં કેશવસિંહ બૂમો મારવા લાગ્યો.

આ બૂમ–ચીસ સાંભળી દેવકુમાર ચમકી જાય છે. શું છે! શું છે! ભાઈ તમને શું થયું છે! તમો કેમ બૂમો પાડો છો! એમ પૂછતાં તેમના જોવામાં ઘા આવ્યો તેથી તે એકદમ ગભરાઈ ગયો ભાઈ! આ કયા દુષ્ટોએ કર્યું! ધિક્કાર છે એ પાપીઓને! હે! ઘાતકી તમને આ ગોઝારૂં કૃત્ય કરતાં શરમ ન આવી! દેવકુમાર ગભરાતાં ગભરાતાં બોલ્યો.

મારા વ્હાલા ભાઈ કોઈ ચાર પિશાચો આવી મારા પર ઘા કરી નાસી ગયા છે. હું તેમને ઓળખી શક્યો નથી. પણ મેં ફક્ત એટલું સાંભળ્યું છે કે "રાજ્યાસન તો ફક્ત ભદ્રિકસિંહને માટેજ છે, તું લેજે હવે સ્વર્ગનું રાજ્ય, યુવરાજ થઈ બેઠો છો." આ પ્રમાણે મેં સાંભળ્યું હતું તે સિવાય બીજું કાંઇ સાંભળ્યું નથી. મારા વ્હાલાભાઇ તું કદાપી પણ રાજ્યના હક્કદારનો દાવો કરીશ નહિ! ભાઇ છેલ્લા પ્રણામ!

તલવાર બહાદુર ટેક ધારી પૂર્ણતાને પેખીયા,
હાથી હણે હાથે કરી, એ કેશરી સમ દેખીયા,
એવા ભલા ભડવીર પણ, અંતે રહ્યા છે રોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને.

મનુષ્ય ધારે છે શું ને થાય છે શું! ભાઈ દેવકુમાર હું તો પરલોક જાઉં છું પણ 'તું અપરમાતાનો જરા પણ વિશ્વાસ કરીશ

નહિ અને પેલી નીચ દાસી મંજરીનો પણ વિશ્વાસ લાવીશ નહિ.' ભાઈ! મારાથી વેદના ખમાતી નથી! મારી આ છેલ્લી હકીકત ધ્યાનમાં રાખજે અને તેનો પ્રાણાન્તે પણ વિશ્વાસ લાવીશ નહિ. કેશવસિંહે કહ્યું.

ભાઈ કેશવસિંહ, તારે જે કહેવાનું હોય તે ખુશીથી કહે જરા પણ ઓછું લાવી છાનું રાખીશ નહિ. દેવકુમાર બોલ્યો.

ભાઈ, એ કપટી રાણી મારા ખૂનનો આરોપ તારા ઉપર લાવશે અને તને રાજ્યની હદપાર–દેશવટો અપાવશે. તો તું જરા પણ ક્રોધાયમાન ન થતાં મહાત્માના વચન પ્રમાણે દેશવટો ગ્રહણ કરજે અને સાથે આવેલી વિપત્તિનો સામનો કરી શાંતિ મેળવજે. તેને સહન કરવી એજ મનુષ્યનું કર્તવ્ય છે. કેશવકુમારે કહ્યું.

ભાઈ! તમારૂં કહેવું મને શિરોમાન્ય છે! દેવકુમાર બોલ્યો.

આવે કદાપી દુઃખ તો, મર્દો કદી ડરતા નથી,
આફતને જાફત માનતા, પાછા કદી પડતા નથી.

મોટાભાઇ વસંતસિંહનું કાસળ પણ એ અપરમાતાએજ કાઢેલું હોવું જોઇએ એમ આજના કર્તવ્યથી સમજાય છે. ઓ નીચ માતા ] અમે બાળકોએ તારૂં શું બગાડયું હતું! અમારા જીવની લોહીતરસી તને જરા પણ દયા કે લાગણી આવી નહીં! તારા પુત્રને રાજ્ય અપાવવા સારૂં ચાર હત્યાઓ કરતાં તને જરાપણ ડર આવી નહિ! ધિક્કાર હો! એ રાજ્ય અને વૈભવને!

ઓ ભ્રાતા! શું તમો પણ મને મૂકીને ચાલ્યા ગયા અને આ જગતમાં મને નિરાધાર બનાવી મૂકી ગયા. દેવકુમાર રડતા રડતા બોલ્યા.

આપ આમ શા માટે રડો છો? મહેલના રક્ષકે આવીને પૂછ્યું.

મારા વ્હાલા નિમકહલાલ અનુચરો તમારા પહેરામાંથી નરાધમો મહેલમાં પ્રવેશ કરી કેશવસિંહનું ખૂન કરી નાસી ગયા છે. દેવકુમારે જણાવ્યું.

અન્નદાતા! અમો તો બધાય જાગતા હતા અને આખી રાત તમારી રક્ષા કરવા ઉંઘ પણ લીધી નથી. એમ કહી અનુચરોએ બધે તપાસ કરી પણ કોઈનો પત્તો મલ્યો નહિ. આથી દેવકુમાર પોતાની શમશેર ખેંચી જુએ છે તો તે લોહીથી ખરડાએલીજ હતી. આ જોઈ તે એકદમ વિસ્મય પામ્યો.

અરે! મારીજ શમશેરથી એ દુષ્ટોએ મારા ભાઈનો વધ કર્યો છે. મારા વ્હાલા અનુચરો આમાં તમારો વાંક નથી. જાઓ! તમો મહારાજાને વાત કરો હું પણ ત્યાંજ આવુ છું. દેવકુમારે જણાવ્યું.

મહારાજા વિરભદ્રસિંહ પોતાના રાજમહેલમાં પોતાની પ્રાણ પ્રિયા દેવળદેવી સાથે આનંદ ક્રિડા ભોગવી રહ્યા છે. અને અનેક જાતની ઘટનાઓની વાતો ચાલી રહી છે.

મારી પ્રાણ પ્રિયા! દગાબાજ પ્રવિણસિંહ પણ જીતાયો, પિતા વાત્સલ્ય પુત્રો હોય તો આવા જ હજો! જે પોતાનું સર્વસ્વ આપવાને તૈયાર છે. ધન્ય છે! તે મારા દેવકુમારને! રાજા બોલ્યા.

પ્રાણેશ! જવાદો એ વાત! એ દેવકુમારનું નામ લેવામાં કંઈ સાર નથી! એ એમ માને છે કે મારા જેવું આ રાજમાં કોઇ જ નથી. રાજાના માનીતા એટલે ધારે તે કરે, જેને મારા જેવીનું મોં પણ ગમતું નથી તો પછી બોલાવેતો શેનો જ. એને તો રાજ્યના માલીક થઇ પડવું છે! પણ કંઇ ચાલતું નથી. રણમાંથી વિજય મેળવી આવ્યો ત્યારથી સર્વે કોણ જાણે તેને જોઈ આંધળા બની ગયા ન હોય! તેમ આખા રાજ્યમાં તેને બધા ભાઇ, ભાઈ કહીને ફૂલાવી રહ્યા છે. પણ ભાઈતો છાપરે ચડયા છે! તમો જુઓ તો ખરા તમારા દેખતાં અને હયાતીમાંજ ગાદી પચાવી પડવાનો છે.

એક વારસદાર કેશવસિંહ છે તેનું કાસળ તે ગમે તે પ્રકારે કાઢશે! તેનાથી ભદ્રિકસિંહ નાનો છે એટલે તેની તો પંચાત નથી. રાણીએ બોલવા જ માંડયું.

આ સાંભળી રાજાથી ન રહેવાયું. નહિ, નહિ, વ્હાલી! એમ અસત્ય ભાષણ ન બોલ! એ તો મારો પિતૃભક્ત પુત્ર છે! એના ગુણ હું શું ગાઉં! ધન્ય છે એ પુત્રને! કેમ કીર્તિકુમાર તું શું કહે છે? રાજાએ પૂછ્યું.

પિતાશ્રી! દેવકુમાર તો એક પત્થરમાં રત્ન સમાન છે. તારાગણમાં ચંદ્ર સમાન છે અને..............

ત્યાં તો વચમાં જ દાસી બોલી અન્નદાતા! તે બહુ કપટી.........

ચુપ! તને કોને બોલાવી કે નકટીની માફક વચ્ચમાં બોલી ઉઠે છે. તું તારી બાઈની શિખામણે ચઢી તેની વ્હાલી થવા જાય છે, પણ પુછ આ કીર્તિકુમારને તે તને બધો જવાબ આપશે? રાજા ક્રોધમાં બોલ્યા.

... .....દેવકુમાર જેવો વીર, ધીર અને ગંભીર કોઈ જોવામાં આવ્યો નથી. અને તેમનો પિતૃપ્રેમ અને માતૃપ્રેમ અજોડ છે. મારા પ્રત્યે પણ તેમનો અગાધ પ્રેમ છે. કીર્તિકુમાર આગળ બોલવા જતો હતો પણ સામેથી પાછી દાસી આવતી દેખાઇ.

સત્યાનાશ ગયુંરે! મરી ગયા રે! આપણો ઉદયાચળ સ્થિત રવિ અસ્તીચળે પહોંચ્યો રે! આપણું અને આપણા રાજ્યનું નસીબ પરવારી ગયું રે! દાસી એકદમ રડતી રડતી આવે છે.

અરે મંજરી! બોલ તો ખરી કે શું થયું? શું પ્રવિણસિંહે ફરી પાછો આપણા નગર ઉપર હલ્લો કર્યો છે? શું તેને નગર જીત્યું

છે? શું તેને દેવકુમારને પકડ્યો છે? રાજાએ ઉપરાઉપરી પ્રશ્નો પૂછ્યા.

ના, ના, મહારાજ! તેમાંનું કશુંએ થયું નથી. તે કહેતાં મારી જીભ ઉપડતી નથી. કેશવસિંહ........ વાક્ય પુરૂં ન કરતાં દાસી અટકી જાય છે.

બોલતા કેમ અટકે છે? રાજાએ પૂછ્યું.

જે હોય તે કહી દેને! શા માટે આટલી બધી ગભરાય છે અને ધ્રુજે છે. રાણીએ આશ્વાસન આપતાં કહ્યું.

આથી દાસી મંજરી ઘણી જ લાગણીવશ થઈ સંપૂર્ણ સ્ત્રી ચરિત્રનો ભાવ બતાવી જાણે રાજ્યની પુરેપુરી વફાદાર ન હોય! તેવો ડોળ કરીને કહેવા લાગી કેઃ-

રાજ્યપિતા, પ્રજાના પ્રતિપાળ ન્યાયનીતિના વિશારદ આપણા લાડકવાયા કેશવસિંહનું કોઈ પાપીએ......ખૂ...ન કર્યું છે. દાસી બોલી.

શું તે મરણને શરણ થયો? તે વખતે ત્યાં ચોકીદારો હાજર હતા કે નહિ? તે કઈ જગાએ સૂઈ થયો હતો અને તેની પાસે કોણ કોણ હતું? મહારાજા ઉદાસીન ચહેરે પૂછવા લાગ્યા.

મહારાજ સાંભળો! તેના દિવાનખાનાના રક્ષકે મને કહ્યું કે, આજ રાતે કેશવસિંહ અને દેવકુમાર એ બંને ભાઇઓ સાથે સૂતા હતા. પાછલી રાતે કેશવસિંહે બૂમ પાડી કે દોડો! દોડો! એટલે રક્ષકો ત્યાં દોડી ગયા. ત્યારે રક્ષકોને માલુમ પડ્યું કે કેશવસિંહ પરલોક પ્રયાણ કરી ગયા છે. આ વખતે દેવકુમાર કેશવસિંહની લાશ પાસે બેસી કરૂણ સ્વરે રોતા હતા. રક્ષકોએ તપાસ કરી તો દેવકુમારની શમશેરથી જ ખૂન થયેલું માલમ પડ્યું. બાકી તો બીજું કોઈ ત્યાં આવી શકે તેમ ન હતું. દેવકુમારની તલવાર હજુ લોહીથી ખરડાએલી

છે. નામદાર! બધા રક્ષકોને તો દેવકુમાર ઉપર જ વ્હેમ આવતો જાય છે. પણ તેની દિલગીરીનો પાર નથી તો મહારાજ! તે માટે શોધ થવી જોઇએ. દાસીએ દેવકુમાર ઉપર આરોપ મૂકતાં વાત કહી.

પ્રાણેશ! ગજબ થયો, આપણું સર્વસ્વ ગયું, આપણા નસીબ જ વાંકા છે. દેવકુમાર માટે મેં હમણાં જ આપને નિવેદન કર્યું કે તે ગાદીનો લોભી છે. માટે તેને જ આ ઘાટ ઘડેલો હોવો જોઈએ. માટે તેની સત્વર તપાસ થવી જ જોઇએ! રાણી દેવકુમાર ઉપર આરોપ મૂકતાં મકકમપણે બોલી,

માતુશ્રી! તમે આ પ્રમાણે બોલો તે સારૂં નહિ. અરેરે! તેમના પ્રેમની શી વાત કહું! આ જીંદગીમાં દેવકુમાર કદી ભાત્રઘાતી અને વિશ્વાસઘાતી થાય જ નહીં. માતુશ્રી! શું સમુદ્ર મર્યાદા મૂકશે? શું સિંહણનું દૂધ સોનાના વાસણ સિવાય રહી શકશે? ના, ના, કદાપિ કાળે ભાઇ દેવકુમારના હાથે આવું કરપીણ કામ થાય જ નહિ. કીર્ત્તિકુમાર મક્કમતાપૂર્વક બોલ્યો,

મારા નાનકડા રાજકુમાર, તમે સત્ય કહ્યું છે. રાજા તો પ્રેમાંધ અને કાનના કાચા છે, પણ ભાવીની પ્રારબ્ધતા કોઈ અજબ છે! મનુષ્ય ધારે છે શું અને થાય છે શું? એક અનુચર બોલ્યો.

જરૂર, આ ગોઝારૂં કૃત્ય કરનાર દેવકૂમાર જ છે? રાજ્યની લગામ હાથમાં લઇ સિંહાસન પર બેસવા માટે જ તેને રાજ્યલોભ થયો છે. મારા લાડકવાયા કેશવસિંહનું ખૂન એ પાપી દેવકુમારે જ કર્યું છે. વાહ! વિધાતા વાહ!!! રાજા ક્રોધમાં બોલ્યા.

> સમય સમય બળવાન છે નહીં મનુષ્ય બળવાન,
> કાળે અર્જુન લુંટીઓ એહી ધનુષ્ય એહી બાણ.

મહારાજા ક્રોધમાં એકદમ મહેલમાંથી નીકળી રાજસભામાં

કેશવસિંહના ખૂનનો બદલો લેવા માટે જાય છે. તેમને જતાં દેખીને કીર્ત્તિકુમાર કહે છે કેઃ–પિતાશ્રી! હજી પણ કહું છું કે મહાપવિત્ર દેવકુમારના હાથે આવું અઘોર કૃત્ય કદી પણ બને નહીં. એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. પણ આજે તમારી ચર્મચક્ષુઓમાં મોહના પડદા છવાઈ ગયા હોવાથી મારી વાત સત્ય નહિજ લાગે. પરમાત્મા! મારા નિર્દોષ ભાઇનું રક્ષણ કરજો કીર્ત્તિકુમારે કહ્યું.

રાજા ક્રોધના આવેશમાં કચેરીમાં આવે છે. સર્વ સરદાર સામંતો સલામ કરીને પોત પોતાના આસન પર બેસે છે. પણ મહારાજા દેવકુમાર ઉપર ક્રોધે ભરાયા છે એમ જાણીને સર્વે સ્તબ્ધ બની ગયા છે.

કોણ છે હાજર! રાજા બોલ્યા.

અન્નદાતા હાજર છું! એક અનુચર આગળ આવી બોલ્યો.

જાવ! પાપી દેવકુમારને તેના કૃત્યની શિક્ષા સાંભળવા મુસ્કેટાટ બાંધી સત્વર મારી સન્મુખ હાજર કરો! રાજાએ હુકમ કર્યો.

પિતાશ્રી! આપનો પુત્ર આપની સન્મુખ હાજરજ છે કહો, શી આજ્ઞા છે! દેવકુમાર હાજર થતાં બોલ્યો.

પાપી! તને પિતા શબ્દ બોલતાં શરમ આવતી નથી! ઓ રાજ્યલોભી, નરપિશાચ, અધમ, ઘાતકી, તેંજ રાજ્ય પચાવવાની ખાતર મારા વ્હાલા પુત્ર કેશવસિંહનું ખૂન કર્યું છે! ઓ! નરાધમ કસાઇ, તારી તલવારથી ઘાત કરતાં તને કંઈ પણ દયા ન આવી! ઓ કુલાંગાર, શું તારૂં મોઢું બતાવે છે. રાજા ગુસ્સામાં બોલ્યા.

પિતાશ્રી! આપનો આ દેવકુમાર તદ્દન નિર્દોષ છે. અને નિર-પરાધી છે. ભાઈ કેશવસિંહની બૂમ સાંભળી જ્યારે હું જાગ્યો ત્યારે

"ચાર નરાધમો મારૂં ખૂન કરી નાસી જતાં મેં જોયા છે." એમ કેશવસિંહના મુખેથી સાંભળ્યું હતું દેવકુમારે કહ્યું.

ઓ પાપી! તું તારો બચાવ કરવા માગે છે! અને બિચારા ચાર નિર્દોષ ઉપર આરોપ મૂકે છે. હું તારૂં કાંઈ પણ સાંભળવા માગતો નથી. જા! તારૂં કાળું કર. મહારાજા બોલ્યા.

અન્નદાતા! છોરૂં કછોરૂં થાય પણ માવીતરથી એમ ન થવાય! દેવકુમારના ઉપકારો રાજ ઉપર ઘણા છે. તેને રાજ્ય અને પ્રજાસેવા ઘણીજ લાયકાતપૂર્વક બજાવી છે. માટે એવા દેવ જેવા પુત્રને ન્યાય આપતાં વિચાર કરવો જોઈએ. કેટલીક વખતે નજરે જોએલી વાત પણ ખોટી પડે છે, તો મારા શીરછત્ર! આ તો સાંભળેલી વાત છે? આપ જરા શાન્ત ચિત્તે વિચાર કરી યોગ્ય ન્યાય આપો! પ્રધાન છત્રસિંહ બોલ્યા.

આ વખતે કચેરીમાં રાણી દેવળદેવી તથા દાસી મંજરી હાજર હતા તેઓ રાજાને બોલતાં સાંભળી ઘણા ખુશી થતાં હતાં. બાકી બીજા સર્વેના ચહેરા ગમગીન દેખાતા હતા.

પિતાશ્રી! સાવધ થાઓ! આ આખી કચેરીમાં સર્વેનાં મૂખ પર ગમગીની છવાઈ ગઈ છે. કીર્તિકુમાર બોલ્યો.

આથી રાજા જાગૃત થતાં નિરપરાધી દેવકુમારને ઘણોજ કારમો હુકમ સંભળાવવા તૈયાર થાય છે. આ જોઇને પ્રધાનથી શાંત ન રહેવાયું.

મહારાજ! કહેવતમાં કહ્યું છે કે **ઉતાવળા સો બાવળા ધીરા સો ગંભીર.** સ્વામી! આમ એકાએક સાહસ કરતાં વિચાર કરો! "જ્યાં સુધી મૂળ પુરાવા હાથ ન લાગે અને તે નિર્દોષ છે એવું સાબીત ન ઠરે ત્યાં સુધી આપણે તેને આપણા રાજ્યમાંથી દૂર કરવો એજ યોગ્ય છે, પણ નિર્દોષ હોવા છતાં દોષીત ઠરાવી શિક્ષા

કરવી તે યોગ્ય નથી.” શાણા પ્રધાને શાણપણમાં રાજાને કહી સંભળાવ્યું.

પ્રધાનજી! શું તે નિરપરાધી છે તેમ આપ માનો છો? જો તમને એમ લાગતું હોય તો તમોને જેમ ઠીક લાગે તેમ કરો! તમો મારા જુના અને વિશ્વાસુ મિત્ર છો એટલે તમારી સલાહની મારે જરૂર છે. અને જ્યારે તમે સલાહ આપો છો તો તમારી સલાહમાં કાંઈ વજૂદ હશે જ તો જેમ તમારી ધ્યાન આવે તેમ કરો પણ તે પાપીને મારી દ્રષ્ટિ આગળથી એકદમ દૂર કરો! રાજાશ્રી બોલ્યા.

પિતાશ્રી! હું આપશ્રીના આગળ તેમજ આ આખી સભા આગળ દેવની સાક્ષીએ પ્રતિજ્ઞા લઉં છું કે “જ્યાં સુધી આ દેવકુમારમાં પ્રાણ છે, જ્યાં સુધી આ દેહમાં ચૈતન્ય છે અને જ્યાં સુધી આ કલંકમાંથી મૂક્ત ન થાઉં ત્યાં સુધી આ દેવકુમાર પ્રતિષ્ટાપુત્ર નગરમાં તેમજ તેની હદમાં પણ પ્રવેશ નહિ કરે અને આ કલંકીત મૂખ આપશ્રીને નહિ બતાવે.” જ્યારે મારૂં કલંક પ્રભુકૃપાએ તથા જિનેશ્વર ભગવાનની કૃપાથી દૂર થઇ જશે ત્યારે પણ આપશ્રીના બોલ્યા વગર આ નગરમાં પ્રવેશ નહીં કરૂં. પિતાશ્રી! આજથી મારે આ નગરનું અન્ન–પાણી હરામ છે! પૂજ્ય શિરોમાન્ય પિતાશ્રી! આ બાળકના આપને પ્રણામ! સર્વ સભાજનોને પ્રણામ! દેવકુમાર નિડરતાથી બોલ્યો.

ચાલ! જા, જા, તારૂં કાળું મૂખ લઈ ચાલ્યો જા! રાજા એકદમ ક્રોધના આવેશમાં બોલ્યા.

પિતાશ્રી! હું જીવીશ અને નિર્દોષ ઠરીશ તો જરૂર આપશ્રીના ચર્ણોના દર્શન કરીશ, નહિ તો આપશ્રીના કુળને કલંક લગાડનાર તરીકે આ પાપી દેવકુમાર કદાપી કાળે પોતાનું કાળું મૂખ નહીં બતાવે! પિતાશ્રી! સાંભળો! હું જઈશ તો મારા સ્નેહીઓનો જઈશ, મારા ભાઇ–બ્હેનનો જઈશ તેમાં તમારે અને મહારાણીને શું?

મહારાણીને તો હું એક કંટક હતો તે કંટક તો આજે જાય છે, મારા બે વડીલ બન્ધુ ગયા તેમની સાથે હું પણ જાઉં છું. પણ તેઓ તો જુદે રસ્તે ગયા એક આ લોકમાં અને બીજો પરલોકમાં અને હું વળી ત્રીજે રસ્તેજ જાઉં છું. હે! પ્રભુ, મારા મોટાભાઈના ખૂનનું કલંક શું મારેજ માથે! ખેર! જેવી કર્મની ગતિ.

પૂજ્ય પિતાશ્રી! હું જાઉં છું. આ નિરાધાર માતા વગરના પુત્ર પર દયા રાખજો, હું ખાત્રીથી કહું છું કે "જો મારી માતા જીવતી હોત તો આમ થાતજ નહિ" મારા વ્હાલા સરદારો તથા સામંતો! પ્રભુ સાક્ષીએ કહું છું કે હું તદ્દન નિર્દોષ અને નિરપરાધી છું. હવે જ્યારે પ્રભુ મને મારી ઈજ્જતભેર પાછો લાવે ત્યારે તમારા બધાના દર્શન કરી કૃતાર્થ થઈશ, નહિ તો મરણને શરણ થઈશ. દેવકુમારના ચક્ષુઓમાંથી અશ્રુધારા ચાલી જાય છે! છતાં તે આગળ બોલે છે કે–પરમ પૂજ્ય પિતાતુલ્ય કાકાશ્રી છત્રસિંહ "આ બાળક આપના ચરણોમાં પ્રણામ કરે છે. મારા વ્હાલા મિત્ર લાલસિંહને જરા પણ ઓછું આવવા દેશો નહિ. અને આજની સઘળી બીના મારા મિત્રને કહેશો. દેવકુમાર રડતાં રડતાં બોલ્યો.

પૂજ્ય પિતાશ્રી! આ પુત્ર આપશ્રીના છેલ્લા દર્શન કરી જાય છે અને કહેતો જાઉં છું કે આ કૃત્યને માટે તમારે પાછળથી પસ્તાવું પડશે, માટે મારી નમ્ર વિનંતિ છે કે જ્યાં કુટુંબી માણસો જ દુર્જન હોય ત્યાં ન્યાયની આશા રખાયજ ક્યાંથી! આપ બહુ સંભાળથી રહેજો, દુશ્મનો છે પણ તે આપણાજ ઘરમાં છે." આમ બોલી દેવકુમાર ચાલ્યો જાય છે.

## પ્રકરણ સાતમું.

### ભદ્રીકસિંહનો ખાનગી મહેલ

**ભ**દ્રીકસિંહ અત્યારે એકલો પોતાના મનને આનંદ આપી રહ્યો છે. અને બોલે છે કે "આજકાલ મારા નસીબનો સીતારો કેવો ચમકી રહ્યો છે! હું જે ધારૂં છું તેજ થાય છે. આપણે હવે યુવરાજ બનવાના અને સૌના પર હુકમ ચલાવવાના. જે ધારીશું તે કરીશું અને હવે આ સંસારની નવી નવી મોજો અને આનંદ લુંટવાના. મારા જેવો કોઈ ભાગ્યશાળી આ જગતમાં હશે? ના, ના, અત્યારે તો યુવરાજ ગણો તોહું જ છું. અને જે ગણો તે બસ હું અને હું. પરંતુ હાલમાં મ્હારા વ્હાલા મિત્રો કોઈ દેખાતા નથી. શું તેમને મારા ઉપર રીષ ચડી હશે! શા માટે તેઓ અહીં નહિ આવતા હોય!" આમ ભદ્રીકસિંહ વિચારોના ઝોલાં ખાઇ બેઠો છે એવામાં તો તેમના ચારિત્રવાન અને ખુશામતીઆ મિત્રોનું ટોળું આવીને હાજર થાય છે. તેમને આવતાં દેખી.

આવો! આવો! મ્હારા દીલોજાન દોસ્તો આવો! ભદ્રીકસિંહે આવકાર આપ્યો.

આપ તો હવે યુવરાજ અને આવતી કાલના મહારાજા એટલે અમારા જેવા સાધારણ મિત્રોનો ભાવ કોણ પૂછે! અમે તો દરરોજ આપના દર્શન કરવા આવીએ છીએ, પણ આપ તો આપણા માનવંતા મહારાણી વિલાસવંતીના તેજમાં તણાએલા રહો એટલે અમને દર્શનનો લાભ શેનાં આપો! વિલાસ તે વિલાસ જ. પોતાની વિલાસ માટે અનુચરો પાસે અપમાન કરાવી મહેલમાંથી તમારા માનીતા પત્ની અમને (તમારા મિત્રોને) દૂર કરાવે. એ કેટલો બધો અભિમાન. તારાગણ ચંદ્રની રાહ જોયા કરે પણ ચંદ્ર તો શાનો દેખાય જ. હોય! ચંદ્ર તો મોંઘો જ હોય ને! પ્રપંચસિંહે જણાવ્યું.

કેમ દુર્જનસિંહ! એ તો એમ જ હોય ને! દુનિયામાં લક્ષ્મીવાન એટલે ડાહ્યા અને બુદ્ધિશાળી. લક્ષ્મી મળી એટલે સર્વે ચીજો તેમને જ મળવાની, પૈસાથી તો ભગવાન પણ તેમના મિત્રોને ભૂલી જાય છે. એટલે જ લક્ષ્મીવાન સર્વ ગુણ સંપન્ન કહેવાય છે. ભગવાનસિંહ બોલ્યો.

ભાઈ! શું બોલું, ભાઈને વિલાસ કરતાં કોઈ પરી–અપ્સરા મલી હોય તો હું માનું છું કે તેઓ મિત્રોના સામુંય જોવે નહિ! એમના માટે વિલાસ તો યોગ્ય જ નથી! શું વિલાસ જેવી એક નાલાયક સ્ત્રીને બોલાવવી! ના, ના, તેવીને તો દૂર જ કરવી જોઈએ! દુર્જનસિંહ બોલ્યો:

કેમ ભૂલો છો! ભાઈ, વિલાસ કરતાં તો હજાર દરજ્જે શોભે તેવી મોહનપુરીની કન્યા છે! તેના રૂપનું વર્ણન કરવા માટે કોઈ વિદ્વાન કવિ કે શાક્ષરની પણ કલમ ચાલવી મુશ્કેલ છે. મેં તો એક વખત સાધારણ જોઈ ત્યારે હું કયાં છું તેનું પણ ભાન ભૂલી ગયો હતો. આપણા માનીતા મિત્ર યુવરાજ ભદ્રીકસિંહ માટે તે તદ્દન યોગ્ય છે! જો વિલાસનો આ રૂપકન્યા સાથે મુકાબલો કરીએ

તો ક્યાં ચંદ્ર અને ક્યાં તારાઓ! ક્યાં ઘોડો અને ગધેડો! ક્યાં પદ્મણી અને ક્યાં શંખણી! મોહનપુરીની કન્યા તો એક ઈંદ્રની અપ્સરા સમજી લ્યો! તરૂણસિંહે જણાવ્યું:

આમ બધા મિત્રો ભેગા થઈ વાતો કરે છે એવામાં એક અનુ-ચર ત્યાં આવી ચડે છે અને તે બોલે છે કે–શું મારા બેટા મિત્રો મલ્યા છે? જરૂર પોતાના સ્વાર્થને ખાતર આ પાપીઓ રાજ્યનું તેમજ ભદ્રીકસિંહનું સત્યાનાશ વાળશે: થાય તે થવા દો ને! આ ખુશામતીઆઓ ખુશામત કરી રાજકુમારને ભોળવી આડા રસ્તે દોરવશે. પછી વિલાસ તારા પણ ભોગ મળવાના જ. અનુચરે આવીને કહ્યું.

શું મારા મિત્રો મને મળવા માટે આવે અને મારી પત્ની ધક્કા મારી બહાર કાઢી મૂકાવે! મારે એવી બાયડીની શી જરૂર! આપણે તો આપણા મનગમતી, આપણા તાબામાં રહેનારી, મારા મિત્રોને ખુશ રાખનારી, ચંચળ, મૃદુ અને સુંદર પરી જેવી, દીલ-રૂબા જેવી તથા ગજગામિની પત્ની જોઈએ. ભદ્રીકસિંહ આનંદના તોરમાં બોલ્યો.

વાહ! રાજકુમાર વાહ!!! એવી તો આવશે ત્યારે આવશે! અત્યારે થોડી જ રસ્તામાં પડી છે! અત્યારે તો જે હોય તેનાથી જ સંતોષ માનવા શયનગૃહમાં પધારો! એક મિત્ર મશ્કરી કરતાં બોલ્યો.

એ તો વિલાસ જોઈને જ હતાશ થઈ જવાના અને જેમ તેલમાં માંખી ડૂબે તેમ મુંગા બની જવાના, અહીં ગમે તેટલું બોલે પણ ત્યાં (વિલાસ પાસે) નામદારનું કશું જ ચાલવાનું નથી, અરે ચાલશે જ નહિ! માટે જરા છાંટાપાણીનું જોર કરો અને દેવોને દુર્લભ એવો મદ્યપાન પીઓ. અને ખાઓ! બીજો મિત્ર કટાક્ષ કરતાં બોલ્યો.

કુંવર સાહેબ ! મદ્યપાન પીવામાં કેટલો આનંદ ! એક તો આપના આત્માને આનંદ અને આપની પ્રિયાને આનંદ વળી લોકો પણ શાબાશી આપે ત્રીજા મિત્રે બોલતાં બોલતાં જણાવ્યું.

મહારાજ! મદ્યપાન તો જીવનની હોળી સળગાવશે, આખી યાદવકુળનો નાશ થયો હોય તો તે મદ્યપાનના પ્રતાપ! રાજા મહારાજાઓ હતા ન હતા થઈ ગયાં તે મદ્યપાનના પ્રતાપે જ. મહારાજ ! આ વ્યસન આપ પ્રાણાન્તે પણ કરશો નહિ એવી આપના આ ગરીબ ગુલામની વિંનંતિ છે તે આપ સ્વીકારશો એક અનુચરે વિનંતિ કરતા કહ્યું.

અલ્યા ગુલામડા ! તું શું સમજે ! એ તો રજપુતનું ગૌરવ છે ! હવે કંઈ કુંવર સાહેબ નાના છે ! એ તો હવે યુવરાજ થયા અને આવતી કાલે રાજા પણ થશે. માટે તેમને તો હવે મોજમઝા અને કંચનીઓની સાથે આનંદ લેવો જ જોઈએ. “નામદારનો હુકમ આ ગુલામોને થાય તો એકાદ બે ખૂબસુરત કુમારિકાઓને પકડી લાવતાં ક્યાં વાર લાગે તેમ છે, કેમ! ભાઈ સાહેબ, મારૂં કહેવું વ્યાજબી છે ને ? એક મિત્ર બીજા મિત્રને પૂછતાં બોલ્યો.

હા બરાબર છે. પણ અહીં તો કુમારિકાઓની વાત ચાલે છે પણ ઘેર તો આપણા નામનો છેડો વાળતી હશે ! બીજો મિત્ર બોલ્યો.

વાળે તો વાળવા દે ! આપણે તો જે કરતા હઈશું તે કરીશું અને પીવાય એટલો પીશું. ત્રીજા મિત્રે જવાબ આપ્યો.

મિત્રો ! પીવાય એટલો પીઓ, હવે તમારે કોઈનાથી ડરવાની જરૂર નથી ! હવે તો હું થયો યુવરાજ અને થોડા દિવસ પછી થઇશ રાજા ! કારણ કે કેશવસિંહનું ખૂન થયું, દેવકુમાર દેશવટે ગયો, એટલે

રાજ્યના માલીક મારા સિવાય બીજો કોણ! હવે તમારૂં દારીદ્ર દૂર કરી તમને મારા દિલોજાન દોસ્તો બનાવીશ ભદ્રીકસિંહે કહ્યું.

આપણે પ્રધાન બનીશું! એક મિત્રે કહ્યું,

આપણે સેનાપતિ થઈશું બીજો મિત્ર બોલ્યો.

આપણે ગામના કોટવાળ બનીશું ત્રીજાએ કહ્યું.

હવે તો રાજ્યનું તળીયું ખાલી થવાનું અને પાપીઓના પોબાર થવાના એક અનુચર ત્યાંથી પસાર થતાં મનમાં બોલ્યો.

ભાઈ ભદ્રીકસિંહ આજ તો પીવો પડશે! એક મિત્રે કહ્યું.

મિત્ર! હું કદી પીતો જ નથી! ભદ્રીકસિંહે જણાવ્યું.

મારા વ્હાલા દોસ્ત! તું ન પીતો હોય તો પણ આ તમારા દિલોજાન દોસ્તોના પ્રેમની ખાતર દારૂ પીવો જ પડશે! બીજા મિત્રો બોલ્યા.

મિત્રો! શા માટે મને આમ આગ્રહ કરો છો! ભદ્રીકસિંહે પૂછ્યું.

આખરે મિત્રોના અતિ આગ્રહને વશ થઈને ભદ્રીકસિંહે દારૂ પીધો, એ પાપી મિત્રોએ ભલા રાજકુમારને પોતાની જાળમાં બરાબર ફસાવી ભ્રષ્ટ કર્યો. ધિક્કાર હો એવા પાપી અને નીચ મિત્રોને!

હવે ભદ્રીકસિંહ પોતાના મિત્રોના કપટભર્યાં વચનો પર મુગ્ધ બની શરાબ પીવા લાગ્યો. જ્યારે તે નિશામાં ચકચૂર થયો ત્યારે બધા મિત્રો રજા માગતા બોલ્યા કે:-નામદાર! હવે અમે રજા લઈએ છીએ!

ભલે જાઓ! પણ તમે જે પેલી પરી-અપ્સરાની વાત કરી તે પરી લાવવી ભૂલશો નહિ, જો તમે મારા સાચા મિત્રો હો તો

મોહનપુરી રાજાની કન્યાની જે વાત કરી તે વાત ભૂલશો નહિ. ભદ્રીકસિંહ શરાબના નિશામાં બોલ્યો.

તજો પ્રસંગ કુસંગીનો, સદા કરો સત સંગ,
માનો વચન જ્ઞાની તણું, અંગે ધરી ઉમંગ.

રાજકુમાર ભદ્રીકસિંહ શરાબના નિશામાં છે અને મિત્રો તો પલાયન થઈ ગયાં છે એવામાં ભદ્રીકસિંહની પત્ની વિલાસવતી આવે છે.

મારા વ્હાલા પ્રાણેશ! આજ આપ કેમ બોલતા નથી! વિલાસવતીએ પૂછ્યું.

અરે! કોણ છે હાજર! એક ગ્લાસ વધારે લાવો! બસ મા...રે...પીવો છે...મારે પી...વો...છે. કેમ! કો...ઈ......સાં... ભ...ળ...તાં...ન...થી? ભદ્રીકસિંહ નિશામાં બોલવા લાગ્યો.

વ્હાલા! તમે આ શું બોલો છો? આજે આમ અસ્વસ્થ કેમ જણાઓ છો? વિલાસવતીએ પૂછ્યું.

મને ગ્લાસ આપો! શું મારા મિત્રો...નહિ બોલું...બોલીશ ...લ્યો એક પ્યાલો વધારે, પણ પેલું લાવજો! સમજ્યા કે નહિ? ભદ્રીકસિંહ દારૂના નિશામાં જેમ આવે તેમ બોલવા લાગ્યા.

અરે! આ શું? પેલું લાવજો, લ્યો એક પ્યાલો, આ પીપ શાના પડ્યા છે? અરે! આ તો જીવન સત્યાનાશ વાળનાર દારૂ–શરાબ. અરે! દુષ્ટો, તમારૂં સત્યાનાશ જજો. વિલાસવતી બોલી.

વ્હાલા! આ કીંકરી સાથે બોલો તો ખરા! એમ બોલતી વિલાસવતી સ્વામીની પાસે જાય છે. અને કહે છે કે......સ્વામી! તમારા ભલાની ખાતર એ પાપીઓની સોબતનો ત્યાગ કરો. જુઓ

તો ખરા, એ પાપીઓની સોબતથી તમારી કેવી દશા થઇ? વિલાસવતી સમજાવતાં બોલી.

હવે તારૂં ડહાપણ જાણ્યું! હું તારો જ ત્યાગ ન કરૂં કે મારા ભલા મિત્રોનો કરૂં? મને તારા જેવી હજારો ગુલામડીઓ મળશે! પણ મારાં મિત્રો જેવા મિત્ર નહિ મળે! માટે હું તને સાફ શબ્દોમાં કહી દઉં છું કે "તારે મારી પાસે આવવું નહિ. હું તને કોઈપણ દિવસ બોલાવનાર નથી" વળી વધારામાં સાંભળી લે. "તું આજથી મારી પત્ની–સ્ત્રી નથી અને હું તારો પતિ–ધણી નથી, તારી મરજીમાં આવે તેમ કર, રાંડ શંખણી, તું મારા મિત્રોનું અપમાન કરનાર કોણ?" ભદ્રીકસિંહ બોલ્યો.

પ્રાણનાથ! આપ આ શું બોલો છો? આમ આ નિરપરાધી અબળાનો એવો તે શો દોષ! વિલાસવતીએ પૂછ્યું.

બસ મારે તારૂં કાંઈ સાંભળવું નથી, તું જાય છે કે નહિ? નહિ તો આ શમશેર વતી તારી કત્લ કરી નાંખીશ! ભદ્રીકસિંહ ક્રોધમાં બોલ્યો.

નહિ! વ્હાલા! આમ નિષ્ઠુર ન થાઓ, મારો અભાગણીનો તે એવો કયો ગુન્હો છે કે આપ મને હડધુત કરો છો? તમારી મતિ દેવકુમાર જેવી કયારથી થઈ? યુવરાજ પદવી જ એવી હોય! ખેર! જેવી ભાવીની મરજી. પ્રભુ આપશ્રીને સદા સુખી રાખો. એમ બોલી બિચારી સતી વિલાસવતી ઓશીયાલી થઈ ચાલી નીકળી.

હવે તે અનેક વિચારો કરતી કરતી ચાલી જાય છે, પણ આજે કાંઈ ચેન પડતું નથી અને વિચારોમાં મગ્ન બની રહી છે. અનેક

જાતના વિચારમાં ગુંથાઈ બોલે છે કે-હે પરમાત્મા તારૂં આ [1]અભાગણીએ શું બગાડયું કે મારા પતિદેવ મારા ઉપર આટલા બધા કોપાયમાન થયા છે! પ્રભુ, મારા પ્રાણપતિની બુદ્ધિ સુધાર અને નીતિપરાયણ બનાવ. કહેવતમાં કહ્યું છે કે-"**જેવી સોબત તેવી અસર**" પાપીની સોબતમાં પુણ્યની સુવાસ કયાંથી હોય! આમ વિચાર કરતી કરતી વિલાસવતી ચાલી જાય છે.

૧. જૈન ધર્મના સિદ્ધાંત મુજબ મનુષ્યને પાપબંધનના કર્મો અનેક જાતના આરા આવે છે. કોઇ કહે છે કે "મેં આ ભવમાં કશું પાપ કર્યું નથી" પણ તે મનુષ્યની સમજણ ફેર છે. કર્મવાદી આત્માને કદાપી કર્મ સિવાય બીજો વિચાર આવે નહિં. દાખલા તરીકે-"અનેક મહર્ષીઓ, મહાપુરૂષો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો અને અનેક સતીઓ વિગેરેના જીવનમાં જોશો તો કર્મસત્તાએ ઘણો જ અગ્રપણે પોતાનો ભાગ ભજવી જગતને દાખલો બેસાડયો છે કે:-"જેવું કરો તેવું ભરો."

## પ્રકરણ આઠમું.

### પાટવીપુત્ર વસંતસિંહનું અંતઃપુર

**વસંતસિંહ**ના કાંઈ સમાચાર નથી. જેથી **જયકુંવર** બિચારી પોતાના પતિના વિયોગે પ્રભુભક્તિમાં દિવસો પસાર કરે છે. અને આખો દિવસ એક જ રટણ કરે છે કે પ્રભુ, મારા પતિદેવ જ્યાં હોય ત્યાં તેમને સુખી રાખો. એવામાં તેની નણંદ સૌભાગ્યસુંદરી આવે છે. તેને દેખીને આવો ! આવો ! મારા નણદી આવો. જુઓને તમારા ભાઈ દેવકુમાર આજે યશકીર્તિ મેળવી જગપ્રસિદ્ધ થયા છે. વળી રાજ અને પ્રજામાં પણ તેમનું બહુ માન વધ્યું છે. ધન્ય છે! આવા કુળદીપક દીકરાને ! જયકુંવર ભાભી બોલ્યા.

ભાભી! તમારૂં કહેવું સત્ય છે! તેમનું નામ **દેવ** છે તેવા જ દેવ જેવા તેમનામાં ગુણ છે, ભાભી! તેમના માટે તેમના જેવી સુશીલ, સદ્‌ગુણી અને ચારિત્રશાળી કન્યા શોધવી પડશે ને? સૌભાગ્યસુંદરીએ હસતાં હસતાં પૂછ્યું.

હાસ્તો, શોધ્યા સિવાય ક્યાં ચાલે તેમ છે? કીર્તિકુમારને સામેથી આવતાં દેખી "બેન! જુઓને કીર્તિકુમારભાઈ મહેલના દાસદાસીઓને બહુ જ હેરાન કરે છે? ભાભીએ કહ્યું.

આ સાંભળી કીર્તિકુમાર પોતાની ભાભીને કહે છે "કેમ! હું એક ગાંડો અને તમે બધાએ ડાહ્યા ખરૂંને! મારા વડીલભાઈના

વિયોગથી તો તમો રોજ રડો છો અને શરીર સુકવી નાખો છો. તેથી જ તમો મારા ભાઈના વિયોગથી ગાંડા જેવા થઈ ગયા છો ખરું ને ? ભાભી ! જો હું જઉં તો મારા ભાઈને પાતાળમાંથી શોધી લાવી તમારી સેવામાં હાજર કરું ! ભાભી, અરે ! હું તો તમને કહેવું જ શાવ ભૂલી ગયો !

કેમ ! શી વાત કહેવાની ભૂલી ગયો. મને કહે તો ખરો. ભાભીએ પૂછ્યું.

આજે કચેરીમાં શું બન્યું તેની તમને ખબર છે ? આજ તો દેવકુમાર પોતાની શમશેરથી પોતાના પ્રાણ આપવા તૈયાર થયા હતા. આંખો ગુસ્સાથી લાલચોળ થઈ રહી હતી, મોઢું ફીકકું પડી ગયું હતું, શરીર થરથર ધ્રુજતું હતું. તેમ જ મહારાજા પણ ગુસ્સે થયા હતા અને બને જણા એક બીજાના સામે ગુસ્સાથી–ક્રોધથી બોલતા હતા. મહારાજા તો એટલા બધા ગુસ્સે થઈ ગયા હતા કે ભાઈ દેવકુમારને ચંડાળને સોંપી દેવા હુકમ કરી દીધો હતો. જો હું વચમાં ન પડયો હોત તો આજે જરૂર તેમનું મોત જ થવાનું હતું. કીર્તિકુમારે વાત કહી સંભળાવી.

આ સાંભળી સૌભાગ્યસુંદરી એકદમ પૂછવા લાગી કે ભાઈ, ભાઈ, એવું તે શું બન્યું હતું. કોઇ દિવસ દેવકુમાર પિતાશ્રીના સામું બોલે જ નહિં ! તારી વાત મારા માનવામાં આવતી જ નથી, તું તો અસત્યવાદી રમકડું છે એટલે કોઈને હેરાન કરવા ગમે તેમ બોલે. હજી દેવકુમાર ગઈ કાલે જ વિજયમાળ પહેરી આવ્યો છે તેથી રાજ્ય અને પ્રજામાં એટલો બધો પ્રિય થઈ પડયો છે તે તું નથી જાણતો ? સૌભાગ્યસુંદરીએ પૂછ્યું.

બેન સૌભાગ્ય ! જો મારી વાત અસત્ય લાગતી હોય તો ભાઈ દેવકુમાર આવે એટલે પૂછી ખાતરી કરી જોશો. હું તો તમને કહેવાને

માટે જ આવ્યો હતો. ઠીક! ભાભી તથા બેન હવે હું પાઠશાળાએ જવા માટે જઈશ. એમ કહી તે જાય છે પણ સામેથી દેવકુમાર આવે છે તેમને જોઈ તે બોલ્યો : "ભાઈ આ આવ્યા, તેમને પૂછી ખાત્રી કરી લેજો. જુઓને તેમને શ્યામ પોષાક પહેર્યો છે? હું તો જાઉં છું એમ કહી તે ચાલ્યો ગયો.

સૌભાગ્યસુંદરી હરખાતી હરખાતી ભાઈ દેવકુમારની સામે ગઈ. મારા માડીજાયા વીર! ભલે આવ્યા? ક્યારનાએ તમારી રાહ અમે બેઉ જોતાં હતાં, ભાઈ હવે તો તમે શૂરવીર અને મોટા થયા એટલે અમને શેના યાદ કરો જ! ખરૂં ને ભાભી? સૌભાગ્યસુંદરીએ પૂછ્યું.

દેવકુમારભાઈ, તમે આવા શ્યામ પોષાકમાં કેમ આવ્યા છો? તમારા ઉપર પિતાશ્રી શા કારણે ગુસ્સે થયા હતા ભાભીએ પૂછ્યું.

મારા માતા તુલ્ય ભાભી અને મારી વ્હાલી બેન! આ તમારો દેવકુમાર વડીલભાઈ કેશવસિંહના ખુનનો અપરાધી છે. જેથી મહારાજાના વચનથી દેશ છોડી પરદેશ જાય છે, તેથી જ આ શ્યામ પોષાક ધારણ કર્યો છે. દેવકુમારે કહ્યું.

આ વાત દેવકુમારના મૂખથી સાંભળતાં જ જયકુંવર એકદમ મૂર્છાવંત થઈ જાય છે; અનેક જાતના ઉપચારો કરવામાં આવ્યા, જ્યારે તે સાવધ થાય છે ત્યારે એકદમ—"મારા વ્હાલા દેવકુમાર તમે આ શું બોલો છો? શું કોઈ દિવસ સૂર્ય પશ્ચિમમાં ઉગ્યો છે? શું સમુદ્રે મર્યાદા મૂકી છે? શું હરિશ્ચંદ્ર રાજાએ પોતાનું સત્ય વેચ્યું છે? ના, આવું ગોઝારૂં કૃત્ય કદાપી પણ તમારા હાથે થાયજ નહિં? શું તમે અમને આમ નિરાધાર અવસ્થામાં મૂકી ચાલ્યા જવા માગો છો? મને અને આ તમારી બેન સૌભાગ્યને કોના આધારે મુકો છો? શું તમો અમારી લાગણી ભૂલી જશો? આ પતિ વિયોગણી

અબળાને કોના સહારે મુકો છો ? બોલો ? દેવકુમાર બોલો ? તમને કદાપી કાળે અમો બંને જણા જવા દઇશું નહિં ! વળી તમારા લાડકવાયા કીર્તિકુમારને તમારા વગર કોણ સંભાળશે, મારા પતિને શોધવા તમોએ તો મને વચન આપેલું છે તો શું તમારૂં વચન પણ તમે નહિં પાળો. રણસંગ્રામે જતાં તો અમને કેશવસિંહના આધારે મુકેલા પણ હવે તમે અમોને કોના આધારે મુકી જાઓ છો ?" આ પ્રમાણે કલ્પાંત કરતી બંને ભાભી–નણંદ બિચારી કરૂણ સ્વરે—અશ્રુભીની આંખે બોલી રહી છે.

"શું તમને તમારી બેનની અને આ દુ:ખી, દીન ભાભીની પણ દયા આવતી નથી ? શું તમે અમને મહારાણી અને મહારાજાના આશરે મૂકવા માગો છો ? ના, ના, ના, એમ પ્રાણાન્તે પણ બનનાર નથી. આ તમારી બેન જ્યારે ભાઈ માગશે ત્યારે હું કયાંથી લાવીને આપીશ ? માટે ભાઈ દેવકુમાર, કાંઈ દયા લાવી અમારૂં રક્ષણ કરો ! કરૂણ સ્વરે ભાભીએ કહ્યું.

પૂજ્ય માતા તુલ્ય ભાભીશ્રી ! તમારૂં કહેવું યથાર્થ હું સમજું છું પણ લાચાર !!! પિતાના હુકમને તાબે થવું જ જોઇએ. જો તેમ ન કરૂં તો પિતાદ્રોહી કહેવાઉં. મારા વડીલબંધુ વસંતસિંહ હજી તો જીવે છે અને તે કોઈ અદ્‌ભૂત માણસના કબજામાં સુખશાન્તિમાં છે, તેઓને શોધી જરૂર હું તમારી સેવામાં હાજર કરીશ. મહાપુરૂષોના વચન કદાપિ જુઠા હોય જ નહિં, તેઓના વચન ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. મને મારા ભાઈ જરૂર મળશે જ. મારે મારા ભાઈની શોધ માટે પણ પરદેશ જવું જોઇએ જ તો આ બધો કુદરતનો સંજોગ હશે માટે આપ જરા પણ મૂંઝાશો નહિં તેમ જ દુ:ખી પણ થશો નહિં. "હજાર હાથવાળો જીનેશ્વર ભગવાન સત્યનો સહાયક થશે." ભાભી! તમારો મારા પ્રત્યે અખંડિત પ્રેમ છે, ખરેખર ! તમો દેવી જ છો ! મારા જનેતા સમાન છો, તમારા જ ભરોસા ઉપર

બેન સૌભાગ્ય અને ભાઈ કીર્તિને મુકતો જાઉં છું. તેમને કોઈપણ દિવસ મહારાણી પાસે જવા દેશો નહિં અને મંજરીને કોઈપણ દિવસ તમારા મહેલમાં દાખલ થવા દેશો નહિં. કારણકે તે બંને વ્યક્તિઓ રાજ્યનું અને કુટુંબનું સત્યાનાશ વાળનારી દુષ્ટાઓ છે.

બેન ! રડીશ નહિં, હું મારા ગુરૂદેવ ભદ્રબાહુસ્વામીના ચરણોના સોગન ખાઈ કહું છું કે "આ કૃત્ય મારા હાથે થયું નથી અને હું અકલંકીત છું. મારો ધર્મ અને મારી નીતિ મને જરૂર સહાય કરશે. આ તમારો દેવકુમાર આજે મોતના પંઝામાંથી બચ્યો છે તો જરૂર હવે બચશે જ, અને પાપીઓના મૂખ કાળાં કરશે તેની ખાત્રી રાખજો" આ પ્રમાણે દેવકુમાર પોતાની બેન તથા ભાભીને હિંમત આપી જવાની તૈયારી કરે છે.

ઓ ભાઈ, ભાઈ શું મને એકલી મુકી જઈશ. સૌભાગ્યસુંદરી બોલી.

દેવકુમાર પોતાની ભાભી તથા બેનની રજા અને આશિર્વાદ લઈ ચાલ્યો જાય છે. આમ દેવકુમારને જતાં દેખી ભાભી તથા બેન બંને જણા ઘણા જ ગમગીન ચહેરે ઉદાસી થઈ પોતાના ભાઇનો વિચાર કરતી કરતી પોતાના આવાસમાં ચાલી જાય છે.

## પ્રકરણ નવમું.

### મિત્રની મિત્રતા.

**દેવકુમાર** પોતાના ભાઈ વસંતસિંહના અંતઃપુરમાંથી નીકળ્યા પછી પોતાના દિલોજાન મિત્ર લાલસિંહને મળવા માટે ચાલ્યો આવે છે. પણ લાલસિંહ તો પોતાના નિવાસમાં વિચારમગ્ન દશામાં બિરાજેલ છે. "હજી સુધી હું મારા મિત્રને મળ્યો નથી, મારા મિત્રનો પ્રેમ કેટલો બધો છે! મારો અને મારા મિત્ર દેવકુમારનો પ્રેમ એવો છે કે દુનિઆમાં કોઈપણ વ્યક્તિ તે તોડાવી શકે તેમ નથી. મને ખાત્રી છે કે મારો મિત્ર મને મળવા માટે અત્રે આવતો જ હોવો જોઈએ." એમ વિચાર કરી તે બારીમાંથી બહાર નજર નાંખે છે તો દેવકુમાર શ્યામ પોષાકમાં સજ્જ થઇને આવતો જણાયો.

"અરે! આ શું? શું ચંદ્ર રાહુથી ઘેરાયો છે! શું સૂર્ય વાદળમાં છૂપાઈ ગયો છે? શું વર્ષાઋતુએ મેઘમંડપથી ગર્જીત સૂર્ય આવે છે? અરે! આ શું? એકાએક અને ઉપરા ઉપરી દુઃખરૂપી દાવાનળ ક્યાંથી આવતો હશે? વારૂ! શું આ શ્યામ પોષાકે પરદેશ જવાનું કર્મે જ લખેલું છે? પણ શું થયું હશે! આ શી રીતે થયું! ક્યારે થયું! અને કેમ થયું! મારા મિત્રને આવું દુઃખ શું હશે? ગમે તે હોય, પણ મારે તેના દુઃખમાં ભાગ તો અવશ્ય લેવો જ જોઈએ. તેમાંજ મિત્રની ફરજ છે. જરા પુછવા તો દે. એમ વિચારો કરે છે ત્યાં તો દેવકુમાર તેની પાસે આવીને ઉભો રહે છે.

મિત્ર દેવકુમાર આપ ક્યાં પધારો છો ? આ કરમાઈ ગએલું વદન, કાળો પોષાક, કાળો અશ્વ આ બધું શું ? આમ મિત્ર વિના ક્યાં પધારો છો ? શું પ્રવિણસિંહે આમંત્રણ આપ્યું છે ! શું અંધકારને વશ થઈ મિત્રધર્મ ભૂલ્યા છો ? બોલો, આમ આપ ક્યાં જાઓ છો ? લાલસિંહે અધીરા બનતાં પૂછ્યું.

મિત્ર ! પિતાશ્રીના હુકમને આધીન થઈ તેઓની આજ્ઞાનુસાર પરદેશ જાઉં છું. મને માફ કર ! આવી ખબર મોકલવા મારી હિમ્મત ચાલી નહીં. મિત્ર ! મારા ભાઈ કેશવસિંહના ખુનનો આરોપ મારા ઉપર આવ્યો છે. તે બાબત હું તદ્દન નિર્દોષ છું. તે કરનાર તો પેલી મંજરી જ છે. દેવકુમારે કહ્યું.

મિત્ર દેવકુમાર ! તે કુલટા મંજરીને મેં હમણાં જ ધમકાવી કાઢી મૂકી છે. કારણ કે તે સદ્‌ગુણી વિલાસને આડે રસ્તે લઈ જવા સમજાવી રહી હતી. જ્યારે વિલાસે બૂમ પાડી ત્યારે હું તેની વ્હારે ધાયો અને તેને બચાવી લીધી અને પેલી દુષ્ટ મંજરીને સખત માર મારી ગામ બહાર હાંકી કાઢી છે, હવે તે કદાપી પણ રાજ્યને વધારે નુકસાન કરશે નહિ. તેના જવાથી રાણી એકલી કંઈપણ કરી શકવાની નથી. આ બધું તોફાન અને કાવત્રા કરનાર એ પાપી નીચ મંજરી જ હતી. લાલસિંહે સમાચાર આપ્યા.

તે ગઈ તો રાજ્યની પીડા ગઈ. મિત્ર તું હવે મને જવાની રજા આપ જેથી હું મારા રસ્તે જાઉં. દેવકુમારે રજા માગતા કહ્યું.

શું તું એમ માને છે કે આ તારો મિત્ર તારાથી જરાપણ દૂર રહી શકશે ? ના, ના, તેમ તે કદાપી કાળે પણ બનવું મુશ્કેલ છે, હું પણ તારી સાથે જ આવીશ તારા વિયોગે જીવવું તેના કરતાં તો મરવું હું વધારે પસંદ કરૂં છું, શું જળ વિના માછલી રહી શકે ખરી ? તો પછી તારા વિના આ લાલસિંહ ઘડી પણ રહી શકે ખરો ?

આપણે તો નાનપણથી જ સાથે જમ્યા, રમ્યા અને ભણ્યા તો હવે 'પ્રભુ જ્યાં સુધી જીવતા રાખે ત્યાં સુધી જુદા થવાની વાત જ કેવી હોય ?' લાલસિંહ બોલ્યો.

ભાઈ! તારૂં કહેવું સત્ય છે, પણ થોડા વખત માટે હોય તો જરૂર સાથે લેત પણ જેની મુદ્દત જ નથી તેવી સ્થિતિમાં તારા મા બાપના વિયોગમાં તને નાંખવો એ મને વ્યાજબી લાગતું નથી. તેથી જ કહું છું કે તું મને સદા સંભાળી આર્શિવાદ આપતો રહેજે દેવકુમારે કહ્યું.

મિત્ર! તારા વગર એક પળ પણ હું રહી શકીશ નહિ. તેમજ તારા દુઃખમાં દુઃખી થવું એ મારો મિત્રધર્મ છે તેને હું જરાપણ ચૂકીશ નહિ. જ્યાં તું ત્યાં જ હું. તો હવે જરાપણ આનાકાની કરીશ નહીં. હું પણ તારી સાથે આવવા તૈયાર થઉં છું. શું તું એમ સમજે છે કે "હું સુખનો સાથી છું, લક્ષ્મીનો પુજારી છું અને સત્તાનો ભૂખ્યો છું" ના, ના, હું તો મારા મિત્રના સાચા પ્રેમનો ભૂખ્યો છું. મને કોઈ ચીજની મોહ દશા નથી, મોહદશા હોય તો એકજ. તે બીજી નહીં ફક્ત તારી સેવા કરી મારૂં જીવન ધન્ય બનાવવું એજ. વિદ્વાનોએ પણ કહ્યું છે કેઃ—સંપત્તિ અને વૈભવની લાલસાવાળા મિત્રો તો હજારો મળશે પણ દુઃખની ખરી કસોટી વખતે જે મિત્ર કામમાં આવે તેને જ સાચો મિત્ર કહી શકાય ?" માટે તને મારી સોગન છે, ગુરૂ ભદ્રબાહુ સ્વામીના ચર્ણોની સોગન છે, તો મારો મિત્રધર્મ બજાવવા મને તારી સાથે આવવાની હા કહે!

મિત્ર! વન–જંગલમાં મૃગયાના ટોળાં હજારો જણાશે, તેમ તાળી દેનારાં મિત્રો હજારો મળશે. જેમ વન–જંગલમાં સિંહ ભાગ્યે જ મળે, જેમ સોનાની કસોટી પત્થર ઉપર થાય છે તેમ દુઃખના વખતે મિત્રની કસોટી–પરીક્ષા થાય છે. જે મિત્ર પોતાના મિત્ર માટે

તન, મન અને ધન કુરબાન કરે તેજ ખરો મિત્ર કહેવાય છે. મિત્ર! શું તું મારો અને તારો મિત્રધર્મ ભૂલી ગયો ? વળી જ્ઞાનીઓ કહી ગયા છે કે:—

૧. આપત્તિના સમયે મદદમાં ઉભો રહે તેજ ખરો મિત્ર.

૨. માતૃભક્તિ અને પિતૃભક્તિ જેના હૈયામાં હોય તેજ સાચો પુત્ર.

૩. શેઠની ગેરહાજરીમાં જે નોકર નિમકહલાલીથી કામ કરે તેજ સાચો નોકર.

૪. જે શીળવંતી સ્ત્રીના સદ્ગુણ વડે પોતાની તેમજ પોતાના પતિની મહત્તા વધારે તેજ ખરી ભાર્યા.

મિત્ર! તું ગમે તેમ કરે પણ હું તો સાથે આવવાનો અને આવવાનો જ. લાલસિંહ મક્કમતા પૂર્વક સાથે જવાનો આગ્રહ કરતાં બોલ્યો.

પોતાના મિત્ર લાલસિંહનો અત્યંત પ્રેમ–લાગણી જોઈ કહ્યું કે મિત્ર! તારી મારા પ્રત્યે આટલી બધી લાગણી છે તો મારી સાથે આવવાને તૈયાર થા! દેવકુમારે કહ્યું.

ધન્ય છે, મારા મિત્ર! હવે મારા આત્માને અનેરો આનંદ થયો છે, મિત્ર દેવકુમાર તું પાઠશાળાના રસ્તે જા અને હું મારા પૂજ્ય પિતાશ્રીની રજા લઈ તરતજ તારી પાછળ આવું છું. લાલસિંહે જણાવ્યું

હું પણ તમારા પૂજ્ય પિતાશ્રી પાસે આવું ? દેવકુમારે પૂછ્યું.

જેવી તમારી મરજી લાલસિંહે જણાવ્યું.

એમ કહી બંને મિત્રો પ્રધાન છત્રસિંહના નિવાસસ્થાન તરફ જાય છે. ત્યાં દેવકુમારને જોતાં પ્રધાન એકદમ ઉઠી દેવકુમારને છાતી સરસો દાબી વ્હાલથી આશિષ આપે છે.

પૂજ્ય પિતાશ્રી મને પણ મારા મિત્ર સાથે પરદેશ જવાની રજા આપો ! મારા મિત્ર સિવાય હું ઘડી પણ રહી શકીશ નહિં, માટે આપ જરાપણ કચવાયા વગર આ આપના બાળકને રજા આપી ઉપકાર કરશો. લાલસિંહે વિનયપૂર્વક આજ્ઞા માગી.

ધન્ય છે મારા બેટા ! તારૂં ડહાપણ અને મિત્રતાને જોઈ મારા આત્માને આજે ઘણોજ આનંદ થાય છે. જાઓ ! મારા બાળકો ! તમને મારા અંતઃકરણથી આશિર્વાદ છે કેઃ–પ્રભુ તમારા કામમાં તમને સંપૂર્ણ યશ અને કીર્તિ આપે ! અને થોડા જ વખતમાં તમો યશસ્વી થઇ વહેલા આવો ! આ પ્રમાણે બન્ને મિત્રોને લાલસિંહના પિતાએ (પ્રધાન છત્રસિંહએ) આશિર્વાદ આપી વિદાય કર્યા.

હવે બંને મિત્રો અહીંથી વિદાય થઇ પાઠશાળામાં ગુરૂજીનો આશિર્વાદ લેવા માટે ગયા. અને ત્યાર પછી પોતાની માતૃભૂમિને નમસ્કાર કરી ચાલી નિકળ્યા. ધન્ય છે ! એ બંને સાચા મિત્રોને !

## પ્રકરણ દસમું.

### ગુરૂદેવ શ્રી ભદ્રબાહુસ્વામીનો ઉપદેશ.

**આ** બંને મિત્રો વનવાસ જતા પહેલા ગુરૂ મહારાજશ્રી ભદ્રબાહુસ્વામીને વંદન કરવા જાય છે ત્યારે ગુરૂમહારાજ પોતાની ધાર્મીક ક્રિયામાં મશગુલ રહે છે. જ્યારે તેઓ બંને મિત્રો આવી ગુરૂદેવને વંદન કરે છે ત્યારે ગુરૂદેવ તેઓને ધર્મલાભ આપી બેસવા સુચન કરે છે.

ઓહ હો ! વત્સો, ઘણા દિવસે આવ્યા. કુશળતા છેને ! ભાઈ, કર્માનુસાર આ સંસાર અટવીમાં અનેક જાતની ઘટનાઓ બને છે. તો જે જે આફત આવી હોય તે શાન્તિથી સહન કરી ધર્મ અને નીતિથી પોતાના કાર્યમાં આગળ ધપાવ્યા જ કરવું એ જ સાચા વીરનો ધર્મ છે. વત્સો ! આ જગતમાં જ્યાં સુધી આત્માઓને ભોગ-વિલાસ અને વૈભવની વાંચ્છનાઓનો મોહ ઓછો થાય નહિં ત્યાં સુધી પાપમય કર્મો પણ ઓછા થાય નહિં. માટે મનુષ્યનો સાચો ધર્મ તો એ જ કે પરદુઃખની ચિંતા રાખવી અને તેને સહાય આપવી. મુંગા પ્રાણી ઉપર દયા કરી તેને અભયદાન આપવું. અને પ્રજાની સેવા કરી પ્રજા-પ્રીય બનવું. વળી જીનેશ્વર ભગવાનની ભક્તિમાં અચળ શ્રદ્ધા ધરવી. આ મળેલા મનુષ્ય જન્મમાં સાત વ્યસનોનો ત્યાગ કરવો. (જેવાં કેઃ ચોરી, વ્યભિચાર, જુગાર, જુઠું, હિંસા વિગેરે ) તેમાંજ જીવનની

મહત્તા અને સાર્થકતા છે. વત્સો ! જે વસ્તુ બનવાની હોય છે તે બન્યા જ કરે છે. માટે તે બાબતમાં શૂરવીર માણુસોએ કાયર ન બનવું જોઈએ. ગુરૂદેવ ઉપદેશ આપતા બોલ્યા.

ગુરૂદેવ ! આપશ્રીના વચન પર અમોને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. આપ તો જ્ઞાની અને ભૂત ભવિષ્યના જાણુકાર છો એટલે અમારા જીવનના માટે આપેલો આપશ્રીનો સુવર્ણમય અને અમૃતમય ઉપદેશ અમો અમારા પ્રાણાંન્તે પણુ ભૂલીશું નહિ, ફક્ત કહેવાનું એટલું જ કે આપશ્રીના આશિર્વાદથી અમારૂં કલ્યાણુ જરૂર થશે તેમાં જરા પણુ શંકા નથી. પણ અમોને એવો સીધો અને સરળ રસ્તો બતાવો કે જેથી આ સાથે અમારા આત્માની ઉન્નતિ થાય. બંને મિત્રોએ કહ્યું

વત્સો ! જે આત્માને જૈનધર્મ રૂપી કોહીનુર હીરો હાથમાં આવ્યોઃ છે તે આત્માને કાંઈપણુ દુઃખ હોય જ નહીં. ફક્ત દુઃખ અને સુખ મનની માન્યતા જ છે. માટે મન ઉપર કાબુ મેળવી નીતિ, સત્ય અને ન્યાયી જીવન પસાર કરવું એજ આત્માની ઉન્નતિનો ખરો માર્ગ – રાહ છે. અપવાસ યા તપસ્યા કરો અગર ગમે તેવા આકરા વ્રત કરો પણુ જ્યાં સુધી મન ઉપર કાબુ મેળવ્યો ન હોય અને વસ્તુ સમજવામા ન આવી હોય તો તે વ્રત–પચકખાણુ આત્માની ઉન્નતિ કરી શકતા નથી.

જ્યારે આત્મા પોતે પોતામાં જ તલ્લીન બની જાય છે ત્યારેજ ખરા સ્વરૂપની ઝાંખી થાય છે. માટે જ્યારે તમારે આત્માની ઉન્નતિનો જ માર્ગ સ્વીકારવો છે તો એટલું કરજો. “સવારમાં જિનેશ્વર ભગવાનના દર્શન કરવા.” યથાસ્તુ.

બંને મિત્રો ગુરૂદેવનો આશિર્વાદ અને આપેલો નિયમ પાળવાનો મન સાથે નિશ્ચય કરી ચાલી નીકળ્યા. તેઓ બંને મિત્રો ચાલતાં ચાલતાં બોલે છે.

નિજ આત્મ કંચન શુદ્ધ કરવા અગ્નિ જેવી ભાવના,
ભવ સાગરે બુડનારને પણ તારનારી ભાવના. ૧
સવિ સિદ્ધિ સાધન શુભ સમાધિ પ્રકટ કરતી ભાવના,
ચિંતામણિની જેમ વાંછિત આપનારી ભાવના. ૨
નિજ સુગુણ જલ વરસાવવાને મેઘ જેવી ભાવના,
રાગાદિ વિષને ટાળવાને મંત્ર જેવી ભાવના. ૩
પુણ્યાનુબંધિ પુણ્યને બંધાવનારી ભાવના,
આપત્તિ તાપ શમાવવાને ચંદ્ર જેવી ભાવના. ૪
દુઃખના સમયમાં દે દિલાસો જરૂર આવી ભાવના,
નિજ હૃદયની શુભ બાદશાહીને પમાડે ભાવના. ૫
નિજ રંગ જંગ જગાડનારી જાણુ ઉત્તમ ભાવના,
સહુ કર્મનાં કારણ બધા સમજાવનારી ભાવના. ૬

આ પ્રમાણે બંને મિત્રો ગુરૂદેવનું સ્મરણ કરતા કરતા આગળ પ્રયાણ કરી રહ્યાં છે.

## પ્રકરણ અગિયારમું

### દંપતિનું મીલન

દેવકુમાર અને લાલસિંહ અઘોર જંગલની અટવીમાં આવી ચડ્યા, જ્યાં હિંસક પ્રાણીઓનો તેમજ ચોર–લુંટારા, અને ડાકુઓનો મોટો ભય છે. મનુષ્યના દર્શન થવા મહા દુર્લભ છે. જ્યાં નજર કરે ત્યાં શૂન્યકાર દેખાય છે. ક્યાં એક વખતનો ખમા–ખમા કહેવાતો રાજકુમાર, ક્યાં આજનો રખડતો ભિખારી રાજકુમાર, વાહરે! કર્મ તારી વિચિત્રતા, બંને જણા ચાલીને થાકી ગયા છે. હવે ચાલવાની શક્તિ પણ રહી નથી. વળી ભૂખ સખ્ત લાગી છે. ખાવાનું તો પાસે ક્યાંથી જ હોય? શું ખાવું અને કેવી રીતે પેટનું પોષણ કરવું એમ વિચારમાં ને વિચારમાં ચાલ્યા જ જાય છે. પણ આમ ભૂખ અને થાકથી ક્યાં સુધી ચાલી શકાય. આથી દેવકુમાર કહે છે. કે મિત્ર! હવે મારાથી ચાલી શકાતું નથી. હું ચાલી શકું તેમ નથી.

ભાઈ દેવકુમાર! આમ ગભરાયે કશું ન થાય, હિંમત રાખી પ્રભુ ભરોસે આવેલી આફતરૂપી કસોટીથી પાર ઉતરવું તેમાં જ આપણી મરદાઈ છે. ભાઈ હિંમત ન હાર, ચાલ સામી બાજુએ પેલું

વૃક્ષ દેખાય છે ત્યાં જઇ વિસામો લઈએ કારણ કે રાત પણ થવા આવી છે. જાણે સૂર્યનારાયણ પોતાની સત્તાને પાછી ખેંચી જવા સર્વ તૈયારી કરી રહ્યો હોય એમ નજરે પડે છે, હિંસક પ્રાણીઓ પોતાનો શિકાર શોધવાની તાલાવેલીમાં પડયા છે. ચોર, ડાકુ અને લુંટારાઓ પોતાનો ધંધો જમાવવા તૈયારી કરી રહ્યા છે. આવા કટોકટીના સમયમાં આપણે સાવધ રહેવું એજ વ્યાજબી છે. માટે જરા ફળ ફળાદી શોધી પેટને પોષણ આપી આરામ કરીએ અને સવારે કઈ બાજુ જવું તેનો નિશ્ચય કરીશું. દેવકુમારથી તો હવે જરા પણ ( એક ડગ પણ ) ચાલી શકાય તેમ ન હતું તેથી તેઓ ત્યાંજ બેસી ગયા.

ચતુર લાલસિંહે દેવકુમારને ઉચકી પાસેના વૃક્ષ પાસે બેસાડયો અને પોતે ફળફુલ આદિ લેવા જંગલમાં ચાલ્યો. થોડીવારમાં તો તે ફળ ફૂલાદી વીણી લાવ્યો. અને બંને મિત્રોએ પેટ ભરીને ખાધું પછી જળપાન કરી પથારી કરી વાતો કરવા લાગ્યા.

ભાઈ તું થાકી ગયો છે તો જરા આરામ લે. અને બે કલાક પછી તું જ્યારે જાગીશ ત્યારે હું ઉંઘ લઇશ આમ નક્કી કરી દેવકુમાર સૂઈ ગયો. ત્રણેક કલાક બાદ દેવકુમાર જાગ્યો અને લાલસિંહને ઉંઘી જવા કહ્યું. જેથી લાલસિંહ આરામ લેવાની ઇચ્છાએ જરા આડા પડખે થયો. ત્યાં તો નિંદ્રાદેવીએ તેને ઘેરી લીધો. જ્યારે દેવકુમાર પોતાની સ્થિતિના મહા વિચારમાં તલ્લીન બની ગયો છે. ત્યારે એકાએક–"દુ;ખીઆનો બેલી ક્ષત્રિય જન હોય તો આ દીન દુઃખીને બચાવો ! મને પાપીઓ મારી નાંખે છે. કોઇ આ રંક–દીનને બચાવી ઉપકાર કરો !" કોઇનો અવાજ દેવકુમારના કાને અથડાયો

આથી દેવકુમાર વિચારમગ્ન થયો. આ અવાજ કયાંથી આવ્યો અને કોણ હશે ! "જરૂર કોઈ દુઃખી આત્માને પાપીઓએ ફસાવ્યો.

છે. ક્ષત્રિય તરીકે મારે તેને સહાય કરવી એ મારી ફરજ છે, કારણ કે આ નિર્જન વનમાં મનુષ્યનો અવાજ ક્યાંથી! લાવ્ય તપાસ કરી મારાથી બનતી મદદ કરૂં" એમ વિચાર કરી પોતે ચાલવા લાગ્યો.

તે જરા આગળ ચાલ્યો ત્યાં તો કોઈ દેવાંગના જેવી આકૃતિ તેની નજરે પડી જેથી તે વિસ્મય થયો અને એક પળ માત્રમા અનેક જાતના વિચારો આવી ગયા. "શું આ તે કોઈ પરી–અપ્સરા હશે? શું ઈંદ્રાણી હશે કે શું–નાગકન્યા હશે કે–વનની દેવી હશે કે-યક્ષણી હશે કે–ભક્ષણી હશે કે–ભોગીણી હશે કે–જોગીણી હશે કે પછી કોઈ ગાંધર્વકન્યા હશે? આ હકીકતનો નિર્ણય શું કરવો? શું તે કોઈને કપટ જાળમાં ફસાવવા આવી હશે? ગમે તે હોય, પણ તે કોણ છે તેની ખાત્રી તો કરવા દે? અહા હા હા!!! શું તેનું સ્વરૂપ? શું તેનું મુખ જાણે શરદ પૂર્ણિમાનો ચંદ્ર, શું તેની કેશલત્તા. શું તેની ગૂંથેલી સુગંધીમય પુષ્પની વેણી, જાણે શેષનાગની ફેણ ન હોય! તેના દાંત જાણે દાડમની સુંદર કળીઓ જેમ હસતાં ન હોય! તેના કપોલ ગુલાબી રંગ જેવા હોવાથી તેની સુંદરતામાં–મોહકત્તામાં અનેરો વધારો જણાતો હતો. લાવ્ય જરા એ દેવાંશી બાળાને પૂછું તો ખરો કે તમો કોણ છો? એમ કહી દેવકુમાર તે બાળાની નજદીક આવે છે.

હે બાળા! તમો કોણ છો. આમ આ નિર્જન વનમાં એકલા આવવાનું શું પ્રયોજન, આપ મદદ માટે કેમ બૂમો પાડો છો. તમારો દેશ, ગોત્ર તથા માતા–પિતા કોણ છે, તમારા પવિત્ર પગલાંથી આપ કઈ નગરી શોભાવો છો, તમારા આ લાવણ્યમય શરીરનો વિહારી (સ્વામી) કોણ છે? જો હરકત ન હોય તો નિવેદન કરવા કૃપા કરશો દેવકુમારે ઉપરા ઉપરી પ્રશ્નો પૂછ્યા.

હે નર શ્રેષ્ઠ! મારા વૃત્તાંતથી તમને વાકેફ કરૂં તે પહેલાં આપ કોણ છો? તે જાણવા મારી અભિલાષા છે તો આપ પુરી કરશો? બાળાએ પુછ્યું.

તે હકીકત કહેવાને હાલ મને અવકાશ નથી પણ તમારો વૃત્તાંત જાણ્યા પછી મને વ્યાજબી લાગશે તો મારી હકીક્ત કહીશ. દેવકુમારે જવાબ આપ્યો.

તમારી ઓળખાણ અગર નાત–જાત જાણ્યા સિવાય મારી હકીક્ત કહીને શું કરૂં ? તેથી તો મારા દુ:ખમાં વધારો થાય, તમે મને શી મદદ કરવાના હતા. દુઃખમાં સહાય કરવાને દુઃખ કહેવું જોઈએ પણ દુઃખમાં દુઃખ કરનારને કહેવાથી શું ફાયદો ?

હે બાળા ! મારા કેટલાક ગુપ્ત કારણોથી મારી હકીક્ત કહેવા લાચાર છું. પણ એટલું જણાવું છું કે હુંક્ષત્રિય છું અને તારૂં દુઃખ મારા બાહુબળથી દૂર કરવા મારા પ્રાણનું પણ બળીદાન આપી ક્ષત્રિય તરીકેની મારી ફરજ બજાવીશ. હું વચન આપું છું કે " તમારા દુઃખમાં પ્રાણાન્તે સહાય કરીશ. "

સાંભળો ! મારૂં નામ **દેવસેના** છે, હું મોહનપુરી નગરીના રાજા પ્રવીણસિંહની રાજકુંવરી છું. મારા પિતા પોતાના દુરાગ્રહને વશ થઈ મહારાજા વિરભદ્રસિંહ સામે યુધ્ધે ચડયા હતા, પ્રથમ તો ફત્તેહ પામ્યા પણ પાછળથી યુવાવસ્થિત છતાં પરાક્રમી રાજકુમાર ( દેવકુમાર) અને પ્રધાનનો પુત્ર ( લાલસિંહ )થી પરાજ્ય પામ્યા જેથી મારા પિતા કેદ પકડાયા. આ હકીક્ત આખા નગરમાં ફેલાતાં પ્રતિપક્ષી રાજા, મહારાણાઓ અને મારા દેહના પ્રત્યે આદરભાવે જોનારા, મારા રૂપ ઉપર મોહીત થઈ એકદમ બળવંત થયા, વળી જંગલીઓએ ગામમાં લુંટો ચલાવવા માંડી, મહેલમાં પણ ધાડ પાડી અંતઃપુર લુંટયું અને મને પોતાને જંગલમાં લઈ ગયા. જ્યાં મને પોતાની સ્ત્રી બનાવવા માટે ઘણો જ ત્રાસ આપવા લાગ્યા.

" કદાપી રત્ન કાગની ડોક શોભાવે ખરી ! ના, ના, કદાપી એમ ન જ બને તે રત્નસમી કન્યાએ તો મોતને શરણ થવા નક્કી

કરેલું હતું અને મને જે કોઈ બચાવે તેને મારા પતિ તરીકે સ્વીકારવા એમ પ્રતિજ્ઞા લીધી. વળી જ્યારે મેં કોઈ શૂરવીર જનનો સંયોગ ઈચ્છી મદદ અર્થે બુમ પાડી ત્યારે આપ સમયસર આવી પહોંચી મારા જેવી નિરાધાર અબળાની લાજ સાચવી મને આભારી કરી જીવતદાન આપ્યું છે.

તો મારી નમ્ર પ્રાર્થના એજ છે કે મને આપની સાથે રાખવા કૃપા કરો. કારણ કે હું તો આપને મનથી વરી ચુકી છું અને આપશ્રીના સુખ–દુ:ખમાં સાથી થવા પ્રભુ સાક્ષીએ બંધાએલી છું. કૃપાનાથ આપ કબુલ કરો એટલી જ વાર, માટે આ દાસી ઉપર કૃપા કરી આપશ્રાંનું વૃત્તાંત જણાવવા કૃપા કરશો. દેવસેનાએ પોતાની કથની કહી સંભળાવી.

ઓ બાળા ! મારૂં જીવન કહેવા માટે મને મારો અંતરાત્મા ના કહે છે. અત્યારે તો હું જંગલનો ભટકતો માનવી છું. એક પ્રજાપતિએ ઘડેલો એક આત્મા છું. સ્વર્ગથી કર્મયોગે માતાની કુક્ષીએ આવેલો છું. તે માતા પણ મને અધવચમાં મુકી સ્વર્ગમાં ચાલી ગઈ. હું પણ એ જ રસ્તે જવાનો છું. હાલમાં હું કયાં જઈશ, શું કરીશ, તેની સમજણ પડતી નથી. જીવન અને મૃત્યુ એ બંને વસ્તુઓ મારા આત્માને સરખી છે. મારા પિતાએ મને પૃથ્વીદેવીના આશરે મુક્યો છે. તે જ પૃથ્વી મારૂં રહેઠાણ છે. ચારે દિશાઓ તે મારા ઘર છે. પવન મારો ચાકર–નોકર છે. મેઘ–જળરૂપી અમૃતથી મારી તૃષા છીપાવે છે, અને જંગલ ફળફળાદી આહાર ઉત્પન્ન કરી આપે છે. એવું મારૂં મનસ્વી રાજ્ય છે. પ્રભાત સર્વ કોઈ મનુષ્યના સુખ–દુ:ખમાં પ્રકાશમાન થાય છે, પણ મને કયારે પ્રકાશ આપશે. તે જ્ઞાની સિવાય કોઈ જાણતું નથી. હું આજે આ મધ્યરાત્રીએ–ચંદ્રના સુયોગના સનયે અને મારા સુભાગ્યે એક દેવાંગના નવયૌવન કુમારીકા

(દેવસેના) સાથે વાતો કરૂં છું. પણ પ્રભાત થતાં હું ક્યાં હોઈશ અને શું કરતો હઈશ તે કોઈ જાણતું નથી.

બાળા! મારૂં કુળ, ગોત્ર, જન્મ અને દેશ જાણ્યા સિવાય શાસ્ત્ર-વીધી એ હસ્ત આપવો તને યોગ્ય નથી! કારણ કે જંગલમાં ભટકતા ઘરબાર વિનાના પુરૂષને પરણીને તું શું સુખી થઈશ? ના, ના, તું કદાપી સુખી થઈશ નહીં. એક કોડી પણ જેની પાસે નથી એવા ભિખારીને પરણી તું કઈ જાતનું સુખ-આનંદ ભોગવીશ? માટે મારો ખ્યાલ છોડી પિતાની આજ્ઞાનુસાર વર્તી બીજો પતિ અંગીકાર કર. હું તને તારા પિતાના ત્યાં પહોંચતી કરૂં? દેવકુમારે પૂછયું.

મારા વ્હાલા પ્રાણેશ! મારા મનના હરનાર પ્યારા! હું તો આપની થઈ જ ચુકી છું હું તમને મારા મસ્તકના મુગટરૂપ શીરછત્ર નિરાધારના આધાર, પ્રાણના રક્ષક અને નેત્રના તારા સમજું છું. તો તે કદાપી પણ બીજાની થવાની નથી. હું પૈસાની કે વૈભવ વિલાસની અભિલાષાવાળી નથી. મેં તો આપનું કુળ, ગૌત્ર અને દેશ આપશ્રીની અમૃતભરી વાણીથી જાણી લીધાં છે. આપની મૂખ મુદ્રાજ કહી આપે છે. આપનું જંગલરૂપ ઘર મને મારા મહેલ કરતાં પણ વધારે પ્રિય લાગશે જ્યાં હું મારા પતિની (તમારી) સાથે ઘણાજ આનંદથી મારૂં જીવન ધન્ય ગણીશ. આપ જ્યાં જશો ત્યાં આપશ્રીના પડછાયારૂપ આ આપની અર્ધાંગના આવશે. આપશ્રીનું વિરત્વ એજ મારૂં ધન છે. આપજ મારા સર્વસ્વ છો! આપ મને અંગીકાર કરો યા ન કરો. પણ હું તો આપને વરીજ ચૂકી છું માટે આ રંકદાસીને આપના ચર્ણોમાં સ્થાન આપો! જો આપ મારો આ સ્થળે સ્વીકાર નહીં કરો તો હું આ વખતે અને આ જગ્યાએજ મારા પ્રાણનું બલિદાન આપી આપશ્રીના ચર્ણોમાં ધરી મારૂં જીવન સાર્થક કરીશ.

શું રાજહંસી બગલાની સહચરી થશે? શું હંસ કદાપી વિષ્ટા, ખાશે? શું ધર્મ પરાયણ સ્ત્રીઓ એક ભવમાં બે પતિ કરશે ના?

ના, એમ કદાપી પણ નહીં બને તે નહીંજ બને. માટે આ આશા-ભરી અબળાને વધારે ન સતાવતાં અંગીકાર કરી આપશ્રીના હૃદયમાં આશરો આપી આ અભાગણી બાળા ઉપર ઉપકાર કરો! દેવ-સેના પ્રાર્થના કરતાં બોલી.

ધન્ય છે! " બાળા! તારા શુદ્ધ અને સાત્વીક પ્રેમને ધન્ય છે! દેવસેનાને પોતાના બાહુપાસમાં જકડતાં દેવકુમાર બોલ્યો.

આવા શુદ્ધ અને સાત્વીક પ્રેમ તો કોઈ સતીમાં જ હોય છે તે માટે એક કવિએ લખ્યું છે કેઃ—

પ્રેમ પ્રેમ દુનિયા કહે, પણ પ્રેમ શું સ્વરૂપ છે,
સમજે તો પ્રેમ સાર છે, નહીં તો ઊંડો કુપ છે. ૧

સોમલ છે રંગે ઉજળો, કેવો સુંદર જણાય છે,
ખાવા જો ચાહે જન તો, તરત જીવડો જાય છે. ૨

રેશમ તણી જ્યાં ગાંઠ પડતી, તે પર તેલની ધાર છે,
ત્રુટે નહિં છુટે નહિં, એ પ્રેમનો વ્હેવાર છે. ૩

ઓ પવિત્ર પ્રેમદા! હું તારો સ્વીકાર કરવા ક્યાં ના પાડું છું. તારા જેવી સંસ્કારી દેવીનો કયો મૂર્ખ ત્યાગ કરે! પણ મારો સ્વીકાર થોડો વખતજ રહેશે કારણ કે તારો પિતા જાણશે એટલે આપણે બેઉને છુટાં પાડશે. મારૂં નામ સાંભળતાંજ ક્રોધે ભરાશે. તેથી તું દુઃખમાં પડીશ. જ્યારે તું મારી સહચરી બનવા ઇચ્છે છે તો સાંભળ! " હું છું રાજપુત્ર અને તે વળી મોટા રાજાનો. તું પતિ શોધવામાં ઠગાઈ નથી પણ ફાવી ગઈ છું. વધુ વિગત આગળ ઉપર જણાશે. પાસેના વૃક્ષ નીચે મારો દીલોજાન દોસ્ત નિદ્રાદેવીની સોડમાં છે. તે મને ઘણીજ કિંમતી મદદ અને સહાય કરે છે. આમ બંને દંપતી

રજનીના આધારે આનંદથી મધુરી વાતો કરતાં બેઠાં છે. એવામાં પાપી, નરાધમો, લુંટારાઓના અવાજ કાને પડયા.

લુંટારાઓ આ તરફ ચાલ્યા આવતા હતા, જ્યારે આ દંપતીને વૃક્ષ નીચે બેડેલા જોયા ત્યારે લુંટારાઓએ ચારે તરફથી દેવકુમાર અને દેવસેનાને ઘેરી વળ્યા. અને જ્યાં દેવકુમારને પકડવા જાય છે ત્યાં એ રણુયોદ્ધો પોતાના મ્યાનમાંથી લોહી તરસી તલવાર બહાર કાઢી જય ભવાનીનું નામ લઈ ફેરવવા માંડયો ત્યારે દુશ્મનો પાછા હઠવા માંડયા. દેવકુમારે એક રણશુરાની માફક પ્રાણની પણ પરવા રાખ્યા વગર લુંટારાઓને હંફાવવા માંડયા. આ વખતે દેવસેના ત્યાંજ ઉભી હતી તે જોઇ ઇશારતથી દેવકુમારે કહ્યું કે:—

"તું પેલા વૃક્ષ પાસે ઉભી રહે, આ પાપીઓનો નાશ કરી હું ત્યાં આવું છું. મારો મિત્ર તે વૃક્ષ નીચે સુતો છે. કદાચ તને મદદની જરૂર પડે તો દેવમિત્ર કહેવાથી એકદમ જાગ્રત થઈ તને અમૂલ્ય મદદ કરશે."

હવે દેવકુમાર પડકાર કરતાં બોલ્યો કે:–શું સ્ત્રીઓને ફસાવવામાંજ બહાદૂરી સમજો છો ? આજેજ તમારી પાપી વાસનાઓ વ્યાજ સાથે પુરી કરૂં છું.

જો રાણી જાયા હો તો આવો મેદાનમાં, લુંટારાઓ બોલ્યા.

શું તમારા જેવા શિયાળવા આ સિંહનો મુકાબલો કરી શકશે દેવકુમાર બોલ્યો.

બંને પક્ષ વચ્ચે યુદ્ધ ચાલવા લાગ્યું પણ પાછળથી બીજા લુંટારાઓ આવી દેવસેનાનું હરણ કરી નાસી જાય છે. તેથી તે એકદમ ચીસ પાડે છે પ્રાણનાથ ! આ પાપીઓના પંઝામાંથી મને મુકત કરાવો, ઓ દેવમિત્ર ! આ તમારા મિત્રની પ્રીયાને જાગ્રત થઇ કેમ મદદ કરતા નથી ! ઓ દેવમિત્ર બચાવો ! બચાવો !

એકદમ આમ ચીસ સાંભળી લાલસિંહ જાગ્રત થઈ જાય છે. અરે ! આ શું ! દેવકુમાર ક્યાં ? સ્ત્રીની ચીસ ક્યાંથી ? ત્યાં તો સામે લડાઇ થતી જોઇ અરે આ સંગ્રામ શેનો ? ચાલ્ય. મારે મારા મિત્રને મદદ કરવીજ જોઈએ. પેલી સ્ત્રી તેની પત્ની તરીકે કબુલ થયેલી હોવી જોઈએ. માટે તેને બચાવવા દેવકુમારને જ મોકલવો જોઈએ. જેથી તે બંનેનો પ્રેમ મજબુત થાય. એમ વિચાર કરી લાલસિંહ યુદ્ધમાં શૂરા કેશરીની માફક ઝુકાવે છે. અને દેવકુમારને કહે છે કે, દેવીની રક્ષા કરવા સત્વર જા, જરાપણ વિલંબ ન કરતાં એકદમ જા. નહિં તો તું પહોંચી શકીશ નહીં. લાલસિંહના કહેવાથી દેવકુમાર તરતજ જાય છે.

## પ્રકરણ બારમું.

### ભયાનક જંગલ

જ્યારે દેવકુમાર પોતાની પ્રિયાની શોધમાં અતિશય થાકી ગયો, ખુબ શ્રમિત બની ગયો અને પોતાની પ્રાણુવલ્લભાનો પત્તો ન લાગ્યો ત્યારે તે પોતાની પ્રાણુવલ્લભાના વિયોગમાં હતાસ-નિરાસ થઈ ગયો, કારણુ કે તેની મૃદુવાણી, વિવેકભરી ભાષા, અલૌકીક લાવણ્યતા વિગેરેને સંભારી દેવકુમાર સશક્ત વીર છતાં અશકત બની ગયો હતો.

"જ્યારે હું એ પાપીઓના પંઝામાંથી મારી દીલરૂબાને ન બચાવી શક્યો તો બીજાનો શું દોષ? મારા જેવો ક્ષત્રિય થવા માટે પણ લાયક નથી." તારૂં શશી સમું મુખ જોવા હું કયારે ભાગ્યશાળી બનીશ? તારા કોમળ હસ્તની સાથે હસ્ત જોડવા કોણ નહિ ઈચ્છે? તે કોણુ હતી, શું તે મને લલચાવવા આવેલી લક્ષ્મી હતી, બૃહસ્પતિની સ્ત્રી તારા હતી, ચંદ્ર પત્ની રોહીણી હતી, કામદેવની પત્ની રતિ હતી. પૃથ્વીના પ્રલયકારય મહાદેવની પત્ની ઉમા હતી, કે પછી તે નારાયણુના ઉરમાંથી ઉત્પન્ન થએલી ઉર્વશી હતી? ના, ના,

હું ભલું છું, તે તો પહિસહચારિણી હતી, અને તે નિર્જીવ વનમાં દુઃખ–દાવાનળમાં પડેલી મોહનપુરીની કન્યા હતી. તે ગઈ, તો હવે તેની પ્રાપ્તિ માટે શું કરવું ? તેના નગર તરફ જાઉં ! ત્યાં જતાં દુશ્મનોના હાથમાં પકડાઇ પડું અને કદાચ કારાગ્રહમાં રીબાકવું પડે તો તેની મને જરાએ પરવા નથી, અરે ! કદાચ મૃત્યુ આવે તો પણ પરવા નથી. હા ! ! ! મારા પિતાના રાજ્યની અપકીર્તિ થાય તેનું કેમ ! ત્યારે શું પ્રાણ પ્રિયાની આશા મુકવી ! ના, ના, હું તો એજ નગરમાં જઈશ. પરંતુ એ (દેવસેના) નરાધમોના પંઝામાંથી મુક્ત શી રીતે થઈ હશે ! મારી વ્હાલી પ્રાણવલ્લભા ! તું કયાં હઈશ ? શું તને તે દુષ્ટોએ નીર્જન વનમાં કે કારાગ્રહમાં રાખી હશે ! શું અધવચમાં જ ટળવળતી દુઃખી કરી મુકી હશે ! શું તેના નગરમાં લઈ ગયો હશે," લાવ્ય, જરા તપાસ તો કરૂં એમ બોલી તે એકદમ ઉઠયો અને ચાલવા જાય છે પણ તે બીલકુલ ચાલી શકવા સમર્થ નથી છતાં પણ નિરાશ વદને, ઢીલા પગે અને હતાસ આત્માએ ચાલે છે. તે જરાક ચાલ્યો હશે. ત્યાં તેને કોઈનો અવાજ સાંભળ્યો.

"હે વત્સ ! ગભરાઈશ નહીં, ગુરુદેવના વચનનું પ્રાણાન્તે પણ પાલન કરજે. તારાં કષ્ટોમાં તને જરૂર જીનેશ્વર ભગવાન સહાય કરશે માટે દુઃખથી ગભરાઈશ નહિ. પરમાત્મા જે કરે છે તે સારૂંજ કરે છે, હે વત્સ ! તારી આશા તજી નિરાશાવાદી બનીશ નહીં. ગુરુ ભદ્રબાહુસ્વામીની તારા પર અતિ--ઘણીજ કૃપા છે. હે વત્સ ! તું શા માટે ઉદાસીન બની નિર્માલ્યપણું દેખાડે છે. સાચા શૂરવીરને દુઃખ એ તો એક સાધારણ વસ્તુ હોવી જોઈએ !"

આમ અવાજ સાંભળી દેવકુમારે ચારે તરફ નજર નાખી પણ કોઈ માણસ તેની નજરે પડયો નહિં. જરૂર, આ કોઈ ગેબી અવાજ હોવો જોઈએ. એમ વિચાર કરતાં તેનામાં નવો જુસ્સો પ્રકટયો.

અને નવું ચેતન આવ્યું. જેથી સત્વર ચાલવા માંડયું પણ પ્રાણપ્રિયાના ગુણની ગેલછામાં તે રસ્તો ભૂલી ગયો અને આડા રસ્તે ચડી ગયો. જ્યારે તે વિચારોમાંથી નિમગ્ન થયો ત્યારે તેને લાલસિંહ (પોતાનો જીગરજાન દોસ્ત) યાદ આવ્યો.

મિત્ર! શું તું પણ મને મુકી ચાલ્યો ગયો. તને મારી જરા-પણ દયા ન આવી! હાય! હાય!!! આ જગતમાં મારૂં કોઇ નથી. ઉપર આભ અને નીચે ધરતી." વાહ! વિધાતા વાહ!! તારી પણ અજબ માયા છે. હું કયાં એક વખતનો રાજકુમાર અને કયાં આજનો જંગલનો ભટકતો–રખડતો ભિખારી! મહાપુરુષોને પણ દુઃખ કયાં ઓછા પડયાં છે? શું પાંડવો વનવાસ ગયા નહોતા! રામ જેવાએ પણ પિતૃવચનની ખાતર અનેક કષ્ટો શું સહન કર્યાં નહોતા! શું પિતૃ ભક્ત શ્રવણે પોતાના માતપિતાની કાવડ ઉપાડી દુઃખને સુખ કરી માન્યા નહોતા! તો પછી તું (દેવકુમાર) શા માટે ગભરાય છે અને હતાસ થાય છે. માટે કાંઈ પણ ગભરાવાની જરૂર નથી. કહેવતમાં પણ કહ્યું છે કેઃ—**હિંમતે મરદા તો મદદે ખુદા.** તે કહેવતને અનુસરી. લાવ્ય પહેલાં મારા મિત્રની શોધ કરૂં.

જે મિત્રે મારા માટે પોતાના માત–પિતાનો ત્યાગ કરી પોતાનો વૈભવ ત્યાગ કર્યો છે. જે મિત્રે મારા માટે અનેક કષ્ટો સહન કર્યાં છે. તો શું હું તે મિત્રની શોધ કર્યા સિવાય જ પાછો ફરૂં! ના, ના, તેમ કદાપિ પણ ન બને. એમ બોલતો તે મિત્રની શોધ માટે જાય છે.

મિત્ર! આવ, આવ, દયા કર, મારા ભૂખ્યા આત્માને કંઇપણ ફળફળાદિ લાવી આપી મારી ક્ષુધાને શાન્તિ આપ, મિત્ર મારાથી હવે એક ડગ પણ આગળ વધા શકાય તેમ નથી, હું કયાં એક વખતનો રાજકુમાર અને કયાં આજનો એક ભિક્ષુક. મારી પાસે એક

વખત હજારો મનુષ્યો માત્ર મારા હુકમને માન આપી મારી આજ્ઞા ઉઠાવવા હાજર હતા અને આજે આ અઘોર જંગલમાં ભટક્યાં કરૂં છું.

જે માણસે તાપમાં એકપણ પગલું ભરેલું ન હોય તેમ જ કોઇ જાતનું દુઃખ સ્વપ્ને પણ જાણેલું ન હોય તે મનુષ્ય આજે આવા અરણ્યમાં તાપ, ટાઢ અને ભુખના અનેક જાતના પરિશ્રમો સહન કરી પોતાની ભાગ્ય દશા ઉપર રડે નહિં તો બીજું શું કરી શકે?

એક દિન હાથી એક દિન ઘોડા, એક દિન મહેલાં વાસ,
(પણ) એક દિન એવો આવશે, જાવું પડે વનવાસ,
કોઇ દિન મંદિર કોઇ દિન માળા, કોઇ દિન છપ્પર ખાટ,
(પણ) એક દિન એવો આવશે, ભૂખ્યાને ન મળે ભાત.

આ પ્રમાણે બોલતો બોલતો ચાલતો જાય છે પણ ભૂખ અને દુઃખથી અશક્ત બની ગએલ દેવકુમાર અંતે હતાસ થઇ નીચે પડી જાય છે. જેનામાં ચાલવાની શક્તિ પણ નથી. ક્યાં એક વખતનો મહાન યોદ્ધો–લડવૈયો, ક્ષત્રિયમાં શિરોમણી ગણાતો એવો દેવકુમાર આજે એક ભૂખ જેવી સાધારણ પીડાથી મુંઝાઈ–બે ભાન થઈ નીચે પછડાઈ પડ્યો છે.

જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે "ભાઈ વસંત, ભાઈ કેશવ, ઓ માતા, બ્હેન સૌભાગ્ય, મિત્ર લાલસિંહ તમે બધા ક્યાં હશો? શું તમને કોઈને પણ મારી આવી સ્થિતિ ઉપર દયા–રહેમ આવતી નથી! આ તમારો વ્હાલો દેવકુમાર આજે ચારે બાજુ અંધકારની ઘોર અટવીમાં દુઃખથી પીડાયા કરે છે અને તમે બધા જોઈ ખુશ થાઓ છો? મારી વ્હાલી પ્રિયા દેવસેના તું પણ ક્યાં......એમ બોલતાં એકદમ મૂર્છીત–બેભાન બની ધરતી પર ઢળી પડે છે.

પણ કુદરતની ગતિ ન્યારી છે. દેવકુમારના શબ્દો સાંભળી કેટલાક માણુસો આ તરફ દોડતા આવ્યા. આ પાપીજ આપણી દેવસેનાનો ચોર હોવો જોઇએ. પકડો ! એ નરાધમને. તેને મજબૂત બાંધી આપણા રાજા પાસે હાજર કરી મોટું ઇનામ મેળવીએ.

આ માણુસો કોણ હતા ! તે વાચકવર્ગ સમજી ગયા હવેજ. તે બીજા કોઇ નહિં પણ પેલા પ્રવીણુસિંહ રાજાના સ્વારો દેવસેનાની તપાસ કરતાં કરતાં અહીં આવી ચડયા હતા અને દેવકુમારના મુખથી દેવસેનાનું નામ સાંભળતાંજ એકદમ દેવકુમાર પાસે આવી ચડયા. તે વખતે તો દેવકુમાર બેભાન હતો એટલે તેને મુશ્કેટાટ બાંધી પ્રવીણુસિંહ રાજાની પાસે લાવવા ઘોડા ઉપર ચડી પલાયન કરી ગયા.

## પ્રકરણ તેરમું.

### નદી કિનારે.

લાલસિંહ મિત્રથી છુટો પડી ભટકતો ભટકતો મોહનપુરી નદીના તટ ઉપર આવી ચડ્યો છે. મિત્રનો વિયોગ સહન ન થઈ શકવાથી પોતે પોતાની ભાગ્યદશાને ઠપકો આપે છે. અરે! હું આખું જંગલ શોધી શોધીને થાક્યો, પહાડ–પર્વત, નદી–નાળાં, ગુફાઓ વિગેરે સર્વે જગાએ તપાસ કરી પણ મારા વ્હાલા મિત્રનો પત્તો લાગ્યો નહિ.

હાય! ઇશ્વર, શું મને મારો દિલોજાન મિત્ર નહિ મળે? અમે તારૂં શું બગાડ્યું છે કે અમને બંનેને તેં વિયોગી કર્યાં! શું કોઈ વનચર પ્રાણીએ તેનો વધ કર્યો હશે, શું કોઈ નરાધમે તેનો ઘાત કર્યો હશે, શું તે ગુપ્ત વેષે આ નગરમાં આવ્યો હશે, શું તે મને સંભાળતો હશે, આમ મિત્રના વિયોગથી અસંખ્ય વિચારો લાલસિંહના મનમાં ઉદ્દ્ભવવા લાગ્યા.

નગરવાસીઓના બોલવા ઉપરથી જાણવા મળ્યું છે કે “જે મોહનપુરીના કારાગ્રહમા પડેલો કેદી છે તેજ મારો મિત્ર દેવકુમાર હોવો જોઈએ” શું ભાવી? અરે! પેલી કુમારિકા કોણ આવે છે?

તેને પૂછવા દે કે તે કોણ છે? એમ વિચાર કરી લાલસિંહ યોગીના વેષમાં તેમની પાસે ગયો અને પૂછયું. "બાઈ! તમો કોણ છો? અને અત્રે તમારૂં આગમન કેમ થયું છે તે જણાવશો?

યોગી મહારાજ! તમારે ત્યાગીને સંસારી બીના જાણવાની શી જરૂર! દાસીએ જણાવ્યું.

બાઈ! જો આપને હરકત ન હોય તો જણાવવા કૃપા કરશો.

યોગી મહારાજ! તમારો આગ્રહ છે તો સાંભળો! અમો સર્વ સખીઓમાં શિરોમણી, શશિવદની, અનેક ગુણોથી સુશોભીત એવી આ કુમારિકા મોહનપુરીના પ્રધાનની પુત્રી પદ્માવતી છે, અહીંઆથી તેની સખી દેવસેના ઘણા વખતથી ખોવાઈ ગઈ હતી તે હાલમાં અત્રે પાછી આવી છે. તેથી અમે બધા તેને મળવા જઈએ છીએ.

તેને લઈ જવાવાળો એવો કોણ હતો? યોગીએ પૂછયું.

તે કોઈ રાજવંશી જેવો જણાય છે, તે દેવસેનાનો પોકાર કરતો ભૂમિ પર પડયો હતો. તે પાપી પણ પકડાયો છે. દાસી બોલી.

પદ્માવતી પરણેલી છે કે કુંવારી છે?

યોગીજી! તેનું તમારે શું કામ છે? તમારે ત્યાગીઓને સંસારના ભોગ-વિલાસની વાતો સાથે શો સંબંધ, તમે યોગી થઈ આવો પ્રશ્ન પૂછો છો તે તમને શોભાસ્પદ નથી.

યોગ્યાયોગ્ય તો મારે જોવાનું છે. હું ભગવાવેષે યોગી છતાં મનથી ભોગ્ય છું. બાહ્ય આત્માથી ત્યાગી પણ અંતરાત્માથી સંસારી છું. લોકોને બતાવવા બ્રહ્મચરણ આચરૂં છું પણ યુવાવસ્થાનું સુખ ભોગવવા ઈચ્છું છું.

ઓ દુષ્ટ! યોગીના વેષમાં સંતાએલ શયતાન! આવા વચન સ્ત્રીઓ પાસે બોલવા તને શોભે છે? શું તું તારા આચરણથી મારૂં

અપમાન નથી કરતો ? તું નથી જાણતો કે આ પરરાજ્ય છે, છતાં આવા વચન બોલવા હિંમત કરે છે. પદમાવતી ક્રોધના આવેશમાં બોલી.

હે બાળા ! હું તને અપમાનીત નથી કરતો તેમ તને દુઃખી કરવા પણ નથી ઇચ્છતો. તું મને યોગી ધારે છે તેવો જ હું છું. હું ભવિષ્યવેત્તા છું, તેથી તને તારૂં ભવિષ્ય કહેવા ઇચ્છું છું. તું એક શૂરવીર નરની પત્ની બનીશ, તેનું નામ સાંભળી તને કંપારી આવશે. યોગીના વેષમાં લાલસિંહ બોલ્યો.

અરે દુષ્ટ! તું યોગી હોવા છતાં ભોગવિલાસની વાતો કરી મારા જેવી ભોળી ભામાઓને ભોળવવા માગે છે ખરૂંને ! તેમાં તારો દોષ નથી, મેંજ ભૂલ કરી છે કે તારા જેવા ઢોંગી સાથે વાત કરી. શું તું મને તારા જેવી નિર્લજ માને છે ? બસ, હું તને સાફ શબ્દોમાં કહું છું કે તારૂં એક પણ વચન મારે સાંભળવું નથી. પદમાવતીએ મક્કમતાપૂર્વક સંભળાવી દીધું.

હે ભદ્રા ! તું આમ આકરી શા માટે થાય છે, હું સત્ય કહું છું કે તારો પતિ પાટલીપુત્ર નગરના પ્રધાન છત્રસિંહનો પુત્ર લાલસિંહ જ થશે.

શું મારા પિતાનો શત્રુ લાલસિંહ મારો પતિ થશે ? હું તેને મારા પિતાની ખાતર કદી પણ પરણીશ નહિ. એ દુષ્ટ લાલસિંહે મારા પિતાતુલ્ય રાજાને બંદીવાન કરી અપમાન કર્યું છે. તો શું હું તેને મારા હસ્ત અર્પણ કરૂં. હરગીજ નહિ. લાલસિંહ શબ્દ સાંભળતાં જ ક્રોધાયમાન થઈ પદમાવતીએ સુણાવી દીધું.

બાળા ! તે મહા પરાક્રમી અને સાહસીક છે તે તું જાણે છે ? લાલસિંહે પ્રશ્ન પૂછ્યો.

હા, મને ખબર છે, તેની શૂરવીરતા માટે મને માન છે તેના પરાક્રમોભર્યા કાર્યો ઘણા જ સાહસીક તેમજ વીરને શોભાવે તેવા છે.

વળી તે યુદ્ધવિશારદ કહેવાય છે. તે ગમે તેવો શૂરવીર યા પરાક્રમી હોય પણ હું તેને મારો પ્રાણેશ કદાપી કાળે બનાવીશ નહિ. પદમાવતી જરા શાંત થતાં બોલી.

હે બાળા! તું ગમે તેમ બોલ પણ તમારૂં ભાવી મને બતાવે છે કે તમે તેને જ પરણશો.

ના, ના, કદાપી પણ એ નહિ જ બને.

હે બાળા! તું ના કહે છે પણ તે સમય એકદમ નજદીક આવતો જણાય છે. તું ટુંક વખતમાં જ તેના બાહુપાશમાં પડીશ એમ તારૂં ભાવી કહી આપે છે. યોગીમહારાજે કહ્યું.

બેન! ચાલો, તમને દેવસેના બોલાવે છે, યોગીરાજ તમો પણ પધારો. દેવસેનાની દાસીએ આવતાં જ કહ્યું.

આથી પદમાવતી અને યોગી બેઉ જણા દાસીની સાથે દેવ-સેનાના મહેલ તરફ ચાલ્યા.

## પ્રકરણ ચૌદમું

### દેવસેનાનો ખાનગી મહેલ.

**દેવસેના** પોતાના એકાંતવાસમાં બેઠી બેઠી વિચાર કરી રહી હતી કે મેં મારી જીંદગીમાં જરાપણ દુઃખ ભોગવ્યું નહતું. દુઃખનું નામ સ્વપ્ને પણ સાંભળ્યું નહતું. પિતાશ્રીએ અયોગ્ય રણસંગ્રામ કર્યો ત્યારથી જ હું દુઃખમાં પડી.

જ્યારે પિતાશ્રી અન્યાયના રસ્તે ચાલી બન્ધીવાન બન્યા ત્યારે આખા રાજ્યમાં લુંટફાટ વિગેરે તોફાનો થવા લાગ્યા અને ધાડપાડુઓ ધાડ પાડવા માંડ્યા. તે ધાડપાડુઓના પંઝામાં હું સપડાઈ ગઈ ત્યારે જ મને દુઃખ એ કઈ વસ્તુ છે તેની જાણ થઈ.

પણ મને એ લુંટારાઓ આશિષરૂપ થઈ પડ્યા. તે અઘોર જંગલ મને મંગળમય મહેલ સમાન થઇ પડ્યું હતું. તે વખતનું અને તે જગ્યાનું વર્ણન કરતાં મારી ચક્ષુઓમાંથી અશ્રુધારા વહે છે. તે રાજકુમારની સુંદરતા, તેની ભવ્ય આકૃતિ, તેનું લાવણ્યમય મુખ, મૃદુભાષા વિગેરેનું વર્ણન કરતાં મને જરાપણ ચેન પડતું નથી.

શું તે સીતાને દુષ્ટ રાવણના પંઝામાંથી મુક્ત કરવા આવેલા રામ હતા? શું તે ચંદ્રીકાના પતિ ચંદ્ર હતા? ના, ના, એ તો આ પૃથ્વી પર ઉત્પન્ન થયેલા એક વીરનર હતા. પરંતુ તેમની બહાદુરી, વીરતા અને વિવેકભરી ભાષામાં હું અભાગણી નામ-ઠામ પૂછવું જ ભૂલી ગઇ, મારા જેવી અક્કલ વગરની કોણ હશે? મેં હાથમાં આવેલું રત્ન નામ-ઠામ જાણ્યા વગર જવા દીધું. તેઓ કોણ હશે, તેમના માતા-પિતા કોણ હશે. તેઓ રાજવંશી છે એમ કહેતાં તો હતા. તે મને મુક્ત કરવા મારી પાછળ આવતા હતા પણ તેઓ કયા રસ્તે ગયા હશે. હે ઈશ્વર! તેમનો મેળાપ હવે ફરી નહિ થાય? દેવસેના ગમગીન બની ગઈ છે.

હે દાસી! શું તું મારા પ્રાણનાથને નહિ શોધી લાવે? તું ગમે તેમ કર પણ એ મહાપુરૂષનો પત્તો મને મેળવી આપ. તેમના વગર મને ઘડી પણ ચેન પડતું નથી. હે દાસી! મને અભાગણીને મારા પ્રાણેશનો મેળાપ ફરી થશે નહિ? મને તેમનો વિયોગ એક પળ પણ સહેવાતો નથી. દેવસેનાએ દાસીને પૂછ્યું.

લોભાવી નાંખી મોહમાં, પિયુ હાય! ક્યાં ગયા,
મંદ મંદ પવન ફુંકી, પ્યારા હાય! ક્યાં ગયા. ૧
મીન બિચારી જળ વિના, વાટ જોતી રહી ગઈ,
પ્રિય પંખી મ્હારા, પાંખો કરી ઉડી શું ગયા. ૨
પોપટ તારૂ પિંજરૂ, આ કાયા કંચનમાં જડયું,
મેના પર નાંખી મોહ દોરી, પ્રાણ હાય! ક્યાં ગયા. ૩

શું કુમારિકા! તમને આવું બોલવું ઘટે ખરૂં! હજુ તો તમારા લગ્ન થયા નથી, તમે તેમનું નામ-ઠામ-ગોત્ર પણ જાણતાં નથી. પ્રિય કુંવરી તેમની કાંઇ પણ નિશાની આપો તો હું તેમની તપાસ કરૂં અને તમારી અભિલાષા પુરી કરૂં. દાસીએ કહ્યું.

શું નિશાની આપું ? દેવસેનાએ પૂછ્યું.

દાસી! જો તો ખરી કે પદમાવતી અને યોગી પણ શી રકઝક કરે છે? જા તેને અહીં બોલાવી લાવ. અને પેલા યોગીને પણ અહીં આવવાનું આમંત્રણ આપજે કારણ કે તે જંગલવાસીને જંગલમાં જનારાઓનું વધારે જ્ઞાન હોય ? કદાચ યોગીથી મારા પ્રાણેશનો પત્તો લાગે. માટે તું જલ્દી જા અને અહીં બોલાવી લાવ. દેવસેનાએ કહ્યું.

જેવી આજ્ઞા! એમ કહી દાસી ચાલી ગઈ.

જેથી દેવસેના એકલી પડી અને વિચાર કરવા લાગી કે-અરેરે! રાજકુમારે મને એકલી મૂકી, પરહરી, દુ:ખી કરી પણ કદાચ એ યોગીરાજ મારા વ્હાલાના સમાચાર આપી મારા મનને શાંત્વન આપે તો કેવું સારૂં! આમ વિચારો કરે છે ત્યાં તો પદમાવતી અને યોગી બંને આવી પહોંચે છે.

બેન પદમાવતી! આવ, આવ, મહારા સુખ-દુ:ખમાં સહાય કરનારી આમ આવ. પધારો! યોગેશ્વર! મારા સવિનય વંદન અંગીકાર કરશો. (યોગીરાજ તથા પદમાવતી આપેલા આસન પર બિરાજમાન થયા.)

બેન! તું આ યોગીરાજ સાથે શી વાત કરતી હતી? દેવસેનાએ પૂછ્યું.

બ્હેન! આ યોગી નથી પણ કોઈ યોગીના વેષમાં પાપાત્મા-શયતાન છે. તેમને બીભત્સ શબ્દો બોલી મને અપમાનીત કરી છે. અને કહે છે કે-" તું વીર પ્રધાનપુત્ર લાલસિંહની ધર્મપત્ની થઈશ. શું પ્રાણાન્તે આ પદમાવતી શત્રુના પુત્રને પરણશે? ના, ના, એમ બને જ નહિ. પદમાવતીએ જણાવ્યું.

યોગીરાજ! આપને આમ યુવાવસ્થામાં યોગ લેવાની શી જરૂર પડી? આપના માતા–પિતા કોણ છે? આપનું ગોત્ર શું છે. વિગેરે હકીકતનો ખૂલાસો કરી આ રંક અબળા ઉપર ઉપકાર કરશો. દેવસેનાએ પ્રશ્નો પૂછ્યા.

હે બાળા! કુદરતના કર્મોને અનુસરી હું યોગી થયો છું. યોગીએ જવાબ આપ્યો.

તમારા બોલવામાં કાંઈક રહસ્ય છૂપાયેલું હોવું જોઇએ. (યોગીની આંગળીમાં વીંટી દેખી) તમો ત્યાગીને વળી આ વીંટી કેવી? મને આશા છે કે આપ એ વીંટી મને જોવા માટે આપશો. દેવસેના બોલી

હે રાજકુંવરી! તમો ભૂલો છો (વીંટી યોગીએ સંતાડી દીધી) એ તો ફક્ત હાથે દુઃખ થતું હતું તેથી કોઈ ઉપકારી પુરૂષે આ ઔષધરૂપી વાળો નાંખ્યો છે. તેને તમારે જોવાની શી જરૂર છે? યોગીએ જણાવ્યું.

જે વીંટી હું જોઈ રહી છું તે જો એ પ્રમાણે હોય તો મને બતાવવી પડશે. તમે વાળો કહો છો પણ તેની અંદર તો એક મનુષ્યની આકૃતિ માલુમ પડે છે. તે માણસને જો હું ન ભુલતી હોઉં તો તે મારા પ્રાણેશ છે. માટે મને તલસાવી દુઃખી ન કરતાં કૃપા કરી સત્વર વીંટી જોવા આપો. દેવસેનાએ માંગણી કરતાં કહ્યું.

બાળા! તમારે આવા ઘેલા વચન કાઢવાં યોગ્ય નથી. યોગીએ જણાવ્યું.

તમારે આપવીજ પડશે દેવસેનાએ હઠીલાઈપૂર્વક કહ્યું.

હું એક શરતે આપું.

કઈ શરતે?

ફક્ત પાછી આપવાનીજ શરતે.

ભલે! હું સોગનપૂર્વક કહું છું કે તે વીંટી જોઈને તમને તરતજ પાછી આપીશ દેવસેનાએ સોગન ખાતાં કહ્યું.

જ્યારે દેવસેનાએ પાછી આપવા સોગન ખાધાં ત્યારે જ યોગીએ એ વીંટી દેવસેનાને જોવા માટે આપી. દેવસેના એ જોતાં જ ચમકી ગઈ અને એકદમ આશ્ચર્ય પામતાં બોલી કેઃ–" આ તો જે પુરૂષની હું ઝંખના કરૂં છું તેજ. જેને મેં મારા પ્રાણેશ માન્યા છે, જેને મેં મારૂ તન, મન, ધન અને સર્વસ્વ સમર્પણ કર્યું છે તેજ મારા હૈયાના હારની આ વીંટી છે, આમ બોલતા તે મોહના આવેશમાં આવી જઈ વીંટીને ચુંબન લે છે.

આ પ્રમાણે દેવસેનાને જોતાં પદ્મમાવતી કહે છે કે–બેન ! આ તું શું કરે છે? તું શું આમ ઘેલા વચન વદે છે, તારા પતિ ક્યાં છે. આ તો વીંટી છે. તે વીંટી ઉપર તને આવું કરવું ગમે છે? જરા યોગીની તો શરમ રાખ!

યોગીરાજ! મને માફ કરજો. હું પતિ વિયોગીથી ઘેલી બની ગઈ છું. જેથી જ મારા મગજનું સમતોલપણું નથી. પદ્મમાવતી! જોને આ વીંટી? કેવી શોભા આપે છે. યોગીરાજ! વિયોગીનું દુઃખ વિયોગી જ જાણે અને દુઃખીની વાત દુઃખી જ જાણે. કેમ ખરૂં ને? યોગી તરફ ફરતાં દેવસેના બોલી.

હે બાળા! તેનો મને સઘળો અનુભવ છે. તેથી મને આશ્ચર્ય લાગતું નથી. હું પણ ભગવા વેષે એકવિયોગી જ છું. જેના વિયોગે મારે યોગ ધારણ કરવો પડ્યો છે. તેજ વિયોગે તમને પણ ગાંડા બનાવ્યા છે. યોગીરાજે કહ્યું.

એટલે? દેવસેનાએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

તમે પણ વિરહી છો હું પણ વિરહી છું. યોગીએ જણાવ્યું.

તમે આ વીંટીના માલીક નથી ત્યારે તો તમે જરૂર આ વીંટીના માલીકને જાણતા-પીછાણતા હશો. તમે મારા પ્રાણેશને જરૂર ઓળખતા જ હશો.

પીછાણું છું પણ સાધારણ જ.

તમે તેમના મિત્ર તો નથી ને ? તેમની સાથે જંગલમાં હતા તે.

ના, ના, તે તો હું નહીં, પણ યોગી વેષે તેમને હું મળેલો ત્યારે મારૂં દુ:ખ ઓછું કરવા આ વીંટી મને આપી હતી.

આ વીંટી પહેરનાર ભાગ્યશાળીના કુળ અને ગોત્રનું વર્ણન કરી મારી તૃષાને છીપાવશો ?

બાળા ! તમારે તેની શી જરૂર છે ? યોગીએ પ્રશ્ન પૂછ્યો.

તમે અનુભવી છો છતાં પણ મને તેનું કારણ પૂછો છો ? દેવસેનાએ જવાબ આપ્યો.

બાળા ! અધીરા ન થાવ, હું જે કહું તે સાંભળો. રાજકુમારી ! આ વીંટીનો માલીક બીજો કોઈ નથી પણ પાટલીપુત્ર નગરના વિરભદ્રસિંહ રાજાનો પુત્ર વીર દેવકુમાર જ છે.

બંધ કરો તમારી જબાન. અસત્ય છે. વીરસુત કદી પણ મારી સખીનો મિત્ર થઈ શકે જ નહિ. તે તો અમારો કટ્ટો દુશ્મન છે ! દેવકુમારનું નામ સાંભળતાં જ પદમાવતી બોલી ઉઠી.

બાળા ! ભલે તમને એ દુશ્મન લાગતો હોય પણ તે તમારા રાજનો સ્નેહી થઈ ચુક્યો છે. તેવા સજ્જન પુરૂષની નિંદા કરવી તે તમારા જેવી સુશીલ બાળાઓનું કામ નથી. યોગી બોલ્યા.

શું એ સાચી વાત છે ? દેવસેનાએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

અમારે ત્યાગીને અસત્ય બોલવાનું શું કારણ !

શું જેણે મારા પિતાને કેદ કરી અપમાનીત કર્યાં હતા તે દુશ્મનની હું પત્ની બનીશ? દેવસેનાએ પૂછ્યું.

કુમારી શાંત થાઓ ! તેમાં તમારા પિતાનો વાંક-ગુન્હો હતો. કયો ક્ષત્રિય પોતાનું વૈર ન લે ? પોતાના સ્નેહી-ભ્રાતાનું મૃત્યુ સાંભળી દેવકુમાર એકદમ ઉછળ્યો અને તમારા પિતાશ્રીનો પરાજય કરી પોતાની કીર્ત્તિ અમર કરી છે. એવા બહાદુર પતિની નિંદા કરવી એ તમને શોભે ખરી? યોગીએ પ્રશ્ન પૂછ્યો.

ત્યારે શું એજ મારા પતિ થશે? દેવસેનાએ પૂછ્યું.

જો હું ન ભૂલતો હોઉં તો એજ તમારા પતિ થશે. યોગીએ જણાવ્યું.

યોગીરાજ ! તેઓ વિજયી છતાં વનવાસ કેમ ધારણ કર્યો હતો તે મને કહેશો ? દેવસેનાએ પૂછ્યું.

આ પ્રશ્ન સાંભળી યોગીએ સમાધી ચડાવી અને થોડીવાર પછી જાણે પોતે સમાધીથી ન જાણ્યું હોય તેવી રીતે કહેવા લાગ્યા કેઃ– સાંભળો, બાળા ! તેમની અપરમાતાએ તેમના ઉપર તેમના મોટાભાઈ કેશવસિંહના ખુનનો આરોપ મુકી. રાજાના કાન ભંભેર્યાં જેથી રાજાએ ક્રોધાવેષમાં દેવકુમારને પોતાના રાજ્યની હદ છોડી ચાલ્યા જવા ફરમાન કર્યું. એટલે પિતાના વચનનું પાલન કરવા ખાતર અને “જ્યાં સુધી આવેલો આરોપ સિદ્ધ ન થાય ત્યાં સુધી પોતે વનવાસ ભોગવવો એમ નક્કી કરી” ચાલી નીકળ્યા. યોગીએ જણાવ્યું.

પૂજ્ય યોગીરાજ ! આ સિવાય વધુ ખુલાસો મારા પતિનો કરશો તો આપનો મોટો ઉપકાર માનીશ. હાલમાં તેઓ ક્યાં અને કઈ સ્થિતિમાં હશે ? દેવસેનાએ પૂછ્યું.

તેથી યોગીએ પાછી સમાધી ચઢાવી અને થોડીવાર પછી કહેવા લાગ્યા કેઃ–તમારો પતિ તમને શોધવા તમારી પાછળ આવ્યો પણ તે મિત્ર અને પત્નીના આક્રંદમાં રસ્તો ભૂલી આડા રસ્તે ચડી ગયો હતો જ્યાંથી તમારા જ રાજસેવકોએ તેને પકડી બન્દીવાન બનાવી તમારા કારાગ્રહમાં કેદ કર્યો છે તેથી તે પીડાય છે, હજુ જો તે પોતાનું નામ છુપાવશે તો બચશે. નહીંતર તો દ્વેષ–બુદ્ધિથી તમારો પિતા તેને દુશ્મન ધારી મારી નાંખશે. લાલસિંહ યોગીના વેષમાં બધો ખુલાસો કરવા લાગ્યો.

મારા જીવનદાતા! તમે અત્રે અહીં રહી મારા પતિનો મેળાપ થાય તેવો કંઈપણ રસ્તો બતાવો! તમારા માટે હું મારા પિતાશ્રીની અનુમતિ મંગાવીશ. અને તમે સુખેથી અહીં નિવાસ કરો. દેવસેનાએ આગ્રહ કર્યો.

( સ્વગત ) જો આપણે અત્રે રહીએ અને વસ્તુ જાહેર પડી જાય તો એકના બદલે બંને જણ ફસાઈ જઈએ. માટે અહીં રહેવું વ્યાજબી નથી. ( પ્રકાશ ) અમો યોગી લોકોને જંગલ કે નદીના ત્રટ ઉપર જ આનંદ આવે. માટે હું તો નદીના ત્રટ ઉપર જ રહીશ અને તમારા મનને શાન્તવન આપવા બે ઘડી દરરોજ આવતો રહીશ. બાળા! સાંભળો, આવતી કાલે રાત્રે તમારે પુરૂષના વેષમાં તૈયાર થઈ રહેવું. દેવકુમારવાળા કારાગ્રહમાં હું તમને લઈ જઈશ. તો તમે તૈયાર થઈને રહેશો. હવે હું રજા લઈશ એમ કહેતાં યોગી મહારાજ પોતાના સ્થાન તરફ ચાલ્યા ગયા.

વાંચકવર્ગ! તમો તો જાણો છો કે યોગીના વેષમાં લાલસિંહ જ હતો. તેના ગયા પછી દેવસેના પોતાના આત્માને અનેરો આનંદ માનતી માનતી પદમાવતી પાસે આવી કહેવા લાગી કેઃ–“બેન! આતો કોઈ અબધૂત યોગી છે. એણે ભવિષ્યવાણી પણ એવી કહી

કે જે સાંભળી હું તો સાવ સ્તબ્ધ બની જ ગઈ. ખરેખર! તે કોઈ ઉચ્ચ કોટીનો મહાત્મા જ હશે. મને ખાત્રી છે કે તેનાથી જ મારૂં બધું કામ પાર પડશે.”

ભલે તને વિશ્વાસ હોય! પણ હું તો લાલસિંહને પરણવાની નથી જ. પદ્માવતીએ કહ્યું.

સખી! વિચાર કર, જેને મેં મારો કર્યો તે દેવકુમાર હશે એમ શું હું ધારતી હતી? પણ જ્યાં ભાવીની કોઈ અજબ કૃત્તિ હોય તો માનવી શું કરી શકે? તેથી મને તે યોગીનું કહેવું અક્ષરેઅક્ષર સત્ય જણાય છે. દેવસેનાએ કહ્યું.

## પ્રકરણ પંદરમું

### પ્રવિણસિંહનો કારાવાસ.

ભાવી તણી શું કૃતિ, જેના અજબ કોઈ ખેલ છે,
એક વખતનો શૂરવીર યોદ્ધો, આજે જુઓને જેલ છે.

**દેવકુમાર** મોહનપુરીના કારાવાસમાં બન્ધીવાન તરીકે પુરાયો છે. જ્યાં હવા ઉજાસનું નામ નથી, પવન આવવા માટે એક પણ જારી કે બારી નથી. હે પ્રભુ ! શું જગતનું બધુ દુઃખ મારા ઉપર લાવી મુકયું ? શું સત્ય અને નીતિના પંથે ચાલનારની આ દશા થાય છે ? શું જ્ઞાનીઓએ આટલા માટે જ સંસારને અસાર વર્ણવ્યો હશે ? જગતમાં પોતાના પાપીસ્વાર્થને ખાતર માતા પુત્રથી બદલાઈ જાય, પિતા પત્નીથી બદલાઈ જાય. અહા ! હા ! ! હા ! ! ! વાહ ! જગત તારી પણ કોઈ અજબ લીલા છે.

મારો મિત્ર પણ મારી શોધમાં ફરતો હશે, તે પણ મારા માટે કેટલો દુઃખી થાય છે. શું પ્રિય દેવસેના હવે નહીં મળે ? હું કોની જેલમાં છું ? આ નગર કોનું છે ? આ નગરનો રાજા

કોણ હશે? આમ અનેક જાતના તર્કવિતર્કો કરતો કરતો બિચારો દેવકુમાર ફૂટેલા નસીબ ઉપર કપાળે હાથ દઈ નિરાશ વદને બેઠો છે. શું વિધિ આવી ક્રુર હશે? રામ જેવાને પણ વનવાસ ભોગવવો પડયો, પાંડવો જેવાઓને ગુપ્તવાસ સ્હેવો પડયો, હરિશ્ચંદ્ર જેવાને પણ ભંગીને ઘેર મજુરી કરવી પડી. ધન્ય છે! વિધાતા તારી ક્રુરતા અને નિષ્ઠુરતાને! શું કરૂં! લાચાર છું. "પાંજરે પુરાએલો સિંહ બિચારો શું કરે!" દેવકુમાર આમ વિચારો કરે છે.

"બિચારો શું કરે." દેવસેના સંતાઈને જ બોલી.

આ સાંભળી દેવકુમાર એકદમ ચમકે છે કેઃ—માણસનો અવાજ અહીં કયાંથી? ના, ના, એ તો ભણકારા લાગે છે. દેવકુમાર બબડયો.

હા, હા, એ તો ભણકારો જ લાગે.

અરે! આ કોણ બોલે છે. શું મને દુઃખીને વધારે દુઃખ કરવા માગે છે? શું મરેલાને મારવા માગે છે? જો આ વખતે મને મારી પ્રિયા અને મિત્ર મળે તો કેવું સુખ થાય?

કેટલું સુખ થાય?

આ સાંભળી દેવકુમાર આકુળ વ્યાકુળ બની ફરવા લાગ્યો. પરમાત્મા! આ ગેબી શબ્દો બોલનારને મારી પ્રત્યક્ષ આવવા માટે રાજમતિ આપ, અને મને આ કારાગ્રહમાંથી મૂક્ત કર. દેવકુમાર બોલ્યો.

હવે દેવસેના પુરૂષના વેષમાં સજ્જ થઈ દેવકુમાર સામે આવી અને કહેવા લાગી કે:—"દુશ્મનના પંઝામાં કેદ પડી આમ નિરાશ થતાં ઘણી સારી રીતે આવડે છે. વાહરે! વાહ! મારા રણશૂરા લડવૈયા, આટલી જ તમારી હિંમત અને બહાદુરી? દુશ્મનના રાજ્યમાં કેદ પડી દુશ્મનની કન્યાનો ત્યાગ કરવો તેમાં દુઃખ પામો પછી ભગવાન શું કરે? ભગવાન એવો કયાં નવરો બેઠો છે કે તે સુખની નિંદ્રા ત્યાગી તમને બચાવવા આવે.

આ સાંભળી દેવકુમાર એકદમ ચમક્યો અને બોલવા લાગ્યો કે: અરે! શું આ દુશ્મનનો દેશ? અરે! મારી પ્રિયાના પિતાનું રાજ્ય, હું અહીં શી રીતે આવ્યો. હે અદ્રષ્યજન! આ દુ:ખી થતાં મનુષ્યને દુ:ખમાંથી મૂક્ત કરો દેવકુમારે કહ્યું.

આથી દેવસેનાએ બારણું ખોલી નાંખ્યું અને જેવા દેવકુમાર બહાર નીકળે છે કે તરત જ સ્વામી! આપને વંદન કરૂં છું.

પ્રિય કહી વંદન કરનાર તમો કોણ છો? દેવકુમારે પૂછ્યું.

**विरपुत्र! आयुष्य मान भव**: લાલસિંહે યોગીના વેશમાં કહ્યું.

આપ કોણ છો તે જરા નિવેદન કરવા કૃપા કરશો? દેવકુમારે પૂછ્યું.

વાહરે! મારા દેવ, શું પોતાના અંગને એટલામાં ભૂલ્યા, પ્રેમ તો આવોજ રાખજો, પ્રેમ વેચી પાછો લઈ માગજો દેવસેના કટાક્ષ કરતાં બોલી.

કોણ, મારી પ્રિયા દેવસેના? દેવકુમારે આશ્ચર્ય પામી પૂછ્યું.

હા પ્રાણેશ, તમારી વ્હાલી દેવસેના આપની આગળ પ્રેમયાચના કરતી વંદન કરે છે. આવી મિષ્ટ મધુરી ભાષા સાંભળી પ્રેમના આ-વેશમાં આવી જઈ દેવકુમાર આલીંગન કરવા જાય છે ત્યાં દેવસેના કહે છે કે:– હાં હાં યોગીરાજ ઉભા છે. એ સાંભળી દેવકુમાર પૂછે છે કે પ્રિયા એ મહાપુરૂષ કોણ છે?

પ્રાણેશ! એ તો મારો અને તમારો મેળાપ કરાવનાર મહા પુરૂષ છે તેમનો ઉપકાર ભૂલાય તેમ નથી. તે યોગીરાજ તમારા માટે તેમજ તમારા કુટુંબ માટે પોતાનો પ્રાણ આપવા તૈયાર છે. દેવસેના ઓળખાણ કરતાં બોલી.

યોગીજી! આટલો બધો ઉપકાર કરવાનું કારણ સમજાવશો? દેવકુમારે પૂછ્યું.

વખત આવે સર્વ સમજાશે. આજે તમારા બધાના મેળાપથી એટલો બધો આનંદ થયો છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. યોગીરાજ બોલ્યા.

પ્રાણેશ! આ આણેલું ભોજન જમ્યા પછી ખુલાસો કરશો! જેથી દેવકુમાર ભોજન જમવા લાગ્યો. જ્યારે ભોજન જમી રહ્યા ત્યારે દેવસેના યોગીરાજનો ખુલાસો કરતી કહેવા લાગી.

પ્રાણેશ! તેઓ તો બધાને 'આગળ ઉપર જણાશે' એમજ કહે છે. પોતે પોતાનું વર્ણન કંઇ પણ કહેતાજ નથી તેમજ તમારી તથા તમારા કુટુંબની એટલી બધી લાગણી છે કે જાણે જો કંઈ પણ નીંદા સાંભળતાં જ ગુસ્સાના આવેશમાં આવી જાય છે. તેઓ ત્યાગી–યોગી છે. તેમજ વીર સાહસીક છે વળી ક્ષત્રિયને શોભાવે તેવા લડવૈયા પણ છે. જ્યારે મેં આપની મુલાકાત લેવા નક્કી કર્યું ત્યારે કારાગ્રહની આગળ પાછળ સેંકડો પહેરેગીરો હોવાથી આવવાનું ઘણુંજ મુશ્કેલ હતું. પરંતુ યોગીરાજે પોતાની બહાદુરીથી દરેક જણને તાબે કરી ભૂ શય્યા કરી આપણી મુલાકાતનો રસ્તો સરળ બનાવ્યો. એમનું પરાક્રમ જ એમ બતાવે છે કે તે કોઈ ક્ષત્રિયને શરમાવે તેવા શુરવીર અને રણવીર છે. તે અમારા નગરમાં ત્રિકાળજ્ઞાની તરીકે ઓળખાય છે. તે આપણા દેશની તેમજ આપના સગાં-સહોદરના માટે ઘણીજ મમતાભરી વાતો કરીને મનમાં ગૌરવ ધરે છે. દેવસેનાએ ખુલાસો કરવા માંડ્યો.

આ સાંભળી દેવકુમારને પોતાનો મિત્ર લાલસિંહ યાદ આવ્યો જેથી તે યોગીરાજને પુછે છે કે: યોગીજી! શું મારો મિત્ર ક્રૂર નથી? તેને મારો વિયોગ સહન થાય છે?

તે બીલકુલ ક્રૂર નથી, તે પોતાના મિત્રના માટે સર્વસ્વ અર્પણ કરે એવોછે. વળી તે તમને મનથી અને તનથી મળે છે

અને હંમેશા પોતાથી બનતી મદદ કરે છે. કુમારશ્રી! હવે તમને છોડાવવા તમારી ભવિષ્યની પ્રિયાની હિંમત ઉપર આધાર છે. યોગીરાજે ખુલાસો કર્યો

હું ભવિષ્યની છું એમ નહિં પણ વર્તમાનમાં તેમને શીર-છત્ર માનું છું અને તેઓના માટે તમે જે કહેશો તે કરીશ તેમાં આપ જરા પણ શંકા લાવશો નહીં. તો આપ મને એવો રસ્તો બતાવો કે જેથી હું તેમને છોડાવી મારો પત્ની તરીકેનો ધર્મ બજાવી જગતમાં ઉજ્જવલ કીર્ત્તિ પ્રાપ્ત કરૂં. દેવસેના એ મક્કમતા પૂર્વક કહ્યું.

" તો તમે આજેજ તમારી માતુશ્રીને કહી તમારો સ્વયંવર કરાવવા આગ્રહ કરો અને સ્વયંવરમાં તમારા મન માનતાને વરમાળ આરોપો " જો સ્વયંવર થશે તો પાટલીપુત્ર નગરમાં પણ રાજાને આમંત્રણ જશેજ એટલે તમને બધી બાબતે અનુકુળ થઈ પડશે. યોગીરાજ ઘણી શાન્તિ પૂર્વક પોતાને કોઈ પિછાણે નહીં તેમ ડાવકુ મોં રાખી બોલ્યા.

યોગીરાજ! તમે ઘણીજ સારી યુકિત બતાવી. હું આજ ને આજ મારી માતુશ્રી ને સમજાવી નક્કી કરી લઈશ. દેવસેના આનંદના આવેશમાં આવી ગઈ અને એકદમ ત્યાંથી દોડી જાય છે.

યોગીરાજ! તમારો બદલો હું કેવી રીતે વાળી શકીશ? દેવકુમારે કહ્યું.

કામ કરનાર માણસ કદી બદલાની આશા રાખતો–સેવતો નથી. એમ કહી યોગીરાજ પણ પોતાના મુકામ તરફ ચાલ્યા જાય છે.

## પ્રકરણ સોળમું.

### મોહનપુરી પ્રવિણસિંહનો રાજમહેલ.

**આજે** પ્રવિણસિંહ અતિ: આનંદીત જણાય છે.

પ્રિયા! આવો, કેમ! આજે તમે આમ ગમગીન દશામાં દેખાઓ છો? શા કારણથી તમારો આત્મા વિચારના મોજામાં ઉછળી રહ્યો છે. રાજાએ પૂછ્યું.

આપણા વડીલોના પુણ્યથી આજે મારી દીકરી પુનર્જીવન પામી તે શું ઓછા હર્ષની વાત છે? અને તે કુંવરીને હેરાન કરનાર મળ્યો કે નહિ તેના વિચારમાં જ ગમગીન છું. બાકી તો કાંઈ ચિંતા નથી. રૂપસુંદરી રાણીએ કહ્યું.

તેમાં વિચાર કરવાની વાત ક્યાં છે, તે દુષ્ટ જંગલમાં ભટકતો પકડાયો છે અને આપના જેલખાનાની હવા ખાય છે. રાજાએ ઉમળકાથી કહ્યું.

વ્હાલા! મારી કુંવરીના હરનાર–ચોરને જોવાની મારી ઈચ્છા છે તો તે ચોર મને બતાવશો? રાણીએ પૂછ્યું.

હા, શા માટે નહિ! રાજાએ આશ્ચર્યથી જવાબ આપ્યો.

કોણ છે હાજર! રાજા બોલ્યા.

નામદાર! હાજર છું, ફરમાવો. એક અનુચર આવતા આવતા બોલ્યો.

જા! પેલા કેદીને સત્વર મારી પાસે હાજર કર. રાજાએ હુકમ કર્યો.

માતુશ્રી! તે દુષ્ટે તો મને ઘણું દુઃખ આપ્યું છે દેવસેનાએ કહ્યું.

હવે તે ચોરના શું હાલ થાય છે તે તો જો. રાજા બોલ્યા.

નામદાર! કેદી હાજર છે. અનુચરે કેદીને હાજર કરતા કહ્યું.

બોલ, તું કોણ છે? તારો દેશ કયો? રાજાએ કેદી (દેવકુમાર) ને પૂછ્યું.

હું એક રાજકુમાર છું. મૃત્યુલોક મારો દેશ છે. અને પરમેશ્વર મારા પિતા છે. દેવકુમારે નિડરતાથી જવાબ આપ્યો.

તેં મારી પુત્રીનું હરણ કેમ કર્યું? રાજાએ પૂછ્યું.

મેં તમારી કુંવરીનું હરણ કર્યું નથી પણ હવે કરીશ. દેવકુમારે મક્કમતાપૂર્વક નિડર જવાબ આપ્યો.

અરે! દુષ્ટ, તને ખબર છે કે તું કોની સાથે વાત કરે છે? રાજા એકદમ ગુસ્સામાં ત્રાડ પાડી ઉઠયા.

હા, તે હું બરાબર સમજુ છું. એક વખતના મારા હાથે પકડાયેલા કેદીની સાથે, મારા વેરી–દુશ્મનની સાથે, પણ તે સાથે હું એટલું સત્ય કહું છું કે "તમારી કુંવરીનો હું ચોર નથી." દેવકુમારે છાતી કાઢી જવાબ આપ્યો.

શું તમે મારા ચોર નથી ? તમે મારૂ સર્વસ્વ ચોરી લીધું નથી ? દેવસેના વચ્ચમાંજ બોલી ઉઠી.

શું તમે મારા ચોર નથી ? તમે શા માટે મને કારાગ્રહમાં પુર્યો છે ? દેવકુમારે પૂછ્યું.

તમે મને પરણવાની હઠ લેતા હતા તેથી જ. દેવસેનાએ જણાવ્યું.

તમે લેતા હતા કે હું ? કુમારીકા, તમને જ પરણીશ. તમેજ મારા પત્ની રૂપે શોભશો. અને તમે જ મારા પત્ની થવાને લાયક છો કારણ કે ક્ષત્રિયને કોઇ ફસાવનાર નથી, ભલે સિંહ પાંજરે પૂરાયો છતાં સિંહ તે સિંહ જ છે. મોતની સાથે ખેલ ખેલવા એ તો ક્ષત્રિયનો ધર્મ છે. દેવકુમારે જણાવ્યું.

અરે ! દુષ્ટ લબાડ ચોર, તું શું બકી રહ્યો છે ? તને અહીં ફાંસીના લાકડે લટકાવી સ્વધામ પહોંચાડી દઉં છું. રાજા ક્રોધમાં આવી જઈ બોલ્યા.

તે કાંઈ તમારા હાથની બાજી નથી, જ્યાં નીતિ અને સંયમ છે ત્યાં કોઈપણ વ્યક્તિની તાકાત નથી કે તેનો વાંકો વાળ કરી શકે. જ્યારે આપ મને શિક્ષા કરશો ત્યારે તમારા કુટુંબમાંજ કલેશ જાગશે અને તમારી પુત્રીજ શ્રાપથી રંડાશે જેથી તમો જીવતા મૂઆ જેવા ગણાશો. દેવકુમાર બોલ્યો.

કોણ છે હાજર ! રાજા બોલ્યા.

અન્નદાતા ! શી આજ્ઞા છે. એક અનુચરે આવી પૂછ્યું.

જાઓ ! આ નરાધમને એકદમ યમદ્વાર પહોંચાડી દો ? રાજાએ હુકમ કર્યો.

ખબરદાર! જો કોઈ નજીક આવ્યું તો તેના સો એ સો વર્ષ પુરા જ થઇ ગયા સમજજો. દેવકુમાર એકદમ તાડુકી ઉઠયો.

હોય વ્હાલો પ્રાણ તો, નજીક કોઈ આવશો નહિ,
સિંહ સામે શિયાળવા, કોઈ રીતથી ફાવશો નહિ,
મારવો કે બચાવવો, તે તો પ્રભુના હાથ છે,
સાચો ક્ષત્રિય એજ કે, જ્યાં સત્ય નીતિ સાથ છે.

દેવકુમાર આમ બોલી રહ્યો છે. પણ રાજાથી તે સહન ન થઈ શકવાથી એકદમ અહીંથી લઈ જવા અને ફાંસીને માંચડે લટકાવી દેવા હુકમ આપે છે. તે સાંભળી દેવસેના બોલી કેઃ—

પરમપૂજ્ય પિતાશ્રી! આ તમારી લાડકવાયી દીકરીની વિનંતી ધ્યાનમાં રાખો! જ્યાં સુધી મારો સ્વયંવર ન થાય અને જ્યાં સુધી તેની સમક્ષ હું ન પરણું ત્યાં સુધી એને જીવતો રાખો કારણ કે એની સમક્ષ હું જ્યારે પરણું ત્યારે તે સુકાઈ બળ્યા કરે. માટે આપને મારો સ્વયંવર થતાં સુધી એ કેદીને જીવતો રાખવા મારી વિનંતિ છે. દેવસેનાએ કહ્યું.

પુત્રી! તું આજે તારા પિતાના હુકમથી વિરૂદ્ધ જાય છે? રાજા ગુસ્સે થઇ બોલ્યા.

તમે એને શિક્ષા કરશો નહિ એમ એ કયાં કહે છે? પણ થોડા દિવસ પછી એ કાર્ય તો કરવાનું જ છે, માટે મારી દીકરીના વચનનું એક વખત તો માન્ય રાખો! રાણી રૂપસુંદરીએ જવાબ આપ્યો.

જા, દુષ્ટ! તારૂં કાળું કર. આજે મારી દીકરીના કહેવાથી જ તને થોડા દિવસનું જીવન અર્પણ કરૂં છું. ત્યાં સુધી તારા ઈશ્વરની પ્રાર્થના વિગેરે કરવી હોય તે કરી લે. રાજા દેવકુમારને કહેવા લાગ્યા.

હજી તો મારૂં આયુષ્ય ઘણું લાંબું છે. **'જેને પ્રભુ રાખે તેને કોણ ચાખે.–અણી ચુકયો સો વર્ષ જીવે'** દેવકુમાર જતા જતા બોલ્યો.

પહેરેગીરો દેવકુમારને કારાગ્રહમાં લઈ ગયા એટલે રાજા અને રાણી બેઉ જણા દીકરીના સ્વયંવરની તૈયારી કરવા લાગ્યા. દેશો દેશના રાજા–મહારાજાઓને આમંત્રણ મોકલવા વિગેરે સ્વયંવરની તૈયારી કરવાના કાર્યમાં ગુંથાયા.

# પ્રકરણ સત્તરમું.

## સ્વયંવર-મંડપ.

**જ્યારે** સંસારના અવનવા બનાવોથી મનુષ્યનું જીવન ઘડાઈ મજબૂત થાય છે ત્યારે જ તેને પોતાના જીવનનો અનુભવ થાય છે. દેવકુમારના કર્મની વિચિત્ર ઘટના પોતાના જીવનમાં પસાર થઈ રહી છે. શાસ્ત્રકાર કહે છે કેઃ-" જો ભગવાને ભાખેલો ધર્મ, શિયળ, દયા તથા દાન એ ચારે વસ્તુથી બરાબર સમજી મનુષ્ય પોતાના જીવનમાં ઉતારે તો પ્રાયે કરીને મનુષ્ય ભવિષ્યમાં ઉંચ કોટીની પદવીએ પામી પોતાનું જીવ્યું ધન્ય-સફળ કરે છે." તેવી રીતે આજે મોહનપુરી નગરીમાં અનેક જાતની ધામધુમ અને આસો-પાલવના તોરણો બંધાઈ ગયા છે. જ્યાં જુઓ ત્યાં રાગરાગાદી, વાજીંત્રોના મધુરા સૂર ગુંજી રહ્યા છે. વળી નગરના નર-નારીઓ આજે કોઈ અનેરા ઉત્સાહમાં આવી આનંદ લઈ રહ્યાં છે. અનેક દેશોદેશના રાજા-મહારાજાઓ નગરની શોભામાં વધારો કરવા આવી પહોંચ્યા છે.

જ્યાં જુઓ ત્યાં આનંદની હેલી જામી રહી છે. દુઃખ જેવી વસ્તુનું નામનિશાન જણાતું નથી. આજે ચારે તરફ ધામધુમ સિવાય

બીજું કાંઇ નજરે પડતું નથી. કારણ કે આજે મોહનપુરી નગરના રાજાની કુંવરી દેવસેનાનો સ્વયંવર થવાનો છે.

દેવસેના મહાચારિત્રશાળી, ચોસઠ કળાની જાણ અને ઘણી જ સ્વરૂપવાન હોવાથી દરેક રાજા-મહારાજાઓ તેની સાથે વરવાની (પરણવાની) અભિલાષા ધરાવી રહ્યા છે. પણ ભાવિ કયાં જશે અથવા કયા ભાગ્યશાળીને એ મહામાયા વરમાળા આરોપશે? એ તો જ્ઞાનીનેખબર.

રાજાએ પોતાનો મહેલ તથા સભામંડપ ઘણોજ સુશોભીત રીતે શણગારી મંડપની શોભામાં ઓર વધારો કર્યો છે. આલીશાન ગાલીચા, જરીયાન બિછાના, સોના ચાંદીના આસનો વિવિધ સુગંધી પુષ્પોની વેલો, અનેક જાતની રંગબેરંગી વસ્તુઓથી આજે મંડપ કોઈ જાણે સ્વર્ગ સમાન લાગે છે, ત્યાં અનેક જાતના નૃત્યો અને સંગીતનો અપૂર્વ ધ્વનિ સુંદર સૂરથી લોકોના દીલ બહેલાવી રહ્યા છે. આવેલા મહેમાનો પોતપોતાના દરજ્જા પ્રમાણે સૌ પોતપોતાના આસન પર ગોઠવાઈ ગયા છે.

જ્યારે અહીંઆ સભામંડપની કોઈ અજબ શોભા શોભી રહી છે. ત્યારે દેવસેના પોતાની સાહેલીઓની સાથે હાથમાં વરમાળા લઈ સ્વયંવર મંડપમાં પ્રવેશ કરે છે. જાણે આકાશમાંથી જેમ વીજળી ચમકે તેમ તેના મુખાર્વીંદની ચમકતા, જેમ ચંદ્રમુખીની શોભા હોય તેમ તેના મુખની ક્રાંતિની જ્યોતી અજબ ઝબકી રહી છે, તેનું એકેકું અંગ વિધાતાએ ફુરસદે ઘડયું ન હોય? તેવું દીપે છે જેથી ભલભલા પણ તેના હસ્તની આશાઓ સેવી રહ્યાં છે.

જ્યારે દેવસેના સભામંડપમાં પ્રવેશ કરે છે ત્યારે તેની સાથે યોગીરાજ પણ પ્રવેશ કરે છે. કોઇનો ગેબી અવાજ દેવસેનાના કાને અથડાયો. "દેવસેના! પ્રાણ જાય તેની પરવા ન કરીશ પણ તારૂં વચન જાય નહિ તેની ચિંતા રાખજે, જેને તેં તારો ગણ્યો છે તેને

પરહરીશ નહિ. સતીત્વના કર્તવ્યને લાંછન લગાડીશ નહિ. ધર્મશ્રદ્ધા તજીશ નહિ, અને મજબૂત મન રાખી તારૂં કાર્ય પૂર્ણ કરવા તત્પર રહેજે, જીનેશ્વરદેવ તને જરૂર સહાય કરશે.”

આ પ્રસંગે પાટલીપુત્ર નગરનો કુમાર ભદ્રીકસિંહ તથા કીર્ત્તિ-સિંહ તથા અન્ય દેશોના રાજા–મહારાજાઓ આવ્યા હતા. પ્રવિણસિંહ રાજાએ પોતાની પુત્રીને મનગમતો પતિ મેળવવા ખાતરજ આ સ્વ-યંવરની યોજના ગોઠવી છે અને પોતે પોતાની પુત્રીને સુખી કરવા હૃદયથી ઈંત્તેજાર જણાય છે. આ સ્વયંવરની શોભા કોઈ અનેરી છાપ પાડી રહી છે. વળી દેશોદેશના રાજા–મહારાજાઓ પોતાની સાહ્યબી વૈભવનો પૂર ઠાઠ બતાવવામાંજ મશગુલ દેખાય છે. આજે દરેક એકજ ભાવના સેવી રહ્યાં છે કે “હું કેવી રીતે દેવસેનાને ગમી જઉં અને દેવસેના મનેજ વરમાળ આરોપે” દેવસેના પોતાની સખીઓની સાથે સ્વયંવર મંડપમાં નીહાળી રહી છે. અને આનંદ અનુભવી રહી છે.

દેવસેના બહાર આવે છે તે કોઈ દેવાંગના–ઈન્દ્રાણી જેવી લાગતી હતી. આખા સભા મંડપમાં જેના સ્વરૂપથી બધાના તેજ ઝાંખા થઈ ગયા હતા. આ વખતે પાટલીપુત્ર નગરનો રાજકુમાર ભદ્રીકસિંહ મન સાથે વિચાર કરવા લાગ્યો કે “શું મનોહર કન્યા? તે આપણને વરે તો આપણા ભાગ્યજ ફરી જાય પછી તો આપણે વિલાસવતીનું શું કામ છે? પછી તેના સામું જોવાની ઈચ્છા થાય જ નહીં તેને એક દંડીઆ મહેલમાં પુરી રાખીશું. અને રાજકારભાર આપણા મિત્રોને સોંપી દઈશું પછી તો આપણે બસ મોજમઝા ઉડાવીશું.” આમ શેખચલ્લીની માફક વિચાર કરી પોતાના મનમાં ખુશ થાય છે.

પુત્રી! તારા મનગમતા પતિને શોધી વરમાળ આરોપણ કરી સર્વની જીજ્ઞાસાઓનો અંત આણ. પ્રવિણસિંહે કહ્યું.

પિતાશ્રી ! આપની આજ્ઞાને આધીન છું. પણ પેલો કારાગ્રહમાં પડેલો કેદી કેમ આવ્યો નથી ? દેવસેનાએ પૂછ્યું.

તરતજ કેદીને બન્ધીવાન સ્થિતિમાં હાજર કરવામાં આવે છે. દેવકુમારને આમ કેદીની સ્થિતિમાં આવેલો જોઈને તેનો મિત્ર લાલસિંહ યોગીના વેષમાં જે અહીંઆ હાજર છે તે બોલે છે કે " હે રાજન ! આ કોણ છે ? આ શું છે ? મારા યોગ ધ્યાને કરી કહું છું કે તે બન્ધીવાન કોઈ રાજવંશી માનને લાયક રાજકુમાર છે. તેને આ સ્વયંવર મંડપમાં કેદી તરીકે લાવવામાં આવ્યો છે તે ભૂલ કરી છે. માટે વિચાર કરો ! અને તેને બન્ધનમાંથી મૂક્ત કરો ! મારૂં કહ્યું નહીં માનો તો પાછળથી પસ્તાશો. કારણ કે આ સભામાં આવેલા સજ્જનો સર્વ મૂઢ છે, તેઓ જ્યારે તેને પિછાણશે ત્યારે ઘણું વિપરીત પરિણામ આવશે." યોગીએ વિવેચન કરતા કહ્યું. આ પ્રમાણે યોગીનું કહેવું સાંભળી પ્રવિણસિંહ કેદીને યોગ્ય આસને બેસાડે છે.

પિતાજી ! હવે કેટલો વિલંબ છે ? દેવકુમારને આસન ઉપર બેસતા દેખી દેવસેનાએ પૂછ્યું. આથી રાજા પ્રવિણસિંહ દાસીને કહે છે કે જા તેને બધા રાજાની ઓળખ કરાવ. દાસી એક પછી એક બધા રાજાઓની ઓળખ કરાવે છે પણ દેવસેના કોઈને પસંદ કરતી નથી. છેવટે દેવકુમારને વરમાળ આરોપે છે.

અરે ! ઓ દુષ્ટા ! તું મારી પુત્રી નથી, તેં કોને અંગીકાર કર્યો ? એક ગરીબ જંગલે જંગલ ભટકતા–રખડતા નરાધમ ભિખારીને ? અને વળી તારા કટ્ટા દુશ્મનને ? તને ધિક્કાર છે ! પ્રવિણસિંહ એકદમ ગુસ્સાના આવેશમાં આવી ગયો.

અરે ! કોણ છે હાજર !!! જાઓ, આ દુષ્ટ પુત્રીને હાલને હાલ દેવશરણ પહોંચાડો. અરે ! કુળ કલંકીણી, હતભાગણી, ચંડાળ, નીચ

પુત્રી તેં કેવા પતિને અંગીકાર કર્યો ? શું તને આટલા બધા રાજ-કુંવરોમાંથી કોઈ પસંદ ન પડ્યો કે એક ભીખારીને વરમાળ આરોપી. જા, તારૂં કાળું મૂખ મને ન બતાવીશ. પ્રવિણસિંહ તાડુકીને બોલ્યા.

પિતાજી ! પિતાજી ! મારા વ્હાલા પિતાજી, તમારી પુત્રીએ જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે. આ સ્વયંવરમાં તમારી પુત્રીને ગમે તે વર વરવાની છૂટ છે તો મેં તે હક્કનો લાભ લીધો છે. પિતાશ્રી ! માફ કરજો, મારો પતિ જંગલનો ભટકતો ભિખારી નથી પણ એ રાજવંશી અને ઉત્તમકુળનો પુરૂષ છે. તેઓ મારા તથા તમારા દુશ્મન નથી. મારો વ્હાલો મારા મનનો માલીક અને મારો મુગટ-મણિ છે. દુષ્ટોના હાથથી મૂક્ત કરાવનાર અને મારા માટે અથાગ દુઃખો સહન કરનાર વળી મારાજ માટે તમારા કારાગ્રહે પડી રહેનાર એજ મારો પ્રિય પતિ છે. મેં મારૂં મન તો ક્યારનુંએ આપ્યું હતું ફક્ત હસ્ત આપવો બાકી હતો તે પણ આજે આ સ્થળે પ્રભુ સાક્ષીએ અર્પણ કર્યો છે. પિતાજી ! પરમેશ્વરે જે મને આપ્યો, મને જે ગમ્યો, વિધાતાએ જે નિર્માણ કર્યો હતો તે પતિ મારો પ્રાણાધાર થઈ ચૂક્યો. યોગીરાજે પણ નિમિત્તબળે મને તેજ બતાવ્યો હતો. રાજકુમારી દેવસેનાએ રડતાં રડતાં કરૂણ સ્વરે જણાવ્યું.

બેટા ! હજી પણ કહું છું કે તું સમજ અને બીજા કોઈ લાયક પુરૂષને વરમાળા આરોપણ કર. પ્રવિણસિંહે કહ્યું.

દેવસેના કહે છે કે :—

તરણું ઉપર મેરૂ અધરશું, નીર તણી ગતિ શું ફરશે,
પતિવ્રતાની જે ટેક ધરી મેં, તે કદી શું ખોટી પડશે.

પિતાશ્રી ! શું પ્રવિણસિંહની પુત્રી દેવસેના એક જ ભવમાં બે પતિ કરશે ? શું રાજહંસણી બગલાની સહચરી બની સાંભળી છે ? શું કાગના કંઠે મોતીની માળા જોઈ છે ? શું વાઘણનું દૂધ સોના સિવાય બીજા ઠામમાં રહી શક્યું છે ? શું સમુદ્રે મર્યાદા મુકી કદાપી સાંભળી છે ? શું હજારો કષ્ટ પડતાં સતીઓએ પોતાનું શિયળ ગુમાવ્યું છે ? પિતાજી ! આ દેવસેના પ્રાણાન્તે પણ હવે બીજાના ગળામાં વરમાળા પહેરાવશે નહિં સમજ્યા !

મેંજ મૂર્ખાએ હાથે કરીને દુઃખ વહોરી લીધું. તે દિવસે જ આને મોતના શરણે કર્યો હોત તો આજે મારે આ જોવાનો વખત આવત નહિ. હજી પણ કહું છું બેટા ! સમજ, તારા વ્હાલા પિતાના વચનનું માન્ય રાખ. પ્રવિણસિંહે કહ્યું.

વિણ કસોટી પારખું, સોનાનું નહિ થાય,
વિણ ઝવેરી તાતજી, હિરો નહિ પરખાય.

પિતાજી ! આપની ભૂલ થાય છે. મેં જે અંગીકાર કર્યો છે તેને કસોટીના પત્થર ઉપર ચઢાવી ઘણીજ સંભાળપૂર્વક પતિ તરીકે અંગીકાર કર્યો છે તો તેજ મારો પતિ છે બાકીના બીજા બધા આ જગતમાં મારા પિતા અને બન્ધવ સમાન છે. દેવસેના નિડરતાથી બોલી.

સતી પ્રતિજ્ઞા જે કરે, પ્રાણાન્તે ત્રુટે નહિ;
આવે હજારો દુઃખ પણ, સતી શીયળ ચુકે નહિ,
ધાર્યો પતિ જે પ્રેમથી, નિશ્ચય કદી ફરશે નહિ;
ક્ષત્રાણી સાચી એ જ કે, અન્યને વરશે નહિ.

આ પ્રમાણે દેવસેનાને બોલતાં સાંભળી રાજા દેવકુમાર તરફ જઈ પૂછવા લાગ્યો કેઃ—અલ્યા, ભલામાણસ તું કોણ છે ? અને મારી

કુંવરીના મનનું હરણ શી રીતે કર્યું છે ? અને તારૂં કુળ, ગોત્ર તથા દેશ કયો છે તે કહે જેથી મારૂં અપમાન થયું ન ગણાય અને મારૂં મન શાન્ત થાય.

અરે રે ! રાજન્ તમને માલુમ નથી કે ક્ષત્રિયો પોતાનું કુળ, ગોત્ર વિગેરે શમશેરમાં જ રાખે છે—એજ તેનું કુળ બતાવવા બસ છે. મારૂં કુળ તમો જાણશો જ નહિં હાલ તો હું એક ભીક્ષુક–રખડતો ભીખારી વળી તમારી પુત્રીને લોભાવનાર તમારો ચોર છું. રાજાઓના પરાક્રમ સારાં હોય તો આવે મારી સામે અને દેવસેના ગ્રહણ કરે. દેવકુમાર નિડર અને મક્કમતાથી બોલ્યો.

આ સાંભળી ત્યાં આવેલા સર્વે રાજાઓ અને રાજકુમારોએ ગુસ્સાના આવેશમાં આવી પોતાની શમશેર પર હાથ નાખ્યા. એક વખતનો લગ્ન મંડપ અત્યારે રણયુદ્ધ–યુદ્ધનું મેદાન બની રહ્યું છે. દેવકુમાર પોતાના બાહુબળ ઉપર અને પ્રાણની પરવા રાખ્યા વગર શમશેર લઈ સભામંડપમાં એક યોદ્ધાની માફક, રણકેશરીની માફક દુશ્મનોને હંફાવી રહ્યો છે. યોગીરાજ ( લાલસિંહ ) પણ દેવકુમારની મદદે આવી પહોંચ્યો છે. જેથી રાજમંડપમાં ભાવીની ઘટના જુદું જ કાર્ય કરી રહી છે.

દેવકુમાર અને યોગીરાજનું ભયંકર સ્વરૂપ જોઈ પ્રવિણસિંહ ચમકી જાય છે, અને દરેકને સમજાવી પોત પોતાના આસન ઉપર બેસવાનું કહે છે અને દેવકુમારને પુછે છે કે :—ક્ષત્રિય પુત્ર આપણું નામ જણાવશો ?

મારૂં નામ હાલ જાણવાની જરૂર નથી. મને કુંવર કહીને બોલાવજો દેવકુમારે જણાવ્યું.

કુંવરી ! તારા પતિની શૂરવીરતા જોઈ મારો આત્મા ઘણો ખુશી થયો છે અને તારા મનગમતા પતિ સાથે તારો હસ્તમેળાપ કરી તારી મનોવાંચ્છા પૂર્ણ કરૂં છું. તારા માતા–પિતાની આબરૂમાં વધારો કર. પ્રવિણસિંહે આશીર્વાદ આપતા દેવસેનાનો હાથ કુંવરના હાથમાં અર્પણ કર્યો.

હવે સર્વે સભામંડપ ખાલી થઈ પોત પોતાના સ્થાને ચાલ્યા જાય છે.

## પ્રકરણ અઢારમું

### વિનોદ વાટીકા.

યોગીરાજ ! આપને પ્રણામ કરૂં છું. અમને કૃતાર્થ કરો દેવકુમારે કહ્યું,

વારૂ ! આપ અહીં કેમ આવ્યા છો ?

આપશ્રીના દર્શનાર્થે.

તમો જાણો છો કે તમારા ભાઈ ભદ્રિકસિંહ દારૂના નિશામાં ગુલતાન થઈ એશઆરામ ભોગવે છે. યોગીજીએ જણાવ્યું.

પેલા ખુણામાં છે એ કે બીજા ?

હા, એજ, ચાલો આપણે ત્યાં જઈએ.

હે રાજકુમાર ! આ મદ્યપાન ગણિકા સાથે, મધુર આલાપ અને આ દુષ્ટ મિત્રોનો સંગ તે સર્વ તન, મન, ધન અને રાજ્યનો નાશ કરનારા છે. માટે તેનું સેવન કરવું એ ક્ષત્રિય પુત્રને ઘટતું નથી. યોગીમહારાજ ઉપદેશ આપતા બોલ્યા.

યોગીજી ! તેથી મને ગેરલાભ શું છે. તે જણાવશો ?

કેમ વારૂં ! તેમાં તો એટલો બધો દોષ છે કે તેને એકદમ ત્યાગ કરવો જ ઘટે છે. તમે ઉચ્ચ કુળમાં જન્મેલા છો, વિર પિતાના પુત્ર છો જો આવી સોબત થાય તો "સંગ તેવો રંગ, સોબત તેવી અસર, આહાર તેવો ઓડકાર." દારૂ પીવાથી કેટલા બધા ગેરફાયદા છે. એક તો શરીરને બાળી નાંખે, મનને અસ્થીર બનાવે, સજ્જનના સમાગમથી દુર કરાવે, રોગને વધારે, તન અને મનનું ભાન ભુલાવે, ચક્ષુતેજ ઘટાડે, નિર્બળતા લાવે, વિષયાંધ બનાવે અને લોકોમાં હાંસી કરાવે હે વિરકુમાર, આવી નઠારી સોબતનો ત્યાગ કરી તમારી મહત્તા વધારતાં શીખો ! યોગીજીએ સમજાવતાં કહ્યું.

આ શરીર આદિક અન્ય એ, અન્યત્વ કેરી ભાવના,
છે ગંદકીની ગટર કાયા, એહ અશુચિ ભાવના. ૧

જે કર્મ હેતુ વિચારણા, તે આશ્રવોની ભાવના,
તે કર્મ કારણ રોકવા, એ શ્રેષ્ટ સંવર ભાવના. ૨

દુઃખના સમયમાં જે ન હોવે, ખિન્ન સુખના સમયમાં,
નિરભિલાષ બને હરે ભય, ક્રોધ રતિ રહી શાન્તિમાં. ૩

તેહ સ્થિત બુદ્ધિ જનો, નિજ જીવન શુદ્ધ ગુજારતા,
સાધુ તણી જેવા બની, શ્રદ્ધાળુના મન ટાળતા. ૪

આ પ્રમાણે યોગીરાજે અત્યંત બોધ આપ્યો અને હજી પણ આગળ બોલતાં કહે છે કે "તમારા કુળ માટે મને લાગણી છે તેથી જ આટલું કહેવાનું મન થયું નહિતર કહેત નહિ. કારણ કે દુર્જન મિત્રોના મનમાં બોલવાનું કંઈ અને કરવાનું કંઈ, સજ્જન મનુષ્ય જે બોલે છે તેજ કરે છે અને મનમાં પણ તેવું જ વિચારે છે. સજ્જનો શ્રીફળની માફક માંહેથી કોમળ હોવા છતાં ઉપરથી ઘણાં કડક માલુમ પડે છે. પણ દુર્જનજનો બોરની માફક ઉપરથી

સુંવાળા છતાં હૃદયના બહુ કઠણ અને ક્રૂર હોય છે. દુર્જન મનુષ્યો મોંઢેથી મીઠું બોલવાવાળા હોય છે પણ પાછળથી તે નાશ કરનારા થાય છે. માટે તેવા મિત્રોને મુખ સુધી દૂધ ભરેલા વિષના ઘડાની માફક દૂર ફેંકી દેવા.” કુમાર, મારૂં કહ્યું માની અને તારા આવા અઘોર વ્યસનોનો ત્યાગ કર. યોગીરાજ ઉપદેશ આપતાં બોલ્યા.

તમો યોગીઓને રાજવૈભવની ખબર કયાંથી હોય! તમો તો લંગોટી પહેરો અને પહેરાવો. તમારી પાસે આવી વસ્તુઓ હોય જ કયાંથી? એ તો તમારૂં ભાગ્ય જોઈએ. “ખાખરની ખીસકોલી સાકરનો સ્વાદ કયાંથી જાણે” અરે! યોગીરાજ શું મદ્યપાનની લહેજત. જ્યાં સુરા સુંદરીની જોડ હોય ત્યાં જ જીવનની લહેજત અને આનંદ હોય છે. મારે તમારા જેવા ભગતના ટાયલાં વચનો નથી સાંભળવા. ભદ્રિકસિંહ બોલ્યો.

તમને રાક્ષસણીરૂપી ગણિકા તથા ભૂતરૂપ દુષ્ટ મિત્રોએ જુગાર મદ્યપાન અને લંપટ દોરડાં વડે મજબૂત બાંધી જેર કર્યા હોય ત્યાં તમો તેમાંથી છૂટવાની આશા રાખો જ કયાંથી? સાંભળો? આ ગણિકા પૈસાની પૂજારણ છે, પૈસો જ તેનો પ્રેમ છે. માટે કહું છું કે છોડો તેવી નીચ ગણિકાને! તમને અધોગતિના માર્ગે તેને જ ચડાવ્યા છે. ભાઈ! મારૂં કહેવું માનો. નહિ તો આ તમારા રાજ્યની પાયમાલી અને ખાનાખરાબી થઈ જશે, તમારા ગોત્રનું નિકન્દન નીકળી જશે. તમો આજે જે સુખ ભોગવો છો તેના બદલે ભીખ માગતા નજરે પડશો. માટે નઠારી સોબતનો ત્યાગ કરો. કારણ કે માંખી, મચ્છર, વેશ્યા, ઉંદર, યાચક, જુલ્મી પટેલ અને જોશી આ સાતે જણ પારકાને ભક્ષણ કરવાવાળા છે. યોગીમહારાજ બોધ આપવા લાગ્યા.

યોગીરાજ! તમારે મારી વાતમાં વધારે લવારો ન કરવો! મારે તમારા ઉપદેશની કાંઈપણ જરૂર નથી. મને લાભ કે નુકશાન છે તે હું સારી પેઠે સમજુ છું. ભદ્રિકસિંહ ગુસ્સાના આવેશમાં તાડુકયો.

યોગીરાજ! ચાલો, આતો પત્થર ઉપર પાણી છે દેવકુમારે કહ્યું.

મારે તમારા પંડિતાઇ ભરેલા ભાષણો બીલકુલ સાંભળવા નથી. બસ, હું મારા મનગમતા મિત્રો સાથે ગમે તેમ કરવા મુખત્યાર છું. કેમ મિત્રો ખરી વાત છે ને? ભદ્રિકસિંહ બોલ્યો.

હા, એ ક્યારનાએ બોલી રહ્યા છે. જોતો નથી કે પ્રેમ કોનું નામ છે. મારા જેવી નથી મળી ત્યાં સુધી ટક ટક કરી રહ્યા છે. શું યારો, તમે કંઈ બોલતા નથી? ગણિકા બોલી.

અમો શું કરીએ? અમારો મિત્ર જ્યાં આડો હોય ત્યાં શું બોલીયે. જો હુકમ આપે તો હમણા જ કુતરાની માફક બહાર કાઢી મૂકીએ. પાજી મિત્રો બોલી ઉઠયા.

ભાઇ, એટલી બધી તસ્દી લેવાની કશી જરૂર નથી. (દેવ–યોગી પ્રત્યે) ભાઈઓ, હવે કૃપા કરીને અહીંથી પધારો, નહિ તો મારે તમને ધક્કા મરાવી બહાર કઢાવવા પડશે. મારા આનંદમાં ભંગ પડાવવાની તમારે કંઇ જરૂર નથી માટે જલ્દી ચાલ્યા જાઓ? ભદ્રિકસિંહે કહ્યું.

"ગઇ છે સાન ને શુદ્ધિ, વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" એક અનુચર ધીમા સાદે બોલ્યો.

ગુરુદેવ! આપની શિખામણ આ કુમાર સાહેબને કંઇ પણ લાગે તેમ નથી. "જ્યાં ખુશામતીયા, લંપટ મિત્રો મળ્યા હોય, જ્યાં ગણિકા જેવી ગણિકા મળી હોય, જ્યાં મદ્યપાન, મોજશોખ અને વૈભવના સાધનો મળ્યા હોય ત્યાં એવા મૂર્ખાઓને આપના જેવા પવિત્ર પુરુષના બોધની અસર ક્યાંથી લાગે?" માટે સમયવર્તે સાવધાન, "જ્યારે ગધેડે ચડી ઘેર ઉતરશે ત્યારે જ તેમને અનુભવ મળશે" બાપજી! "આંધા આગળ આરસી અને બ્હેરા આગળ શંખ" જેવી સ્થિતિ છે. માટે કૃપાળુ આપ પધારો! તેથી બેઉ જણા અહીંથી ચાલી નીકળ્યા.

## પ્રકરણ ઓગણીસમું.

### સિંહના બાળક સિંહ

કીર્ત્તિસિંહ મોહનપુરીના બગીચામાં ફરવા નિમિત્તે આવ્યો છે. ફરતાં ફરતાં અનેક જાતના સુંદર પુષ્પોની ઘટા જોઈ પોતાના મનને આનંદ આપી રહ્યો છે. ક્યાં પેલા પંડિતોનું પુરાણ અને ક્યાં કુદરતની કૃતિની મઝા! આ પ્રમાણે ફરતા ફરતા રાજ્ય-મહેલ તરફ આવી ચઢે છે. આપણને રોકનાર તથા પૂછનાર કોણ છે? બસ આપણે તો ફરવા જઇશું. એમ વિચાર કરી તે ફરવા નીકળી ગયો હતો. એવામાં તેના જોવામાં પાંજરે પૂરેલું સિંહનું બચ્ચું આવ્યું તેથી કીર્ત્તિસિંહે વિચાર કર્યો કેઃ–લાવ્ય, જરા આ સિંહના બચ્ચાને કાઢી રમાડું તો ખરો? એવો વિચાર કરતાં તે સિંહના બચ્ચાને બહાર કાઢે છે અને રમાડે છે,

આ સમયે દેવસેના પોતાની દાસી સાથે આ બગીચામાં ફરવા આવી છે અને તે આમ આ છોકરાને સિંહના બચ્ચા સાથે રમતો જોઇ ચમકી જાય છે.

મને તો બીક લાગે છે દેવસેનાએ કહ્યું.

બાઈ સાહેબ એ તો ક્ષત્રિયના કામ. એમાં આપણા જેવી અબળાઓનું કામ નહિ. એ છોકરો કોણ છે તે આપણે ખાત્રી તો કરીએ. દાસીએ કહ્યું.

ભાઇ, તમો કોણ છો? અને આ બાગમાં વગર પરવાનગીએ કેમ આવ્યા છો? દેવસેનાએ પ્રશ્ન કર્યો.

આ પ્રશ્ન સાંભળી કીર્ત્તિકુમાર ચમકી જાય છે અને ઉંચે જુએ છે તો ખબર પડે છે કે આ તો સ્વયંવરવાળા કુંવરી જ છે ને! હું કોણ છું તેની તમારે શી પંચાત! હું ગમે તેમ કરી શકું છું. મારે માટે હુકમ આપનાર હું કોઈ જોતો જ નથી. કીર્ત્તિકુમાર બેપરવાઈથી બોલ્યો.

આવો જવાબ સાંભળી દેવસેના સ્તબ્ધ જ બની ગઇ. અને મન સાથે વિચરવા લાગી કે સિંહના બાળક સિંહ જ હોય! ગમે તે હોય. પણ તે છે કોઇ વીર રાજકુમાર. ભાઈ, તમને આ સિંહનું બચ્ચુ નુકશાન કરશે. દેવસેના શાંતિથી બોલી.

અરે! શું એ મને નુકસાન કરશે? હજી તેને મારા હાથનો સ્વાદ જોયો નથી. તેની ચિંતા તમો જરાપણ કરશો નહીં. ક્ષત્રિય તો જન્મતાંજ પોતાના મોતને પોતાની મુઠીમાં રાખી ફરે છે. વીરની વાતો તો તમારા હોજલ પડદામાં જ શોભે.

ભાઈ! તમો જાણો છો "આ તો વનનો રાજા કહેવાય."

પણ તે વનનો રાજા છે તો હું એ વનનો અને દેશનો બન્નેનો રાજા છું. હું તેના ઉપર જીત મેળવનાર કીર્ત્તિકુમાર છું.

શું તમારૂં નામ કીર્ત્તિકુમાર, તમે જ વિરભદ્રસિંહ રાજાના રાજકુમાર કે?

હા,

બાઈસાહેબ, ઓળખ્યા, આ તો તમારા દિયરજી થાય.

બોલીશ નહિં, પ્રાણનાથે ના પાડી છે.

જ્યારે દેવસેનાના જાણવામાં આવ્યું કે આ મારો દિયર છે. ત્યારે તે દેવકુમાર સબંધી બધી વાતો પુછે છે. ત્યારે કીર્ત્તિકુમાર તે વાતોનો જવાબ આપે છે. પણ વાતોમાં ને વાતોમાં દેવસેના સિંહનું બચ્ચુ પાંજરામાં પુરી દે છે. મારા મોટાભાઈ તો મને નિશાળમાં ભેગા થઈ ભાભી લેવા માટે નાસી ગયા છે અને તેના મિત્ર લાલસિંહને પણ સાથે લઈ ગયા છે.

કદાપી તમને તમારી ભાભી મળે તો તમે શું કરો?

તો હું તેમને માતા તુલ્ય ગણી વંદન કરી મારૂં જીવન ધન્ય ગણું.

દાસી! જા, તેમના માટે નાસ્તો લાવ. દાસી નાસ્તો લાવી કીર્ત્તિકુમારને ખાવા આપે છે.

આપણે એકલા તો ખાતા જ નથી.

તો બોલાવો તમારી રાણીને.

તમે જ મને ન પરણ્યા ને? હું કેવો રૂપાળો અને મજબુત ધાટનો છું.

ભાઈ, પરણવું તે ઢીંગલી-ઢીંગલાના ખેલ નથી. તમે મોટા થાવ એટલે તમારા માટે સરસ કન્યા શોધી આપીશ.

આ વખતે કીર્ત્તિકુમાર પોતે પોતાના ભાઇ દેવકુમારને યાદ કરે છે અને કહે છે કે એ! મોટાભાઈ, તમે કયાં હશો. આ તમારો નાનોભાઈ તમારા વગર ધડીપણ રહી શકતો નથી, શું તમને મારી જરાય દયા આવતી નથી, તમારા ચાલ્યા ગયા પછી આખા રાજ્યમાં શૂન્યકાર થઈ રહ્યું છે. અપરમાતાનો જુલ્મ ધણો વધી પડયો છે. ભદ્રિકસિંહ નીચ અને વ્યસની તેમજ વ્યભિચારી થઈ ગયો છે.

રાજ્યમાં પણ અંધાધુંધી ચાલી નીકળી છે. પિતાજી પણ અપરમાતાના પ્રેમમાં અંધ બની ગયા છે. દાસી મંજરી પોતાની જાળ બિછાવી રહી છે. ઓ ભાઈ! તમો જ્યાં હોય ત્યાંથી સત્વર આવો અને દેશનું રક્ષણ કરો!

તું ગયો છે જ્યારથી, સૌ દેશ સુનો થઈ ગયો,
પ્રજા તણા દીલડાં મહીં, તું સદા શોભી રહ્યો;
પ્રજા સંભારે સૌ તને, કયારે દેવકુમાર આવશે,
પ્રજા તણા દુઃખો બધા, તુંજ વિના કોણ ટાળશે.

ભાઈના વિયોગે કીર્ત્તિકુમાર ઘણો જ આકુળ વ્યાકુળ થઈ ગયો છે. તેથી તે દેવસેનાની રજા લઈ પોતાના નિવાસ સ્થાન તરફ જવા ઉઠે છે. ત્યારે દેવસેના બીજે દિવસે પોતાના મહેલમાં આવવાનું આમંત્રણ આપે છે.

કીર્ત્તિકુમાર મનને શાન્તવન આપવા પોતાના મુકામ તરફ જાય છે એટલે દેવસેના તથા દાસી પણ પોતાના રાજ્યમહેલ તરફ પાછા ફરે છે.

# પ્રકરણ વીસમું

## દેવસેનાનો મહેલ.

જ્યાં ધર્મ અને નીતિ નથી ત્યાં જીવનની કિંમત નથી, જીનેશ્વર ભગવાને પ્રરૂપેલો ધર્મ મનુષ્ય માત્રે પોતાના આત્માની સાથે ઓતપ્રોત કરી પોતાના જીવનને દીપાવી આ ભવ પરભવ બંને સાધવા એજ મનુષ્યનું ખરૂં કર્તવ્ય છે. અનેક મહા-પુરૂષોએ અનંતી સાહ્યબી અને વૈભવનો ત્યાગ કરી પોતાના આત્માની ઉન્નતિ સાધી આભવ અને પરભવ સુધાર્યો છે અને જગતના જીવોને અપ્રતિમ બોધ આપી ધર્મ જેવો સરળ માર્ગ બતાવી પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે. દેવસેના પણ પોતાના આત્માની સાથે ધર્મના વિચારમાં તલ્લીન થઈ ગઈ છે. શું સતી સીતાએ પોતાના શીયળ માટે અડગ શ્રદ્ધા નહોતી રાખી? શું કળાવતી સતીના શીયળના પ્રભાવથી કપાઈ ગયેલા હાથ નવપલ્લવ નહોતા થયા? જગતમાં શીયળ જેવું અનુપમ રત્ન ( સ્ત્રી હોય કે પુરૂષ હોય ) બીજું કોઈ નથી. માટે મનુષ્ય માત્રે પ્રાણ જાય તો ભલે જાય પણ શીયળ ને પ્રાણાન્તે પણ સાચવવું એજ સાચો ધર્મ છે.

આ પ્રમાણે દેવસેના પોતાના મહેલમાં પવિત્ર વિચારોનું મંથન કરી રહી છે. કેવળ પતિ પ્રેમમાં જ તલ્લીન જણાય છે. એવામાં

તેની સખી પદ્દમાવતી આવતી જણાઇ તેથી દેવસેના સ્વસ્થ થઈ અને પૂછવા લાગી.

બેન, કેમ! આજે મોડી આવી.

મારી માતુશ્રી તારા પતિ સબંધી વાત કરતા હતા તેથી હું સાંભળવા ઉભી રહી હતી જેથી વિલંબ થયો છે. મારી માતુશ્રી તારા વીર પતિની ઘણી પ્રશંસા કરતા હતા અને શાબાસી આપતા હતા વળી કહેતા હતા કે:–"એ વીર પુરૂષ કોઈ શાક્ષાત દેવનો અવતાર અને કોઈ મહા ઉચ્ચ રાજવંશી હોવો જોઇએ." તેમનું હદ વગરનું પરાક્રમ જોઇ મારી માતુશ્રી તો હેબકાઈ ગયાં હતાં. વળી પેલા યોગીરાજની પણ ઘણી પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે "તે યોગમાં જેવો પ્રવીણ અને શ્રદ્ધાવાન છે તેવો જ તે કોઇ યુદ્ધ વિશારદ છે. તેની બહાદુરી ભરી શૂરવીરતા જોઈ ભલભલા આવેલા રાજા–મહારાજાઓ પણ ચમકી ગયા હતા. પદ્દમાવતીએ જણાવ્યું

બ્હેન! જો તે યોગીરાજ ન હોત તો મારા પતિ એકલા શું કરત?

તે તો બધુ ખરું! પણ મને તે યોગીરાજનું ચારીત્ર સારૂં લાગતું નથી, તેના બોલવાનું પણ ઠેકાણું જણાતું નથી. બેન! તે તો મને પણ વાતવાતમાં કહે છે કે "દેવસેનાનો પતિ દેવકુમાર જ થશે અને તારો પતિ પ્રધાનપુત્ર લાલસિંહ જ થશે." પણ આતો દેવકુમારના બદલામાં બીજો કોઇ છે. તો પછી તે યોગી જુઠો ખરો કે નહિ?

ઓહોહો બ્હેન! તારી પક્કાઈ બધી સમજાઈ ગઈ, તું એમ બોલી મારા પતિનું નામ જાણવા માગે છે, અને તારો સ્વાર્થ સાધવાની તૈયારી કરી રહી છે ખરૂં ને! વાહ! વાહરે!! મારી બ્હેન! તું પણ પતિ ઘેલી બની ખરી. જો તું મને વચન આપે તો તને બધી સત્ય હકીકત સમજાવું.

બ્હેન! આ ભવમાં તો આપણે બંને જણ જુદા પડયા નથી અને પડવાના પણ નથી તો પછી વચન કઈ બાબતનું?

મારી બ્હેન તો સાંભળ, તે યોગીરાજના કહેવા પ્રમાણે જ મારા પતિ દેવકુમાર જ થયા છે.

મને તો તે યોગી ધુતારો અને પ્રપંચી જણાય છે. તે પોતાની મરજીમાં આવે તેમ બકે છે અને બોલે છે. "હું તને પરણીશ, તું લાલસિંહને જ પરણીશ." ત્યારે શું તે લાલસિંહ તો નહિં હોય?

ના! ના! તે તો આ તરફ અત્યારે શાના હોય? તે તો ક્યાંય ચાલ્યાં ગયા હશે. પણ મને તો તે યોગી કોઇ રાજવંશી હોય એમ લાગે છે.વળી હું શું કહું. મને તો તેમાં કાંઈ સમજણ પડતી નથી. આ યોગીરાજનો ભેદ ઉકેલી શકાતો નથી. તે મારા પતિને શા કારણથી મદદ કરે છે તે પણ હું સમજી શકતી નથી. વળી મારા પ્રાણેશ પણ તેને પિછાણતા નથી.

બેન! મારા પિતાશ્રી તો આ પતિ પસંદ કરવા માટે ઘણાજ ગુસ્સે થયાં હતાં કારણકે તેમને તેઓ ભિક્ષુક માનતા હતા. અને હજી પણ એમજ માને છે. વળી હે સખી! મારા પતિ અત્યારે ઉઘાડા પડવા (ઓળખાવવા) ના પાડે છે. અને દેશવટાના અંતઃમાં ઉઘાડા પડવાનું કહે છે.

બેન! મને ઘણો વખત થયો, હવે હું જઇશ કારણકે તારા પતિને આવવાનો વખત થવા આવ્યો છે. તમો બંને પતિ-પત્ની નવો સંસારી લ્હાવો લો, અને વધારામાં એટલું જ કે તારા પતિને એવા વશ કરજે કે ફરી અહીંથી જાયજ નહિં. એટલામાં તો સામેથી

દેવકુમારને આવતાં દેખીને પદ્દમાવતીએ કહ્યું. “ પધારો ! મારી પ્રિય સખીના ( દેવસેના ) જીવન ચોર પધારો !

“ ચોર હું કે તમારી સખી ? ”

ચોર તો તમેજ. હમણાં તો તમે જીવન ચોર્યું છે. અને ઘડી પછી તન ચોરી ચાલ્યા જશો. બેન ! જાઉં છું તમારા રંગમાં ભંગ કરવા માગતી નથી.

બેસો, બેસો, સખી સાથે હોય તો રંગમાં ભંગ ન પડે પણ રાગ વધે, તમે કયા પુરૂષના શણગાર રૂપ થવાના છો ? દેવકુમારે પદ્દમાવતીને પૂછ્યું.

પ્રાણેશ ! યોગીરાજના કહેવા પ્રમાણે તો લાલસિંહનાજ શણગાર રૂપ થશે અને આપના તે ભાભી થશે. દેવસેના વચ્ચમાં બોલી.

બેન ! તું પરણી એટલે તને બીજાની મશ્કરી કરતાં સારી આવડે છે. પણ તારો વખત યાદ કર તું પરણીને પારવધી થઈ ગઇ કેમ ! બેન હવે તો હું જાઉં છું. એમ કહી પદ્દમાવતી ચાલી જાય છે.

પ્રીય વાંચક ગણ હવે આપણે કીર્તિકુમાર તરફ નજર નાંખીએ. યોગીરાજ ફરતા ફરતા કીર્તિકુમાર હતો ત્યાં આવી ચડ્યા અને કીર્તિકુમારને દેખીને પૂછ્યું કે ભાઈ કીર્તિકુમાર તમે તમારા ભાઈ દેવકુમારને ઓળખ્યા કે નહિં ?

ના, મને તો કાંઈપણ ખબર જ નથી કે તે ક્યાં છે.

જારે જા ભલા માણસ ! ‘ જે કેદીએ દેવસેનાનો હાથ ગ્રહણ કર્યો તેજ તારા ભાઇ દેવકુમાર છે અને દેવસેના તો તને તારી ભાભી થાય.

હવે તો મને તેમની પાસે જવા દો !

હજી વાર છે. આપણે સાથેજ જઈશું. યોગીએ જણાવ્યું.

કેટલી વાર છે. મારાથી હવે રાહ નહીં જોઈ શકાય કીર્ત્તિકુમાર ઉભા થતાં બોલ્યો.

તો ચાલો, આપણે તેમના મહેલ તરફ જઈએ. યોગી બોલ્યા.

વાતો કરતા કરતા બેઉ જણા જાય છે. અને દેવસેનાનો મહેલ નજદીક દેખાવા લાગ્યો એટલે યોગીરાજે કહ્યું કે તું પહેલા જા અને હું અહીં સંતાઇ જાઉં છું, પછીથી અંદર આવીશ જેથી કીર્ત્તિકુમાર મહેલમાં જતાંજ બોલ્યો કે ભાઈ ભલા કે ભાભી! ભાભીએતો મને બોલાવ્યો હતો પણ ભાઇએતો........

ચુપ! તું નાનો છે, વળી અણસમજુ છે. બહાર કોઇને વાત કરીશ નહિં. દેવકુમાર અધવચ બોલ્યા.

ભાભી, તમે ઘણાંજ ઠગારાં છો, તમે મને ઠગ્યો હતો ને? કીર્તિકુમાર બોલ્યો.

તમે એકલાજ આવ્યા છો. કે કોઇ સાથે છે? ભાભીએ પૂછ્યું.

ના, યોગીરાજ પણ મારી સાથે આવ્યા છે. યોગીરાજ પધારો! ! હવે છુપાવાની કાંઈ જરૂર નથી. તેથી "**पवित्र प्रेमी दंपति चिरंजीव रहो**" આશીર્વાદ આપતાં યોગીરાજ પધાર્યા. એટલે બંને દંપતિએ યોગીરાજને વંદન કર્યા અને આસન પર બિરાજવા માટે વિનંતી કરી જેથી યોગીરાજ આસન ઉપર બેઠાં.

હે યોગીરાજ! મારા મિત્રનું કામ કરનાર તમે કોણ છો? અને આ દુશ્મનના દેશમાં મારા સાથી થઈ મને મદદ કરો છો વળી મારા મિત્રના મિત્ર તરીકે ઓળખાવનાર હે મહાત્મા તમે મારા મિત્રની શોધ કરી આપો. આટલો આટલો આનંદ વૈભવ છતાં આજે તે બધું મારા મિત્રના વિયોગે શૂન્યકાર લાગે છે, જે મિત્રે પોતાનું સર્વસ્વ ત્યાગ કરી મારી સાથે વનવાસે નીકળી

પડયો, જે મિત્રે પોતાના માતાપિતાના પવિત્ર પ્રેમનો પણ ત્યાગ કર્યો. તો તે મિત્ર વગર હું શી રીતે આનંદથી રહી શકું

યોગીરાજ કહો, શું મારો મિત્ર મને નહીંજ મળે ? શું મારો ભાઈ વસંતસિંહ તથા કેશવસિંહ પણ નહીં મળે ? હાય ! પ્રભુ, મેં એવા તે શું અઘોર પાપ કર્યાં હશે ? હે વિધાતા ! શું તેં મારા નસીબમાંજ ભાતૃવિયોગ અને મિત્ર વિયોગ લખ્યો હશે ? ક્રૂર વિધાતા, તને મારી કીંચીત પણ દયા આવતી નથી. શું તું આટલી બધી નિષ્ઠુર બની જઇ મનેજ દુ:ખ આપવામાંજ આનંદ માને છે ? હાય ! હાય ! મિત્ર લાલસિંહ, ભાઈ વસંત, ભાઈ કેશવ. શું તમે... ........... વાકય પુરૂં બોલતા પહેલાં તો એકદમ મૂર્છાવંત થઈ ગયો.

દેવકુમારનેમૂર્છીત થતો જોઈને યોગીરાજ બોલ્યા કે કીર્તિ તું વીંઝણો લાવ અને દેવસેના તમે જરા ગુલાબજળ લાવો. આથી બેઉ જણા બંહાર જાય છે એટલે તરતજ યોગીરાજ પોતાનો યોગીવેશ દૂર કરી પોતાના અસલ સ્વરૂપમાં સજ્જ થઈ ગયો. જ્યારે કીર્તિકુમાર વીંઝણો લઈ આવે છે ત્યારે લાલસિંહ તે લઈને પવન નાંખે છે.

દેવસેના જ્યારે ગુલાબજળ લઇને આવે છે તે વખતે ( આ અજાણ્યા માણસને જોઇ ) અરે ! આ કોણ હશે ? આ દેવાંશી પુરૂષ અહીં કયાંથી આવ્યા હશે, અરે ! પેલા યોગીરાજ ક્યાં જતા રહ્યા. હવે મારાથી અન્ય પુરૂષની હાજરીમાં મારા પતિ પાસે શી રીતે જવાય ? આ વિચાર કરતાં તે ત્યાંને ત્યાંજ ઉભી રહી ગઇ.

ભાઇ દેવકુમાર સાવધ થા. સાવધ થા. ભાભી ! ગુલાબજળ લાવ્યા ? લાલસિંહ બોલ્યો,

ભાભી ભૂલ્યા ! ભાભી તમે આમ ઓડે-ખુણામાં કેમ ઉભા છો ? આ તો અમારા ભાઇ ( મિત્ર ) લાલસિંહ છે. પણ પેલા યોગીરાજ

ક્યાં ગયા ? હું વીંઝણો લેવા ગયો એટલામાં તો કોણ જાણે ક્યાંઈ જતા રહ્યા. તેઓ અલૌકીક તો ખરા.

મિત્ર લાલસિંહ ! દેવકુમાર જરા સ્વસ્થ થતાં બોલ્યો.

હા, ભાઇ, હુંજ તમારો મિત્ર લાલસિંહ.

લાલસિંહનો મેળાપ થતાં દેવકુમારના હર્ષનો પાર રહ્યો નહીં

આજે તું ઘણા દિવસે મને મળ્યો, ભાઇ, તારા વિયોગથી હું ઘણોજ દુઃખી અને બેચેન હતો. શું તને મારી કિંચીત પણ દયા નહોતી આવી કે તું મને મૂકીનેજ ચાલ્યો ગયો. અરે! લાલસિંહ, પેલા યોગીરાજ ક્યાં ચાલ્યા ગયા. દેવકુમારે મિત્રને ભેટતાં પૂછ્યું.

તારા સમાચાર આપી મને અહીં મોકલી તેઓ પાછા જંગલમાં ચાલ્યા ગયા છે. હું જઇને તેમને મોકલીશ.

દેવમિત્ર! મારો અવિનય થયો હોય તો મને માફ કરજો. મેં તમને ઓળખ્યા નહોતા. દેવસેના બોલી.

કંઇ નહી, પણ પેલા તમારા સખી ક્યાં ગયા ? લાલસિંહ બોલ્યા.

હાં હાં એતો હું સમજી. પદમાવતીને ! તમે તેના પ્રેમ પાસમાં જકડાયાછો કે શું? પણ તે તો તમને પરણવાનીજ ના પાડે છે. દેવસેના લહેકા કરતાં બોલી.

તે ના કહે છે તો પછી તે પરણશે કોને ! શું રાજહંસણી રાજહંસ ને મૂકી કાગના કોટે વળગશે ? તે પરણવા ના કહે છે તો તમે પણ દેવકુમારને પરણવા ક્યાં હા કહેતા હતા. એ મને નહીં પરણે તો હું કોઇને નહિં પરણું.

---

**નોંધ**—પ્રિય વાંચક વર્ગ આ ઐતિહાસીક વસ્તુ ઉપર સંપૂર્ણ ખ્યાલ કરશો તો તે વખતના જમાનામાં જૈન ધર્મ ઉપર શ્રાવકો તથા રાજાઓની કેટલીશ્રદ્ધા હતી તેની સ્હેજ કલ્પના થઇ આવશે.

પ્રિયા જોયું ! અહીંજ યોગીરાજનું વચન સત્ય થાય છે. વ્હાલી ! આવી મઝા હંમેશાં હોય તો કેવો આનંદ આવે. પણ લાચાર છું કે મારે આવતી કાલેજ પર્યટનાર્થે જવું પડશે. દેવકુમાર બોલ્યો.

નાથ ! શું તમે મને અહીં મૂકીને ચાલ્યા જશો, શું આ નિરાધાર અબળાને આમને આમ રસ્તામાં રઝળતી મૂકી જળ વિનાની માછલી માફક તરફડતી મૂકી ચાલ્યા જશો. ના, વ્હાલા ! હું તમને પ્રાણાન્તે પણ જવા નહિં દઉં તે નહિંજ દઉં.

વ્હાલી ! વિચાર કર. મારાથી મારા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કેવી રીતે થાય અને પિતૃ ધર્મનો ત્યાગ કેવી રીતે થાય. શું મારો ક્ષત્રિય વટ ખોઈ એક નવયૌવના સ્ત્રીમાં લુબ્ધ થઇ લોકોમાં હું

---

**આમ રાજાના મંદિરનું વર્ણન કરે છે.**

ગોપગઢમાં આમરાજા, ગોપગઢમાં વીરનું,
એકસો ને એક કર ઉંચુ, જિનાલય સુંદરૂં,
ગુરૂ બપ્પભટ્રિતના વચનથી, હોંસથી બંધાવતા,
દશ આઠ ભાર પ્રમાણ, કંચન બિંબને પધરાવતાં. ૧

●

**આ મંદિરના રંગ મંડપનું વર્ણન**

દુવ્વીસ લાખ પણ વીસ સહસ્ર પ્રમાણ સોનામહોરને
ખરચી કરાવે મુખ્ય મંડપ, રંગમંડપને અને
નવલાખ સિંહાસનની ઉપર ગુરૂરાજને બેસાડીને
ઈગ કોડી પચવીસ લાખ સોનામહોર શ્રી ગુરૂ પૂજને ૨

**વિમલ મંત્રીના મંદિરનું વર્ણન**

નૃપ મુકતાને દ્રવ્યથી તે સો જિનાલય ઉદ્ધરે
ગુરૂના વચનથી ઇમ પ્રબંધ ગ્રંથમાં ગુરૂ ઉચ્ચરે
વિમલશાહ પ્રધાન ગુર્જર દેશ નૃપ ભીમ દેવના
ધર્મિષ્ટ દાની શિરોમણિ થીર થંભ જિન શાસનતણા ૩

●

નિંદા પાત્ર થઉં ? શું તું વીર-પત્ની નથી ? શું તું તારા પતિના યશોગાન સાંભળવા આતુર નથી ? તું તારા પિતાગ્રહે રહે અગર શ્વસુર જઈ પતિના સ્નેહીઓના સંગમાં જઇ સુખેથી રહે.

વ્હાલા ! શું તમે તમારી પ્રીયાને મૂકીને જઇ શકશો ખરા ! શું તમારા આધારે સંજીન પ્રીયાને વિયોગે ઝુરાવશો. એમ કહેતાં ડોકે વળગી પડે છે અને કહે છે કે મારા મુગટમણિ ! હું તમને એમ તો કદી જવા દઇશ નહીં. તમો જાણો છો કે મારો પિતા મારો કટ્ટો દુશ્મન છે અને તમારા ભાઈ ભદ્રિકસિંહ પણ મારા દુશ્મન બન્યા છે તો પછી તમેજ કહો કે મારે કઇ તરફ જવું. હુ આપની સાથે આવી આપણા સુખ દુઃખમાં ભાગીણી બની મારૂ કર્તવ્ય બજાવું. અને મારી સતી ધર્મની ફરજ અદા કરૂં.

---

**વિમલશાહે કઇ સાલમાં આવા જિનાલય બંધાવ્યા તે**

બાર ક્રોડી લાખ ત્રેપન માન રૂપીઆ વાપરી
અર્બુદગિરિ પર મંદિરો બધાવતા ધન ચલખરચી
ઇગ સહસ અઠયાસી વિક્રમ સાલ કેરી વાત એ
દેખતાં તે મંદિરો મનમાં અચંબો પામીએ ૪

●

**પેથડશાહના મંદિરોનું વર્ણન**

મંડપાચલ દેવગીરી સિદ્ધાચલાદિક શુભ સ્થળે
પ્રાસાદ ચોરાશી કરાવ્યા પેથડે શુભ અવસરે
શ્રી ધર્મ ઘોષ સૂરીશના ઉપદેશને સાંભળી
આવા ઘણાં એ કાર્યોમાં ઓછાશ નથી રાખી જરી. ૫

●

**પાટણ નૃપ સિદ્ધરાજ**

અગિયારસો ને તેરમાં નૃપ સિદ્ધરાજ પત્તને
પ્રાસાદા રાજ વિહાર નામે આદિ પ્રભુનો શુભ મને

ભાભી ! મારા ભાઇની સાથે કેમ કજીયો કરો છો ? સિંહના બચ્ચાને લઇ લેવું હતું ત્યારે તો મને કેવા સમજાવતા હતા. કીર્તિકુમાર બોલ્યો.

કીર્તિકુમાર, જોયું ને ! આતો ભાઇને જવું છે અને ભાભી રોકે છે લાલસિંહે કહ્યું.

ભાઇ ક્યાં જાય છે ? કીર્તિકુમારે પૂછ્યું.

વનમાં. દેવસેનાએ જવાબ આપ્યો.

કદાપી નહીં બને, ભાઇ હાથમાં આવ્યા છે તો હવે જવા તે કેમ દેવાય, ભાઇ દેવકુમાર. નગરમાં તમારા વિના પ્રજા સુની જણાય છે. ભાભી અને બેન સૌભાગ્ય બંને તમને સંભાળી સંભાળીને ચોધાંરે આંસુએ રડે છે. માટે તમારા ભાઇ ઉપર દયા કરી પાછા નગર તરફ પધારો.

---

પંચ્યાશી અંગુલ માન પ્રતિમા રૂષભની પધરાવતા
કંજુસને પણ ખરચવાને દાખલો બેસાડતા. ૬

●

## નાહડે બંધાવેલા જિન મંદિરો.

કોરંટકાદિક શુભ સ્થળે શ્રી દેવસૂરિ ઉપદેશથી
બ્હોંતેર નાહડ વસહિ આદિ મંદિરો ઉમંગથી
મંત્રી નાહડ ભૂરી ધનને વાપરી બંધાવતા
બિંબ પ્રતિષ્ટા દેવસૂરિની પાસ તેમ કરાવતા, ૭

●

## કુમારપાળના જિન મંદિરોનું વર્ણન

શ્રી હેમચંદ્ર સૂરીશના ઉપદેશથી સિદ્ધાચળે
તારંગે તીર્થે સ્તંભ તીર્થાદિક ઘણા ઉત્તમ સ્થળે
શ્રાદ્ધ ભુપ કુમારપાળ સહસ ઉપર શત ચારને
ચુમ્માલી નવ જિનાલયો બંધાવતા ધરી ખંતને ૮

ભાઇ, તું સમજે નહીં. તારા ભાભી ને લઇ આપણા નગરમાં જા અને હું થોડા દિવસમાં પાછો આવીશ.

વ્હાલા ! તમે ગમે તેમ કરશો તો પણ હું તમને છોડીશ નહિ. તે છતાં જવું હોય તો સુખેથી મારૂં મસ્તક કાપીને આપ જઇ શકો છો.

ભાઇ લાલસિંહ, હવે મારે શું કરવું.

કરવાનું શું હોય, સ્ત્રી હઠ એવીજ હોય. માટે સુખેથી સાથે લેવાજ પડશે. એમ કહી લાલસિંહ બહાર જાય છે. અને ફરી પાછો યોગીના સ્વરૂપમાં આવે છે.

યોગીરાજ ને દેખતાંજ મારો મિત્ર ક્યાં ગયો ? દેવકુમારે આશ્ચર્ય પામી પૂછ્યું.

મહાનુભાવ ! મને તેની કાંઇ ખબર નથી.

આ સાંભળી દેવકુમાર મિત્રના વિયોગે રડવા લાગ્યો. શું અલ્પ સમય માટેજ તું મને મળવા આવ્યો હતો ? તારા વિના મારાથી એક ઘડી પણ રહેવાતું નથી. જ્યારે તું મનેજ દુ:ખ દેવા માગે છે ત્યારે તો મારે મારા હાથેજ આપઘાત કરી મારા પ્રાણનું બલિદાન આપવુંજ જોઇએ એમ બોલતાં આવેશમાં આવી જઈ પોતાના

---

નિજ જનકના સ્મર્ણાર્થે બ્હોતેર દેવ કુલિકાએ કરી
બહુ શોભતો પ્રાસાદ બલી સંધાવતા વિધિમન ધરી
ત્રિભુવન વિહાર પ્રસિદ્ધ મંદિર દેવકુલાકામાં અને
ખુશ થતા રત્નાદિના બોંતેર બિંબો સ્થાપીને ૯

●

આ પ્રમાણે ઇતિહાસ સાક્ષી પુરે છે. આથી વાંચક વર્ગને ખાત્રી થશે કે રાજા-મહારાજાઓને જૈન ધર્મ ઉપર કેટલી અડગ શ્રદ્ધા હતી.

શરીર ઉપર જેવો ઘા કરવા જાય છે ત્યાં તો...કુમાર, સાહસ કરતાં પહેલાં વિચાર કરો. યોગીરાજ બોલ્યા.

વ્હાલા ! આમ શું કરો છો. દેવસેનાએ કહ્યું.

ભાઇ ! તમને આમ કરવું શોભે ખરૂં ! કીર્તિકુમાર બોલ્યો.

દરેક સમજાવે છે છતાં પણ દેવકુમાર માનતો–સમજતો નથી. ત્યારે યોગીરાજ બોલ્યા કેઃ– ભાઈ, તારો મિત્ર તને બહાર જંગલમાં મળશે. માટે તમો આમ સાહસ ન કરતાં જંગલમાં જઇને તમારા મિત્રને મળો. હવે હું રજા લઉં છું.

યોગીરાજ, મારાથી તમને જવા કેમ દેવાય !

કુમાર, અમને યોગીઓને સંસારીઓની સાથે રહેવું પાલવે નહીં 'અમે ત્યાગી અને તમે ભોગી.' માટે અમારો અને તમારો મેળ મળતો આવે નહિં. આપ મને હવે આગ્રહ કરશો નહિં. કોઈ વખતે અવસરે મળીશું. પ્રભુ તમને સદા સુખી રાખે. લ્યો, હવે હું જઈશ. એમ કહી યોગીરાજ જંગલ તરફ ચાલ્યા ગયા.

## પ્રકરણ એકવીસમું

### રાજ્યમહેલનો રસ્તો

જેને નીચ માણસોની સોબત હોય તેનામાં સારા સંસ્કારોની આશા ક્યાંથી રાખી શકાય. જેને ખુશામતીઆ અને સ્વાર્થી મિત્રોની જમાત આગળ–પાછળ વળગી રહી હોય તેનામાં સદ્બુદ્ધિને સ્થાન ક્યાંથી હોય, તેવી જ રીતે ભદ્રિકસિંહ પણ નીચ, કપટી અને નરાધમોની સોબતમાં દરેક વ્યસનોમાં પુરો પારંગત બન્યો છે અને પોતાનું કઇ વસ્તુમાં હીત સમાયેલું છે તે પણ સમજતો નથી.

મિત્ર! આ મહેલ તો દેવસેના કુંવરીનો છે. જેને આપણો તિરસ્કાર કરી પેલા ભિક્ષુકને વરમાળા આરોપી તેનો જ છે. શું તેનું સૌંદર્ય! શું તેની મનોહર મૂર્તિ! એનું તેજ જોઈને જ હું તો સ્તબ્ધ થઈ ગયો. એનું હરણ અવશ્ય મારે કરવું જ જોઈએ. કારણ કે પેલો મુસાફર રસ્તાનો રખડતો ભીખારી મોટા મોટા રાજકુંવરોના દેખતા તે સૌંદર્યમયી રાજકુંવરીને લઈ જાય તે ઠીક નહી. મારા બહાદુર મિત્રો! તમે લાગ સાધી તેનું હરણ કરો. શું કાગની કોટે મણિ શોભે? ના, ના, તે તો મારા લાયક જ છે.

શીલા શ્વાનની પુંછડી સાથ સાંધી,
બહુ યુક્તિથી જાળવી બંધ બાંધી,
કરી પાંસરી તો ફરી વાંકી વાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.

જે મનુષ્યને પિશાચીક ભાવનાની ટેવ પડી હોય તે કેમ જાય! જેના જીવનમાં સંસ્કાર જેવી કોઈ ચીજ ન હોય તેની પાસેથી કઈ જાતની આશા રાખી શકાય! પાપીને પાપીજ વિચારો નિરંતર આવ્યા જ કરે છે. અંતે તેઓ પાપમાં જ પોતાની આખી જીંદગી ગાળે છે.

---

**નોંધઃ**—યુગપ્રધાન પટ્ટાવલી પ્રભુ મહાવીર નિર્વાણ પછી ૬૦૫ વર્ષે શાકે સંવત્સરની સ્થાપના શાલિવાહને કરી હતી. આ ઐતિહાસીક ગ્રન્થના લખાણ સમયે ૧૮૬૧મુ વર્ષ ચાલે છે. તેમાં ૬૦૫નો આંક ઉમેરતાં વીર નિર્વાણ ૨૪૬૬ ક્રમશઃ મળી રહે છે, આ સંખ્યા યુગ પ્રધાન પટ્ટાવલી મેળવતાં બરાબર મળી રહે છે. પ્રથમ વિભાગના આઠ આચાર્યોનો આંક વીર નિંર્વાણ સંવત ૨૧૫ સુધી ગણવામાં આવ્યો છે.

૧. શ્રી સુધર્માસ્વામિ ૨૦ વર્ષ, શ્રી જંબુસ્વામી ૪૪ વર્ષ, શ્રી પ્રભવસ્વામી ૧૧ વર્ષ શ્રી શય્યંભસ્વામી ૨૩ વર્ષ, શ્રી યશોભદ્રસ્વામી ૫૦ વર્ષ, શ્રી શંભુતૃવિજય ૮ વર્ષ, શ્રી ભદ્રબાહુ સ્વામી ૧૪ વર્ષ અને શ્રી સ્થુલિભદ્ર સ્વામી ૪૫ વર્ષ.

૨. શ્રી આર્યમહાગિરિ ૩૦ વર્ષ, શ્રી આર્ય સુહસ્તિ ૪૬ વર્ષ, શ્રીગુણસુંદર ૪૪ વર્ષ, આ સમયે વીર નિર્વાણને ૩૩૫ વર્ષ થયાં હતાં.

૩. તેના બાદ પ્રથમ નગોદ વાખ્યાતા શ્રી કાલકાચાર્ય ૪૧ વર્ષ, શ્રી શાંડિલ્યાચાર્ય ૩૮ વર્ષ, યુગપ્રધાને રહ્યા. એટલે આ સમયે વીર નિર્વાણને ૪૧૪ વર્ષ પુરાં થયાં.

૪. શ્રી રેવતી મિત્ર ૩૬ વર્ષ, આર્યમંગુ ૨૦ વર્ષ સુધી યુગપ્રધાને રહ્યાં. અહીં વીર નિર્વાણને ૪૭૦ વર્ષ પુરાં થાય છે.

જો જો ભાઈ, બકરૂ કાઢતાં ઊંટ ન પેસી જાય. જોયા છે તેના હાથ! પેલા યોગીને એટલી વારમાં પાછા ભૂલી ગયા! જો જો! દેવસેનાનું હરણ કરતાં તમારા પિતાશ્રી તથા તમારા દેશની આબરૂ જાય નહિં એ ધ્યાનમાં રાખશો. એક અનુચરે નિડરતાથી કહ્યું.

અરે! દેવસેનાનું હરણ કરવું એમાં તે શી મોટી વાત છે? એક સાધારણ ભિક્ષુક પાસેથી કન્યા ઝુંટવી લેતા કેટલી વાર! દુષ્ટ મિત્રો આમ હાજી હા કરી ભદ્રિકસિંહના કાર્યમાં સાથ આપવા તૈયાર થયા છે.

પહેલાં આપણા હાથમાં તો આવવા દો! પછીની વાત પછી. મિત્રો, તમે સૌ તૈયાર થાવ! કારણ કે તે આજે અહીંથી જવાનો છે.

---

૫. શ્રી આર્ય ધર્મ સૂરિ, શ્રી ભદ્રગુપ્ત, શ્રી વજ્રસ્વામી વિગેરે મળી ચાર આચાર્યો ૧૦૨ વર્ષ સુધી યુગપ્રધાન પદે રહ્યા, અહીં વીરનિર્વાણને ૫૭૨ વર્ષ પુરા થાય છે.

૬. શ્રી આર્ય રક્ષીત આચાર્ય ૧૩ વર્ષ અને પુષ્પમિત્ર ૨૦ વર્ષ મળી તેત્રીસ વર્ષ ઉમેરતાં આ સમયે વીર નિર્વાણ સંવત ૬૦૫ પુરો થયો.

શ્રી ભદ્રબાહુસ્વામી યુગપ્રધાન પદે વીર નિર્વાણ ૧૫૬માં આવ્યા અને તેઓનો વીર નિર્વાણ ૧૭૦માં સ્વર્ગવાસ થયો. આ ચૌદ વર્ષોના ગાળામાં ઘણીજ મહત્વની ઘટનાઓ બની હતી.

વાંચક વર્ગને મારી નમ્ર વિનંતિ છે કે આપણે ઐતિહાસિક શોધમાં જેમ જેમ ઉંડા ઉતરતા જઇએ છીએ તેમ તેમ આત્માને અનેક વસ્તુઓનું જાણપણું અને જ્ઞાન સંપાદાન થાય છે, આજે જૈન સમાજમાં જે વસ્તુનું લોકોમાં જ્ઞાન જોઇએ તે જ્ઞાન ઇતિહાસનું ભાગ્યેજ કોઇને હશે, કારણ કે કરોડની દોલત ધરાવતી જૈન કોમ આજે જ્ઞાન અને કળામાં ઘણીજ પછાત પડતી જાય છે તેનું કારણ સુકાનીઓની **આળસ અને પ્રમાદ**.મુખ્યત્વે છે,

માટે બહારના જંગલમાં જતા પહેલાં તેને પકડી અગર છાના-માના સંતાઈ રહી દેવસેનાનું હરણ કરી નાસી જજો. આ વાતની ખબર આપણા પ્રધાનજી સરખાને પણ ન પડે તે ધ્યાન રાખશો. કારણ કે ભિક્ષુક અને યોગી બંને જણ મહા બળવાન છે. ભદ્રિકસિંહે કહ્યું.

તેમાં તે શું ? શું આપણા જેવા બહાદુરો આગળ તે પાજીઓના શું ભાર છે ? મિત્રો આનંદમાં આવી જઈ બોલ્યા.

"યથા રાજા તથા પ્રજા" તમો ક્યાં ઓછા છો ? બળમાં, કળમાં અને છળમાં ગધેડાના પુંછ જેવા ડાહ્યા છો. પૂર્વમાં બૂમ પડે તો પશ્ચિમ તરફ ભાગો છો, કુમાર શ્રી ! મિત્રો તો બધા આવાજ જોઈએ હોં. વળી કામાંધ પુરૂષોના માટે જ્ઞાનીના વચન છે કે:-

જન્માંધ લોભાંધાદિમાં, કામાંધ અધિકો શાસ્ત્રમાં,
ભેદ ન ગણે ઢોર જેવો, માત દીકરી એનમાં
ઢોરને નરમાં તફાવત, શુભ વિવેક ગુણે કરી,
હે જીવ બુઝ દૃષ્ટાંત, અડદસ નાતરાંનું સાંભળી.

પરસ્ત્રી હરણના દાખલા તપાસવાથી આપણને સ્હેજે માલમ પડશે કે તેનો સદા નાશ જ થાય છે. "રાવણે સીતાનું હરણ કર્યું હતું તો તેનું રાજ્ય ગયું અને પોતે પણ મરાયો." દ્રૌપદીને પ્રેમમાં ફસાવતાં કીચક મરાયો અને જયદ્રથ ગયો. વળી કૌરવોની પડતી દશા આવી. આવા દાખલાઓ શાસ્ત્રમાં તેમજ ઈતિહાસમાં અનેક જડી આવે છે. માટે હે મારા રાજા સાહેબ ! પરસ્ત્રીને હરણ કરવામાં કંઈ સાર નથી. માટે આવા નીચ વિચાર જવાદો. અને કંઇ ખ્યાલ કરો. એક અનુચર કટાક્ષમાં બોલ્યો.

નાલાયક! તું શું સમજે? શું આવા મોટા રાજકુમારના દેખતાં એક રસ્તાનો રખડતો ભીખારી રાજકન્યા લઈ જાય તેને કેમ જવા દેવાય!

નામદાર શ્રી! આપણે તો દેવસેનાનું હરણ કરી તેનો બદલો અવશ્ય લેવો જ જોઈએ.

આ પ્રમાણે પાપી મિત્રોએ ભદ્રિકસિંહના કાનમાં ઝેર રેડી ઉશ્કેરણી કરી અને પોતાનો નીચ સ્વાર્થ સાધવા કટીબદ્ધ થયા. પોતાનો દાવ બરાબર ફેંકી ભદ્રિકસિંહને આગેવાન બનાવી દરેક પોતપોતાના સ્થાન તરફ ગયા.

# પ્રકરણ બાવીસમું

## રાજમહેલ

**રાજા** પ્રવિણસિંહ પોતાની રાણી સાથે પોતાના સુખદુઃખની વાતોમાં લીન થઈ ગયા છે. અને કહે છે કેઃ—વ્હાલી ! મારા મનની મુંઝવણનો પાર નથી. તારી કુંવરીએ તો આખા આપણા કુળને લજવ્યું છે. આવી કુંવરી એક ભિક્ષુકને પરણવા સર્જી તેના કરતાં તો ન જન્મી હોત તો સારૂં. ધિક્કાર છે તે કુલાંગાર દીકરીને !

નાથ ! આવું બોલવું આપને ઘટીત નથી. હોય ! " છોરૂં કછોરૂ થાય પણ માવીતરથી ન થવાય" તેને જે ગમ્યો તે સોનાનો.

તમો આ શું બોલો છો ? શું તે નાનું બાળક છે ? તેને બાપનું નાક કપાવી એક રસ્તાના રખડતાને પરણતાં લાજ ન આવી ? બસ, એ દુષ્ટાને એના કૃત્યનું ફળ આપવું જ જોઈએ. પેલા દુષ્ટને તો અત્યારે ને અત્યારે જ હું માણસ મોકલી મારી નંખાવું છું. પછી ભલે મારી પુત્રી વિધવા થાય. તેને પણ ખબર તો પડે કે પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી કેવું ખરાબ પરિણામ આવે છે ?

વ્હાલા ! વિચારો, મારી એકની એક પુત્રીને શું વિધવા બનાવશો ? શું તમે કુળને કલંક લગાડવા ધારો છો ! આ તમારી દાસીની

ખાતર આવું ન કરતા. વ્હાલા ! શું મારી કુમળી દીકરી વિધવાપણું સહન કરી શકશે ? શું પોતાના પતિ વગર તેનો જન્મારો જશે ? ના, ના, તે તો તેના પાછળ સતી થઇ આપને અને આપના કુટુંબને શ્રાપિત કરશે તો પછી આપ શું મોઢું બહાર બતાવશો ? આપશ્રી વિચારશો તો માલમ પડશે કે " આપની આ દાસી આપનો વિયોગ ઘડી પણ સહન કરી શકે છે ? "

ના,

ત્યારે મારી પુત્રી પોતાના પતિનો વિયોગ શી રીતે સહન કરી શકશે ? હજુ તો તે બાળક છે. અને સંસારનો લ્હાવો તો હજુ હવે લેવાનો છે. છતાં જો આપ કંઈ પણ અવિચાર્યું પગલું ભરશો તો આ તમારી દાસીનું મોં ફરી જોવા નહીં પામો. વ્હાલા ! તપાસ તો કરો કે તે માણસ કોણ છે ? અને તે ક્યાંનો છે ?

મારે તે કાંઈ જાણવાની જરૂર નથી. સમજી !

વ્હાલા ! ધારો કે તે કદાચ આપણી કુંવરીને લાયક હોય અને રાજવંશી હોય તો...... !

તેના નસીબમાં એવું છે જ ક્યાં ? ( સામેથી દેવસેનાને આવતી જોઈ એટલે) તેને મારી આજ્ઞા જણાવી દેજે કે:-" તેણે તેના પતિની સાથે આ નગર છોડી ચાલ્યા જવું, કદાચ આ હુકમનું અપમાન કરશે તો તેના જીવનું જોખમ થશે અને તેનો પતિ પણ સુખે નહીં રહી શકે. " એમ કહી રાજા સત્વર ચાલ્યો ગયો.

પૂજ્ય માતુશ્રી ! મારા વંદન હો. દેવસેના આવતાં બોલી.

સુખી થા. મારા બેટા.

માતુશ્રી ! તમારા આશિર્વાદથી હું સદા સુખી છું પણ મારા પિતાશ્રી મને આવતાં દેખી કેમ ચાલ્યા ગયા ?

બેટા, તે તારા ઉપર ઘણા જ ગુસ્સે થયા છે.

માતુશ્રી ! મેં જે પતિ પસંદ કર્યો છે તેને છોડી હવે બીજે જવાય ? આતો મનગમતા અને ઊંચ કુળના રાજવંશી છે પણ કદાચ ભિક્ષુક નીકળ્યો હોત તો પણ શું ? શું તમે મને એવું શિક્ષણ આપો છો કે તેને છોડી બીજાને જવું.

ના, બેટા ના, એમ કરી તું મારી કુક્ષી લજવતી નહીં. બેન ! મારી વ્હાલી પુત્રી ! આજે તારા પિતાએ આદેશ કર્યો છે કે “ તારે તારા પતિની સાથે એકદમ નગર છોડી ચાલ્યા જવું. ”

વ્હાલી માતા, એ તો અમે કયારનુંએ નક્કી કર્યું છે અને એટલા માટે જ હું તમારી રજા લેવા આવી છું કારણ કે મારા પતિશ્રીને હજુ વનવાસ વેઠવાનો છે, તેથી જ્યાં સુધી વનવાસ પુરો થાય નહિ ત્યાંસુધી તેઓ પોતાનું નામ, ઠામ અને કુળ ખુલ્લું કરશે નહીં.

કાકીશ્રી ! મારા વંદન હો. પદ્માવતીએ આવતાં કહ્યું.

આવ, બેન આવ. જો આ તારી સખી ઉપર કેટલું બધુ દુઃખ છે. એક તો પતિ યોગ્ય ન મલ્યો, પિતા ગુસ્સે થયા, અને વનવાસ વેઠવો પડશે. ત્યાં તે તેના પતિ સાથે કેવી રીતે રહી શકશે ? અને આ પસંદ કરેલો પતિ જો ખરેખર ભિક્ષુક હોય તો મારી પુત્રીનું શી રીતે પુરૂં કરશે. મારી દીકરી આટલા વૈભવમાં ઉછરી છે તો તે વનવાસના દુઃખો શી રીતે સહન કરી શકશે ?

કાકીશ્રી ! તમે ભૂલો છો, રાજાજી ગુસ્સે થાય તેથી શું ? તેના પતિની શોધ અમે લીધી છે પણ તે કહેવાને અમે અશક્ત છીએ કારણકે તે છુપું રાખવા અમે વચનથી બંધાયા છીએ. પિતાજી ધારે છે તેમ તેનો પતિ ભિક્ષુક નથી તે ચોક્કસ માનજો પણ તે એક

મોટા રાજ્યનો પાટવી પુત્ર છે, વળી રૂપે, રંગે, ગુણે અને ક્ષત્રિય-વટથી અલંકૃત છે. આવો પતિ ખોળતાં પણ મળવો મુશ્કેલ છે. એ તો એમ કહો કે મારી સખીના ધન્યભાગ્ય કે એ મળી આવ્યા! વનવાસમાં દેવસેનાને જરાપણ દુઃખ નહીં આવવા દે.

દેવસેના ! ક્યારે જવું છે? પદ્માવતીએ પૂછ્યું.

આજે અને અત્યારેજ.

મારી વ્હાલી સખી! શું તું આજેજ જવાની છું? સખીનો વિયોગ સહન નહીં થઈ શકવાથી એકદમ દેવસેનાની કોટે વળગી પડે છે. પણ શું ઉપાય? ફક્ત નેક અને ટેકની ખાતર પોતાની સખીને જવા માટે હા કહે છે. અને શિખામણ આપે છે કે:—બેન! પતિની સંગે રહેતાં કોઈ વખત આ બેનને યાદ તો કરશો ને?

બેન! તું તો કદી વીસરાઈશ નહીં. જો પ્રભુ કરશે તો થોડા દિવસ પછી જ આપણે બંનેજણા મળીશું, યોગીના કહેવા પ્રમાણે જ તારા માટે લાલસિંહ જ યોગ્ય છે. બેન! મેં આજે જ લાલસિંહને જોયા. શું તેમની ક્રાંતી? શું તેમની ભવ્યતા? શું તેમના ચહેરાની મોહકતા? અને શું તેમનું ક્ષત્રિયવટનું તેજ? હું તો જોઈને જ દીગમૂઢ બની ગઈ, મારા પતિદેવે જ મને ઓળખાવ્યા કે આ તારી સખી (પદ્માવતી) ના વર.

બેન! છાની રહે, માતુશ્રી સાંભળશે. પણ તે વખતે મને કેમ ન બોલાવી? હું પણ તેમના મુખના દર્શન તો કરત.

મારી વ્હાલી બેટી! તું હવે જવાની તૈયારી કર. તારે અને તારા પતિને હવે વધારે વખત અહીં રહેવું ઉચીત નથી. તો હવે જલ્દી તૈયારી કર.

બેટા! કોઈ વાતે હૃદયમાં ઉદાસીનતા લાવીશ નહીં. ભગવાન પર ભરૂસો રાખજે અને પ્રાણાન્તે પણ આપણા કુળની ગૌરવતા ગુમાવીશ નહીં.

મારી લાડકવાયી દીકરી! તને હા કહેતાં મારૂં હૈયું ભરાઈ જાય છે, અને ચક્ષુમાંથી અશ્રુ સરી પડે છે. પદ્માવતીથી પણ વિદાય આપતાં રડી જવાય છે.

શું ભાવીની પ્રાલબ્ધતા! ક્યાં એક વખતની રાજમહેલમાં ઉછરેલી રાજકુમારી અને આજે જંગલની ભટકનારી જોગણ! વાહરે!!! કર્મ તારી વિચિત્ર કૃતિ.

દેવસેના પોતાની માતુશ્રી તથા સખી પદ્માવતીથી વિખુટી પડી દેવકુમાર પાસે જાય છે.

# પ્રકરણ તેવીસમું

## મોહનપુરીનું જંગલ

આજે પવિત્ર પ્રેમથી અંકિત થયેલું યુગલ જોડું પૃથ્વીની સપાટી ઉપર ભગવાનના ભરોસા ઉપર ચાલી નીકળ્યું છે. જ્યારે ખુબ દૂર નીકળી ગયા છે અને જ્યારે ચાલતા ચાલતા બંને જણાઓ ભૂખ અને તૃષાથી થાકી ગયા છે. ત્યારે દેવકુમારે કહ્યું:– પ્રિયા ! તું ચાલી ચાલીને ઘણી જ થાકી ગઈ છે. તો ચાલ આપણે પેલા વૃક્ષ નીચે બેસી આરામ લઈએ.

પ્રાણેશ ! જેવી આપશ્રીની ઈચ્છા ! આપના હુકમને આ દાસી આધીન જ છે. મધુર સ્વરે દેવસેનાએ કહ્યું.

બંને જણા અતિશય થાકી ગયા હોવાથી સામેના વૃક્ષ નીચે આરામ લેવા બેઠાં કે તરત દેવસેનાને થાકી જવાથી ઊંઘ આવી ગઈ. આ વખતે દેવકુમારને અનેક જાતના વિચારો આવવા લાગ્યા કે:–" જેને મારા માટે રાજ્યનો વૈભવ–સત્તા અને સુખ–સાહ્યબી સર્વેનો ત્યાગ કરી

મને પરણી અને મહેલના સુખો તજી મારી સાથે વનવાસ લીધો. કેવી પવિત્રતાની મૂર્તિ ? વળી પોતાના માતા પિતાનો સ્નેહ ત્યાગ કરી મારા સ્નેહનો સ્વીકાર કર્યો, તેણે મને કઈ રીતે ઓળખ્યો હશે કે હું જ દેવકુમાર છું ? પેલા યોગીરાજ કોણ હશે ? એમનો આટલો બધો સબંધ મારી સાથે ક્યાંથી થયો હશે ? અરેરે ! હજારો દાસ–દાસીઓના હુકમ ચલાવનારી એક વખતની રાજકુમારી જે આજે મારી ખાતર રસ્તાની રખડતી ભીખારણ થઈ મારા સુખે સુખી અને દુઃખે દુઃખી થવા તૈયાર થનારીને ધન્ય છે ! અને ધન્ય છે! તેના પવિત્ર પ્રેમને !!" આવા અનેક જાતના વિચારો દેવકુમાર કરી રહ્યો છે.

પ્રાણેશ ! આપ હવે આ દાસી ઉપર કૃપા કરી જરા મારા ખોળામાં આરામ કરો. દેવસેના ઉંઘમાંથી જાગતાં જ બોલી.

આમ દેવસેનાનો આગ્રહ જોઈ દેવકુમાર તેના ખોળામાં સૂઈ જાય છે. પણ થોડી વારમાં તો લાલસિંહ અહીંઆ આવી ચડે છે. અને દેવકુમાર તથા દેવસેનાને દેખીને તે કહેવા લાગ્યો કેઃ– અહાહા !!! મારા પવિત્ર મિત્રની કેવી દશા ? એક વખતે રાજ્ય ગાદીએ બિરાજનારો મારો સ્નેહી આજે પોતાના પ્રાણથી અધિક વ્હાલી પ્રિયા સાથે કેવો શોભે છે ?

કેમ, ભાભી ! ખુશીમાં તો છો ને ?

હાસ્તો, આથી વધારે સુખ શું જોઈએ ? એમ કહી શરમથી ઉઠવા જાય છે.

બેસો, ભાભી ! તમને ધન્ય છે ! માતા તૂલ્ય ભાભી, તમારા પવિત્ર પ્રેમને અને ત્યાગને ધન્ય છે !

સ્ત્રીનો ખરો ધર્મ પોતાના પતિની સેવા કરવામાં જ સમાયેલો છે. આર્ય પત્નીઓએ પોતાના પતિના માટે શું નથી કર્યું ? શું સતી સીતાએ શ્રીરામની સાથે વનવાસ નહોતો ભોગવ્યો ? શું સતી દ્રૌપદીએ પોતાના પતિઓની સાથે અનેક કષ્ટો નહોતાં ભોગવ્યાં ? શું તારામતિ પોતાના પતિના સત્યને ખાતર ભરબજારમાં નહોતાં વેચાણાં ? માટે ભાઈ, પતિના સુખમાં અને દુ:ખમાં જે હંમેશા સરખા ભાવથી ભાગ લે છે તેજ સાચી સતી અને ક્ષત્રિયાણી.

ભાઈ! તમો આવ્યા ક્યાંથી ?

ભાભી ! તમો તે જાણો છો. કે હું જંગલમાંથી આવું છું. હાં ! પણ તમોએ કાંઈ ફળાહાર કર્યો કે નહિ ?

ના ! ભાઈ, અમો બહુ જ થાકી ગયાં હોવાથી અહીં જ વિશ્રામ લીધો મારા પતિ નિંદ્રાવશ થઈ ગયા એટલે અહીં જ બેસી રહ્યા છીએ.

ભાભી ! આપ અહીં જ બેસજો. હું હમણાં જ ફળાહાર લઈ આવું છું. એમ કહી તે જંગલમાં ફળફૂલ વીણી લાવવા માટે ગયો.

આ વખતે પાપી ભદ્રિકસિંહ દેવસેનાની પુંઠ પકડતો પકડતો આ જંગલમાં આવી ચઢે છે, અને આ બંને જણને જોઈ આનંદમાં આવી જાય છે. અને બોલે છે કે "પોતાની સ્ત્રીના ખોળામાં કેવો નિરાંતે સૂતો છે ? અરે ! આહ !!! જોતો ખરો તે કેવી મઝાની શોભે છે. જાણે તે કામદેવની સ્ત્રી રતીજ ન હોય ! આવી પરી–અપ્સરાને જોઇ કોનું મન મોહ ન પામે ! ઈંદ્ર જે દેવોનો રાજા છે તે પણ ગૌતમ-ઋષીની સ્ત્રીમાં લુબ્ધ થયો હતો. એવા તો અનેક દાખલાઓ બન્યા છે કે મહાપુરૂષો પણ સ્ત્રીઓના રૂપમાંજ અંધ બન્યા હતા."

પાપી ભદ્રિકસિંહ દેવસેનાના રૂપમાં પાગલ બની ન કરવાનું ગોઝારૂં કૃત્ય કરવા તૈયાર થાય છે. દેવકુમાર પોતાની પ્રાણવલ્લભાના ખોળામાં સુતેલો છે લાલસિંહ આહાર માટે ફળ લેવા ગયો છે તે તકનો લાગ સાધી પાપીઓએ સમયસૂચકતા વાપરી પાછળથી દેવસેનાને અદ્ધર ઉપાડી લીધી જેથી દેવસેના ચમકી અને બૂમ મારવા લાગી કે:— "ઓ પ્યારા, મારા વ્હાલા, મને બચાવો, બચાવો. આ તમારી દીન દાસી પાપીઓના હાથમાં પડેલીની રક્ષા કરો, તમારી અર્ધાંગનાને બચાવો." આમ અવાજ સાંભળી દેવકુમાર બેબાકળો બની જાગીને જુએ છે તો પોતાની વ્હાલી પ્રીયાને ન જોવાથી હતાસ બની ગયો. અને મનમાં વિચાર કર્યા પછી મનની સાથે નક્કી કર્યું કે જરૂર મારી નિંદ્રાનો લાભ લઈને કોઈ દુષ્ટોએ મારી પત્નીનું હરણ કર્યું છે અને નાસી છુટયા છે. મને તપાસ કરવા દે. એમ વિચારી તે જંગલમાં ગાંડાની માફક પોતાના નસીબ ઉપર આધાર રાખી તપાસ કરવા નીકળી પડે છે. "દેવસેના, ઓ દેવસેના, તું કયાં હઈશ. શું તું દુષ્ટોના પંઝામાંથી મને દર્શન નહીં આપે?" આમ કલ્પાંત કરતો કરતો આખા ઉદ્યાન-જંગલમાં તપાસ કરે છે છતાં પણ કોઈ જગ્યાએ તેનો પત્તો લાગતો નથી.

છેવટે ક્રોધાવેશમાં આવી મન સાથે મજબૂત નિશ્ચય કરે છે કે:— "આકાશ,-પાતાળ એક કરીશ, વન-વન રખડીશ, પણ જ્યાં હશે ત્યાંથી મારી પ્રાણ પ્યારીને શોધી લાવીશ ત્યારેજ મારા આત્માને શાન્તિ થશે." અરેરે !!! મારો મિત્ર કયાં ગયો, લાલસિંહ હજી કેમ નહિં આવ્યો હોય ! "યોગી મહારાજ કહેતા હતા કે તે તમને જંગલમાં જરૂર મળશે જ. પણ હજી સુધી તો તેનો મેળાપ મને થયો નહિં," આમ વિચાર કરે છે.

એવામાં તો એકદમ લાલસિંહ ફળ લઈને આવે છે. અને કહે છે કે મિત્ર? લે આ ફળ. પણ મારી ભાભી કયાં ગયાં?

દુષ્ટો તેનું હરણ કરી નાસી ગયા છે.

કેવી રીતે !

દેવકુમારે સર્વ વાત કહી સંભળાવી.

તું માન યા ન માન. પણ આ હીચકારૂં કૃત્ય વિષયલંપટ નરાધમ તારા ભાઈ ભદ્રિકસિંહનુંજ હોવું જોઈએ. હું તને વચન આપું છું કે એ દુષ્ટને ખોળી મારી માતા તુલ્ય ભાભીને તેના દુઃખમાંથી છોડાવીશ અને તેને ઘર ઘર ભીખ માગતો જોઈશ ત્યારેજ મને શાન્તી મળશે.

ભાઈ ! શું મને મારી પ્રીયા પાછી મળશે ખરી ?

કુમાર ! શું તમે ક્ષત્રિય થઈ આવી નામર્દાઈ ભરેલી વાત કરો છો તે તમને શોભે છે ? ભદ્રબાહુ સ્વામીએ કહ્યું હતું કે " દુઃખ વખતે ધીરજ ધરવી અને નવસ્મરણનું ધ્યાન કરવું તો જરૂર આવેલું દુઃખ દૂર થઈ જશે " માટે હતાશ ન થતાં પ્રયત્ન કરી તેની તપાસ કરવી જોઇએ. આમ નિરાશ થવાથી કોઈપણ જાતનું કાર્ય બનતું નથી. ભાઈ ! પ્રભુના ભરૂસા ઉપર ચાલ, તેની તપાસ કરીએ.

આથી બેઉ જણા દેવસેનાને શોધવા તથા દુષ્ટોની તપાસ કરવા જાય છે.

## પ્રકરણ ચોવીસમું.

### ભાગ્યદેવીની કૃપા.

બન્ને મિત્રો ચાલતા ચાલતા જંગલમાં તપાસ કરે છે છતા કોઈપણ જગ્યાએ દેવસેનાનો પત્તો મળતો નથી જેથી તેઓ નિરાશ બની એક વૃક્ષ નીચે વિસામો–આરામ લેવા બેઠાં. પણ અતિ થાક લાગવાથી દેવકુમાર નિંદ્રાવશ થઈ ગયો. અને તેને ઉંઘમાં સ્વપ્ન આવે છે. થોડીવારમાં એકદમ પોતાના મિત્ર લાલસિંહને બુમ પાડી જાગૃત થાય છે અને કહે છે કેઃ—ભાઇ, હું જાણે કોઇ દેશનો રાજા થયો અને તું મારો પ્રધાન થયો વળી ત્યાંના રાજાની કુંવરીને પરણ્યો એવા મને વિચારો આવ્યા.

ભાઈ, સ્વપ્નાની વાતમાં ગુંથાવવુ તે સારૂં નથી. ઇશ્વર જે કરે છે તે સર્વે સારા માટેજ કરે છે અને કરશે. લાલસિંહે શાન્તવન આપતાં કહ્યું.

આમ બંને મિત્રો વાતો કરે છે ત્યાં સામેથી એક ઘોડેસ્વાર આવી તેઓ બંનેને વંદન કરી ઉભો રહ્યો.

ભાઈ, તમે કોણ છો ? અને કયાંથી આવ્યા છો ? લાલસિંહે આવનાર ઘોડેસ્વારને પ્રશ્નો પૂછ્યા.

રાજન્! મને ચંપાપુરીના રાજા ચંપકસેને આપને તેમની પાસે લઈ જવા મોકલ્યો છે. અને તે અહીંજ ઉદ્યાનમાંજ પધારેલા છે માટે આપ આવો તો ઘણા આનંદની વાત! ઘોડેસ્વારે નમ્રતા-પૂર્વક જણાવ્યું.

મિત્ર દેવકુમાર ! ચાલો, તેઓ આપણને કેમ બોલાવે છે તે જાણીએ તો ખરા! એમ કહી બંને મિત્રો ઘોડેસ્વારની સાથે જવા તૈયાર થયા.

વાંચક વર્ગ આપણે ચંપકસેન તરફ નજર નાંખીએ. ચંપકસેન ઉદ્યાનમાં પોતાના માણસો સાથે છાવણી નાંખી પડેલો છે. ચંપકસેન પ્રધાનજીને કહે છે કે-"વ્હાલા પ્રધાનજી! મારા પિતાશ્રીને સ્વર્ગવાસ થયે આજે કેટલા બધા વર્ષ વહી ગયાં પણ હજુ મારી ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થઈ નથી. આજે શું થશે ? શું નૈમિ-ત્તિકનું વચન ખોટું પડશે ?

મહારાજ ! આપ આ શું બોલો છો ? પૂર્વનો સૂર્ય કદાપી પશ્ચિમમાં ઉગે નહિ. સમુદ્ર કદાપી પોતાની મર્યાદા મૂકે નહિ તેમજ તે નૈમિત્તિકનું વચન કદાપી કાળે ખોટું પડે નહિ પછી તો ભાવિ જે બનનાર હોય તે બને. પણ તમારી મનોભાવના જરૂર આજ પર-માત્મા પૂરી પાડશેજ. ચંચળમતિ પ્રધાને કહ્યું.

આપનું કહેવું પરમાત્મા સાચું પાડે અને મારા મનની મુરાદ બર આવે ચંપકસેન બોલ્યો.

પ્રધાન તથા ચંપકસેન વાતો કરી રહ્યા છે ત્યાં ઘોડેસ્વારે આવીને કહ્યું કેઃ–પ્રધાનજી ! ચંપાના ઝાડ નીચે બે મહાભાગ્યશાળી

પુરૂષો બેઠા છે. શું તેમની કાંતિ? શું તેની ભવ્યાકૃતિ! જાણે કોઈ દેવ અવતાર ન હોય તેવા દેખાય છે?

તેઓ છે ક્યાં?

નામદાર! આપશ્રીના ફરમાન મુજબ મેં હુકમ ફરમાવ્યો ત્યારે તેઓ મારી સાથે આવવા તૈયાર થયા. નામદાર! મને તો તે બંને મિત્રો કોઇ રાજકુમાર જેવા લાગે છે.

તેઓ કેટલે દૂર છે?

નામદાર! તેઓ મારી પાછળ જ આવે છે.

ચંપાપુરીના મહારાજાને પ્રણામ! દેવકુમાર આવતાં બોલ્યો.

કુંવરજી! હું આપશ્રીને પ્રણામ કરૂં છું.

મહારાજને પ્રણામ કરતાં જોઈ લાલસિંહ ચમક્યો તેથી પ્રધાનજીને કહ્યું કે "આ અયોગ્ય થાય છે."

લાલસિંહ! આ દેવકુમાર મહારાજા વીરસિંહના પુત્ર છે તે જાણ્યા પછી અમારા રાજા વંદન કેમ ન કરે તે કહેશો ચંચળમતિ પ્રધાને પૂછ્યું.

પ્રધાનજી! તમે અગર અમે કોઈ દિવસ મલ્યા નથી તેમ કોઈ દિવસ પણ તમને દીઠા નથી છતાં તમે અમને ઓળખ્યા કેવી રીતે તે જણાવશો? દેવકુમાર આશ્ચર્ય પામી બોલ્યા.

અમને એક નૈમિત્તિકે કહ્યું હતું તેથી અમો જાણી શક્યા છીએ ચંચળમતિએ જણાવ્યું.

લાલસિંહ! આ શું? નૈમિત્તિકે આપણું નામ શા માટે દીધું હશે? દેવકુમારે આશ્ચર્ય પામી પૂછ્યું.

મિત્ર દેવકુમાર, (એક બાજુ લઈ જઈ ધીમેથી કહ્યું કે:-) ભાઈ, મને આમાં કાંઈ સમજણ પડતી નથી. મને તો આમાં કાંઈ મહાન ભેદ હોય તેમ લાગે છે. "વળી આ ચંપકસેન પુરૂષ વેષમાં સ્ત્રી લાગે છે, તેની બોલવાની, ચાલવાની, બેસવાની, ઉઠવાની તેમજ દરેક જાતના લક્ષણો મને સ્ત્રી જેવાંજ લાગે છે, તેની આંખમાં શરમ, તેના મુખાર્વીંદનો ચહેરો અને અંગના હાવભાવ તે સર્વે સ્ત્રી સુચિત્ત છે" જુઓ! જુઓને!! તે કેવી આપણા તરફ જુએ છે. લાલસિંહે સર્વ જણાવ્યું.

હું ચંચળમતિને તે સંબંધી પૂછી જોઉં છું એમ કહી તેઓ પ્રધાન ચંચળમતિ પાસે આવ્યા અને પૂછવા લાગ્યા. પ્રધાનજી! અમારો અને કુંવરનો સંબંધ કહેશો.

તે પછીથી આપના જાણવામાં આવશે. હાલમાં તો અમારા રાજ્યના માનવંતા મહેમાન તરીકે અમારા આવાસે પધારો! આથી સર્વે ચંપાપુરી નગરીમાં આવી ગયા. આ બંને મિત્રોને મહાન સુશોભિત મહેલ ઉતરવાને આપ્યો. જેમાં દરેક જાતની સગવડ હતી બંને મહેમાનોનું ઉચ્ચીત સ્વાગત કરવામાં આવ્યું.

હવે ચંપકસેન પોતાના મનની સાથે વિચાર કરે છે કે અહાહા!! શું તેની દિવ્ય ક્રાન્તિ! શું તેની ધીરતા, શું તેની વીરતા, શું તેના સશક્ત શરીરનો બાંધો, તેનું લાવણ્યમય તેજ જાણે ઈશ્વિરે ઘણીજ સંભાળપૂર્વક ઘડ્યો ન હોય! અહાહા!! હું આ સ્વપ્ન જોઉં છું કે સત્ય છે. આવા વિચારોમાં ને વિચારોમાં તદ્દન અર્થદગ્ધ જેવી બની ગઈ. પ્રધાનજી! પેલા બંને વીરપુરૂષો કચેરીમાં ક્યારે આવશે! એકદમ બોલાઈ જવાયું.

પ્રધાનજી! મને તેમને જોયા વગર બીલકુલ ચેન પડતું નથી.

અધીરાઈ મુકો, હમણાં આવશે. જુઓ, જુઓ, પેલા આવે ? ?

પધારો ! પધારો, મહાશય. પ્રધાને ઘણા જ પ્રેમપૂર્વક સત્કાર કરી સુંદર રત્નજડિત આસન પર બેસાડ્યા.

પ્રધાનજી ! અમારા જેવા અજાણ્યા માણસને આટલું બધું માન ઘટે નહિં.

આપ અજાણ્યા નથી પણ અમારા થવાને માટે જ ઈશ્વરે અહીં મોકલ્યા છે. અને આપ જ આ રાજ્યગાદીના માલીક છો.

એટલે ? કુમારે પૂછ્યું.

આપ બંને મિત્રો ઉતાવળ ન કરતાં અમારી સત્ય હકીકત ધ્યાન દઈ સાંભળો !

" આ રાજ્યના પરમ પ્રિય મુરબ્બી પવિત્ર ન્યાય પરાયણ મહારાજા થોડા વર્ષો પહેલાં સ્વર્ગે સિધાવ્યા ત્યારે વિચાર કરતાં તેમની ગાદી પિત્રાઈના હાથમાં ન જાય તેથી તેમની આ એકની એક પુત્રી ચંપાવતિ જે દરેક ગુણે યુક્ત છે. તેને ચંપકસેન નામ આપી પુત્રનો પોષાક પહેરાવી સ્વર્ગસ્થ મહારાજાએ પોતાની તલવાર તેની કમરે લટકાવી, તેથી આજ સુધી તેને બધા ચંપકસેનના નામથી ઓળખે છે. પરંતુ યોગ્ય ઉંમરે આવતાં ચીંતા ઉત્પન્ન થઈ તેથી નૈમિત્તિકને બોલાવી ભવિષ્યની હકીકત પૂછી ત્યારે તેને જણાવ્યું કે અમુક વર્ષે ચંપાવૃક્ષ નીચે વીરરાજ્યના બે કુંવર મિત્રો ( દેવકુમાર તથા લાલસિંહ) આરામ લેવા બેસશે. તેમાંથી રાજકુંવર દેવકુમારજ ચંપામતિનો પતિ થશે. તેથીજ અમે તમને શોધી કાઢ્યા અને ઓળખ્યા."

કુમાર ! અમારી લાજ તમારા હાથમાં છે અને ચંપાવતીને અંગીકાર કરવાનું પણ તમારા હાથમાં છે. ઈશ્વરે જ આપશ્રીને અહીં મોકલ્યા છે. અને ચંપાવતીને માટે આપને નિર્માણ કર્યાં છે.

દેવકુમારનો જય થાઓ, દેવકુમારનો જય થાઓ. એવો અવાજ દેવકુમારના કાને અથડાયો જેથી તે એકદમ ચમકી ગયો અને બોલ્યો કેઃ— પ્રધાનજી! આ શું? હજી મેં ગાદીનો અનુગ્રહ કર્યો નથી એટલામાં આ વિજય ધ્વની શાનો?

મહારાજ! આ દાસી આપની હઝુરમાં વંદન કરે છે. આપ મને સ્વિકારી આપશ્રીની અર્ધાંગના બનાવો. ચંપાવતિ મૂળ પોષાકમાં આવીને બોલી.

કુમારી, આ શું અને હુકમ શેનો? દેવકુમારે આશ્ચર્ય પામી પૂછયું.

મહારાજ! મારા પાલકપિતા (પ્રધાન) એ બધી વાત તમને કરી છે તો હવે આપ ઉપકાર કરી આ રાજ્યગાદી ગ્રહણ કરો અને આ દાસીને આપના ચર્ણોની દાસી બનાવો.

નામદાર! હવે વિલંબ કરવાની જરૂર નથી. મુહુર્ત ચાલ્યું જાય છે માટે બંને એકી સાથે અનુગ્રહ કરો એટલે મેં મારી ફરજ બજાવી છે એમ સમજીશ. આપશ્રીના હાથમાં તમામ રાજ્ય કારભાર સોંપી હું હવે આરામ લેવા ઇચ્છું છું કારણ કે હવે મારી વૃદ્ધાવસ્થા થઈ છે. માટે આપશ્રીને ઘટે તેવો બંદોબસ્ત કરો અને લાલસિંહ પ્રધાનપદને યોગ્ય છે તો તેમને મારી જગાએ નીમો એટલે બસ. ચંચળમતિ પ્રધાને ઘણી શાંતિપૂર્વક જણાવ્યું.

જેવી આપની મરજી. દેવકુમારે જવાબ આપ્યો.

એટલે ઘણી જ ધામધુમથી તખ્તનશીનની ક્રિયા અને લગ્નની ક્રિયા સાથે જ શરૂ કરવામાં આવી. વાહ! ભાવિ વાહ!! કયાં જંગલમાં ભટકતા ભિખારી અને કયાં રાજ્યનો માલીક. "હજાર હાથ વાળો ધણી આપવા ધારે તો શું નથી આપતો? પ્રારબ્ધની વાત તો કોઈ અનેરી જ છે."

ભાઈ! આ બધો પ્રતાપ ભદ્રબાહુસ્વામિના વચનનો જ છે, અનેક કષ્ટો પડતાં છતાં મનુષ્ય માત્રે ધીરજ ન ખોવી, અનીતિ ન સેવવી, વ્યભિચાર ન કરવો તથા દુરવ્યસનનો ત્યાગ કરવો એ સૂત્રો આપના જીવનને ઉચ્ચ ગતિએ પહોંચાડનાર છે, આલોક અને પરલોક એ બંને સુધારે છે.

મારા વ્હાલા વાંચક વર્ગ તમો પણ આ બોધ જરૂર લેશો. દેવકુમારના કર્મની ઘટના કેવી અટપટી અને વિચારણીય છે તે સ્હેજે આપ સમજી શકયા હશો જ?

## પ્રકરણ પચીસમું.

### ચંપાપુરીનું પાદર અને જંગલ.

જ્યારે દેવકુમાર ચંપાપુરીનો રાજા બન્યો ત્યારે લાલસિંહ તેનો પ્રધાન બન્યો. કર્મની ઘટના કોઈ અલૌકીક છે.

લાલસિંહ વિચારમગ્ન દશામાં બેઠો છે અને અનેક જાતના વિચારો કરે છે કેઃ—આ નગરમાં કઈ કઈ જાતના મનુષ્યો રહે છે અને નગરનું વાતાવરણ કેવું છે તે મારે અવશ્ય ગુપ્ત વેષે જોવું જોઇએજ. આમ વિચાર કરી રાતના બાર વાગે વેષ પલટો કરી નગરચર્ચા જોવા બહાર નીકળ્યો છે. ચાલતાં ચાલતાં લાલસિંહ આગળ જાય છે ત્યાં તેને ભયાનક રાત્રિમાં કોઇનો કરુણ સ્વર સાંભળવામાં આવ્યો તેથી તે ત્યાં જ ઉભો રહ્યો અને તેમની વાત સાંભળવા લાગ્યો.

નગરવાસી પોતાની સ્ત્રીને કહે છે કેઃ—વ્હાલી! આપણા નગરનો રાજા વીરસૂત થયો છે તે મહા તેજસ્વી છે પણ રખડતો રખડતો તે અહીં આવ્યો છે તેનું શું કારણ છે તે સમજાતું નથી.

તે તો ખરૂં? પણ તેઓ બહાદુર હોવા જોઈએ કારણ કે સુકોમળ શરીરે જંગલમાં ભટકવાનું કોને ગમે? સ્ત્રી બોલી.

કુંવારીએ પસંદ કર્યો એટલે તે આપણો રાજા થયો પણ તેનું રાજ્યતંત્ર કેવી રીતે ચાલે છે તે હવે જ જોવાનું છે કારણ કે અહીં નગરમાં લુટારાઓનું જોર વધારે છે એટલે બિચારા નવા આવેલા માણસોને ક્યાંથી માલુમ? આપણા જુના પ્રધાન તો વાનપ્રસ્થ (ઘરડા) થયા એટલે હાલના રાજાનો મિત્ર તે જ તેનો પ્રધાન બન્યો છે, તેની ઉંમરના હિસાબે તો તે હજી પ્રધાનને લાયક નથી.

વ્હાલા! લાલસિંહ ઘણો હોંશિયાર અને ચાલાક હોવો જોઇએ. તે મિત્રધર્મને પુરેપુરો સમજતો હોવો જોઈએ નહીં તો પછી તે પારકાના દુઃખે દુઃખી થઇ શા માટે જંગલમાં ભટકવાનું પસંદ કરે, સ્ત્રીએ પૂછ્યું.

તો જોઈએ છીએ કે હવે કેમ ચાલે છે, પુરુષે જણાવ્યું.

આ પ્રમાણે નગરજનોની વાત સાંભળી લાલસિંહ વિચાર કરે છે કે મારા માટે નગરજનોને અવિશ્વાસ છે ખરો! વળી અહીં લુંટારા તથા બહારવટીઆઓ ઘણા જ હોવા જોઈએ માટે સાવચેતીથી કામ કરવું તે જ સારૂં છે. એમ વિચાર કરતો તે એક ઝાડ પાસે આવી ઉભો, તેની બાજુમાં ઘણા માણસો એકઠા થયા હતા અને કંઈક મસલત કરતા હતા તેથી તે જાણવા માટે તે ત્યાંજ ઝાડની ઓથે સંતાઈને ઉભો રહ્યો અને બધી વાતો સાંભળવા લાગ્યો.

થોડીવાર પછી એક લુંટારો બોલ્યો કે "આપણે આપણો વટ ન રાખીએ તો ક્ષત્રિયો શાના? આપણા ઘરબાર લુંટાવી સ્ત્રી છોકરાંથી વિખુટા પાડી આપણને જંગલમાં હાંકી કાઢ્યા તો પણ આપણે વૈર લીધા સિવાય બેસી રહ્યા છીએ તે કેટલું બધું શરમજનક છે. આ પછી બીજા લુંટારાઓ પણ પોતપોતાની આપવીતી બોલવા લાગ્યા. આમ બધાને બોલતા જાણીને એક ડાહ્યો માણસ બોલ્યો કે ભાઇઓ! માજી રાજાના વખતમાં જ્યારે આપણને હાંકી કાઢ્યા ત્યારે આપણે

ગુપ-ચુપ બેસી રહ્યા તેનું પરિણામ આપણે ભોગવીએ છીએ. પછી આપણે ત્રીયા રાજ્યમાં પણ આળસુ અને પ્રમાદી બની ઉંધ્યા કર્યું છે પણ હવે રાંડયા પછી ડહાપણ કરવા જેવું છે. છતાં જો આપણે એકત્ર થઈ સંપ કરીએ. હજી આ આવેલા નવા રાજાને રાજ્યની પુરેપુરી માહિતી નથી તેથી આપણે જેટલું કરવું ધારીશું તેટલું કરી શકીશું માટે બોલો તમારા બધાનો શું વિચાર છે?

ત્યારે એક લુટારાએ જણાવ્યું કે "આપણે તો આ રાજાને ધીમે ધીમે પજવીશું અને પ્રજાને હેરાન કરીશું તેથી આપણે આપણો ધ્યેય પાર પાડી શકીશું જેથી રાજાને પણ માલુમ પડે કે રાજ્ય કેમ ચલાવાય છે." આ રાજા અને પ્રધાનને કયાં ખબર છે કે ચંપાપુરીના બહાદુર બહારવટીઆઓ કેવા બહાદુર છે.

ભાઈ, આમ વિચારમાં ને વિચારમાં તો આપણી સ્થિતિ કફોડી થઈ. કયાં સુધી આમ ને આમ છૂપા ફરી આપણી જીંદગી દુઃખી કરીશું? માટે આજેજ નિશ્ચય કરો "દેહ પાડ્યામી તો કાર્ય સાધ્યામી" નાહક હવામાં કિલ્લા બાંધવાથી શો ફાયદો? બીજો લુટારો બોલી ઉઠયો.

આપણામાં કોઈ સરદાર થવો જોઇએ તો જ આપણો કામ કરવાનો રસ્તો સરળ થઈ પડે એક અનુભવી લુટારાએ કહ્યું.

આ બધી વાતો લાલસિંહે સાંભળી પછી ખુબ મક્કમપણે વિચાર કરી લુંટારાની સમક્ષ આવી બોલ્યો "ઠાકોર! રામ રામ!!

ભાઇ, તમો કોણ છો? લુંટારાએ પૂછ્યું.

હું કેટલાક ગુપ્ત કારણોથી હાલના રાજાનો દુશ્મન છું. તેનું કારણ તો આગળ ઉપર તમને જણાવીશ પણ એટલું કહું છું કે વૈરનો બદલો લેવા માટેજ હું પ્રભુના ભરૂસા ઉપર નીકળી આ

જંગલના રસ્તે ચંપાપુરી જવા માટે નીકળ્યો છું પણ ત્યાંની હકીકત બરાબર મેળવીને પછી મારે શું કરવું તે નિશ્ચય કરવો એમ વિચારીને અહીંથી જતો હતો ત્યાં મેં તમારા બધાની વાત સાંભળી તેથી વિચારમાંજ ઉભો રહ્યો. તમારી વાત સાંભળ્યા પછી મેં પણ જોયું કે તમો પણ મારા જેવાજ વૈર લેવા તત્પર થયા હોય તેમ લાગો છો તેથી મેં તમારી સાથે જોડાવવા નિશ્ચય કરી તમારી પાસે હાજર થયો છું. લાલસિંહે જણાવ્યું.

"જોઈતું હતું ને વૈદે કીધું" આપણે સરદાર જોઇતો હતો તો પ્રભુએ આપણને અનાયાસે મેળવી આપ્યો. ભાઈ! તમો આજથી અમારી ટુકડીના નાયક (સરદાર) થાઓ. બધા લુંટારાઓ એકદમ તાડુકી ઉઠયા.

હું ઘણાજ ઉપકાર સાથે તે પદનો સ્વીકાર કરૂં છું. પણ હવે આપણે કયાં જવાનું છે. લાલસિંહે પૂછયું.

જ્યારે અમને બધાને ગામ બહાર રાજાએ કાઢી મૂકયા હતા, ત્યારે હાલની રાણીએ મને મારા મોઢે ચુનો ચોપડી મશ્કરી કરી ગામ બહાર કાઢી મૂકયો હતો. માટે મારે તો પહેલા તેનુંજ વૈર લેવું છે. મારી પહેલી પ્રતિજ્ઞા તો એજ છે કે રાજા અને રાણી એ બંને જણને પકડી મારા અંધારા ભોંયરામાં પૂરી રિબાવી રિબાવીને મારી નાંખવા છે. એક લુંટારો બોલ્યો.

મારે તો પહેલા નગરશેઠનું ઘર લુંટવું છે અને તેની રૂપાળી સુકોમળ કન્યાને પરણી આનંદ લેવો છે. બીજો બોલ્યો.

મારે તો ચંચળમતિ પ્રધાનને પકડી તેના બધા માણસોને કેદ કરી તેના તથા તેની પુત્રીના બેહાલ કરવા છે. ત્રીજો બોલ્યો.

ભાઈ, તમે બધાએ તો સ્વાર્થની વાત કરી પણ આપણે તો હાલના પ્રધાન લાલસિંહને પકડીશું અને પછી મારી નાંખીશું એટલે રાજા રાણી અને પ્રધાન ત્રણે ગયા પછી આપણી સામે કોની તાકાત છે કે ઉભા રહે? ચોથાએ કહ્યું.

આ પ્રમાણે સાંભળી લાલસિંહ ખુબ વિચારમાં પડી ગયો "રાજા રાણી ઉપર આફત, નગરશેઠ ઉપર આફત, ચંચળમતિ ઉપર આફત અને આખરે મારા પોતાના ઉપર પણ આફત. મને પણ મારી નાંખવાનો વિચાર છે." ઠીક છે! જેવી જીનેશ્વર ભગવાનની મરજી. "જેને સત્ય અને નિસ્વાર્થના રસ્તે જવું છે તેને કોઈની બીક–ડર હોતીજ નથી. હવે શું થાય છે તે જોઉં છું કે બીજાને પકડવા જતાં પોતેજ પોતાની જાળમાં ફસાઈ ન જાય?" એમ, મહા ભયંકર વિચારોમાં ચઢી જાય છે.

કેમ! સરદાર, શા વિચારમાં પડયા? લુંટારાઓએ આમ વિચારમગ્ન સ્થિતિમાં જોતાં પૂછ્યું.

આથી લાલસિંહ સ્તબ્ધ થયો અને કહ્યું કેઃ–દાકોર! તમો બધાએ જુદા જુદા વૈર બતાવ્યા પણ મારે તો ફક્ત એકલા દેવકુમારની સાથેજ વૈર છે પણ તમારા કહેવા પ્રમાણે લાલસિંહ તેનો પ્રધાન છે તો આપણે યુક્તિ વિના રાજાને પકડવો મુશ્કેલ છે. માટે આવતી કાલે હું યુક્તિ ગોઠવી મુકીશ, તમો સર્વે આવતી કાલે આ વખતેજ રાજમહેલ પાસે એકઠા થજો એટલે આપણે આપણા કામમાં ફાવી શકીશું. આજ તો તમે તમારે નગરશેઠ અને પ્રધાનનું ઘર લૂંટો અગર તમારે જેમ કરવું હોય તેમ કરો, તેમાં તમારે મારી મદદની જરૂર પડે તેમ લાગતું નથી, માટે આપ બધા જાઓ હું અહીંજ ઉભો છું.

એં…એં…એં…એં…કોઈ સ્ત્રીના રડવાનો અવાજ આવ્યો.

ઠાકોર! આ કોણ રડે છે?

એ તો અમોએ હરણ કરી આણેલી કન્યાઓ રડે છે.

કઈ જગ્યાએ?

ચાલો! તમોને બતાવીએ. એમ કહી બહારવટીઆઓ તેમના સરદારને દ્વાર ઉઘાડી બતાવે છે કે જુઓ અહીં નગર કન્યાઓ છે. લાલસિંહે કન્યાઓને દેખી એટલે સાનમાં સમજાવતાં કહ્યું કે "બ્હેનો! ચૂપ રહો! તમને આ દુષ્ટોનાં પંજામાંથી હું છોડાવીશ." એમ કહી બહાર ગયો.

જુઓ! ઠાકોર, દેવકુમારનો કાગળ છે એવું બહાનું કાઢી હું કાલે દરબારમાં જઈશ અને મહેલ જોઇ આવીશ. માટે આવતી કાલે મધ્યરાત્રિએ બધાએ ત્યાં હાજર રહેવું. સમજ્યાને!

જેવી સરદારની આજ્ઞા. લુંટારાઓ બોલ્યા.

## પ્રકરણ છવીસમું.

### રાજકચેરી.

**દેવકુમાર** અત્યારે રાજ્યાસન ઉપર બિરાજી રહેલ છે અને પોતાના પ્રધાન (લાલસિંહને પુછે છે કે "મિત્ર! આપ ચંપાપુરીની પ્રજા કેવી સુખી છે અને નગરતણી પરિસ્થિતી કેવી છે તે આપણે પહેલાં જાણવાની જરૂર છે, તો આપણે માજી પ્રધાન ચંચળમતિને બોલાવવા જોઈએ."

આપનું કહેવું યથાર્થ–બરાબર છે પણ તેઓ આવતાજ હોવા જોઈએ. લાલસિંહે કહ્યું,

પણ અચાનક રાજકચેરી બહાર ખુબ ઘોંઘાટ–અવાજ થતો સંભળાવવાથી રાજા એકદમ ગરમ થઈ બોલ્યો કે "કોણ છે હાજર! આ બધી ગરબડ શાની છે,"

બહાર પ્રજાજનોનો ઘોંઘાટ વધતોજ ચાલ્યો. એક કહે છે કે "આતો કાળો કેર! રાજા હોવા છતાં આપણી મિલ્કત તથા સ્ત્રીઓ અને પુત્રીઓને લુંટારાઓ લઈ જાય અને રાજા કંઈપણ ન કરી શકે તે આપણાથી હવે કેમ ખમાય."

"શું આપણે રાજાને કહેવું ન જોઇએ કે? તારા રાજ્યમાં અમારા રાજાના મરણ પછી ઘણું અંધેર ચાલે છે, વળી તમો તથા પ્રધાન હજી બાળક છો માટે અમે તો ગામ ખાલી કરી ચાલી જઈશું" હીરજીશાહે કહ્યું.

ભાઈ, રાજા પાસે તો ચાલો! તેમને સમજાવીએ તો ખરા! તેઓ શું જવાબ આપે છે તે તો જોઈએ. ધનપાળશાહે બધાને શાંતવન આપતાં કહ્યું.

આ પ્રમાણે ગરબડ ખુબ વધી જવાથી રાજાએ ઉપર મુજબ હુકમ ફરમાવ્યો જેથી સિપાઈ બહાર આવી રાજાને ખબર આપે છે.

નામદાર! બહાર નગરશેઠ ધનપાળશાહ આપશ્રીની હજુરમાં કાંઈ ફરિયાદ કરવા આવ્યા છે. સિપાઈએ રાજાને વિનયપૂર્વક કહ્યું.

જા! સત્વર તેમને માનપૂર્વક બોલાવી લાવ. રાજાએ હુકમ આપ્યો.

શેઠજી અંદર પધારો! સિપાઈએ બહાર આવીને કહ્યું.

નામદારશ્રી! અમે તો તમારા રાજ્યમાંથી બીજા રાજ્યમાં રહેવા જઇએ છીએ. તેથી અત્રેનું મહાજન આપશ્રીને કહેવાને આવ્યું છે. ધનપાળશાહ અંદર આવતાં જ બે હાથ જોડી વિનંતિપૂર્વક બોલ્યો.

બીજાના રાજ્યમાં જવાનું શું કારણ છે?

મહારાજા! જે રાજ્યમાં રાજાની આણ નહીં તેમજ કોઇ પણ જાતની સલામતી નહીં તે રાજ્યમાં પ્રજા કેવી રીતે રહી શકે? નગરશેઠ મક્કતાથી બોલ્યા.

નગરશેઠ, એવું તે શું બન્યું છે તે તો જણાવો.

મહારાજ! આપ બેઠા છતાં અમારી પુત્રીઓ અને સ્ત્રીઓને લુંટારાઓ ધાડ પાડી લઈ જાય છે અને આપ જોયા કરો. આજ

રાતે જ એ દુષ્ટો મારી પુત્રીને હરી ગયા છે. અરે !! મારી સુકુમાર દીકરી કમળાનું શું થયું હશે? નામદારશ્રી! મારા પુત્રોને બચાવો અને મારી પુત્રીને આપ લાવી આપો! નહિં તો આ કચેરીની વચ્ચે જ હું મારા પ્રાણનું બલિદાન આપીશ. ધનપાળશાહે અશ્રુભીની આંખે કહ્યું:

સામેથી ચંચળમતિને આવતાં દેખી "આવો! પ્રધાનજી! કેમ, શા સમાચાર છે? રાજાએ પૂછ્યું.

નામદાર! શું કહું? ઘણી દિગીરીની વાત છે. જ્યારે રાજા મરણ પામ્યા ત્યારે મુઆ હોત તો ઘણું સારૂં! કારણ કે હવે આ દુઃખ સહન થતું નથી. મારી પુત્રી મણિબાળાને પાપી દુષ્ટો આજ રાતે લઈ ગયા છે. પુત્રીની બૂમો સાંભળી જાગી ઉઠ્યા અને તપાસ કરી પણ દુશ્મનોનો ક્યાંય પત્તો જ લાગ્યો નહિં. કોણ જાણે તે ક્યાં ચાલ્યા ગયા. નામદાર! રાજ્ય ઉપર કોઈ મોટા દુશ્મનો ઉભા થયા છે. ચંચળમતિ નમ્રપણે બોલ્યા.

આ પ્રમાણે સાંભળી દેવકુમારને આશ્ચર્ય થયું અને લાલસિંહને કહ્યું કે "મિત્ર! કયા પાપીઓએ આપણા રાજ્યમાં આ તોફાન મચાવવા માંડયું છે? શું તેઓને પકડવાની કોઈની પણ તાકાત નથી? શું પ્રજાજનોની પુત્રીઓનું હરણ કરનાર દુષ્ટો નહિં જ પકડાય?

શા માટે નહિં પકડાય! ધીરજ રાખો! કાલ સવાર સુધીમાં એ દુષ્ટોને પકડી હાજર ન કરૂં તો મને દેહાન્ત દંડની શિક્ષા ફરમાવજો.

લાલસિંહનું બોલવું સાંભળી સર્વ મહાજન અને પ્રધાન ચંચળમતિ બધા બોલવા લાગ્યા કે ધન્ય છે લાલસિંહને! પરમેશ્વર તેને જરૂર સહાય કરશે અને તેને યશ આપે.

## પ્રકરણ સત્તાવીસમું

### ચંપાપુરીનો રાજમહેલ.

**ચંપાવતિ** રાણી પોતાના પ્રાણપતિને ઘણા જ પ્રેમપૂર્વક સન્માન આપી પોતાની પાસે બેસાડે છે. અને તે યુગલ દંપતિ સુખદુઃખની વાતો કરે છે. દેવકુમારને સ્હેજ ઉદાસ જોતાં રાણીએ પૂછયું કે "પ્યારા, આપ શા માટે ગમગીન જણાઓ છો ? આપણા મેળાપના વખતે આમ ઉદાસ થવાનું કાંઈ કારણ ?"

તારા કરતાં પણ વધુ પ્રિયકર દુઃખીની મારી પ્રથમ પરણેતર પત્ની સાંભળી આવવાથી મને દુઃખ થાય છે. અરે !! તે બિચારી હાલમાં કયાં હશે ને કઇ સ્થિતિમાં સબડતી હશે? પાપી લોકો તેનું હરણ કરી ગયા અને હું હીણભાગી રાજ્ય મહેલમાં મોજ કરી રહ્યો છું. જેને મારા માટે અનેક કષ્ટો–દુઃખો સહન કર્યાં છે તેને ધન્ય છે? દેવકુમારે મંદ મંદ સ્વરે કરૂણતાપૂર્વક કહ્યું.

નાથ! તેમાં આમ શોક કરે શું વરવાનું છે? તેની તો દરેક જગ્યાએ તપાસ કરવી જોઈએ અને તેનો પત્તો મેળવવો એજ આપનો ખરો ધર્મ છે. ખાલી ઉદાસ થયે ગએલી વસ્તુ કદાપી પણ

પાછી મળતી નથી. તે તો પુર્ષાર્થથી જ સાંપડે છે. માટે વિચાર કરી શોધવાનો પ્રયાસ કરો કારણ કે આ રાજ્યમાં દુશ્મનો ઘણા છે તેથી આપણે સાવધ રહી રાજ્યની લગામ બરાબર સાચવી પ્રજાનું કલ્યાણ સાધવું જોઈએ. રાણીએ શૂરાતન આપતાં કહ્યું.

રાણીની આવી શૂરવીરતા ભરી વાણી સાંભળી દેવકુમારે ગઈ કાલની બનેલી તમામ હકીકત સમજાવી. તે બંને પુત્રીઓનું હરણ કરનારને લાલસિંહ એકલો પકડવા તૈયાર થયો છે.

કદાચ! લાલસિંહ નિષ્ફળ જાય તો?

વ્હાલી! મને મારા મિત્રનો સંપૂર્ણ ભરૂસો છે કે તે પોતાની ધારેલી મુરાદ જરૂર પાર પાડશે જ. અને પાપીઓને જરૂર પકડશે જ. જો કદાચ તે તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેનું માથું આપવા પણ તૈયાર થયો છે.

પ્રભુ! લાલસિંહની પ્રતિજ્ઞા પુરી કરો. પણ વ્હાલા! **ગાજતા મેહ વરસે નહિં ને ભસતા કુત્તા કાટે નહિં.** એ કહેવત અનુસાર મને લાલસિંહ ઉપર ભરૂસો આવતો નથી.

વ્હાલી! તને હજી લાલસિંહનો અનુભવ થયો નથી. તે તો મારા માટે પોતાનું સર્વસ્વ ત્યાગ કરી મારી સાથે સાચી મિત્રતાના પ્રેમને લઈને જંગલે જંગલ ભટકી દુઃખી થનાર મારો આ એક જ સાચો મિત્ર છે. અને તે આજે પણ મારી સાથે રહી પ્રધાનપદને શોભાવે છે.

વ્હાલા! તમારી સાથે ફરવામાં કે આવવામાં મને તો તેનો કાંઈ પણ સ્વાર્થ હોય તેમ લાગે છે.

ચુપ કર!!! મારા મિત્રના માટે એક પણ શબ્દ આગળ બોલી તો તારી વાત તું જાણી છું? દેવકુમારે ખીજાઈ જતા કહ્યું.

જેવો પ્રાણેશને વિશ્વાસ. હવે સવારની વાત સવારે. વ્હાલા! મને નિંદ્રા આવે છે. માટે સુવાની તૈયારી કરો.

જ્યારે બંને જણા નિંદ્રાદેવીની સોડમાં પડયા છે ત્યારે લુંટારાઓ પણ બરાબર આપેલા ટાઈમે આવી પહોંચે છે અને સરદાર (લાલસિંહ) ને પુછે છે કેઃ-પહેલા કયા મહેલમાં જવું ?

તમો બધા આ બાજુથી આવો અને હું આ બાજુથી પાછળના રસ્તે આવું છું સરદારે ( લાલસિંહે ) જણાવ્યું.

હવે જ્યારે લુંટારાઓ ઉપર ચડે છે ત્યારે લાલસિંહ સિપાઈ-ઓને ચેતવણી આપવા ચાલ્યો ગયો.

અલ્યા ! ધીમે ધીમે ચઢજો, નહિં તો કોઇ જાગી જશે. જુઓ આ રાજા અને રાણી બેઉ સૂતા છે. ચંપાવતિ રાણીને ધીમે ઉપાડજો કારણ કે તે જાગી જાય નહિં. તે ધ્યાનમાં રાખજો, અને રાજાને તો આપણો સરદાર ઉપાડશે લુંટારાએ પોતાના માણસોને સૂચના આપી.

જ્યારે લુંટારાઓ ચંપાવતિને ઉપાડી નાસે છે ત્યાં તો લાલસિંહ સિપાઈઓને લઈ આવી પહોંચે છે અને સિપાઈઓને કહેવા લાગ્યો કેઃ—મારા બહાદુર સિપાઈઓ, આ દુષ્ટોએ જ આપણા પ્રધાનની પુત્રી તથા નગરશેઠની કન્યાનું હરણ કર્યું છે અને તેઓ આ...... રહ્યા. સિપાઈઓ ! તેને પકડી મજબૂત બાંધો અને રાજ્યકુંવરીને ( હાલની મહારાણીને ) બચાવી તમારી ફરજ બજાવો !

આ પ્રમાણે પ્રધાનનું ( લાલસિંહનું ) બોલવું સાંભળી સિપાઈઓ પોતાની ફરજ બજાવવા કટીબદ્ધ થયા અને લુંટારાઓ ફસાયા. દરેકને પકડી મુસ્કેટાટ બાંધવામાં આવ્યા.

અહાહા!! રાજકુંવરી કેવી ખીલી રહી છે. તેનું મુખકમળ કેવું બીડાએલું છે. શું તેની લાવણ્યતા! અરે!! ( તેના અર્ધનગ્ન

શરીર ઉપર નજર પડતાં જ) હું આ શું જોઉં છું? મારી બેન સમાન મારા મિત્રની પત્ની નગ્ન અવસ્થામાં! લાવ્ય, હું તેને જગાડું. એમ વિચાર કરી જગાડવા જાય છે.

ભીંતનો સ્પર્શ થતાંજ ચંપાવતિ જાગી જાય છે અને એકદમ આશ્ચર્ય પામી "અરે ! ! ! આ હું શું જોઉ છું. મારા પતિ ક્યાં? હું આ રસ્તા વચ્ચે ક્યાંથી? વ્હાલા. ઓ વ્હાલા...........

રાજમાતા, ભય પામવાનુ કશુંજ કારણ નથી. તમે નિર્ભય છો. તમારા પતિ તમારા શયનગૃહમાં નિંદ્રાવશ છે. લાલસિંહે વિનય પૂર્વક કહ્યું.

તમે મને અહીં શું કરવા લાવ્યા? મને સ્પર્શ શા માટે કર્યો? ચંપાવતિએ પૂછ્યું.

માતાજી! તદ્દન જુઠું છે, હું લાવ્યો નથી. તેમ મેં સ્પર્શ પણ કર્યો નથી લાલસિંહે નમ્રતાપૂર્વક કહ્યું.

જરૂર! તમારી મારા પ્રત્યે દુષ્ટ બુદ્ધિજ હોવી જોઈએ તેથીજ તમે મને અહીં લાવ્યા છો? ચંપાવતિએ ક્રોધના આવેશમાં જણાવી દીધું.

વ્હાલા દેવકુમાર તમો એકદમ આવો! ચંપાવતિએ બૂમ પાડી.

આમ અચાનક બૂમ સાંભળી દેવકુમાર સફાળો જાગી ઉઠ્યો અને શું છે? શું છે? એમ કરતો દોડતો દોડતો આવ્યો.

વ્હાલા! જોયા તમારા આ મિત્ર મને ભરનિંદ્રામાંથી ઉપાડી લાવી સ્પર્શ કરવા ઇચ્છતા હતા. ચંપાવતિ બોલી.

રાણીજી! વિચારીને બોલો, તમે જે બોલો છે તે બધુ અસંભવીત છે, લાલસિંહ બોલી ઊઠ્યો.

બસ! તું અહીં આવ્યો શા માટે? અને તેં સ્પર્શ કર્યો શા માટે? તે જલ્દી જણાવ. દેવકુમારે ચીડાઈને પૂછ્યું.

મિત્ર ! જરા વિચાર ! ! અને પછી વિચારીને બોલ. "શું કદાપી સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગ્યો સાંભળ્યો છે ? શું સમુદ્રે મર્યાદા મૂકી જોઈ છે ? શું તારો મિત્ર કદાપી આવું અઘટીત કાર્ય કરે ખરો કે ? હરગીજ નહીં. લાલસિંહે મક્કમતાથી જવાબ દીધો.

બસ, હવે ચૂપ રહે ! મારે તારી વાત સાંભળવા ઈચ્છા નથી તુંજ રાણીને અહીં ઉપાડી લાવ્યો અને સ્પર્શ કરતાં જાગી ઊઠી એટલે હવે તું તારો બચાવ કરવા માગે છે ખરૂંને ? તેમ બીલકુલ નહીંજ બને. જા ! નીચ, પાપી ! તેં મને મિત્ર બનીને દગો આપ્યો છે. ધિક્કાર છે ! દેવકુમારે ધુતકારી કાઢતાં કહ્યું.

મારા ભાઈ દેવકુમાર મારી વાત સાંભળો ! "આપણા પવિત્ર કુળના સોગન ખાઈને કહ્યું છે કે:—જેવો તમારા ઉપર ખુનનો ખોટો આરોપ હતો તેવોજ આ ખોટો આરોપ મારા ઉપર છે." આમ ઘણું સમજાવતાં છતાં દેવકુમાર કેમે કરી સમજતો નથી. અને પોતાની સ્ત્રીની કહેલી વાત સાચી માની પોતાના દિલોજાન મિત્રના પવિત્રપણાની ખાત્રી ન કરતાં પોતાનાં સુખદુઃખના સાથીદારને ન કહેવાના શબ્દો કહ્યા તેથી લાલસિંહ મનમાં ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

ભાઈ, મારૂં સાંભળશો કે નહિ ? લાલસિંહે ધીરજથી પૂછ્યું

બસ ! મારે તારૂં કાંઈપણ સાંભળવું નથી ? દેવકુમારે ખીજાઈ જઈ જવાબ આપ્યો.

ઠીક, જેવી આપશ્રીની મરજી ! પણ મિત્ર દેવકુમાર, યાદ રાખજે કે જો મારે આવું કરવું હોત તો પ્રથમથીજ હું તારી સાથે શું કરવા આવત ! દેવસેના માટે એટલું બધું દુઃખ શા માટે વેઠત ! તે છતાં હજુ હું મિત્ર તે મિત્ર છું. જેને મેં એકવાર મિત્ર ગણ્યો છે તેનો દુશ્મન હું કદાપી થઈશ નહીં. આપ તપાસ કર્યા વગર એક સ્ત્રીના કહેવા ઉપર મને દોષીત ઠરાવી ઠપકો આપી રહેલ છો પણ

ભવિષ્યમાં તમો પસ્તાશો એ યાદ રાખજો. હું રાણીજીને અહીં લાવ્યોજ નથી. લાવનારા દુષ્ટ લુંટારાઓ છે હું તો માત્ર મારૂં કર્તવ્ય બજાવતો હતો. આપ મારા ઉપર આમ આરોપ લાવો છો તે જ મને ઘણું લાગી આવે છે.

આપ જ્યારે ખરી વાત જાણશો ત્યારેજ મારી મિત્રતા યાદ લાવી રડશો. અને જ્યારે ચંપાવતિ ઉપર ગુસ્સે થશો ત્યારેજ તમને માલુમ પડશે કે સાચી મિત્રતા કોનું નામ ?

અત્યારે તો ચંપાવતિ મારા બળની તથા મારી મિત્રતાની ઈર્ષા કરે છે. વળી એ એમ માને છે કે હું બળવાન હોઈ રાજ્ય પચાવી પાડીશ. તે સ્ત્રી જાતી છે અને મૂર્ખ છે. પણ હું તો ક્ષત્રિય છું તેથીજ મને લાગે છે કે મારા આટલા વખતના અનુભવની મારા મિત્રે મારી આ કદર કરી ! લાલસિંહે જણાવ્યું.

મારે તારા ઉપદેશની કાંઈ જરૂર નથી ! બસ તું મારી નજર આગળથી દૂર ચાલ્યો જા. દેવકુમાર આંખ ફેરવતાં બોલ્યો.

ભાઈ! હું તને મિત્ર જાણી, આટલું સહન કરૂં છું નહિ તો બતાવી આપત. મારી જગ્યાએ બીજો માણસ હોય તો કદાપી આટલું સહન કરી શકત નહીં. ! મિત્ર, પ્રણામ છે...સુખી રહો દુઃખ વખતે કોઈ વખત આ મિત્રને યાદ કરજો. લાલસિંહે જતાં જતાં કહ્યું.

કેમ ! પ્રિયે ! હવે તો શાન્ત થઈ ને ? શીક્ષા તો યોગ્ય છે ને ?

વ્હાલા ! તેને જીવતો રાખી રાજ્યનો એક દુશ્મન આપે વધાર્યો છે.

તેની ફીકર કરવાની હોય જ નહિં. અમારા કુળનો માણસ કદાપી કાળે પોતાના કુળની સાથે અઘટતુ વર્તન કરેજ નહીં. વળી લાલસિંહ ટેકીલો અને બહાદુર નવયુવાન છે. તેને શાથી મતિભ્રમ થઈ ગયો તે તો ભગવાન જાણે ? બાકી તે વચનનો ટેકીલો રજપૂત છે.

વ્હાલી ! ચાલો, હવે આરામ લઈ એ.

## પ્રકરણ અઠાવીસમું.

### ચોરોનું રહેઠાણ

**લાલસિંહ** બિચારો પોતાના ભાગ્ય ઉપર વિચાર કરતો કરતો જંગલના રસ્તા તરફ ચાલ્યો જાય છે. શું મારા મિત્રે સ્ત્રીના વચન ઉપર વિશ્વાસ લાવી મારૂં અપમાન કર્યું? શું કરૂં? સ્નેહની સાંકળે જડાયેલ છું તેથી આટલી લાગણી થાય છે. અરે!!! હું આમ વિચારમાં ને વિચારમાં પેલી કેદમાં પડેલી બાળાઓને મૂક્ત કરવાનું ભૂલી ગયો. મેં તે બાળાઓને વચન આપ્યું હતું કે હું તમને છોડાવીશ તો ચાલ તેમને પહેલાં મુક્ત કરવા દે, એમ વિચાર કરી તે તરતજ ગુફાના દ્વાર આગળ આવી પહોંચ્યો.

ભાઈ! દરવાજો ઉઘાડ. લાલસિંહે કહ્યું.

પરવાનો ક્યાં છે? દરવાને પૂછ્યું.

મારી પાસે પરવાનો? બહારવટીઆઓના સરદાર પાસે પરવાનો માગે છે? તો જો આ રહી મારી શમશેર, મને ઓળખતો નથી? લાલસિંહ શમશેર બતાવતાં કડકાઈથી બોલ્યો.

આથી દરવાને બીકથી દરવાજો ઉઘાડી આપ્યો અને લાલસિંહ અંદર દાખલ થયો. મણિબાળા અને કમળા વાતો કરે છે કે બ્હેન! આપણને પેલો માણસ નહિ છોડાવે?

ના ના! જરૂર છોડાવશે. શું આપણે કોઈનું કાંઈ બગાડયું છે? આપણો ભગવાન જરૂર તેના હૃદયમાં ઉતરશે અને તે માણસ પોતાનું વચન જરૂર પાળશે અને આપણને આ દુઃખમાંથી મુક્ત કરશેજ.

બ્હેન! જો, જો, મારા પિતાએ મારા માટે પતિ શોધ્યો છે. તેઓ નામ પ્રમાણે જ ગુણ ધરાવે છે. પણ આ દુઃખમાંથી જ્યારે છુટીશું ત્યારપછી પણ પતિના દુઃખમાં પડીશું. રાજા, વાજા અને વાંદરા એ ત્રણે એકજ જોડીના હોય. જેટલી સુંદર દેખે તેટલીને ફસાવવા વિચાર કરે બિચારી પોતાની જ પત્ની પતિપરાયણ હોય તો પણ તે શું કરે? બિચારીની ચાકરડી કરતાંય બુરી દશા હોય છે. શું કરૂં? હું મારા પતિને કેવી રીતે સુધારૂ? મણિબાળા બોલી.

બ્હેન! મારૂં દુઃખ કાંઈ તારા કરતાં ઓછું નથી. મા–બાપ પૈસે ટકે સુખી હોવા છતાં ના મળતું ઘર શોધી પોતાની પવિત્ર સુકુમાર કન્યાઓને પરણાવી ઉંડા કુવામાં ધકેલી દે છે. અને ગમે તેવો મૂર્ખ શિરોમણિ પતિ હોય કે અભણ હોય તો પણ તેને પતિ તરીકે હીરા જેવી કન્યાઓને માન આપવું જ પડે છે.

“ગાય અને દીકરી દોરે ત્યાં જાય” આથી તેમની પુત્રી સુખી થવાને બદલે દુઃખી થાય છે. જેમ થવાનું હશે તેમ થશે. પણ આ દુષ્ટોના પંજામાંથી છૂટીએ તો ઠીક, કારણ કે આપણા માતા–પિતા આપણા વગર ઝુરી મરતા હશે. કમળા બોલી.

બ્હેનો! તમે ચિંતા બીલકુલ ન કરશો. મને પરમેશ્વરે તમારી

સહાયતા માટે મોકલ્યો છે. હું તમને તમારા મુકામે સહીસલામત રીતે પહોંચાડીશ. લાલસિંહે આવતાં કહ્યું.

ભાઈ! તમો કોણ છો ? અને તમે અમને કેવી રીતે છોડાવવા આવ્યા ? બન્ને કન્યાઓએ પૂછયું.

બ્હેનો, હું વિરેશ્વર પ્રધાનનો પુત્ર છું. મારૂં નામ લાલસિંહ અને હાલ હું અહીંનો પ્રધાન છું. ગઇ કાલ રાત્રે તમારૂં હરણ થયું તે વખતે હું નગરચર્યા જોવા નીકળ્યો હતો. તે વખતે તમારા હરણ સબંધી આ દુષ્ટોને વાતો કરતા સાંભળ્યા એટલે મેં યુક્તિથી ઠગી તેમનું સરદારપણું લઈ તે બધાને કારાગ્રહે નંખાવ્યા છે. બ્હેનો, ચાલો ! હવે તૈયાર થાઓ. કમળા તથા મણિ બંને બ્હેનો લાલસિંહની સાથે જવા તૈયાર થઈ એટલામાં દરવાન આવી ચઢયો અને આ કેદીઓને તૈયાર થતાં જોઈ બોલ્યો. આ સ્ત્રીઓને લઈને કયાં જાય છે ?

ચુપ રહે ! જો તો નથી કે આ દુષ્ટોને કારાગ્રહે નંખાવી આ કન્યાઓને છોડાવવા આવ્યો છું ? ચાલ્યો જા અહીંથી. લાલસિંહ ફડકાઇથી બોલ્યો.

બસ, નહિં જવા દઉં. દરવાને કહ્યું,

શા માટે તું મોતને પસંદ કરે છે. એમ બોલતાંની સાથે જ એક મુષ્ટીના પ્રહારથી દરવાનને નીચે પાડી દીધો અને મજબૂત બાંધી બંને બાળાઓને લઈ લાલસિંહ ચાલ્યો ગયો.

ભાઈ, અમે તમારો કેટલો ઉપકાર માનીએ ? અમો બંને તમારૂં શું ભલું કરીએ. પરમાત્મા તમારી મનોકામના પુરી કરો.

**દોહરો.**

સજ્જન નર તો તે ખરા, કરતા પર ઉપકાર;
સંયમ ધરે જીવન મહીં, શોભવતા સંસાર.

## પ્રકરણ ઓગણત્રીસમું.

### વેરાન જંગલ

**લા**લસિંહ બંને બાળાઓને પોતપોતાના માતા પિતાના મુકામ પર પહોંચતી કરી પોતે ભયાનક જંગલમાં આવી ચઢયો. ત્યાં તે પોતાના મિત્રે કરેલા વર્તન પર વિચાર કરવા લાગ્યો.

ધન્ય છે! મિત્ર, આટલા વર્ષ સુધી મારી બજાવેલી મિત્રતાની કદર એક સ્ત્રીના બોલવા ઉપર આવી કરી? તેમાં તું પણ શું કરે. જેવી ભાવીની મરજી. કોઇને દોષ આપવો તે નકામો છે. મનુષ્યને પોતાના કર્તવ્યનું સારૂં યા નઠારૂં ફળ મળ્યાજ કરે છે. મારે તો મારો નિશ્ચય તે ગમે તેવો હોય તો પણ મારે તો મારી ફરજ મારા મિત્રના સુખ દુઃખમાં સાથી તરીકે બજાવી મારે મારો મિત્ર-ધર્મ સાચવવોજ જોઇએ. આમ વિચારોમાં તલ્લીન બની ગયો છે.

મને કોઇ બચાવો! બચાવો!

આમ અચાનક બૂમ સાંભળતાંજ લાલસિંહ ચમકયો અને આસપાસ દ્રષ્ટિ કરતાં એક બાળા (કુમારી) પર વાઘ તરાપ મારવા જાય છે તે જોતાંજ લાલસિંહે વિચાર કર્યો કે જો વાઘને મારવામાં

નહીં આવે તો આ વાઘ બાળાનો પ્રાણ લેશે એવો વિચાર કરતાની સાથેજ પોતે પોતાના બાણુની કમાન ખેંચી તીર ફેંકયું. તીર વાગતાની સાથેજ વાઘ જમીન ઉપર ઢળી પડયો. બાળા પણ મૂર્છાવશ બની જમીન ઉપર પછડાઈ પડી. લાલસિંહ એકદમ તેની નજદીક આવ્યો.

ભયભીત હોવા છતાં કેવી શોભે છે ? તેનું મૂખકમળ કેવું બીડાઈ ગયું છે. બાળાને જરા શ્વાસ લેતી દેખી અને થોડીવારમાં તે શુદ્ધીમાં આવી કે તરત ભયને લીધે કોઈ બચાવો, કોઇ બચાવો, મને વાઘ મારી નાંખે છે. એમ બૂમ પાડી ઊઠી.

સુંદરી સાવધ થાઃ તમારો ભય દૂર થયો છે અને હવે તમે નિર્ભય છો. તમારૂં રક્ષણ કરવા આ ક્ષત્રિય બાળ તમારી સન્મુખ હાજર છે. લાલસિંહે કહ્યું.

મને કોઇ બચાવો, વાઘે મારી નાંખી રે ! મને મારી નાંખીરે ! બેભાન અવસ્થામાં પદ્માવતિએ બૂમ પાડી.

સુંદરી ! વાઘ તો કયારનોય યમરાજના દરબારમાં પહોંચી ગયો છે. હવે જરા પણ બીક કે ડર રાખવાનું કારણ નથી.

અરે ! તમે કોણ છો ! પદ્માવતિએ જાગૃત થતાં પૂછયું.

સુંદરી, સાવધ થાઓ ! અહીં કોઈ દુશ્મન નથી, હવે તમને જેનો ભય હતો તે દૂર થયો છે માટે શાન્તિ રાખો, ગભરાશો નહિ.

શાણા સરદાર ! આપ કોણ છો ? અને શા કારણથી આ બાળાને કાળના મૂખમાંથી બચાવી ? તમે મને ઓળખો છો ? પદ્માવતિએ શરમાઇને પૂછયું.

સુંદરી, મેં તો મારો ક્ષત્રિય ધર્મ બજાવ્યો છે તેમાં વિશેષ કાંઈજ કર્યું નથી. તમને કોણ ન ઓળખે ? ચંદ્ર પણ એમ ધારશે

કે આ મારી પ્રિય ચંદ્રિકાની હરિફાઈ કરનાર છે. કામદેવ એમ ધારશે કે પોતાની સ્ત્રી રતિએજ જનસમુહને મોહમાં નાંખવા અવતાર લીધો હશે. હું એમ કહીશ કે મોહનપુરી રાજકન્યા દેવસેનાની શખી અને લાલસિંહની ભવિષ્યમાં થનાર પત્ની છે કેમ વારૂ?

સરદાર! તમે વિચારીને બોલો! તમે મારૂં નામ ક્યાંથી જાણો?

તેનો ખુલાસો હાલ હું આપીશ નહિ.

શાણા સરદાર! તમારી પાસે એક ચીજ માગવા વિનંતિ કરૂં છું તો તે મને આપશો.

હા! તે આપવા હું તૈયાર છું. માગ, માગ.

પ્રેમ ચી...જ......આગળ બોલતા શરમાઈ ગઈ.

સુંદરી! બોલતાં બોલતાં કેમ શરમાઈ ગઇ, ફરી માગ.

સરદાર! ફરી પણ હું આપનો પ્રેમ માગું છું.

હે બાળા! એ ચીજ માગવાથી તમને પાછળથી પસ્તાવો થશે. તેથી તમને પશ્ચાતાપ કરાવવા અને તમને દુઃખી કરવા તે ચીજ હું આપી શકું તેમ નથી. તો મને માફ કર!

વિચાર કરો! શું ક્ષત્રિયો કોઈ દિવસ દ્વિવચની થયા સાંભળ્યા છે! શું તમે મારી માંગણીનો સ્વીકાર નહિ કરો! શું મારી યાચનાનો ઇન્કાર કરશો? શું તમો નિર્દય અને કઠોર બનશો. જો તમો મારી માંગણી નહિ સ્વીકારો તો આ ક્ષત્રિયબાળા પ્રાણ આપશે. પદ્માવતિએ કહ્યું.

તમે મરણ પામો તે મારાથી તો ન જોઈ શકાય. ભલે હું તમારી માંગણી કબુલ રાખું છું. પણ તમે ક્રોધમાં બોલો છો તેનું

ભાન રાખો. તમે મને ઓળખો છો? હું તમને પ્રેમ અર્પીશ તે તમે ગ્રહણ કરશો પણ તમારા પિતાશ્રી તેને સંમતિ આપશે કે કેમ? તમે પેલા યોગીરાજને સંભાળો. શું તેનું વચન મિથ્યા જશે? તમારી પ્રિય સખીનું વચન યાદ કરો! તમારા માતા–પિતાને યાદ લાવો. લાલસિંહે જુની યાદી તાજી કરાવતાં કહ્યું.

આ બધું સાંભળી પદ્માવતિ પિતાને યાદ કરતી રડવા લાગી. વ્હાલા પિતાજી! તામરો યમ શું તમારા દ્વારે ઉભો છે? મારો તો કાળ અહીંથી જ નાઠો. પિતાજી, તમે નિરપરાધી છતાં નહિ બચો! શું રાજાજી તમને નહીં બચાવે, તમે તમારા જીવનમાં કલંકિત થઈને જ મરશો તે મને–આ તમારી પુત્રીને ઘણુંજ લાગી આવે છે. પિતાજી, તમે ન મરો તો... ! ઓ રાજાજી, તમે તમારી આ પુત્રીની ખાતર મારા પિતાશ્રીને બચાવો. (ક્રોધમાં) અરે દુષ્ટ! હત્યારી દાસી! મારા પિતાશ્રીના મરણથી તને શું લાભ છે? અરે ધુતારી દુષ્ટ મંજરી! મારો તને શ્રાપ છે કે તું વન વન રખડી બેહાલ થઈ મરીશ આગળ ન બોલી શકી એકદમ ચોધારા આંસુએ જમીન પલાળી મૂકી.

સુંદરી! વિચારો, તમે કોની આગળ છો? ભયંકર જંગલમાં એક અજાણ્યા પુરૂષની પાસે રડતાં જરાપણ શરમ નથી આવતી?

વ્હાલા! અરે!! હું ભૂલી, તે કહેવાને તમે હજુ ક્યાં તમારો હાથે મને આપ્યો છે. શાણા સરદાર! બોલો, હવે તમે મને પરણવા ખુશી છો કે નહિ? આ જગતમાં મારે આ સિવાય બીજી ઈચ્છા રહી નથી. પિતાશ્રી આવતી કાલે મૃત્યુલોકમાં પ્રયાણ કરી જશે. માતુશ્રી તેમની પાછળ સતી થશે. પછી મારે જીવીને પણ શું કામ છે? માટે તમે મને પરણીને સુખી કરો તો હું એમ સમજીશ કે મને મારા પતિનો આશરો છે. તે મને બચાવશે અને મારા પિતાશ્રીને પણ બચાવશે. બસ! મારે બીજી કાંઈ ઈચ્છા નથી. પેલા જોગટાની

વાત જવા દો. તે જુઠું બોલતો હતો 'તેને મારી સાથે પરણવું હતું પણ હું કદાપિ તેની સાથે પરણી મારી જીંદગી ખરાબ કરૂં ખરી કે ?

તમે તેને ઓળખો છો ?

હા, એ તમારા જેવા જ લાગતા હતા.

કદાચ હુંજ એ યોગી અથવા લાલસિંહ જ હોઉં તો તમે મને પરણો કે નહીં ? લાલસિંહે કટાક્ષ કરતાં પૂછયું.

તમે ગમે તે હો. તમે રાજા હો કે એક રસ્તાના રખડતા ભિખારી હો તો પણ મારા પ્રાણની રક્ષા કરનાર મારા પ્રાણેશ થઇ ચુકયા છો.

વ્હાલી પદ્મા ! તેજ હું યોગી અને તેજ તારી સખીના પતિનો મિત્ર. જેને પરણવા તું ના પાડતી હતી તેજ, પણ કુદરતે કેવો યોગ મેળવી આપ્યો જોયું ને ?

વ્હાલા મને માફ કરો. મારા અપમાનીત શબ્દોથી મારા પર કૃપા કરી ખોટું ન લગાડતાં આ દાસી પર હંમેશાં આપશ્રીની મીઠી નજર રાખી આભારી કરશો.

હવે બીજી બધી વાત જવાદો. પહેલાં તારા પિતાશ્રીની શી હકીકત છે તે મને વિગતવાર જણાવો. લાલસિંહે પૂછયું.

મારા વ્હાલા પ્રાણેશ ! જે જે હકીકત બની છે તે કહું છું સાંભળો, દેવસેનાને તેના પતિની સાથે વિદાય કર્યાં પછી પાછા ફરતાં જ બૂમ પડી કે દેવસેનાને ભદ્રિકસિંહ હરી ગયો છે.

હાં...હાં...હાં...મેં તે પાપી ભદ્રિકસિંહને શિક્ષા આપવા અને દેવસેનાને પાછી લાવવાનું પણ લીધું છે.

વ્હાલા ! એ દુષ્ટનું નામ ક્યાં લીધું. આગળ તો સાંભળો. પેલા રાજાજીની માનીતી રાણીની દાસી દુષ્ટ મંજરી......

પેલી ગુણિકાની દાસી હતી તેજને ?

હા ! એજ. રાજબગીચામાં દુષ્ટ મનુષ્યો સાથેના સહવાસમાં ભદ્રિકસિંહે તેના પર ગુસ્સો કર્યો તેથી તેના જવાબમાં બધુ રહસ્ય ખોલતાં બંને જણ વચ્ચે ઘણીજ તકરાર થઈ તેથી ગુણિકાએ તે રાંડ (દાસી)ને કાઢી મુકી. પણ પ્રપંચી દાસી પહોંચેલી હતી તેથી રસ્તે ચાલતાં ભોળી રાણીના હૃદયમાં પેઠી અને અંતે અંતઃપુરમાં જગા લીધી. તે અત્યારે તો પોતાના પ્રપંચથી આખા રાજ્યમાં પ્રિય થઈ પડી છે. તે જે કહે તેજ થાય છે. દુષ્ટાએ તો મારા પિતાજીને પાપમાં નાંખવા માટે કેટલા કાવાદાવા કર્યાં પણ મારા પિતાશ્રી નિમકહલાલ નોકર હોવાથી તેના પ્રપંચના તાબે થયા નહીં તેથી એ દુષ્ટાએ એક રાત્રીએ શયન વખતે રાજાને કાંઈપણ બ્હાને સમજાવી દીધું કે "પ્રધાનજીએ દેવસેનાનું હરણ કરાવ્યું છે. અને તે સર્વ વાત જાણે છે છતાં પાપ બુદ્ધિથી શોધ કરતા નથી" તેના કારણથી રાજાએ મારા પિતાશ્રીને દેહાન્તદંડની શિક્ષા કરી છે. અને જેને એકજ દિવસ બાકી છે.

વ્હાલી ! વચન આપુછું કે તે દુષ્ટાને ખરાબ કરીશ અને જ્યારે હું તારા પિતાશ્રીને બચાવીશ ત્યારપછીથી તારો હાથ ગ્રહણ કરીશ.

હવે લાલસિંહ તથા પદ્માવતી પોતાના મકાને આવ્યા એટલે પદ્માવતીની સખીઓ ટોળે મળી અને તેની મશ્કરી કરવા લાગી. બ્હેન તમને વાઘના પંઝામાંથી આ શૂરવીર સરદારે કેવી રીતે બચાવ્યા ?

તેની તમારે શી પંચાત ? મને મોતના પંઝામાંથી બચાવનાર વીરનરના હું શા વખાણ કરૂં ? પદ્માવતીએ કહ્યું.

સરદાર, અમારી સખીને તમે જીવતી રાખી છે. તેથી અમો તમોને અભિનંદન્ આપીએ છીએ પદ્માવતીની સખીઓએ આવીને કહ્યું.

મેં તો મારૂં કર્તવ્ય બજાવ્યું છે.

સખીઓ ! જુઓ, સરદાર કાંઈ જેવા તેવા નથી, આવતી કાલે દરબારમાં જઈ પિતાશ્રીને બચાવશે અને પિતાશ્રી મને તેમની સાથે પરણાવશે, હું માનતી નથી કે હવે પિતાશ્રી મને ના પાડે.

બેન, કુળગોત્ર જોયા વગર શી રીતે લગ્નની ગાંઠ બંધાય ?

મેં તો ક્યારનુંએ જોયું છે.

ક્યારે જોયું છે ? સખીઓએ પૂછ્યું.

આપણે ત્યાં દેવસેનાના સ્વયંવર મંડપમાં. જે યોગીરાજે શૌર્યતા બતાવી દેવસેનાને દેવકુમાર સાથે પરણાવી તથા નદિ તટ ઉપર જે યોગીરાજ સાથે આપણે વાદવિવાદ થયો હતો તેજ આ યોગીરાજ ! તેજ આ શૂરવીર પુરૂષ ! આપણી રાજકુમારી દેવસેના તે વીર રાજકુંવર દેવકુમાર સાથે પરણી છે અને આ સરદાર–(મારા પ્રાણેશ)–તેમના મિત્ર લાલસિંહ જે પ્રધાનપુત્ર છે, જે આપણા રાજાને કેદ પકડી લઈ જનાર તેજ મારા ગાંધર્વ લગ્નથી જોડાએલા (મારા પતિ) છે.

શાબાશ ! બ્હેન શાબાશ ! ભાગ્ય હોય તોજ આવો પતિ મળે.

શાણા સરદાર ! અમારી સખીએ આપશ્રીને પોતાનો પ્રાણ સમર્પ્યો છે તો તેમનાં માટે અમો અંતઃકરણથી આશિર્વાદ આપીએ છીએ. પદ્માવતીની સખીઓએ કહ્યું

વ્હાલી પદ્મા ! વખત જવા આવ્યો છે માટે તમારા સ્થાન પર જાઓ ! હું તમારા પિતાશ્રીને બચાવી તમને બોલાવીશ અથવા વનવાસ પુરો થતાં શુભયોગ જોઇને બોલાવીશ.

વ્હાલા, આ દાસીને ભુલશો નહીં. કામ સાવચેતીથી કરશો. પ્રભુ સદા સહાય કરો અને યશ લઇ પાછા વહેલા પધારજો. પદ્માવતીએ જણાવ્યું.

# પ્રકરણ ત્રીસમું

## વધસ્થળ

**મોહનપુરીની** રાજકચેરીમાં આજે હજારો માણસોની મેદની ઉભરાઈ રહી છે. સરદારો અને અમલદારો સૌ પોતપોતાની બેઠક પર બેસી ગયા છે. પ્રધાનજી પણ પોતાની બેઠક ઉપર બિરાજી રહ્યા છે.

પ્રધાનજી, તમો બીન ગુન્હેગાર છો એવું સાબીત કરવાને તમારી પાસે કંઈ સાધન છે? રાજાએ પૂછ્યું.

રાજન્! મકાનને જમીનદોસ્ત કર્યા પછી તેનો પાયો શોધવો તે કેટલું કઠણ છે. જેમ ઉભા રહી સમુદ્રનું પાણી માપવું કઠણ છે તેમ વધસ્થળની પાસે ઉભા રહી નિરપરાધી છું એવું સાબીત કરવું તે પણ કેટલું મુશ્કેલ છે, મારો સાક્ષી ફક્ત એક ભગવાન જ છે. અને મારો ટેક, ધર્મ, તથા મારી કીર્તિ મારા સાક્ષીઓ છે.

મહારાજ! એક દાસી ઉપર વિશ્વાસ રાખી આપ આવો હડહડતો જુઠો આરોપ મારા ઉપર મુકી મારી આ દશા કરશો એવું મેં સ્વપ્ને પણ નહોતું ધાર્યું!

દુષ્ટ પ્રધાન, તું એમ જાણતો હઈશ કે તારી કપટજાળમાં હું

ફસાઇશ. અરે !! અધર્મ, નિકમહરામ, તેં મારૂં લુણ ખાઇ મનેજ ઠગ્યો. મારી પુત્રીનું હરણ કરાવી ખુશી થયો. મારી પુત્રીને ભિક્ષુક સાથે પરણાવવામાં પણ તારો જ હાથ હતો, તારા લીધેજ હું વીર-પુરની લડાઇમાં હાર્યો અને તારા લીધે મેં તેનું ઉપરીપણું સ્વીકાર્યું તે સર્વેનો બદલો હવે તને આપીશ અને સર્વ લોકોને પણ બતાવીશ કે દેશઘાતક મનુષ્યની શું સ્થિતિ થાય છે.

એક સાધારણ દાસીના વચન ઉપર વિશ્વાસ રાખી મને દુશ્મન ગણવો તે વ્યાજબી નથી પરંતુ હું તો રાજ્યનો ખરો હીતચિંતક અને મિત્ર છું. પ્રધાન બોલ્યો.

રાજાને તેના બોલવાથી કાંઇપણ અસર થતી નથી.

નામદાર! આપને મારા ઉપર વિશ્વાસ નથી તો હું મારા પાપનો બદલો ભોગવવા તૈયાર છું.

નિરાધાર, નિરપરાધીને વધસ્થંભે લટકાવવો એ સદ્‌ગુણી તેમજ દુર્ગુણી રાજાને સરખા દોષિત કરે છે. એક યોગીરાજ બોલતા બોલતા અહીં આવી પહોંચ્યા.

અરે ! કોણ છે ? આમ અચાનક અવાજ કાને અથડાતાં રાજા ચમકયો.

મહારાજ ! પેલા મહાત્મા આવે છે. સિપાઈએ જણાવ્યું.

પધારો, યોગી મહારાજ. રાજાએ આવકાર આપ્યો.

રાજન્ ! મારા યોગના ધ્યાને તમારા નિરપરાધી પ્રધાનનું મૃત્યુ તમારાજ હાથે થતું જાણી......

શું બોલો છો ? મારો પ્રધાન નિર્દોષ છે ? શું પેલી દાસીએ મને ખોટું કહ્યું છે ? પણ ખોટું બોલવાની તેને કાંઇ જરૂર ! રાજાએ પૂછ્યું.

ભોળારાજા! તે લુચ્ચી અને મહાદુષ્ટ છે. એને તો પોતાની કપટજાળમાં કંઇને મરાવ્યા છે અને આજે તમેજ એની કપટજાળના ભોગ બન્યા છો. હજી તો ત્રણ દિવસમાં તમને પણ બતાવશે કે તે આથી પણ વધારે ખટપટી છે.

યોગીરાજ. હું આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો છું.

રાજાજી, પ્રધાનને ત્રણ દિવસની મહેલત આપો. ત્રણ દિવસમાં તે પોતાની નિરપરાધીનતા સાબીત કરે તો તેને માફ કરશો. નહિં તો આ વધસ્થંભ તૈયાર રાખશો.

પ્રધાનજી! આ યોગીરાજના વચન ઉપર તમને ત્રણ દિવસની મહેતલ આપવામાં આવે છે. તે દરમ્યાન તમારે તમારૂં નિર્દોષપણું સાબીત કરી આપવું.

મહારાજ! આપનો ઉપકાર માનું છું. યોગીજી! તમારો બદલો શી રીતે વાળું? પ્રધાને કહ્યું.

યોગીજી! મારી પુત્રીને કોણ હરી ગયું છે? રાજાને પૂછ્યું.

રાજન્! ફક્ત ત્રણ દિવસમાં એ બધી વસ્તુનો ઉકેલ આવી જશે. પ્રધાનજી! મારે તમારી પાસેથી એક ચીજ માગવાની છે યોગીરાજે કહ્યું.

યોગીજી, આપશ્રીના ચરણોમાં સેવક સદાને માટે હાજર છે. ફૂકત એકજ વચન! માગો, માગો, જે જોઈએ તે માગો. પ્રધાન બોલ્યો.

પ્રધાન વચન આપવા કબુલ થયો એટલે યોગીરાજ પોતાના મઠમાં ગયા અને ત્યાં ખુબ વિચાર કરવા લાગ્યા કે હવે આ દુષ્ટા દાસીને બરાબર ખબર પાડવી જોઇએ. બિચારા નિરપરાધીને ફસાવી દંડ દેવાવાલીને જ્યારે હું જ તેને દંડ અપાવું ત્યારેજ મારા આત્માને

શાંતી થશે. તેને ગમે તે પ્રકારે ફસાવી ગધેડે બેસાડી પુરેપુરી ફજેતી કરાવી વન વન રખડતી કરી મુકું તોજ હું લાલસિંહ ખરો !

આ પ્રમાણે વિચાર કરી સિપાઈઓ પાસે ગયા અને કહ્યું કેઃ– સિપાઇઓ, તમે જઈ પેલી મંજરીને બોલાવો. સિપાઇઓ તે દુષ્ટા મંજરીને બોલાવી હાજર થયા અને આવીને કહ્યું કે મહારાજ ! આ લુંડી હાજર છે.

તું મને લુંડી કહેનાર કોણ ?

મહાત્માનો આદેશ છે. સિપાઈ બોલ્યા.

તારા મહાત્માને ઓળખે છે કોણ ? એવા તો ઘણાએ ભામટાઓ ભટકતા ફરે છે. હવે જો મને લુંડી કહી બોલાવીશ તો તારૂં આવીજ બન્યું સમજજે. દાસી બડબડવા લાગી.

સાથે સાથે તારૂં પણ આવી બન્યું સમજજે યોગી બોલ્યા.

જોગટા, સંભાળીને બોલજે.

નહિં તો ?

આ ગામમાં મને સતાવીને રહેવું મુશ્કેલ થઇ પડશે. હજી મારા સપાટામાં આવ્યા નથી ત્યાં સુધી. તું મને ઓળખે છે ?

હું તને બરોબર ઓળખું છું, બોલ તું લાલસિંહને ઓળખે છે ? લાલસિંહે પૂછયું.

એનું મારે શું કામ છે. તે તો ક્યારનોએ મારા પ્રપંચનો ભોગ થઈ પડયો. તે પોતાના મોટાભાઇને મારનાર દેવકુમારનો સાથી થયો છે: એવાના તો નામજ જવાદો ને.

અને ખોટા આળ ચડાવનાર તારા જેવી દાસોનું નામ રહેવા દઉં ! બિચારા પ્રધાનને પણ દુઃખ દેનાર તું જ છે.

તમે શાથી જાણ્યું કે તે નિર્દોષ છે ? દાસીએ પૂછયું.

રાંડ, તું જાણતી નથી કે હું ત્રિકાળજ્ઞાની છું ? હું બધું જાણું છું કે દેવસેનાનો હરનાર બીજો કોઇ નથી પણ તારો બગાડેલો ખુશામતરૂપી કીડાથી સડતો પેલો ભદ્રિકસિંહ છે. અને તું પ્રધાનને પરણવા ઇચ્છે છે ખરૂંને ? બોલ, આમાં ખોટું શું છે.

મહાત્મા! મારો ગુન્હો અને અવિનય માફ કરો. દાસી નમ્રતાથી બોલી.

જવાદે એ વાત! તું પ્રધાનને પરણવા ખુશી છે કે નહિ ?

મારી તો ઘણીએ ઇચ્છા છે પણ હું શું કરૂં ?

ફૂટ તારૂં કપાળ અને કાઢ રાતું.

મહારાજ! મારા પર કૃપા કરો!

સાંભળ! આજ રાતે તારા લગ્ન કરીશું પણ તમને બંનેને આંખે પાટા બંધાવીશું. કારણ કે પ્રધાનજી તને પરણવા ના પાડે છે માટે આ યુક્તિ સારી છે પછી કાલ સવારે પ્રધાન વધસ્થંભ ઉપર ચડશે ખરૂંને ?

ના, ના, તેમ કદાપી થવા દઇશ નહિં. હું તેમને બચાવીશ.

વારૂ! જા, પણ હવે કોઈને તારી કપટ જાળમાં ફસાવીશ નહિ-નહિં તો બીજાને ફસાવવા જતાં તુંજ ફસાઈ જઈશ.

મહારાજ! બહુ સારૂં. એમ કહી દાસી ચાલી ગઈ.

જા, જેવું વાવ્યું હોય તેવું ફળ મેળવજે.

દાસીના ગયા પછી યોગીરાજ મનમાં વિચારવા લાગ્યા કે "હાસ, હવે પાપીણી પુરેપુરી ફસાઈ છે."

## પ્રકરણ એકત્રીસમું

### મોહનપુરીની રાજકચેરી.

મારા વ્હાલા પ્રધાન! તું નિર્દોષ થયો છે તે જાણી મને ઘણો જ આનંદ થાય છે. તું સાચો છે, મારા રાજ્યના સ્તંભરૂપ છે. મારા શાણા સરદાર! મારા સમજવામાં ભૂલ થઈ ગઈ. રાજા ધીમા સાદે બોલ્યા.

ના, ના, મહારાજ! સાંભળવામાં ફેર ન હોય! પણ પેલી દુષ્ટા દાસીના વચનનો વિશ્વાસ રાખી સાન ગુમાવી હતી. પ્રધાને કહ્યું.

ત્યારે તો હવે નવા જુની થશે ખરી.

મહારાજ! જે થવાનું હતું તે થયું. બાકી હવે તો જે થાય તે જોયા કરીશું તેને માટે પ્રશ્ચાતાપ કરવાની જરૂર નથી.

પ્રધાનજી! મેં તમોને ન કહેવાના શબ્દો ક્રોધના આવેશમાં આવી જઈ કહ્યા છે........

પણ ન કહેવા જેવા શબ્દો તો હજી હવે કહેશો. તમે પેલી ચંડાળ દાસીને જોઈ નથી. યોગીએ જવાબ આપ્યો.

એ બધો દોષ વિધાતાનો જ છે. બાકી ખરો પ્રતાપ તો મહાત્માનો છે. પ્રધાન બોલ્યો.

નહિં, નહિં. મેં તો મારી ફરજ બજાવી છે. રાજાજી! તમે પણ તે દુષ્ટાની કપટ જાળમાં ફસાએલા છો. યોગીએ જણાવ્યું.

આપ આ શું કહો છો ? રાજા આશ્ચર્ય પામી બોલ્યા.

"**માથા ફુટીને ખત્તા ખાય**" ત્યારે જ સમજ પડે છે. (મનમાં) હવે દાસીનો વારો, પછી રાજાજીનો વારો. પછી જૂઓ ફજેતી. "રાજા દાસીનું જોડું અને શોભે કુંભારના ઘરનું ઘોડું" આમ વિચાર કરે છે.

મહારાજ! મહારાજ! ફરિયાદ, ફરિયાદ. દાસી બોલતી બોલતી આવી.

અરે! હજારોને ફસાવનારી અને કંઈકનું નીકંદન કાઢનારી તારે વળી શી ફરિયાદ છે ? રાજાએ પૂછ્યું.

મહારાજ! મેં બધાને જીત્યા પણ મહાત્મા મારા માથાના મલ્યા. ઉલટી તેમને મને ફસાવી. દાસીએ જણાવ્યું.

"શેરના માથે સવાશેર મળે" ત્યારે જ રાંડ પાંસરી થાય એવી છે. મહારાજ! પ્રેમ પોથીની માળામાં, સ્નેહ સત્યાનાશની ચોરીમાં, લગ્ન લોહીની લ્હાણીમાં, અસત્ય ટેક જાળમાં અને મહારાજાની ભુજાની બાથમાં આ મંજરી પુરેપુરી ફસાઈ છે. અને તેમાંથી છુટવા પ્રયત્ન કરે છે. યોગીએ જણાવ્યું.

મહારાજ! પ્રધાને પોતાનો બચાવ કરવા માટે મને પરણવા વચન આપેલું અને હવે તે બચ્યો એટલે ના પાડે છે. માફ કરજો. મહારાજ! પ્રધાનજી મને પરણ્યા છતાં પરણેતર સ્ત્રી તરીકે ઘેર (લઈ) રાખી શકતા નથી. દાસી બોલી.

પ્રધાનજી! આ શું કહે છે ? રાજાએ પૂછ્યું.

મહારાજ ! સર્વસ્વ જુઠું છે. સર્વ નગરજનો પણ જુઠા છે. મહારાજ સાંભળો ! જ્યારે હું દોષીત ઠર્યો ત્યારે વગર વિચારે મારો ગુણ દોષ જોયા સિવાય સર્વ કોઈ મારા તરફ ધિક્કારની દૃષ્ટિએ જોતા હતા. અને મારી નિંદા કરતા હતા. અને જ્યારે હું નિર્દોષ ઠર્યો ત્યારે એજ સર્વે મનુષ્યો મને માનની દૃષ્ટિએ જોવા લાગ્યા. અને આપશ્રીની મૂર્ખતા ઉપર હસે છે. પ્રધાને જવાબ આપ્યો.

પ્રધાન ! ત્યારે આ દાસીની ફરિયાદનું શું ? રાજાએ પૂછ્યું.

મંજરીની સઘળી હકીકત જુઠી અને પાયા વિનાની છે.

શું તમે એને પરણ્યા નથી ?

રાજન્ ! મારા બોલવા ઉપર આપશ્રીને વિશ્વાસ નહિ આવે માટે એ દાસી (મંજરી) ને જ પૂછો.

મંજરી ! શું એ તને પરણેલ છે.

મહારાજ ! તેની વાત તદ્દન જુઠી છે. ખરી હકીકત પેલા જોગટાને પૂછો એટલે બધી સત્ય હકીકત જણાશે. દાસી બોલી.

યોગીરાજ ! આમાં સત્ય હકીકત શું છે ?

સત્ય હકીકત કહેતાં રાજાજીને શીરે બધો ભાર છે. યોગીજી બોલ્યા.

જે હોય તે કહો, તમને બધી બાબતની બોલવા માટે પરવાનગી આપું છું. રાજાએ કહ્યું.

હવે યોગીરાજે (લાલસિંહે) ઉભા થઈ નિચે મુજબ બોલવા માંડયું.

**મહેરબાન મહારાજા સાહેબ તથા સર્વે નગરજનો.**

આ દુષ્ટાએ પ્રધાન સાથે પરણવાના વિચારથી મહારાજા સાહેબને આડું-અવળું સમજાવી પ્રધાનને મોતની શીક્ષા અપાવી હતી. પણ તેને પરણવાના વચનથી પ્રધાન બચ્યા અને આખરે પોતે જ ફસાઈ.

તે પરણી છે. પણ કોને? પ્રધાનને નહિ પણ રાજાજીની છબીને. તે હવે રાજરાણી બની છે. અને રાજમાતા બની પ્રધાનજીને પરણવાની છૂટ આપતા નથી. કેમ મંજરી ખરૂં છે ને?

મહારાજ! મને માફ કરો. આ બધું જુઠું છે. હું તો પ્રધાનને જ પરણી છું દાસી બોલી ઊઠી.

સત્યનો જય અને પાપનો ક્ષય. દુષ્ટા, જોતી નથી કે અહીં તો તારો કાળ લાલસિંહ ઉભો છે. ખાડો ખોદે તેજ પડે. યોગીજી બોલ્યા.

દુષ્ટા, તું દુષ્ટ કર્મની કરનારી છે. અને તેંજ મને ઠગ્યો છે. મારા માથે કુડુ કલંક મૂક્યું ને તું પ્રધાનને પરણી છે એવો જુઠો આરોપ મુકે છે. રાજા બોલ્યા.

મહારાજ! સત્ય કહું છું. દાસીએ જણાવ્યું.

દાસી! તું પ્રધાનને પરણી છે તેનો કોઈ તારી પાસે સાક્ષી છે? યોગીએ પૂછ્યું.

મારો સાક્ષી મારો ભગવાન. પ્રધાન સાથે પરણવામાં આ જોગટો જ સાથે હતો. દાસીએ જણાવ્યું.

તું ગમે તેમ બોલ, તેં વરમાળા કોને આરોપી હતી.

પ્રધાનના હાથમાં છબી હતી તેને. દાસીએ જવાબ આપ્યો.

તે છબી કોની હતી? યોગીએ પૂછ્યું.

તે તો મહારાજાની હતી. દાસીએ જણાવ્યું.

આ સાંભળતાં જ રાજા ચમક્યો. અને એકદમ બોલ્યા કે તું મને પરણી અને પ્રધાન ઉપર ખોટો આરોપ મૂકે છે?

આ બધા કામ આ જોગટાનાજ છે અને તે મારો કટ્ટો દુશ્મન છે. દાસી મંજરી બડબડતાં બોલી.

આ દુષ્ટાએ કેવા કેવા પ્રપંચો કર્યા છે તે સાંભળો! "વીરરાજ અને રાણીને કપટજાળમાં ફસાવી રાજપુત્રને રણમાં રગદોળ્યો, બીજા પુત્રનું ખૂન કરાવી ત્રીજા પર આરોપ મૂકી તેને વનવાસ અપાવ્યો અને ભદ્રિકસિંહને રંડીબાજ બનાવ્યો. અને દારૂના ફંદામાં ખૂબ રગદોળ્યો પણ છેવટે જ્યારે લાલસિંહે તેને ઢોરની માફક બાગમાંથી હાંકી કાઢી ત્યારે તે ગુણિકાને ત્યાં લુંડી તરીકે રહી."

"તમારા રાજ્યમાં તમોને તથા રાણીને મીઠી વાણીમાં ફસાવી માનીતી થઈ મહેલમાં દાખલ થઈ."

અરે દુષ્ટા! "તું જેનું ખાય છે તેનું જ ખોદે છે." પાપીણી! તેં આખુ નગર ખરાબ કર્યું છે અને મારી પુત્રીનું હરણ કરનાર પણ તુંજ છે. રાજાએ રીસમાં કહ્યું.

હરણ કરાવનાર જ પ્રધાન છે. દાસી બોલી.

દુષ્ટા! તું નથી જાણતી કે હરણ કરનાર તારો માનીતો ભદ્રિકસિંહ છે? પણ યાદ રાખજે કે ભદ્રિકને ભિક્ષુક બનાવીશ, દેવસેનાને છોડાવી અને દેવકુમાર સાથે મેળાપ કરાવીશ. યોગીરાજ બોલ્યા.

અરે! તમે આ શું બોલો છો? ક્ષત્રિય કન્યા એકને પરણ્યા પછી બીજાને પરણી જાણી છે? રાજાએ પૂછ્યું.

હંસણી તો હંસને શોભે તેમજ દેવસેના દેવકુમાર સાથેજ શોભશે.

યોગીરાજ! મારી કન્યા તો એક ભિક્ષુકની સાથે પરણી છે, અને તે ક્યાંય જંગલમાં રખડતી હશે અને ત્યાંથી અશક્ત એવા પતિ પાસેથી પેલો ભદ્રિક હરી ગયો હશે. અરેરે! મારી કન્યાની અત્યારે શી દશા હશે? રાજા બોલ્યા.

મહારાજા! તમોને જરાપણ દીલગીર થવાનું કારણ નથી. તેને પરણનાર ભિક્ષુક ન હતો પણ એક વીર રાજકુમાર હતો. તે કુળ કે દેશ વિનાનો ન હતો પણ તમારી પુત્રીને લાયક અને તમને રણમાં મહાત કરનાર વળી તમારી પુત્રીનું રક્ષણ કરનાર વીર રાજ્યપુત્ર દેવકુમાર હતો. જેને આ પાપીણીના પાપથીજ વનવાસ લેવો પડયો છે.

આ સાંભળી રાજા આશ્ચર્ય પામી બોલ્યો કેઃ–યોગીરાજ! આપ આ શું બોલો છો? મેં તો તેમને બહુજ અપમાન્યા છે, શું આ રંડાએજ તેને ફસાવ્યા હતા? અને તેથીજ તેમને વનવાસ લેવો પડયો? મહાત્મા, બોલો, આ પાપીણીને શી સજા આપવી?

મહારાજ! એવાને તો એવી શીક્ષા આપવી જોઇએ કે તેનો દાખલો દરેક જણા લે અને આવા પાપી કાર્યો કરતાં દુષ્ટો ભૂલેચૂકે ભાગ ન લે. તેજ યોગ્ય છે.

યોગીરાજ! આપ જેમ કહો તેમ કરવા તૈયાર છું.

મહારાજ! તેના નાક–કાન–કપાળ બોડાવી ઉંધે ગધેડે બેસાડી નગરબહાર કઢાવી મૂકવી જોઈએ.

જાને! માથા વગરના મર્કટા દાઝયા ઉપર ડામ શા માટે આપે છે. દાસીએ કહ્યું.

કૃપાનાથ! મને બચાવો ફરીથી આવા કામ કદાપી નહિજ કરૂં. મારા પર દયા લાવો. દાસી બે હાથ જોડી કરગરવા લાગી.

જા તારૂં કાળું કર. "જેવા કર્યાં તેવા ભોગવ" રાજા બોલ્યા.

આખરે દાસી મંજરીને પાપની શીક્ષા મળી અને સત્યનો જય થયો. ભાવિ ઘડીમાં શું કરે છે અને ઘડીમાં શું નથી કરતું?

## પ્રકરણ બત્રીસમું

### મોહનપુરીના પ્રધાનનું મકાન.

આજે આનંદનો પાર નથી બધાના દીલમાં કોઇ અનેરો આનંદ શોભી રહ્યો છે.

યોગીરાજ, આ બધો પ્રતાપ હોય તો તે માત્ર આપનો જ છે આપશ્રીના પ્રતાપે જ મારા પતિ આજે નવું જીવન પ્રાપ્ત કરી શક્યા છે. મારા પ્રાણનાથના બચાવનારને મારા સહસ્ત્રકોટિ વંદન હો. પ્રધાનની પત્નીએ કહ્યું.

મેં તેમાં વધારે કાંઈજ કર્યું નથી ફક્ત મેં તો મારી ફરજ બજાવી છે.

મહાત્મન્! હું આપશ્રીના અગણિત ઉપકારનો બદલો શી રીતે વાળી શકું? પ્રધાને પૂછ્યું.

પ્રધાનજી! એક રસ્તો છે. હું કહું તે સાંભળો, તમારી સર્વાંગ સુંદરી–વીરપુત્રી તે ખરેખર વીરપત્ની છે.

તમે તેને વીરપત્ની શા ઉપરથી કહો છો?

તે બધી વાત પાછળથી સમજાશે હાલતો હું કહું તે સાંભળો! "તમારી પુત્રી જેને વચને કરી પરણી છે, જેને મનથી પોતાનો માન્યો છે તેને તમે અર્પણ કરો."

તેણે એવા કયા પુરૂષને પોતાનો માન્યો છે તે જણાવશો?

હા! તેણે મારી સાથે જ ગાંધર્વ લગ્ન કર્યાં છે. એથી જ હું કહું છું કે તમે તમારૂં વચન પાળવા તૈયાર થાવ. રાજાએ પોતાની પુત્રી ભિક્ષુકને આપી તો તમો તમારી પુત્રી યોગીને આપો. એટલે રાજા અને પ્રધાન બંને સરખા કહેવાય. બન્ધીવાન ભિક્ષુક કરતાં તમારી પુત્રીને બચાવનાર આ યોગી શું ખોટો? "શું તમારી કન્યા એકને પરણ્યા પછી બીજાને હસ્ત સોંપશે ખરી કે?"

યોગીજી! તમારે વળી પરણવાની વાત કેવી?

હું યોગી નથી પણ ભોગી છું. ભટકતો નથી પણ રાજવંશી ક્ષત્રિય છું. તમારા રાજાને બન્ધીવાન બનાવી દેવકુમારને ફસાવવાની તેની કપટજાળમાં તેને જ ફસાવનાર છું.

યોગીરાજ! જરા શાંત થાઓ! મારે મારી પુત્રીને પૂછવું જોઈએ?

મેં તમને એકવાર કહ્યું કે મેં તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં છે. પછી પૂછવાનું રહ્યું જ કયાં? મારા જેવા ક્ષત્રિય બાળને મૂકી બીજા કોને પસંદ કરશે? શું તે આ લાલસિંહ જેવા વીરને મૂકી બીજાને વરશે?

હેં! આપ શું કહો છો? પ્રધાને આશ્ચર્યતાથી પૂછયું.

મારા વ્હાલા પતિને બચાવનાર બીજો કોઈ નહિ પણ વીર લાલસિંહ જ! પુત્રી, તેં તો યોગ્ય વર શોધ્યો. પ્રધાનસ્ત્રી બોલી.

ક્ષત્રિય પુત્ર! તમને પુત્રી પરણાવવા કોણ ના પાડે. અવિનય માફ કરજો.

જ્યારે માતાપિતા પોતાની પુત્રીનો હસ્ત સોંપવા કબુલ થયા. ત્યારે યોગીએ કહ્યું કે "દેવસેનાને બચાવી પાછા ફરતાં તમારી પુત્રીનો હસ્ત ગ્રહણ કરીશ હાલ તો હું રજા લઉં છું." એમ કહી યોગી પોતાના કાર્ય માટે ચાલ્યા ગયા.

યોગીજી ચાલતા ચાલતા જંગલમાં આવી પહોંચે છે. વનની ઘટાઓ અને કુદરતની લીલા જોઈ પરમાત્માની કૃતિનો વિચાર કરવા લાગ્યા. "આ વનની ઘટા વિશ્વજનના મનને કેટલો આનંદ આપે. આ વૃક્ષની લાંબી ડાળીઓ, ઘોર ઘટા અને પાંદડા દેખાય છે તે પુરાતન હોવા જોઈએ. વળી આ અશોકવૃક્ષ કોઇ સર્વાંગ સુંદરીના વાદપ્રહારથી કેવું ખીલતું માલુમ પડે છે. આ નગ મદે ભર્યો કેવો ટટ્ટાર ઉભો છે. નદી–જળ પ્રવાહને પણ ગણકારતો નથી. જાણે સર્વના દમનરૂપ જંગલનો રાજા ન હોય? તેનું મૂખ તેની પાંખો કાપનારાઓ તરફ કેવું ઈર્ષા અને ખૂનસ ભર્યું ઝળકે છે. પોતાને ભાલો મારનારની પણ પરવા કરતો નથી. પોતાની શીલાઓથી પોતે અભેદ માને છે. પોતાની ભયંકર ખીણોથી પથીક-જનોને ત્રાસ ઉપજાવે છે. દુષ્ટ પ્રાણીઓથી વસેલો હોવાથી શુરવીર શિકારી લડવૈયાનું મન હરે છે." આમ અનેક જાતના વિચારો કરે છે. એટલામાં તેની નજર એક સ્ત્રી ઉપર પડતાં જ અરે? પેલી સુંદરી કોણ હશે? તે કેવી મનમોહક લાગે છે. પણ તે ગમે તે હોય તેમાં મારે શું?

આ વખતે એક વાઘ એક ગાયનો શિકાર કરવાની તૈયારીમાં હતો તે જોતાંજ "શું ક્ષત્રિયના દેખતાં વાઘ ગાયનો શિકાર કરશે? ના, ના, એમ ન બનવા દઉં" એમ બોલતાં જ એકદમ બંદુકની ગોળી છોડી વાઘને યમ શરણ પહોંચાડયો અને ગાયને ઉગારી લીધી.

પણ ત્યાં તો એક બાઈ ( દાસી ) દોડતી દોડતી આવીને કહેવા લાગી કેઃ–આપના વીરત્વથી મોહિત થઈ ને અમારા મહારાણી આપને મળવા માટે પધારે છે.

તે શા માટે મને મળવા આવે છે? શું કાંઈ કામ છે ખરૂં ?

શું એક વીરત્વની પ્રશંસા કરનાર આપને મળવા આવે તે શંસનીય હોય! રાણી સાહેબ હમેશાં ગમગીન છતાં આજે તમને મળવા ઈચ્છા રાખે છે.

તો ભલે આવે.

શૂરવીર સરદાર, આ તમારી ભગિની તમને વંદન કરે છે. મણિ બાળાએ આવતાં વંદન કર્યાં.

અરે! આ કોણ? મને આ રાણીને જોઈને પરિચીત હોય તેવો ભાસ થાય છે પણ મારી યાદશકિત મને આજે ભૂલાવે છે. બેન! તમે કોણ છો ?

મારા પ્રાણના બચાવનાર! તમે મને ન ઓળખી? હું ચંપાપુરીના પ્રધાન ચંચળમતિની પુત્રી મણિબાળા છું. જેને આપે દુષ્ટોના પંઝામાંથી છોડાવી હતી તે જ.

બ્હેન! તમે અહીં કયાંથી ?

ભાઈ, મારા પિતાએ આ સુવર્ણપુરના રાજા દુર્જયસિંહ સાથે મને પરણાવી છે. પણ હું મારા દુઃખની વાત શી કરૂં તેમના નામ તેવાજ તેમના ગુણ છે, કેટલી નિરાધાર બિચારી અબળાઓનું શિયળ–રત્ન હરનાર તે પાપાત્મા છે. હું પતિપરાયણ પત્ની હોવાથી મને તેમના માટે બળાપો થયા કરે છે. પણ શું કરૂં? ઘણી શિખામણ આપી પણ " પત્થર ઉપર પાણી."

બ્હેન મુંઝાવવાનું કાંઈ જ કારણ નથી મારા બનતા પ્રયાસો કરી તમારા પતિને સુધારવા માટે કરીશ.

મારા પતિનો પ્રેમ હાલ તો મારા ઉપર વિશેષ છે માટે આપ હાલ મારી નગરીમાં પધારો અને આ રંક ભગિની ઉપર કૃપા કરો તો સારૂં. હું મારા પતિને સમજાવી તમને પ્રધાનપદ અપાવું તેથી મારા કાર્યમાં મને સુગમતા પડે. માટે ભાઈ, મારા મહેલે અત્યારે નહિ આવો ?

બ્હેન ! વખત આવે જરૂર આવત પણ તારો આટલો બધો આગ્રહ છે તો હું તારી સાથે જ આવું છું.

બંને ભાઈ–ભગિની સુવર્ણપુર તરફ જવા તૈયાર થયા.

## પ્રકરણ તેત્રીસમું

### અદ્‌ભૂત ગુફાનો રસ્તો

લાલસિંહ વિચાર કરે છે કે આપણે પ્રધાન થયા. રાજ્યમાં રાજાની નબળાઈ અને અત્યાચારના લીધે આપણે જ રાજા થયા. સમુદ્રમાં પડયા પણ અહંકારી મોજામાં ઘસડાવવું જોઈએ નહીં. રાજસાગર ઘણો જ ઉંડો છે, તેને તરી પાર ઉતરવા માટે મોટા મોટા યોદ્ધાઓ શુરવીરો પણ શક્તિવાન થયા નથી.

હું એક રાજવંશી પ્રધાનપુત્ર છું પણ મારે પોતાના નગરમાંથી નીકળવું પડયું. દેવકુમાર સાથે મિત્રધર્મ બજાવવા રહ્યો પણ ભાવી પ્રતિકુળ હોવાથી તેના ક્રોધના ભોગ થઈ પડયા.

આજે સુવર્ણપુરની ખાઈમાં આવી પડયા. વિશેષમાં દુર્જયસિંહ જેવું નાવ મળ્યું છે તેને હલેસાં મારી સીધા ચલાવવાનો પ્રયત્ન કરવાનો છે. આ પ્રમાણે વિચારોની હારમાળામાં અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો તલ્લીન થઈ ગયો છે.

રાજાને કેવી રીતે સુધારવો, સતીના શિયળ કેવી રીતે બચાવવા, પ્રજાને કેમ સુખી કરવી અને રાજા અને રાજ્યને કેવી રીતે આબાદ કરવાં તેજ વિચાર શ્રેણીમાં પોતાના મનથી ઘોડા બાંધવા લાગ્યો.

છેવટે નિશ્ચય કર્યો કે "ગમે તે ભોગે રાજાને સુધારવો." દામથી, ભેદથી, અગર ન માને તો દંડથી પણ તેની કુટેવોનો ત્યાગ કરાવીશ, રાજાને સુધારવા થોડા દિવસ રાજાને પદભ્રષ્ટ કરીશું એટલે ઠેકાણે આવશે ત્યારે તેના આગળ ગુણ ગાઈ શુદ્ધિમાં લાવીશું અને તેમ કરતાં પેલા ઋષીરાજના વચન પ્રમાણે વસંતસિંહનો પણ પત્તો લાગશે પણ વસંતને ખોળીશ શી રીતે?

આજે તપાસ કરતાં કરતાં આટલે સુધી તો આવ્યો છું, અહીં એક અદ્ભૂત માણસ રહે છે. તેની સોબતથી રાજા ઘણો દુષ્ટ થયો છે. તેનો જો પત્તો લાગે તો પહેલો તેને વશ કરવો જોઈએ એટલે આપણું કામ સિદ્ધ થયું સમજવું.

અરે! પેલું કોણ આવે છે? (કાંઈક જોવાથી) પણ તે માણસના આકારમાં નથી તેમજ જાનવરના આકારમાં પણ નથી. જરૂર, આજ પેલો અદ્ભૂત માણસ હોવો જોઈએ.

લાલસિંહ બચ્ચા, યાદ રાખજે કે હું તો તારો કાળ છું. પાસે આવતાં અદ્ભૂત માણસે કહ્યું.

અરે! ભલા માણસ પહેલા બોલતો ખરો કે તું કોણ છે? અને શા માટે મારો કાળ થઈ આવ્યો છે? લાલસિંહે નિડરતાથી પ્રશ્ન પૂછ્યો.

હું સર્વ જગતને દમનાર છું. તું આજકાલનો આ નગરનો પ્રધાન થઈ મને મારવાની ઈચ્છા રાખે છે અને રાજાને પણ પોતાના હાથમાં રાખવા માગે છે અને તેને ભ્રષ્ટ કરનારનો તું દુશ્મન થવા ઈચ્છે છે? તું રાજાને પોતાની મતિ અને ગતિએ જવા દે. ને જો તું તેને સુધારવામાં ફાવ્યો તો પછી તારો તેનો અને રાણીનો સર્વેનો ઘાટ ઘડીશ. અદ્ભૂત માણસ ક્રોધાગ્નિથી લાલચોળ આંખો કરી ધુંવાપુંવા થઈ બોલવા લાગ્યો.

જગતને દુઃખ દેનાર, દુષ્ટ ! તું એમ ધારે છે કે તું સર્વને બરાબર કરીશ ? શું તું એમ ધારે છે કે તને કોઈ મારનાર નથી ? ઈશ્વરે શેરના માથે સવાશેર તૈયાર કર્યો છે, દુષ્ટ ! હું જ તને મારીશ અને તને કદાપિ પણ મને, રાજાને અને રાણીને ભ્રષ્ટ કરવામાં ફાવવા દઈશ નહીં. લાલસિંહ લાલપીળો થતાં બોલ્યો.

પાપી તારાથી શું થવાનું છે. મેં તો કંઈકને પાયમાલ કર્યાં છે. પણ કોઈની તાકાત નથી કે મારી સામે હાથ પણ ઉંચો કરી શકે. તો તું કઈ ગણત્રીમાં ! હમણાં જ હું એક કન્યાને પકડીને લાવ્યો છું. જેને શિયળના માટે બહુ જ ઉંચા ભાવ છે. જે મારી માગણીનો અનાદર કરે છે. તેમજ મને ધિક્કારે છે પણ મારે તને તેની સન્મુખ લઈ જઇ તેના ઉપર હું બળાત્કાર કરીશ પાપી અદ્‌ભૂત તાડુક્યો.

અરે દુષ્ટ ! મનુષ્યહારક પાપી ! અબળાને દુઃખ આપી તેના શીયળને લુંટનાર ઘાતકી ! તને ધિક્કાર છે. તને અને તારી જનેતાને ધિક્કાર છે !

ઉભો રહે ! હું તને તારો દોષ સુધારવાની મુક્તિ બતાવું ? એમ બોલતો પેલો અદ્‌ભુત માણસ તેની સામે ધસે છે અને તુમુલ યુદ્ધ ચાલે છે.

છેવટે યોગીના કહેવા પ્રમાણે પાપીને હરાવી પકડે છે ત્યારે અદ્‌ભુત માણસ બોલે છે કે:–" લાલસિંહ મને બચાવ, મને મારીશ નહિ. તમે કહેશો તે પ્રમાણે કરવા તૈયાર છું, લ્યો મારૂં વચન.

" તમારૂં હું કાંઈપણ શ્રેય કરીશ, તમારી આજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન નહીં કરૂં !"

જા, વસંતસિંહ અને પેલી કન્યાને છૂટા કર અને અહીં લાવ, લાલસિંહે આજ્ઞા ફરમાવી.

આપ મારી સાથે ગુફામાં ચાલો ત્યાં તમે સઘળી હકીકત જાણુશો. પેલી કન્યા કલ્પાંત કરતી હશે અને રડતી હશે.

લંપટ! સિંહને તેંજ ભમાવ્યો છે.

લાલસિંહ! રાજા દુષ્ટ છે, રાણી સદ્દચારીણી અને પ્રેમાળ છે. પણ રાજાની ભોળવી ભોળવાય છે. આપ થોડા દિવસ રાજાને પદભ્રષ્ટ કરશો તો જ સુધરશે.

ઠીક, હાલ તો તારી ગુફામાં ચાલ, લાલસિંહે કહ્યું આથી બેઉ જણા ગુફાના રસ્તે ચાલવા લાગ્યા.

ગુફા નજીક આવી પહોંચ્યા ત્યાં તો તેને અંદરથી અવાજ આવતો સંભળાયો તેથી તે સાંભળવા થોડીવાર ઉભો રહ્યો. તે ગુફામાં રહેલી કન્યા પલ્લણી બોલતી હતી કેઃ–" ઓ પરમેશ્વર હું ક્યાં રાજકુમારી, મહેલમાં રહેનારી, હજારો દાસદાસીઓમાં ખમાખમા થનારી, આજે આ દુષ્ટના પંઝામાં પડી શિયળના રક્ષણ માટે ઉપાય શોધી રહી છું. હે ભગવાન! શું આ રંક બાળાપર દયા નહીં કરે? હું કયા રંગપુરના રાજાની કુંવરી અને કયાં આજની દુઃખીયારી રડતી બાળા આ દુષ્ટ માણસે મને પરણવા અગર શિયળ ખંડન કરવાની બુદ્ધિથી મારૂ સુખ ખોવરાવી ને મને દુઃખમાં નાંખી છે. હું તો અબળા છું પણ સબળા એવા વસંતસિંહને પણ દુષ્ટે કારાગ્રહમાં નાંખી દુઃખી કર્યો છે. મેં તેમની સારવાર ન કરી હોત તો? તેમની શી દશા થાત? અરે!!! પણ, પેલા અદ્દભૂત માણસની ચીસો સાંભળવામાં આવી તેથી ચમકીને બોલી ઉઠી કેઃ–કયાં ગયા? તે તો અત્રે દેખાતા નથી તે માણસે ચીસો–બૂમો શા માટે પાડી હશે? તે કોઈથી જીતાય એવો નથી તો શું થયું હશે જરૂર! મારા જેવી અબળાઓની

ચીસો સાંભળી ભગવાનને દયા આવી હશે કદાચ ઈશ્વર તેને શિક્ષા કરતા હશે તેથી જ તેને આટલી બધી ચીસો પાડી હશે પણ મારે ક્યાં જવું? ઓ ઈશ્વર! હવે તો તું મારી રક્ષા કર."

આ પ્રમાણે લાલસિંહ બધું સાંભળી રહ્યો હતો તેથી તે બોલ્યો કેઃ—હે સુંદરી! ચીંતા કર નહીં પરમેશ્વરે તારી પ્રાર્થના સાંભળી છે અને ખુશ થઈ તારા શીયળના રક્ષણુનાર્થે મને મોકલ્યો છે.

(મનમાં) શું આ મનુષ્ય મને મદદ કરવા આવ છે તે કોણ હશે? (લાલસિંહને આવતો જોઈને) આ દેવાંશી પુરૂષ કોણ હશે! (પાસે આવેલો દેખી)

અરે! વીરપુરુષ તમે કોણ છો? અને અહીં શી રીતે આવ્યા!

બાળા! ગભરાઈશ નહીં. હું આ નગરનો પ્રધાન છું અને અહીંયા તમારૂં અને નિરાધારનું રક્ષણ કરવા આવ્યો છું.

વીર! જેવા આવ્યા તેવા પાછા જાઓ નહીં તો પેલો પાપી દુષ્ટ પુરુષ વસંતસિંહના જેવી જ તમારી સ્થિતી કરશે.

તે વસંતસિંહ કોણ છે?

તે વિરરાજયના પાટવી કુમાર છે. અપર માતાના દ્વેષથી આ દુષ્ટ માણુસના હાથમાં પડ્યા છે તેમને મોટો ઘાવ લાગ્યો હતો તેથી મેં તેમની (ઘણી) ચાકરી કરી ઘાવ રૂઝાવ્યો હતો. તમે જાઓ નહીં તો પેલો દુષ્ટ માણુસ આવી તમારો નાશ કરશે.

સુંદરી! તમારે તેની ચીંતા કરવી નહીં, મેં તેને જીત્યો છે. અને તે મારો નોકર છે. હમણાં જ તે અહીંઆ આવશે. એટલામાં તો અદ્દભૂત માણુસ આવે છે અને બોલ્યો કે શૂરવીર હું તમારે શર્ણે છું પદ્મણી આ શુરવીર પુરૂષે તારું શિયળ બચાવ્યું છે અને મને પણ જીત્યો છે. માટે તે વીરત્વના બદલામાં હું તને અર્પણ કરું છું. નારા જ તો નહીં થાય ને?

કઈ અભાગણી આવા પતિને અંગીકાર કરવાની ના કહે? એટલું મારૂં નસીબ પણ ક્યાંથી કે હું બન્દીખાનેથી પરણીને નીકળું શું આપ મારા જેવી કંગાલ હાલતમાં પડેલી બાળાને પરણવા કબુલ કરશો? પદ્મણીએ લાલસિંહ તરફ દ્રષ્ટિ કરતાં પૂછયું.

તે કબુલ છે, મારે તેને ભેટ આપવી છે તે અદ્‌ભૂત માણસે જ જવોબ આપ્યો.

હું તમારી આજ્ઞાને આધીન છું. તેમ કહ્યું.

ભાગ્યવાન પુરુષ! મોતીનીમાળા તો હંસની કોટમાં જ શોભે માટે મારી ઇચ્છાથી તેનો હસ્ત તારા હસ્તમાં સોંપી હું મારી ફરજ પુરી કરૂં છું તે પુરુષ બોલ્યો.

સુંદરી! આવો અજાણ્યો પતિ કુળ ગોત્ર જાણ્યા સિવાય પસંદ પડશે? લાલસિંહે પૂછયું.

પ્રાણેશ! મારા અહોભાગ્ય કે આપ જેવાની સહચરી થવા હું ભાગ્યશાળી થઇ. આપતો મારા શિરછત્ર છો. તમે મને અહીંથી મૂક્ત કરી મારો હસ્ત ગ્રહણ કરશો તો હું તમારી જીવનપર્યન્ત વગર મૂલ્યની દાસી થઇને રહીશ પદ્મણીએ જણાવ્યું.

અદ્‌ભૂત માનવીએ કન્યાદાન આપ્યું ત્યાર પછી લાલસિંહ બધી વાત પુછે છે પદ્મણી તેનો સુવાબ આપે છે.

“ રંગપુરના રાજા રંગલસેનની હું પુત્રી છું મારું નામ પદ્મણી છે. હું એક દિવસ ઉનાળામાં રાત્રે મારા મહેલની અગાસીમાં સૂતી હતી. ત્યાંથી આ દુષ્ટ પાપી મને ઉપાડી અહીં લાવ્યો. જ્યારે સૂર્યોદય થયો અને હું જાગી ત્યારે મને ખબર પડી કે હું અહીંઆ છું. આ દુષ્ટ પાપી જ મને અહીં લાવ્યો હતો. તેને મારું શિયળ ખંડન કરવા ઘણા પ્રયત્ન આદર્યાં પણ તેમાં તે ફાવી શક્યો નહીં ત્યારે

મને મારી નાંખવાની ધમકી આપી રહ્યો હતો છતાં પણ મેં ન માન્યું તે ન માન્યું જ તે મને જીવથી મારી નાંખે તે પહેલાં તો આપ આવી પહોંચ્યા અને હું બચી ગઈ ” ત્યાર પછી શું બન્યું તે આપ જાણો છો.

“ વીર લાલસિંહ આવ્યો અને મને જીત્યો તેને જ તારો પ્રાણ બચાવ્યો છે. **પરમેશ્વર જે કરે છે તે સર્વે સારા માટે જ** ” અદ્ભૂત માનવીએ કહ્યું.

# પ્રકરણ ચોત્રીસમું

## મિત્રની શોધમાં વસંતસિંહનો મેળાપ.

વાંચક વર્ગ ! હવે આપણે ચંપાપુરી તરફ પ્રયાણ કરીએ કારણ કે જ્યારે લાલસિંહને દેવકુમારે કલંકીત કરી દેશનિકાલની સજા ફરમાવી અને જ્યારે દેવકુમારને સત્યવસ્તુનો ખ્યાલ થયો ત્યારે તેના પસ્તાવાનો પાર ન રહ્યો.

હવે દેવકુમાર પોતાના આત્માની સાથે પોતાના વ્હાલા મિત્ર લાલસિંહને યાદ કરતો ઘણો કલપાંત કરવા લાગ્યો, મેં સ્ત્રીની વાત સાંભળી કાંઈપણ તપાસ કર્યા વગર લાલસિંહને વગર ગુન્હે શિક્ષા કરી ધિક્કાર છે મને ! કે જેને મેં મિત્રદ્રોહ કર્યો, પોતાની સ્ત્રીનું શીયળ બચાવવા પોતાના મિત્રે ધર્મ બજાવ્યો તેને જ મેં દગો દીધો. "હશે ! હવે કાંઈ થયું ન થયું થવાનું નથી. હવે તો મિત્રને શોધવા જલ્દી ઉપાય કરવો જોઈએ એ જ ઉચિત્ત છે."

"સામેથી કોઈ માણસને આવતો દેખી" અરે ! પેલો ધ્રુજતો ત્રાસથી ત્રાહી ત્રાહી અને ભયથી ધ્રૂજતો કોણ આવે છે ? તે દેખાય છે તો બહાદુર. કોઈ રાજકુંવર જેવો જણાય છે કદાચ

વસંતસિંહ તો ન હોય ? લાવ જરા પુછું તો ખરો. "પુછતાં નર પંડિતા." તે કહેવતને અનુસરી તે સામે ગયો અને પૂછ્યું. ભાઈ, તમો કોણ છો ?

આ અવાજ સાંભળી સામેથી આવતો માણસ ચમકયો અને એકદમ ગભરાતે હૃદયે બોલ્યો. "હવે તો મને છોડ, ચાર વર્ષનું કેદખાનું તો ભોગવ્યું, હવે જો નહિં છોડે તો પછી મારે આપઘાત જ કરવો પડશે."

ભાઈ, તમે આટલા બધા ભયભીત-ગભરાએલા કેમ છો ?

અલ્યા દુષ્ટ ! તારા હાથથી જ છૂટયો, તારી મર્યાદા બહાર જઈ ન શકયો ? તારે મને મારી નાંખવો હોય તો મારી નાંખ પણ હવે તો તારાથી છૂટો કર. આ અદ્‌ભૂત માણસ છે એમ ધારી વસંતસિંહે કહ્યું.

( કાંઈક ઓળખાણ પડતાં ) કોણ વીરપુરૂષ, તમારી આ દશા. તમે કોને દુષ્ટ કહો છો ? તેનું નામ લેશો અને તમારૂં નામ દેશો.

તમે અવનવા વેષધારી નથી ? ત્યારે પેલો દુષ્ટ માણસ કયાં ગયો ? ભલે તો આપ કોણ છો તે જણાવશો ?

હું પાટલીપુત્ર નગરના રાજાનો પુત્ર છું અને હાલમાં ચંપાવતી નગરીનો નવો રાજા દેવકુમાર છું.

દેવકુમારનું નામ સાંભળી તે માણસ એકદમ તેને બાઝી પડયો. "કોણ મારો ભાઈ દેવકુમાર, તું અહીં કયાંથી ? આ જંગલમાં ? વસંતસિંહે પૂછ્યું.

મારા વડીલ બન્ધુની શોધમાં અને મારા મિત્રની તપાસમાં. ભાઈ ! તમે કહેશો કે આટલા બધા ભયભીત કેમ થઈ ગયા હતા. દેવકુમારે આશ્વાસન આપતાં પૂછ્યું.

ભાઈ, આપણી માતા-જેનો પ્રેમ અજોડ હતો. તેના મરણ પછી અપર માતાએ આપણા ઉપર કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. તેને જ કોઈ અદ્દભૂત માણસ પાસે મારૂં હરણ કરાવ્યું હતું. ભાઈ દેવ, આપણા પિતાશ્રી, બન્ધવકેશવ તથા કીર્તિ અને આપણી ભગિની વિગેરે સર્વે ખુશીમાં તો છે ને ?

આ વાત સાંભળી દેવકુમાર ગમગીન ચહેરે કહેવા લાગ્યો "જે દુષ્ટાએ તને દુઃખ આપ્યું તે જ દુષ્ટાએ મને વનવાસ આપ્યો છે-ભાઈ કેશવસિંહનું ખુન કરાવી તેનો આરોપ આક્ષેપ મારા ઉપર મૂકયો અને પીતાશ્રીને આડુઅવળું સમજાવી મારી આ સ્થિતિ કરી છે. મારો મિત્ર લાલસિંહ મારા સુખ-દુઃખનો સાથીદાર બન્યો" આમ તમામ હકીકત કહી સંભળાવી.

વળી ભાઈ, મેં મારી પત્નીની વાત ઉપર વિશ્વાસ મૂકી મારા મિત્રને શિક્ષા આપી છે પણ જ્યારે રાજદરબારમાં બધા કેદીઓને લાવતાં બધો ભેદ ખુલ્લો થઈ ગયો અને રાણીનો દ્વેષ પકડાઈ ગયો અને મિત્રનો ખરો ધર્મ પરખાઈ આવ્યો પરંતુ મેં જે તેને વચનો કહ્યા છે તે મને બહુ લાગી આવે છે. "કયાં એ પારસમણી અને કયાં હું કાચનો ટૂકડો" પ્રીયબન્ધુનો મેળાપ થવો લખ્યો હશે તે આજે ભાગ્યથી આપનો સંયોગ થયો. આપણા નગરમાં શું થતું હશે તેની મને માહિતી બીલકુલ નથી.

મારા ભાઈ દેવકુમાર ! ક્ષત્રિયવટ સાચવવા એક કન્યા મારી માફક અદ્દભૂતના પંજામાં જ ફસાએલી છે. "જેને મારી ચાકરી કરી મારો પ્રાણ બચાવ્યો છે તેને મારે બચાવવી જોઈએ અને તેના શિયળનું રક્ષણ કરવું જોઈએ પણ તે અત્યારે કયાં હશે ? તે રંગપુર નગરના રાજાની કુંવરી છે અને સદ્દગુણી તેમ જ શિયળવંતી છે.

પણ "મારા સાંભળવામાં આવ્યું છે કે સૂવર્ણપુર ગામનો લાલસિંહ નામનો પ્રધાન છે તે પહેલાં ચંપાપુરીનો પ્રધાન હતો તે વીર પ્રધાનપુત્ર લાલસિંહ હાલમાં સૂવર્ણપુર હશે માટે ત્યાં ચાલો, તપાસ કરીએ **ધીરજનાં ફળ મીઠાં** છે."

ભાઈ, મને લાલસિંહ વગર જરાપણ ગમતું નથી શું તે મારો મિત્ર મારો ગુન્હો માફ નહીં કરે?

ભાઈ, આમ અધીરા થવાથી કામ બને નહીં માટે ચાલ, આપણે તેની તપાસ કરીએ.

## પ્રકરણ પાંત્રીસમું

### દેવસેના કેદખાને

આહા હા મારા પ્રાણ ! મારા ઇશ ! તમે આ અબળાપર કેમ આટલો બધો કોપ કરવા માંડ્યો છે હે પ્રભુ ! તું મને આ નરાધમના પંઝામાંથી બચાવ અને મારા શિયળનું રક્ષણ કરવા મારામાં શક્તિ આપ, અને મારા વ્હાલા પતિનો મેળાપ કરાવી આપો. મારા પતિએ મારા માટે કેટલું કષ્ટ વેઠયું છે. મારા પિતાની સાથે વેર બાંધી મને વર્યા.

આ તમારા દુષ્ટ રાજ્યના કંટકરૂપ કુટુંબના કલંકરૂપ ભાઈએ મારૂં તેમજ તેની માતૃતૂલ્ય ભાભીનું શીયળ લુંટવા પ્રયત્નો કર્યાં. ઓ ? દુષ્ટ તું મને કયાં સુધી પીડીશ. બસ. ગમે તે થાય મારા પ્રાણના ભોગે પણ મારૂં શીયળ સાચવીશ અને મારા પતિ–ધર્મમાં જરાપણ ખામી–ઉણપ નહીં આવવા દઉં. મને મારા શીયળ કરતાં મારો પ્રાણ બીલકુલ વ્હાલો નથી. શું પ્રભુ તું પણ મને આવા કષ્ટના સમયમાં આ પાપીના પંઝામાંથી નહીં બચાવે ? શું પાપીનું જ ધાર્યું થશે ? બીલકુલ નહીં. તેનું ધાર્યું જરાપણ થવા દઈશ નહીં.

"મારી હૃદયરમણી આવ અને બળતા હૃદયને શાંતી આપ." પાપી ભદ્રીકસિંહ ત્યાં આવતાં જ ઘૂરકયો.

દુષ્ટ! વિચાર કર. "સિંહણનું દૂધ સોનાના ઠામ સિવાય રહ્યું સાંભળ્યું છે?" મારૂં શીયળ ભંગ કરતાં તારો જીવ ખોઈશ માટે છાનોમાનો ચાલ્યો જા, નહીં તો યાદ રાખજે કે તારી ખાના-ખરાબી કરીશ. દેવસેના તાડૂકી ઉઠી.

આ પ્રમાણે સાંભળી પાપી ભદ્રીકસિંહ પોતાની બુદ્ધિ અનુસાર જેમ આવે તેમ બોલવા લાગ્યો "જો મારા કહ્યા પ્રમાણે નહીં વર્તે તેનું પરિણામ સારૂં નહીં આવે અને પાછળથી તું પસ્તાઈશ, માટે મારૂં કહ્યું માની આવતી લક્ષ્મી વધાવી લે અને મનગમતાં સુખ ભોગવ"

સિંહણે કદાપી ઘાસનો ચારો ખાધો એવું સાંભળ્યું છે! સમુદ્રે કદી મર્યાદા મુકી સાંભળી છે? પૂર્વનો સુર્ય પશ્ચિમ ઉગ્યો સાંભળ્યો છે? પાપી જરાપણ આશા રાખવી નકામી છે. આજે પ્રાણ જશે પણ શીયળ તો નહીં જ જાય તેની ખાત્રી રાખજે

હું તારાથી જેમ જેમ નમ્રતાથી ચાલુ છું તેમતેમ તું મને ડરાવે છે પણ તું એમ ન સમજીશ કે આ ભદ્રીક તને પોતાની કર્યા વગર રહે. હું કોણ? આ નગરનો રાજા અને સત્તાધીશ. હું ધારૂં તે કરૂં સમજી, માટે મારૂં કહ્યું માન અને મારી થા.

અરે! દુષ્ટ! તું રાજા નથી પણ પ્રજાનો શત્રુ અને બલા છે. તું ખરા રાજ્યનો હક્કદાર રાજવી નથી પણ એક ખરા હક્કદારનો હક્ક પચાવી પાડનાર લુંટારો છે.

"જો મેં પેલા ભિક્ષુકને સ્વયંવરમાં જ મારી નાંખ્યો હોત તો આજે તું મારી થાત અને પટરાણીપદે શોભત."

પાપી! તો તો વિચારવું પડત, તારે દુષ્ટને શું? તું તારા

સ્નેહીજનોનો ક્યાં હિતેચ્છુ છું. તારા જેવા કુળકલંકી-મદ્યપાન કરનારા હીચકારાથી શી રીતે રાજ્ય સચવાય. "તારા જેવા સો પુત્ર કરતાં મારા પતિ જેવો એકજ પુત્ર વિર રાજ્યને બસ હતો."

બસ! હવે બોલતી બંધ થા. અતિશય ચબાવલી થા મા. તું કોની આગળ વાત કરે છે? તેનું તને ભાન છે? તું મારી કેદી છું તારા નિર્માલ્ય પતિ જેવા તો મારા રાજ્યમાં નોકરો છે. તું જો મારી થઈશ તો તને પટ્ટરાણી બનાવીશ. નહીં તો તારા ઉપર બળાત્કાર કરી તને ખરાબ કરીશ અને ભ્રષ્ટ કરીશ. મને રોકી રાખવાની કોઈનામાં તાકાત નથી, માટે હજી કહું છું કે માની જા અને મને પગે લાગ.

ખબરદાર દુષ્ટ! જો એક પણ ડગલું આગળ વધ્યો છે તો તારી બહાદુરી તારી પાસે જ રાખ તારા કરતાં તો રસ્તાના રખડતા કુતરાઓ નિમકહલાલ હોય છે નિચશ્વાન! આઘો ખસ, તારા મોટા ભાઈ દેવકુમારની ધર્મપત્નિની લાજ લેતાં શરમ નથી આવતી? તું તારા કુળમાં કલંકીત કેમ બન્યો? દેવસેના અસલ સ્વરૂપમાં આવીને બોલી.

મારે અને દેવકુમારને શું લાગે વળગે છે? મારું કહેવું કબુલ કરે છે કે નહિં? કામાંધ ભદ્રિકસિંહ બોલ્યો.

ઓ નરાધમ! પરસ્ત્રીની લાજ લેતા રાવણ જેવા અને દુશાશન જેવા કંઈ રગદોળાઇ ગયા તેનું તને ભાન છે?

મને તારા ઉપદેશની કાંઈ જ જરુર નથી? તારા કરતાં સારા સારનો વિચાર હું વધારે જાણું છું.

હવે દેવસેના પોતાનો પ્રાણ આપવા તૈયાર થઈ ગઈ.

એ જોતાં જ ભદ્રીક શાંત વદને બોલ્યો કે "દેવસેના આજે મારે કામ હોવાથી બહાર જવાનું છે તો તું આજે વિચાર કરી લેજે તને એક દિવસની મુદત આપવામાં આવે છે માટે નક્કી વિચાર કરી મારી પટ્ટરાણી બનજે નહીં તો મોતને ભેટવા તૈયાર થઈ રહેજે."

પ્રભુએ આજનો દિવસ તો બચાવી છે આવતી કાલે પણ એનો એજ ઈશ્વિર છે અને હું છું.

બેન ! તમારું નામ શું ? સૌભાગ્ય સુંદરીએ (દેવકુમારની બ્હેને) આવીને પૂછ્યું.

મારું નામ દેવસેના છે. બ્હેન! આપ કોણ છો ?

તમે મોહનપુરી રાજાની કુંવરી અને દેવકુમારની પત્ની કે ? ભાભી ! તમે મને ન ઓળખો ! હું દેવકુમારની બ્હેન થાઉં છું. તમે કીર્તિસિંહને તો ઓળખો છો ને ?

હા, હા, તેઓ ક્યાં છે ? તેઓ તો મારા સ્વયંવરમાં આવ્યા હતા. તેઓ મને મળી શકશે ખરા !

જરૂર, પણ ભદ્રીકસિંહે મને બોલાવીને કહ્યું કે "આપણે ત્યાં કોઈ નીરાધાર અબળા આવી છે માટે તેને તું જરા શાન્ત કરી સમજાવ" તેથી તમને શાન્ત પાડવા અને તમારી ઈચ્છા ભદ્રિકસિંહ સાથે અંગીકાર કરવા સમજાવવા આવી હતી પણ અહીં આવતાં જ તમને દેખ્યાં એટલે દુષ્ટ ભદ્રીકસિંહ નો હુકમ એની પાસે જ રહ્યો અને મને મારા પ્રિય બન્ધવ દેવકુમારનો પ્રેમ ઉભરાઇ આવ્યો. જેથી મને કાંઈ સુજતું નથી કે હવે મારે શું કરવું. મને તે વિચારો આવ્યા કરે છે. હું પિતાશ્રીને આવાત જણાવીશ પણ તેમને જણાવવાથી શું ફાયદો ! હું તમારો છુટકો ગમે તેમ કરીને જરુર કરાવીશ.

ભાભી ! તમે અહીં ફસાયા કેવી રીતે ?

બ્હેન ! તમારા ભાઈ સાથે મારા પિતાશ્રીના રાજ્યમાંથી નીકળી–અમે લાલસિંહની વાટ જોતાં બેઠાં હતાં તે જગ્યાએ તમારા ભાઈ ઉંઘી ગયા–એટલામાં આ દુષ્ટે મને આ સ્થિતિમાં લાવીને મૂકી છે. પ્રભુ હવે જલ્દી છુટકો કરે તો સારૂં.

ભાભી ! શાંત થાઓ, જીનેશ્વર ભગવાન અને જગનિયંતા પ્રભુ ઉપર ભરૂંસો રાખો તેઓ જરૂર ભલું કરશે. ભાભી હવે જાઉં છું. તમે કોઈ વાતે ગભરાશો નહીં. પ્રભુ જે કરે છે તે સર્વે સારૂં જ કરે છે.

# પ્રકરણ છત્રીસમું

## જંગલ

**અહાહા !!** આ નિર્જન વનમાં માંસાહારી પક્ષીથી વસેલા આવા ભયંકર જંગલમાં મારા જેવી સુકુમાર રાજકન્યા શી રીતે ચાલી શકશે ? ઓ ઇશ્વર ? સિંહણ પોતાની ગુફાવાસ મુકી જળાશ-યમાં વાસ કરી કદાપી જીવી શકે ખરી કે ? તેમ આ રાજકુમારી શું પોતાનો નિવાસ-સ્થાન મુકી બીજે રહી શકે ખરી ?

અરે, મારા બન્ધવો ! તમારા ગયા પછી તો અમારૂં સર્વસ્વ ગયું મારા પ્રિયભાઈ વસંત ગયા. ભાઈ કેશવ ગયા અને ભાઇ દેવ-કુમાર પણ અપરમાતાના કાવત્રાથી વનવાસ ગયા અને સાથે લાલ-સિંહ જેવો વીર યોદ્ધો પણ ગયો. તે બહાદુર નરો જતા રાજ્ય ઉપર દુશ્મનો ચઢી આવ્યા અને રાજ્ય લુંટયું. પિતાશ્રી પણ કેદ પકડાયા અને રાજમહેલ પણ લુંટાઇ ગયો. તેથી અંતઃપુરની રમણીઓમાં પણ નાસ-ભાગ થવા લાગી જેથી હું મારો પ્રાણ અને શીયળ બચાવવા એકલી જ આ જંગલમાં આવી ચડી છું.

વળી દુષ્ટ ભદ્રીકે બાળાઓના શ્રાપથી રાજ્યનું નીકંદન કાઢયું અને બધાને પાયમાલ અને-દુઃખી કર્યા.

હા ! દૈવ, હવે શું થશે ? પિતાશ્રી ! તમે સાહસ કરી દેવકુમારને દેશવટો આપ્યો. પિતાશ્રી ! તમારી કઇ સ્થિતિ હશે ! અરે, મારી ભાભીની પણ શી દશા હશે ? પાપી ભદ્રીક પણ બધાનું નીકંદન કાઢવા જ આ જગતમાં જન્મ્યો છે. પિતાશ્રીએ જો મને પરણાવી હોત તો હું મારા પતિના આશ્રરે જાત, પણ મારે તો ઉપર આભ અને નીચે ધરતી. મારા લગ્નની તો થોડી જ વાર હતી ત્યાં તો આ દાવાનળ-દુઃખ આવી પડયું.

" શું મારા પતિ એમ ધારતાં હશે કે મારી થનાર પત્ની જંગલમાં નિરાધાર રખડતી હશે " તે જો મને મારા ભાગ્ય યોગે મળી આવે તો કેવું સારૂં ? કદાચ તેઓ મળે તો પણ મને ઓળખશે કેવી રીતે ? કદાચ મળે તો હું પ્રેમની પરીક્ષા કરવા અજાણ રહીશ.

અરે ! પેલી બાજુ હથીઆર સાથે કયો શૂરવીર પડયો છે ? લાગે છે તો કોઇ રાજકુમાર. લાવ્ય, જરા પાસે જઇ તપાસ તો કરૂં.

સૌભાગ્ય સુંદરી તેની પાસે જાય છે. તે પુરૂષ શીકારે આવતાં બેશુદ્ધ બની જમીન પર પડી ગયો છે. એમ લાગવાથી પાણી લાવી તેને પાય છે તેથી જે માણસ કંઇક શુદ્ધીમાં આવ્યો.

પણ જ્યારે સૌભાગ્ય સુંદરી પાણી પાતી હતી ત્યારે તેની નજર આગલ એક કાગળ પડયો હતો તેના ઉપર પડતાં તે તેને જોયો અને પાછો હતો ત્યાં જ મૂકી દીધો.

" રંગપુરના યુવરાજ મણીભદ્રસિંહ " તેણે એટલું વાંચ્યું ને તુરત હર્ષ ઘેલી બની ગઇ અને બોલી કે " આ તો મારા થનાર પતિ છે. પણ તે અહીં કયાંથી ? હું કદાચ ભૂલ ખાતી તો નથી ને ? મેં તો તેમને જોયા પણ નથી ઠીક, પણ મારે મારી ફરજ બજાવવી જોઇએ અને તેમને શુદ્ધીમાં લાવવા પ્રયત્ન કરવો જોઇએ.

તે માણુસ કાંઇ શુદ્ધીમાં આવે છે ત્યારે તે બાળા પાસે બેઠી બેઠી પંખો–પવન નાંખે છે.

ઓ ! મારા શુરવીરો ! થોડીવાર પછી મણીભદ્રસિંહ શુદ્ધીમાં આવતાં બોલ્યો.

રાજકુમાર ! આપણા કોઇ સરદારો અહીં નથી. ત્યાં બેઠેલી બાળાએ નમ્રતાથી જવાબ વાળ્યો.

મારા રક્ષકો કયાં ગયા હશે ?

આપ જરા શાન્ત થાઓ ! આપના સરદારો ઘણે દૂર હશે.

ત્યારે આપ કોણ છો ? પુરૂષે પૂછયું.

હું કોઇ પરદેશી છું. રસ્તે જતાં તમને પડેલા જોઇ જળપાન કરાવી સાવધ કર્યા.

મારા પ્રાણ રક્ષક, તમે કોઈ રાજવંશી જેવા જણાઓ છો ? તમારૂં આવાગમન અહીંઆ કેવી રીતે થયું તે જણાવશો ?

હાજી ! શુરવીર સરદાર, હું તો રંગપુરના યુવરાજની દાસી થવા લાયક છું.

તમે મને શી રીતે ઓળખ્યો ?

તમારા અડધા લટકતા કાગળ ઉપરથી.

કંઇ નહીં, તમે મારી સાથે ચાલો.

બહાદુર સરદાર ! હું સાથે આવવાને તૈયાર છું. પણ તમે ત્યાં જઈ રંગીલી લલનાઓ અને અંતઃપુરની રાણીઓના સહવાસમાં કદાચ મને ભૂલી જઈ એકલી રખડતી મુકો તો ?

અરે ! પ્રાણની રક્ષા કરનાર, તું આ શું બોલે છે ? એવું તે કદાપી બનતું હશે ? હજી તો હું એવી કોઇ સ્ત્રીના મોહ–પાસમાં પડયો નથી. અને મારી થનાર પત્ની પણ મેં હજુ જોઇ નથી.

અરે! એ મારી સદ્‌ગુણી સૌભાગ્ય ક્યારે મળશે? એ જ વિચારો આવ્યા કરે છે.

તમારી થનાર સૌભાગ્ય ક્યા રાજની કુંવરી છે તે જણાવશો?

હે બાળા! તે પ્રતિષ્ટાપુત્ર નગરના રાજાની કુંવરી છે. અને તે મહા સ્વરૂપવાન શીયલવંતી બાળા છે. તેની છબી નીહાળતાં...

કેમ! અચકાઇ ગયા. બોલો, બોલો.

બાળા, ક્ષમા કરજો, અવિનય થતો માફ કરજો. પણ માન કે ન માન પણ તે છબીની આકૃતિ જોતાં તારા જેવી જ લાગે છે.

તો એમ માની લો કે હું જ તમારી સૌભાગ્ય છું.

એમ કેમ મનાય!

ભદ્રીકસિંહના દુષ્ટ કૃત્યોથી દુશ્મનોએ તે રાજ્ય ઉપર ચઢાઇ કરી રાજ્ય લૂંટયું. રાજાને કેદી બનાવ્યા અને સૌભાગ્ય વિગેરે સર્વે નાસી છુટયા પણ એ બિચારી અત્યારે કયાં હશે? તે તો ઇશ્વર સિવાય બીજું કોણ જાણે?

અરે!!! મારી થનાર પત્નીને આટલું બધું દુઃખ.

એ તો જ્યારે તમને મળશે ત્યારે ખબર પડશે અને...સામેથી સરદારોને આવતાં જોયાં એટલે તે બોલતી બંધ રહી સરદારો આવી પહોંચ્યા એટલે બધા પોતાના રંગપુર તરફ રવાના થયા.

## પ્રકરણ સાડત્રીસમું

### સુવર્ણપુરી

**મ**ણિબાળા પોતાના રાજ્ય મહેલમાં બેઠી બેઠી વિચારો કરી રહી છે ત્યાં કોઈ બાઈનું આવાગમન થવાથી તેનું ધ્યાન તે તરફ દોરાઇ જતાં તેણે તે બાઈને પૂછ્યું કે બેન, તમો કોણ છો?

હું એક અલૌકીક સુંદરી અને રાજરાણી છું. વિલાસવતીએ જણાવ્યું.

શું તમે મારા પતિના ફંદામાં ફસાયેલા છો? બેન, તમને તમારૂં શિયળ વ્હાલું નથી?

શું તમને મારી અદેખાઈ આવે છે? શિયલને વ્હાલું ગણી આ અમૂલ્ય જીંદગી કયાં સુધી ગુમાવવી.

અરે! બેન, સ્ત્રી ધર્મમાં તો શિયલ રૂપી ખજાનો તે જ સ્ત્રીઓનું ખરૂં આભુષણ છે, અને તે દેવોને પણ દુર્લભ છે. તેથી કહું છું કે બેન, આ પાપથી બચો અને સ્ત્રીઓનું કર્તવ્ય સમજો.

હું પાપી નથી, પણ મારા નાલાયક પતિએ જ મને દુષ્ટ બનાવી છે. મારા પતિએ ઘણી સ્ત્રીઓનો શિયલ રૂપી ખજાનો લુંટી

પાયમાલ કરી છે. તો પછી હું શા માટે પુરૂષોને ન રંજાડું? "યથા પતિ યથા પત્ની" બેન, મેં શિયલ સાચવવા પહેલાં ઘણો જ દૃઢ નિશ્ચય કરેલો હતો—મેં મારો ધર્મ સાચવવા ઘણું જ મંથન કર્યું. પરંતુ તે બધુ નિષ્ફળ ગયું. મેં મારા પતિનું કીંચિત પણ સુખ ન જોયું મારા પતિ આખો દિવસ રાજ્યમાં રખડે અને રાત પડે એટલે ગુણિકાઓ વેશ્યાઓમાં ફરે અને આખી રાત્રી ત્યાં જ પસાર કરે. હુ તો તેમનું મુખ જોવાને પણ ન પામું. જ્યારે મારા પતિએ મારી બિલકુલ પણ દરકાર ન કરી ત્યારે મેં આ રસ્તો લીધો જેમાં હું સુખ સમજી છું. બેન, આપણે રાજકુળમાં ઉત્પન્ન શા માટે થયા છીએ? જો અન્ય સાધારણ સ્ત્રીઓની માફક પતિ અંગિકાર કરીએ તો પછી આપણામાં અને તેનામાં ફેર શો? તેથી આપણી નજરમાં આવે તેને આપણો પતિ ગણવો અને તેની સાથે મોજ–શોખ માની આનંદ લઇએ ને સુખમાં દિવસો પસાર કરીએ તેમાં ખોટું શું? વિલાસવતિએ મનનો ઉભરો ઠાલવવા માંડયો.

આ પ્રમાણે મણિબાળા સાંભળી રહી હતી પણ તેનાથી હવે આગળ સાંભળી શકાયું નહિ તેથી તે એકદમ બોલી, અરે! બેન, તમારી પાપી જીભ બંધ કરો. આવા પાપવચન બોલવા તે સદ્‌ગુણી સ્ત્રીઓનું કામ નથી. એ તો કુલટા–કમજાતનું કામ! બેન સ્ત્રીઓનો ખરો ધર્મ તો "પતિ એજ પરમેશ્વર અને પતિ એ જ સ્ત્રીઓનું સુખ" તેને ખુશી કરવો એટલે દેવને ખુશી કરવો, પતિ ગમે તેવા રસ્તે જાય પણ સ્ત્રીએ તેની ટેવ તેના સ્વભાવ પ્રમાણે રહી સુધરાવવી તેમાં જ સ્ત્રીનો ખરો ધર્મ સમાએલો છે.

બેન, તમે ઉત્તમ કુળમાં જન્મ ધરી આવાં અઘટીત વચન બોલો તે શોભાસ્પદ નથી. પારકા પુરૂષને વશ કરી આ રાજ્યની રાણી થવા આવ્યાં છો પણ તમે કોઇ રાજકુંવરી નથી પણ એક

અદના લુંડી સમાન છો. તમારા જેવી પાપી સ્ત્રીઓએ જ સમાજનું નીકંદન કાઢયું છે.

બેન, આવા ક્ષણિક સુખને ખાતર તમે તમારૂં સર્વસ્વ કયાં ખોવા બેઠા છો? હજી પણ મારી તમને શિખામણ છે કે "આ પાપી રસ્તેથી બચી જાઓ અને તમારી ફરજ તમે સમજો, ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે." મણિબાળાએ સત્ય રસ્તે દોરવવા ખુબ પ્રયત્ન કરવા માંડયો,

ત્યારે શું પતિની પાસે આપણે રમકડાંની માફક રહેવું, અને તે કહે તેમ જ કરવું? ના, ના, બેન! તે તો આ કાયાએ નહીં જ બને! જ્યારે પતિને મારી દરકાર નથી તો પછી પતિની દરકાર મારે શા માટે રાખવી? આ તે કોના ઘરનો ન્યાય? હું કંઇ પતિની ગુલામ થવા આવી નથી! પણ હું તો મારા જોબનના રસનો આનંદ લૂંટવા આવી છુ.

"હવે તમારૂં ભાષણ બંધ કરો. તમને કહેવું તે પત્થર ઉપર પાણી બરાબર છે. તમને શિખામણ આપવી એટલે **વાડમાં હાથ નાંખવા બરાબર** છે, જેને પોતાનું પણ ભાન નથી કે પોતે કેવા અને કયા પુરૂષના પંઝામાં છે. તેવાને ગમે તેવી અમૃત સમી શિખામણ આપવાથી કાંઇ ફેર પડતો નથી. જેમકે "ઝેરના પ્યાલામાં અમૃતનું ટીંપુ રેડવામાં આવે તો પણ તે પોતાનો સ્વભાવ તજવાનો નથી. માટે જેવી તમારી મરજી. પરમાત્મા તમારી બુદ્ધિ સુધારે અને તમારૂં ભલું કરે. મણિબાળાએ થાકીને કહ્યું.

અરે! મૂર્ખી રાણી, દેવ જેવા ઘણા કુંવરોને રંજાડયા, દેવકુમારને પણ મારી સાસુએ કેશવસિંહના ખૂનનો આરોપ મૂકી દેશનિકાલ અપાવ્યો તો પછી દેવ જેવા માણસ પણ મને શું કામ આવે? મારે તો દેવ જેવો પતિ જોઇએ જ નહિં. વિલાસવતી બોલી.

દેવકુમાર સાથે તમારે શો સંબંધ? મણિબાળાએ પૂછ્યું.

કેમ વારૂ! તે મારા પતિના મોટા ભાઇ થાય છે.

ચૂપ! "ક્યાં હીરો અને ક્યાં કથીર." દેવકુમાર જેવા ચંપાપુરીના રાજાના કુળનું નામ લેતાં તમને શરમ નથી લાગતી? તેમના કુળમાં તમારા જેવા અને તમારા પતિ જેવા અંગારા શોભે નહિં, માટે હજી પણ કહું છું કે વિચાર કરો તો સારૂં નહિ તો...... મણિબાળા આગળ બોલવા જતી હતી પણ દુર્જયસિંહને આવતો દેખી તે ચૂપ રહી.

આવો! આવો! મારા પ્રાણેશ્વર! વિલાસવતિ ઉભી થતાં બોલી.

વિલાસ, શું તારી મધુરી વાણી? બોલી મારા બળતા જીગરને આનંદ આપે છે. આમ આવ મારી તરૂણી આમ આવ!

જ્યાં સુધી તમારે તમારી પરણેતરને (મણિબાળાને) બોલાવવી હોય ત્યાં સુધી તમે મને તજી દો, અને તમારી પરણેતરને સુખ આપો.

રાંડ! તારા જેવી વેશ્યા સ્ત્રીના કહેવાથી મારા પતિ પોતાની સાધ્વી જેવી સતી સ્ત્રીને તજી દેશે? ના, ના, મારા પતિ કદાપી પણ એવું કરશે જ નહિ. મણિબાળા વચમાં જ બોલી ઉઠી.

બેસ! તારો લવારો મારે સાંભળવો નથી, આજથી આ વિલાસ પટ્ટરાણી અને તારે તેના તાબામાં રહેવું પડશે. દુર્જયસિંહે પોતાનું પોત પ્રકાશ્યું.

વ્હાલા પ્રાણેશ! આ શું બોલો છો? જરા તો વિચારો કે ક્યાં હંસ અને ક્યાં કાગ-ક્યાં સતિ અને ક્યાં પાપીણી તેનો જરા ખ્યાલ તો લાવો.

બસ, ચુપ કર! તારો બકવાટ.

ધણીનું કોઈ ધણી છે? છેવટે રાણી મણિમાળાએ હિંમત કરી ફરી વાર પોતાના પતિને કહ્યું, "પ્રાણનાથ! ભલે તમે મને ન બોલાવો પણ તમારા ખાતર અથવા આ રાજ્યના ખાતર પણ મારૂં કહેવું માનીને આ પાપીણીને અહીંથી કાઢી મૂકો! નહિ તો સમજજો કે આખા રાજ્યનું સત્યાનાશ વળી જશે."

ગઈ જ્યાં સાન ને શુદ્ધિ વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

એ કહેવત અનુસાર જ્યારે નસીબ વાંકા હોય ત્યારે સારી શીખામણ પણ ખોટી લાગે છે અને આખરે જ્યારે સત્ય વસ્તુનો ખ્યાલ આવે ત્યારે જ પોતાની ભૂલ સમજાય છે.

જ્યારે રાણીએ અતિશય કાલાવાલા કરવા માંડયા ત્યારે દુર્જયસિંહ અતિ ગુસ્સામાં આવી જઇને સમશેર મારવા તૈયાર થઇ ગયો, આ પ્રમાણે રાજમહેલમાં તોફાન ચાલી રહ્યું હતું ત્યાં તરત જ લાલસિંહ પોતાનું સૈન્ય લઇ આવી ચડયો અને તરત જ હુકમ આપ્યો: "મારા શાણા સરદારો, આ રાજાને સત્વર પકડો.

આ અવાજ સાંભળી દુર્જય એકદમ ચમકી બોલી ઉઠયો કે 'દૂર હઠ' કોણ છે?

"રાજા તું તો પ્રજાનો રક્ષક છે કે ભક્ષક?" લાલસિંહે પૂછ્યું

તું મને પડકારનાર કોણ? રાજા તાડુકયા.

"તેની પંચાત કરવાને મને અત્યારે ફુરસદ નથી." લાલસિંહે જણાવ્યું.

મારી સ્ત્રીના કહેવા ઉપરથી મેં તને પ્રધાન બનાવ્યો તેનો તું મને આ બદલો આપે છે? એ નીચ શયતાન, હું મારી પ્રજાનો રાજા છું, અને તું તો મારો એક નોકર છે, સમજ્યો?

તે હું બરાબર સમજું છું. તમને ધિક્કાર છે! કે પ્રજાને ત્રાસ આપી પ્રજાની વહુ બેટીઓ ઉપર અત્યાચાર ગુજારી તમે રાજાના નામને મોટી એબ લગાડી છે, છતાં જે બિચારી પ્રજા અત્યાર સુધી સહન કરી રહી છે તે હવે બિલકુલ સહન કરે તેમ નથી. તેથી જ મારે નાઇલાજે આ રસ્તો લેવો પડયો છે. બોલ, આ સ્ત્રી કોણ છે? તેને તું ઓળખે છે?

તેની તારે શી પડી છે? પુછી જો એને જ કે એ પોતાની રાજી ખુશીથી મારી થવા આવી છે કે નહિ?

કેમ વિલાસવતિ! તમે આ દુષ્ટ સાથે સંબંધથી જોડાવા માગો છો?" તને ધિક્કાર છે પાપાત્મા!! તું જન્મતાં જ તારા મા-બાપે તને મારી કેમ ન નાંખી! કે વિરકુળમાં તું આવો અંગારો પાકી. ઓ પીશાચણી! જરા વિચાર કર કે તું કોણ અને કોની રાણી? હાલમાં આ શું અધઃપતન આદરી રહી છું તેનું તને કંઈ ભાન છે?

લાલસિંહ, જરા મોઢું સંભાળીને બોલજે. નહિ તો જોવા જેવું થશે. વિલાસવતિ તાડુકી ઊઠી.

આ શબ્દો સાંભળી લાલસિંહ રાતો-પીળો થઈ ગયો અને તેનાથી સહન ન થઈ શકયું તેથી તે વિલાસ ઉપર ઘા કરવા જાય છે પણ રાણી મણિબાળા વચ્ચે પડીને કહેવા લાગી "મારા વ્હાલા વીરા! સાહસ ન કરો! વિચારો, શું આ સ્ત્રીને તમે ઓળખો છો? બ્હેન તમો દૂર જાઓ, અમારા કુળ કલંકીત આત્માને દૂર કરવા દો. આ દુર્જયસિંહ તમારો પતિ હોવાથી તેનો વધ કરતો નથી પણ આ દુષ્ટ મહામાયાને તો તેના પાપની શીક્ષા કરવા દો! "સૈનિકો! આ બંને પાપીઓને બાંધો, મારા નિમકહલાલ સેવક, તું મારા નિવાસસ્થાને જા અને મારી વ્હાલી પદ્મણીને બોલાવી લાવ.

સેવક તુરત ચાલ્યો ગયો અને થોડી વારમાં તો પદ્મણીને બોલાવી હાજર થઇ ગયો.

મારા વ્હાલા પ્રાણેશ! આપની કીંકરી આપની સેવામાં હાજર છે. મારા નાથ! આપની આંખો કેમ લાલ છે? આપ આમ ગુસ્સે કેમ થયા છો? મારામાં કાંઇ ભૂલ આવી હોય તો ક્ષમા કરો.

મારી હૃદય રમણી! મને તારા પર બિલકુલ ગુસ્સો નથી પણ જો આમાં તું કોઇને ઓળખે છે?

હા, આમાં હું સર્વને ઓળખું છું. ફક્ત પેલી અજાણી બાઇને ઓળખતી નથી.

મારી વ્હાલી! તે કોઇ નહિ પણ રાજા ભદ્રીકસિંહની રાણી છે. તે માનવંતા અમારા ભાઇના ધર્મપત્ની છે. તે પતિવ્રતાધારી જુદા જુદા બે પતિની પત્ની થવા ઇચ્છે છે.

નાથ! આ શું કહો છો? તમે ભૂલતા હશો?

ત્યારે તમે જ પૂછીને ખાત્રી કરો.

બેન વિલાસ! આ શું કર્યું? જરા સારા નઠારાનો ખ્યાલ તો કરવો હતો? બ્હેન સ્ત્રીનું ખરૂં ધન તો શીયલ છે. તે ગયું તો સર્વસ્વ ગયું. માટે શીયલ સાચવવામાં અનેક મુશીબતો આવે પણ આખરે સત્યનો જય છે, માટે મારા વ્હાલા બેન! ભૂલ્યા ત્યાંથી સવાર ગણી થએલી ભૂલ સુધારી લો.

મને જવા દો, હવે ન સતાવો, બ્હેન! મને મારા કર્મે જ ભૂલાવી છે. "શીયલ સાચવવામાં સુખ નહિં અને ન સાચવવામાં પણ સુખ નહીં." એ બધું હું સમજું છું કે શીયલ એ સ્ત્રીનો અમૂલ્ય ઇજ્જતનો ખજાનો છે.

હશે! બ્હેન, શાંત થાઓ! હવેથી પતિવ્રત અંગીકાર કરશો

અને સત્યે રસ્તે ચાલવા પ્રયત્ન કરો. તો આ બંધનથી મૂક્ત કરાવવા મારા પતિને હું તમારા માટે વિનંતી કરૂં.

મ્હારી સદ્ગુણી સખી! હવે આટલું સમજાવ્યા પછી જો હું ન સમજું તો મારા જેવી નીચ અને હલકટ બીજું કોઈ નહીં. બ્હેન! હું મારી યુવાનીના જોશે અને પતિના સ્વચ્છંદી પણાને લીધે મારો ધર્મ ચૂકી છું. હવે મને પસ્તાવાનો પાર નથી. વધારે શું કહું. બ્હેન હું વચન આપુ છું કે "હવેથી કદાપી દુષ્ટ વિચારો કે અસભ્ય વર્તન નહીં કરૂં અને મારા જીવનની મુક્તિનો ખરો રાહ ગ્રહણ કરીશ."

પ્રાણનાથ! આ વિલાસવતિને બંધન મૂક્ત કરો. તેને માટે હું તમામ ખાત્રી આપવા તૈયાર છું.

વ્હાલી! તું શું કહે છે?

પ્રાણનાથ! તેને મૂક્ત કરો અને હવે તે કદાપી એવું કાર્ય નહીં કરે તેની ખાત્રી રાખજો.

ભલે! ત્યારે તેને મૂક્ત કરૂં છું.

વિલાસને મૂક્તી અપાવી પદ્મણી પોતાને સ્થાને લઈ ગઈ. અને રાજા દુર્જયસિંહને કારાગ્રહમાં પુરી દેવામાં આવ્યો.

# પ્રકરણ આડત્રીસમું

## રંગીલપુર અને ખુમચંદ શેઠ

કુમળા પોતાના કજોડાનો વિચાર કરી રહી છે કે પુરૂષો રમાડે ઢીંગલી તો આપણે રમાડીએ નાનો નાવલીઓ. હજુ તો મારો પતિ પત્ની એટલે શું એટલું પણ સમજતો નથી અને જ્યારે બોલાવું છું ત્યારે રડે છે. આવા કજોડા વિશ્વમાં કેટલા હશે.

**કવિત**

રૂપાળો, નિરોગી અને અંગે ધોળો, વળી પાટવી રાજ્યનો ભૂપ ખોળ્યો.
નથી બુદ્ધિ ને સાન ચોકખો ગધેડો, કહો ઉતરે કેમ સંસાર બેડો.
મળે વૃદ્ધ સ્વામિ ગણ્યાએ કજોડું, મળે છેક નાનોજ બીજું કજોડું.
સ્વભાવે જુદા એ નથી દુઃખ થોડું, મળ્યો બુદ્ધિનો હીણ મોટું કજોડું.

શું મારૂં જીવન સાવ નકામું–પાણીમાં જશે! પતિના સુખ વિના મારો જન્મારો કેમ જશે? હું જ્યારે બોલું છું ત્યારે તે મારી મશ્કરી કરે છે. અને લોકો હસે છે ને કહે છે કે "કાલે મોટા થશે." પણ મારા મનની સ્થિતિ સમજવાની કોઇને ક્યાં ફુરસદ છે. મારા તે એવા કયા પાપ હશે કે આવા બુદ્ધિ વગરના

પતિની સાથે મારૂં પાનું પડ્યું. આમ વિચારો કરે છે ત્યાં તો તેનો પતિ રૂપચંદને આવતા દેખે છે.

આવો ! મારા નાથ.

આવો, મારા ઉંટડીના વહુજી.

આવો, મારા વામનજી પતિરાજ તમે રસભીની વાતો કહી મારા મનને આનંદ આપો.

આપણી વાતો ક્યાં ઓછી છે. જોને આપણી જોડી કેવી શોભે છે એક નાનું અને એક મોટું.

નાથ, આંવો ! તમને તેડી તમારી માતુશ્રી પાસે લઈ જાઉં અને પેલાં રમકડાં રમવા આપું. હા ! આ મારૂં આખું રમકડું રમવાને આપીશ. ચાલો, આપણે સંતાકુકડી રમીએ.

અલ્યા રૂપચંદીયા ! આમ આવ ક્યાં મરી ગયો. ખુબચંદ શાહે બૂમ પાડી.

બાપા ! મરી ગયો નથી પણ હું તો જીવું છું અને મારી કમળા જોડે રમું છું.

અલ્યા ગમાર ! આ શું કરે છે, વહુને બિચારીને શું કરવા પજવે છે.

બાપા ! તમે મારી બાને શું કહેતા હતા ?

તારી મહોંકાણ ! હું તો એમ કહેતો હતો કે બિચારી વહુ કેવી ડાહી છે અને રૂપચંદ તો ગાંડો ને ગાંડો રહ્યો.

ના, ના, બાપા ! તમે ભુલ્યા. હું ડાહ્યો અને તે ગાંડી છે. પુછો કમળાને.

અલ્યા મુઆ ! આવું બોલી બિચારી વહુને શા માટે સંતાપે છે.

પુછો, હું કોઈ દિવસ સતાવું છું ?

ઉભો રહે, કોઈ આવે છે.

( દેવસેનાને આવતી દેખી ) બાપા ! મારી વહ્ કરતાં આ બાઈ વધારે શુંદર છે.

શેઠજી ! આપને પ્રણામ કરૂં છું.

તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? અને શા માટે અહીં આવવું થયું છે ?

હું દુઃખીયારી છું. આપશ્રીની પ્રશંસા સાંભળી આપને ત્યાં નોકરી રહેવા આવી છું.

બાઇ ! તમે......અમારી......રૂપચંદની વહુ...કમળા જોડે રહેજો.

શેઠજી ! આપશ્રીનો ઉપકાર.

હવે બેઉ બાપ દીકરો જાય છે.. વાંચક વર્ગને ખુબચંદશાહ શેઠનો ખ્યાલ આપવો જરૂરી છે.

" ખુબચંદશાહ એક જૈન અગ્રેસર ગ્રહસ્થ હતા ભકતાઈનો ખોટો ડોળ બતાવી ધર્મી તરીકે ઓળખાવતા હતા તેમજ સાધુ સાધ્વીઓની વૈયાવચ્ચમાં પોતાનો પાપી સ્વાર્થ સાધવા માટે સમાજમાં પોતાનુ ધર્મી તરીકેનુ સ્થાન ધરાવતા હતા. આવા અનેક પ્રપંચોથી તે ભરેલા હતા. તે આગળ વાંચવાથી સમજાશે કે તેમના શું કર્તવ્યો હતા."

દેવસેના ત્યાંથી કમળા પાસે જાય છે એટલે કમળા દેવસેનાને હકીકત પુછતાં કહે છે કે " તમો કોઈ ઉંચ કુળના લાગો છો. બેન ! જૂઓને હું તો દુઃખીયારી છુ' મારો પતિ તમે જોયો ને !

તે તો તદન નાનો અને અક્કલ વગરનો છે.

વળી મારા સસરા પણ સમાજમાં મોટા અને ધનવાનને વળી

ધર્મી કહેવાય છે પણ તેમની ટેવ એવી છે કે તેઓ પરસ્ત્રી ગમન છે તેથી જ મારે તેમનાથી દુર સંભાળીને રહેવું પડે છે. બ્હેન, તમારી ખરી હકીકત કહી તમારા દુઃખનો ભાર ઓછો કરો.

બ્હેન ! હું મોહનપુરી નગરીના રાજાની કુંવરી છું અને પાટલી પુત્ર નગરના રાજા વીરભદ્રસિંહજીના પુત્ર દેવકુમારની પત્ની છું. મારા પિતાશ્રીના વિરૂદ્ધ મારૂં લગ્ન થએલું છે. મારા પરણ્યા પછી તરત જ મારૂં હરણ થયું અને ત્યાંથી છુટી તમારી પાસે આવી પડી છું. દેવસેનાએ ટુંકમાં હકીકત સંભળાવી.

બ્હેન શું તમો રાણી છો ? ચંપાપુરીના રાજા (હાલમાં છે તે) દેવકુમાર પણ ત્યાંના જ છે. હું ચંપાપુરીના નગરશેઠની પુત્રી છું. ત્યાંનો પ્રધાન રાજમિત્ર લાલસિંહ એક બહાદુર રજપુત અને નિરાધારનો આધાર છે.

બેન, બોલો, એ બધાનું શું થયું ?

બ્હેન, લાલસિંહના માથે ત્યાંની કુંવરીએ કલંક લગાડયું અને બંને મિત્રોનો વિયોગ કરાવ્યો.

કેવી રીતે ?

રાજ્ય મહેલ લુંટવા લુંટારાઓ પેઠા અને રાજરાણીને હરણ કરતાં લાલસિંહે બચાવી તે ગુણનો બદલો એવો જ આપ્યો કે લાલસિંહ તેના પર બળાત્કાર કરવા જતો હતો તેવો ઢોંગ કરીને બૂમ પાડી તેથી બંને મિત્રો વચ્ચે કલેશ થયો તેના પરિણામે બંને જુદા થયા. પણ સવાર થતાં જ સીપાઈઓ લુંટારાઓને બાંધી રાજા પાસે હાજર કર્યા ત્યારે તપાસ કરતાં લાલસિંહ નિર્દોષ માલમ પડયો દેવકુમાર પસ્તાવવા લાગ્યો. આખરે રાજપાટ બધું તજીને તેની શોધમાં નીકળ્યો છે.

બેન ! મારા ભાગ્યમાં સુખ છે જ નહિ. મેં એવા તે કયા

પાપ કર્યા હશે? આજે હું રસ્તાની રખડતી ભિખારણ થઈ પારકા ઘેર રોટલો ખાવા વખત આવ્યો છે.

બેન! તમે ભૂલો છો! જ્ઞાનીઓના વચન કદી મિથ્યા જતાં નથી. "હસતા કરેલા કર્મો રડતા પણ છુટતાં નથી" કોયાએ ભવના પાપ આડા આવે! માટે બેન! ધીરજ ધરી આત્માને પવિત્ર રાખવો એ ખરો ધર્મ છે.

ધન્ય છે: બેન, તમારી વાણીને અને તમારા જ્ઞાનને! ભગવાન તમને સુખી રાખે.

## પ્રકરણ ઓગણચાલીસમું

### શેઠની હવેલીનો માર્ગ

વસંતકુમાર અને દેવકુમાર બંને ભાઈઓ ચાલતા ચાલતા વિચાર કરે છે કે હવે આપણે શું કરવું અને ક્યાં જવું. "લાલસિંહ હજી મળ્યો નથી. તે તો સુવર્ણપુર નગરનો રાજા થયો છે એના જેવા બહાદુરને જેટલુ મળે એટલું ઓછું છે.

ભાઈ, તમારૂં કહેવું સત્ય છે. એના જેવો મિત્ર ધર્મને જાણનાર અને સત્યવાદી દુનિઆમાં ઘણા જ ઓછા થશે. તેને દુઃખી કરનાર હું પોતે જ છું તેથી શું બોલું ?

ભાઈ શાંત થાઓ કુદરત જે કરે છે તે સારૂં કરે છે આમ વાતો કરતાં કરતાં ખુબચંદ શેઠની હવેલી તરફ આવી પહોંચે છે. વાંચકવર્ગ ! હવે આપણે દેવસેના (જે ખુબચંદ શેઠની હવેલીમાં છે તેના તરફ ધ્યાન આપીએ કે તેઓ શું કરે છે.)

આજ વખતે દેવસેનાને સમજાવવા અને ખુબચંદ શેઠ પોતાની મનોકામના પુરી કરવા લક્ષ્મીની લાલચ આપી ફસાવવા પોતાની અક્કલ વાપરી રહ્યા છે.

શેઠ ! હું તો તમારી દીકરી જેવી કહેવાઉં તમો તો મારા

પિતા તુલ્ય છો છતાં પાપી કાંઇ સમજતો નથી તેથી "પ્રભુ! હું જ્યાં જાઉં ત્યાં નસીબ બે ડગલાં આગળને આગળ જ હોય છે" પરમાત્મા હવે મારે શું કરવું? હે પ્રભુ! હવે મારી લાજ તારા હાથમાં છે દેવસેના રૂદન કરવા લાગી.

હું દુઃખીઆરીની દાઝ, દયાળુ લાવશો રે,
હવે આ રંક અબળાને, બચાવશો રે, ૧
સ્વામીના વિયોગથી, દીલ ઘણું દુભાય,
કોયા ભવના પાપની, શીક્ષા મુજને થાય, ૨
હવે તો કૃપા કરીને પ્રભુ વારે આવશોરે,
હું દુઃખીઆરીની દાઝ, દયાળુ લાવશોરે. ૩

આ પ્રમાણે દેવસેના ગાઇ રહી છે તેનો આલાપ ત્યાંથી પસાર થતાં વસંતસિંહ અને દેવકુમારના સાંભળવામાં આવે છે.

ભાઇ, દેવકુમાર કોઈ સ્ત્રીનો દુઃખી સ્વર સંભળાય છે.

દેવસેના ગાયન પુરૂં કરી રહી અને બોલી કે "હે દેવકુમાર, તમારી આ કષ્ટ ભોગવતી દુઃખી અબળા ને આ પાપી શેઠના પંજામાંથી બચાવો! એમ કહેતી તે બારીએથી નીચે પડતું મુકે છે.

આ અવાજ વસંતસિંહે સાંભળ્યો અને બારી તરફ ઉંચે નજર કરતાં જ એક સ્ત્રીને પડતાં દેખી ભાઇ, દેવકુમાર તારી વ્હાલી પ્રિયાને બચાવ! તરત જ દેવકુમારે પડતી દેવસેનાને પોતાના બાહુ પર ઝીલી લે છે.

વ્હાલી! તારો દાસ તારી સેવામાં જ છે.

આ શબ્દો સાંભળી દેવસેના ચમકી અને જુએ છે તો પોતાનો જ નાથ! " પ્રાણેશ! આપ અહીં કયાંથી?

દેવી! પ્રભુની પ્રેરણાથી!

આપની પાસે છે તે કોણ છે?

મારા મોટાભાઇ વસંતસિંહ છે.

દેવસેના પ્રણામ કરે છે.

જ્યારે વસંતસિંહ દેવસેનાની હકીકત પુછે છે ત્યારે બધી હકીકત દેવસેના કહે છે કે "જ્યારે તમારી પાસેથી જંગલમાંથી પાપી ભદ્રીકસિંહ હરી ગયો તેને મારૂં શીયળ ખંડિત કરવા ઘણા જ પ્રપંચો કર્યા પણ જયારે ન ફાવ્યો ત્યારે સૌભાગ્યબેનને મોકલ્યા. તેમના ગયા પછી રાજ્યપર દુશ્મનોએ હલ્લો કર્યો અને રાજા-રાણી કીર્તિસિંહ વિગેરે કેદ પકડાયા અને હું તથા બેન તથા દુષ્ટ ભદ્રીકસિંહ નાસી છુટયાં ત્યાંથી નાસતાં દુષ્ટ પલ્લીપતિના હાથમાં પડી જ્યાં પાંચસો ચોરોએ મને પરણવાનો આગ્રહ કર્યો મને કેદ રાખી અને ભ્રષ્ટ કરવા ઘણું કષ્ટ આપ્યું પણ મનની મજબુતાઈ અને ગુરૂદેવનો બોધ અને શીયળને પ્રાણના સાટે પણ સાચવવાના દૃઢ નિશ્ચયે મને સહાયતા આપી ત્યાંથી નાસી છુટી અને ખુબચંદ શેઠને ત્યાં આવી દાસી તરીકે રહી અહીંઆ આ શેઠની પુત્રીએ મને ચેતાવી હું તો દુઃખ સહવા તૈયાર જ હતી પણ આખરે અબળા તે અબળા.

એટલામાં તો પકડો એ લુચ્ચાને! એવી બૂમ સંભળાઈ.

પારકી સ્ત્રીને લઈ જવામાં જ બહાદુરી સમજ્યા છે એમ બોલતા દોડતા દોડતા ખુબચંદ શેઠના અનુચરો આવે છે.

પ્રિયે બચાવો! એ તો આ દુષ્ટ રાજ્યના અનુચરો ને લઈ આપને પકડવા આવે છે.

પ્રિયા! શાંત થા. ભાઈ વસંતસિંહ, આ લોક સાથે લડવું કે નહિ?

ભાઈ! લડયા વિના ક્ષત્રિયકુળને એબ લાગે.

એટલામાં ખુબચંદ શેઠ સિપાઈઓને લઈને આવે છે અને બોલ્યા "જુઓ તો ખરા! રૂપાળી બૈરી જોઇ એટલે ધણી થઇ પડયા, તમારા જેવા રખડતા માણસોને સ્ત્રી હોય જ શેની?

બેસ! બેસ! લબાડ!!! પરસ્ત્રી ભોગી, લંપટ, લબાડ જાત તો વાણીઆની! હું તને તારા પાપનો બદલો આપું છું.

સિપાઈઓ! આ ચોરોનો પકડો! ખરા બપોરે ખાતર પાડીને મારી દાસીને લઈ જાય છે શેઠે કહ્યું.

તે અમારી છે અને અમે લઈ જઈએ છીએ દેવકુમારે જણાવ્યું.

અમારા રાજા પાસે તમારો ન્યાય કરાવવા ચાલો સિપાઈઓએ કહ્યું.

સર્વે રાજ દરબારમાં જાય છે.

## પ્રકરણ ચાલીસમું

### મોહનપુરનો દરબાર

આજે કેટલા વરસો થયા છતાં પણ આપણી કુંવરીનો પત્તો નથી કોણ જાણે શું થયું હશે? શોધ કરવામાં તો કશી કચાશ રાખી નથી ને? શું કોઈ જગાએ તેનો પત્તો લાગતો જ નથી? રાજાએ આશ્ચર્યતાથી પૂછયું.

મહારાજા સાહેબ! તપાસ કરવામાં કાંઇ પણ બાકી રાખી નથી અને હજુ પણ પ્રયત્ન ચાલુ જ છે અન્નદાતા! મને ખાત્રી છે કે આપની કુંવરીનો પત્તો જરૂર લાગશે જ.

પ્રધાનજી! કોણ બોલે છે? બહારથી ઘોંઘાટ સાંભળતાં જ રાજા ચોંકયા.

આ તો અનુચરો કોઇ કેદીને પકડીને અહીં આવે છે. તેનો અવાજ છે. પ્રધાને કહ્યું.

સીપાઇઓ પાસે આવ્યા કે તરત જ "આ કોણ છે!" રાજાએ પ્રશ્ન કર્યો.

પૃથ્વીપતિ! આ માણસો નગરશેઠ ખુબચંદ શાહની હવેલીમાંથી તેમની દાસીને કાઢી નાસી જતા હતા તેથી તે લોકોને પકડી આપની પાસે હાજર કર્યાં છે.

બોલો, આ વાત સાચી છે ?

ના જી !

ત્યારે તમે શું કહેવા માગો છો ? રાજાએ પૂછ્યું.

એવો તે કયો હીણભાગી પુરૂષ હોય કે તે પોતાની સ્ત્રીને લઈ જવામાં ચોર બને. એ દુષ્ટ શેઠે પોતાની નીચ-વાસનાથી તેને કેદ કરી હતી જેથી અમે તેને બચાવી છે. જ્યાં ન્યાય-અન્યાયનો ખ્યાલ નથી, જ્યાં બુદ્ધિશાળી મહાત્માઓ નથી, જ્યાં પ્રજાની વહુ-બેટીની સલામતી નથી એવા રાજ્યકારભારમાં ન્યાયની આશા રાખવી જ શી ! જ્યાં આવા પરસ્ત્રી લંપટો વસતા હોય અને જ્યાં આવા ન્યાય કરવાવાળા રાજાઓ જીવતા હોય ત્યાં ગરીબ પ્રજા બિચારી કઈ જાતની ન્યાયની આશા રાખે !

આ પાપી ખુબચંદ શેઠે એ બાળાને પોતાની અધમવાસના પુરી કરવામાં લપટાવી એ કામાંધ પુરૂષ પોતાનો હવસ પુરો કરવાની તમન્નામાં બાઈને ભ્રષ્ટ કરવા તૈયાર થયો હતો.

અલ્યા ! વિ...ચા...રી...ને બોલજે, હું કોણ છું તે ખબર છે? આ ગામનો નગરશેઠ. તને ખબર છે કે મારી શું સત્તા છે ?

તારી સત્તા અને તારા ડહાપણની મને જરાપણ પરવા નથી. નીચ, શહેતાન, "યથા રાજા તથા પ્રજા."

ભાઈ, વધારે બોલવાની તારે કાંઈ જ જરૂર નથી પણ સાચી હકીકત જે હોય તે કહે. રાજાએ શાંત થતાં કહ્યું.

તે કહેવા હું બંધાએલો નથી. ફક્ત મારી સ્ત્રી સાથે મને બહાર જવા દો.

નહીં તો.

પરિણામ સારૂં નહિં આવે.

તું જવાબ નહિં આપે ?

ના.

તો તને રાજકેદી તરીકે મોતની શિક્ષા આપીશ.

તે શીક્ષા આપતાં પહેલાં તમોજ પસ્તાશો અને તમારે હાથ ધોવા પડશે. માટે તમારી શુરવીરતા જરા ધ્યાનમાં જ રાખો નામદાર !

શીક્ષા આપતાં પસ્તાશો. સૌભાગ્યવંતા–સૌભાગ્યસુંદરી પોતાના ભ્રાત માટે આક્રંદ કરશે. તે પછી તમારો અપયશનો ડંકો ચારે તરફ વાગશે.

અરે યુવાન, મારા ગુસ્સાનો ભોગ તું ન બન. તારો ગુન્હો કબુલ કર. રાજાએ કહ્યું.

તો હું એટલું કબુલ કરૂ છું કે તે મારી સ્રી છે અને તેનો હું પતિ છું એથી વધારે ગુન્હો મારો નથી.

બેસ, બેસ, નાલાયક ! તારી હોય જ કયાંથી ? જરા સ્વરૂપ-વાન જોઈ એટલે પોતાની કરી લેવા તૈયાર થયો, પણ જાણે છે કે અહીં તારી ચાલબાજી–કપટબાજી નહિ ચાલે. સિપાઈઓ ! જાઓ, પેલી રાંડને અહીં બોલાવી લાવો !

મહારાજ ! તે બાઈને તો કોઈ કારાગ્રહમાંથી છોડાવી લઈ ગયા છે. અનુચરોએ આવીને ખબર આપી.

રાજાજી ! એક પણ અપશબ્દ બોલતા વિચારો ! નહીં તો હવે સહન નહીં થાય. જ્યાં આ રાજમંડપ છે. ત્યાં યુદ્ધ મંડપ રચાશે. અને લોહીની ધારાઓ છુટશે. દેવકુમાર ક્રોધમાં બોલ્યો.

જાઓ ! આ પાપીઓને શુળીએ ચઢાવો ! રાજાએ હુકમ ફરમાવ્યો.

રાજન્ ! "સાહસ કરતાં પહેલાં તે લોકોને પોતાના પુરાવા મજબૂત કરવા અગર સાબીતી માટે અમુક ટાઈમ આપવો જોઈએ અને એ ટાઈમ સુધીમાં જો પુરાવાઓ રજુ ન કરે અને પોતે ગુન્હેગાર ઠરે તો આપ શીક્ષા ફરમાવશો. પ્રધાને શાંત દિલથી સમજાવ્યું.

રાજા—તમો જામીન આપો તો તમોને મહેતલ આપું અને મુકત કરૂં.

વસંતસિંહ--મહારાજ! વિચારો, આ ગામમાં અમારા જામીન કોણ થાય!

રાજા--જ્યાં સુધી જામીન ન લાવો ત્યાં સુધી કારાગ્રહમાં જ રાખવામાં આવશે. જાવ! તેમને કારાગ્રહમાં જ રાખો!

લાલસિંહ--(અચાનક આવી ચડતાં જ) મારી અરજ છે કે પેલા બે નિરપરાધી રાજકુમારોને મુકત કરો. હું તેમનો જામીન થવા તૈયાર છું. હું કોણ છું તે સાંભળો! "દુઃખીયાનું દુઃખ કાપનાર, સ્ત્રીઓના શીયળનું રક્ષણ કરનાર, ગરીબોનો પાળક અને એક પ્રભુનો અદના સેવક."

રાજા--તમો ક્યાંના રહીશ છો? અને તમારા જામીન કોણ થશે.

લાલસિંહ--નામદાર, હું તો જંગલે જંગલ ભટકનાર છું છતાં મારો જામીન અહીંના નગરશેઠની પુત્રવધુ થશે.

રાજા--અરે ભલા માણુસ, તે લોકોના સામે તો આ શેઠની ફરિયાદ છે તો પછી તેની જ પુત્ર-વધુ જામીન શી રીતે થઈ શકશે.

લાલસિંહ--રાજાજી, આ શેઠ ઘણોજ દુષ્ટ અને નરાધમ છે. અને તેની પુત્ર-વધૂ સદ્‌ગુણી તેમજ શીલવંતી છે.

રાજા--શું તમો આ માણુસને ઓળખો છો?

જ્યારે તમે જંગલે જંગલ ભટકીને બધાનું દુઃખ કાપો છો તો મારૂં દુઃખ કેમ કાપતા નથી.

લાલસિંહ--રાજન્! તમારે વળી એવું શું દુઃખ આવી પડયું છે.

રાજા--અરે! મારી પુત્રીનું કોઈ દુષ્ટ હરણ કરી ગયો છે તેનો પત્તો લાગતો નથી તો તેને શોધી લાવી મારૂં દુઃખ દૂર કરો!

લાલસિંહ--પ્રસંગ આવશે ત્યારે સર્વે થઈ જશે, હાલ તો આ બે નરપરાધી માણસોને છોડી મૂકો !

રાજા--સિપાઈઓ, જાવ એ કેદીને છોડી મૂકો !

રાજાનો હુકમ થતાં જ બંને કેદીઓને છોડી મૂકવામાં આવ્યા.

**"જગતમાં મિત્રાચારી એ એક અણમોલ વસ્તુ છે કે તેને બાંધવી સહેલ છે પણ નિભાવવી મુશ્કેલ છે."**

સમજુ વર્ગ ! વિચાર કરીને મિત્રાચારી બાંધે અને વખત આવે તેની કસોટી કરે તોજ માલુમ પડે કે **"મિત્રાચારી કોને કહેવાય."**

## પ્રકરણ એકતાલીસમું

### રાજમાર્ગ

**પ્ર**ભાત ખીલી રહ્યું છે. સૌભાગ્યસુંદરી (પુરૂષ વેષમાંજ) પોતાના નિવાસમાં બેઠી બેઠી દેવસેનાની સાથે વાર્તાલાપ કરવા લાગી.

બ્હેન ! તમે ઘણા કષ્ટો વેઠયા અને આમ ક્યાં સુધી વેઠશો ?

ભાઈ ! " સત્યની કસોટી થાય ત્યારે જ તેની કિંમત અંકાય, તમે કેમ ભૂલો છો ? સતી સીતા, દમયંતિ વિગેરે મહાસતીઓને ઓછાં દુ:ખ પડયાં હતાં ! છતાં તેઓ બધા સત્ય વસ્તુ ઉપર નિર્ભય રહ્યાં ત્યારે આપોઆપ સુખની ઘડી આવી ગઇ અને જગતમાં વંદનીય બન્યા " તો ભાઈ ! દુ:ખ પડે ત્યારે ગંભીરતા અને ધીરજ બેઉ રાખવા જોઇએ. " જેવાં પૂર્વ કર્મના ફળ હોય છે તેવો જ લાભ મળે છે."

ભાઈ ! જો આપણે કર્મવાદી તરીકે સાચો ધર્મ સમજ્યા હોઈએ તો દુ:ખમાં કાયર ન બનવું જોઈએ અને પ્રાણાન્તે પણ શીયલ સાચવવું જોઇએ. એ સતીનો સાચો ધર્મ – ફરજ છે. દેવસેનાએ ઉચ્ચાર્યું.

ધન્ય છે !!! તમારી હિંમત અને નિડરતાને ધન્ય છે ! તમારા

જેવી આદર્શ રમણીને ! તમે સુખેથી અત્રેજ રહો, તમને કોઈ જાતનું ઓછું આવવા દઈશ નહીં. મને તમારો ભાઈ સમજજો. સૌભાગ્યસુંદરીએ જણાવ્યું.

દેવસેના--મને પણ તમારા સહેવાસથી ઘણું જાણવાનું-સમજવાનું મળશે.

સૌભાગ્યસુંદરી--( પુરૂષ વેષમાં ) હું અહીંના રાજકુમારનો મિત્ર છું. અને તમે મારા તે મિત્રના પત્નીના ભાભી થાઓ છો તેથીજ મેં તમને ઓળખ્યા.

દેવસેના--મારાથી આ રાજ્યમાં કેમ રહેવાય ! મારા પતિ પણ આજ ગામમાં કારાગ્રહમાં પડયા છે અને ઘણું કરીને રાજા તેમને શુળીએ ચડાવશે તો પછી મારી શી સ્થિતિ.

સૌભાગ્ય ! હેં ! હેં ! શું ? દેવકુમાર આ ગામમાંજ છે ? ત્યારે તો મેં માણસ મોકલ્યું છે તે હાલજ તેમની ખબર લઈ આવશે.

રાજમિત્ર દેવકુમાર તથા વસંતસિંહ નામના બે પુરૂષો આપણા નગરમાં આવેલા હતા, તેમના ઉપર સ્ત્રી હરણનો આરોપ છે. પણ પ્રધાનજીના કહેવાથી તેમના બચાવ માટે જામીન ઉપર છુટા કરવાનો હુકમ કર્યો છે. પણ જામીન નહિ મળવાથી કારાગ્રહે પુરાયા છે, પણ કોઈ એક પરદેશી રાજભપકામાં આવ્યો અને જામીન થઈ તેમને છોડાવી દીધાં છે. છોડાવ્યા એટલુંજ નહિ પણ તેમને છૂપી રીતે નગરની બહાર કઢાવ્યા છે, કે જેથી રાજા તેને હરકત ન કરે, પણ તેને બદલે આ બિચારા પરદેશીને મરવું પડશે. છતાં તે માણસ કોઈ પણ જાતની ફીકર કરતો નથી. સિપાઈઓએ આવીને જણાવ્યું.

( સ્વગત ) અહા હા ! તમે મારા પોતાના રાજ્યમાં દુઃખી ? ધિક્કાર છે મને, પણ પેલો પરોપકારી માણસ કોણ હશે ? ધન્ય છે એવા મિત્રોને !!! તે બીજો કોઈ નહીં પણ લાલસિંહ જ હોવો જોઈએ. પણ તે અહીં આવે કયાંથી ? સૌભાગ્યસુંદરી વિચારના વહનમાં ઝોકાં ખાવા લાગી.

દેવસેના—હે ! રાજકુંવર, તમે આમ શા વિચારમાં પડયા છો ?

કશા જ વિચારમાં નથી પડયો. પણ તમારા પરોપકારી મિત્રનો વિચાર કરૂં છું કે તે તે કોણ હશે ?

તે તો બીજા કોઈ નહીં પણ........અરે ! આમ તો જુઓ (એક સ્રીને દુઃખી સ્થિતિમાં ગાંડાની માફક ભમતી જોઈને) પેલી કોઈ રાજકુંવરી દુઃખી હાલતમાં માલુમ પડે છે.

આ, હા, હા, ! તે કેવી સુંદર સ્વરૂપવાન છે. તે બિચારીને આપણે મદદ કરવી જોઈએ. ( માણસ મોકલી ઉપર બોલાવે છે. )

સૌભાગ્ય—બ્હેન ! તમે કોણ છો ?

પદ્મણી—હું એક રાજાની રાણી છું ને મારા પતિની શોધમાં નીકળી છું.

સૌભાગ્ય--શું રાજાની રાણીઓને જ આવું દુઃખ પડતું હશે ? બ્હેન ! તમો આટલા બધા કષ્ટમાં કેમ આવ્યા ?

પદ્મણી--રાજકુંવર ! મારા પતિનો પત્ર મલ્યો કે " મિત્રની શોધમાં સફળ થયો છું પણ મિત્રને બચાવવા મૃત્યુને શરણ થવાનું છે. માટે અહીં આવજો " તેથી મારા પતિની શોધમાં હું એકલી નીકળી છું. રાજના દરવાજે આવતાં સિપાઈઓની નજર મારા તરફ બગડી પણ તેનું કાંઈ ચાલ્યું નહીં ત્યાંથી આગળ ચાલતાં અહીંના દુષ્ટ નગરશેઠે નજર બગાડી ને પોતાના માણસોની મદદથી મને પકડવા ધાર્યું. તે મારા જાણવામાં આવ્યું એટલે હું ગાંડાની માફક પત્થર મારવા લાગી અને આડું-અવળું-જેમ આવે તેમ બોલવા લાગી. તેથી તે લોકોએ મને પત્થર મારવા માંડયા પણ મારામાં ગાંડપણ જેવી અસર જોવામાં આવી જેથી હું બચવા પામી છું.

દેવસેના-એ પાપી શેઠે તો ઘણી સતી સાધ્વી સ્રીઓને કષ્ટ આપ્યું છે. મને પણ દુઃખ આપવામાં બાકી રાખી નથી.

એક રાજસેવક દોડતો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે " પારકાના દુઃખે પોતાનો જીવ આપનાર પરોપકારી બહાદુર નરની

દશા તો જુઓ! આ દુનિયામાં ભગવાનના ઘરમાં પણ સો મણ તેલે અંધારૂં જણાય છે.

દેવસેના—બ્હેન! જુઓ, જુઓ, પેલા માણસને વધસ્થંભ પર લઈ જાય છે. તે કેવો શુરવીર અને સાહસીક છે.

પદ્મણી—બહાર નજર કરતાં જ "હા! પતિ! અહાહા! મારા પ્રાણ! શુરા પતિ! તમારી તાકાત આ વખતે કયાં ગઈ? પદ્મણી મૂર્છાવશ થઈ જાય છે.

સૌભાગ્ય—બ્હેન તમને એકાએક શું થયું?

દેવસેના—રાજકુંવર! હું શું બોલું? પેલા માણસને જે વધસ્થંભે લઈ જાય છે તે બીજા કોઈ નહીં પણ મારા પતિના મિત્ર લાલસિંહજી છે. તેનું દુઃખ જોઈ મને આગાધ થાય છે. તે પણ એકદમ મૂર્છાવશ થઈ ધરણીપર ઢળી પડી.

સૌભાગ્ય-કોઈ આવો! કોઈ આવો! આ રાજકુમારીને બચાવો! બૂમ પાડે છે.

આમ બૂમ સાંભળી નોકરો એકદમ દોડી આવે છે. પણ એક માણસ પાસે વીંટી જોતાં સૌભાગ્યે પૂછયું કે "અરે ભલા માણસ તારા હાથમાં આ શું છે?

ભાઈ! મારા હાથમાં એક સ્ત્રીની વીંટી છે તે લઈ મારા રાજાના કહેવા પ્રમાણે તેને શોધું છું.

ભાઈ! મને જોવા તો દે!

ભાઈ! લો જોઈને મને પાછી આપજો!

ભાઈ! (પોતાની વીંટી લઈને તેના બદલે પોતાના પતિની વીંટી આપે છે.) તારા રાજાને આ વીંટી આપજે અને આ બીજી વીંટી આપું છું તે લઈને તે માણસની શોધ કરશો. એમ કહી લાલસિંહની વીંટી આપે છે.

# પ્રકરણ બેંતાલીસમું.

## રાજ કચેરી.

પ્રધાનજી! પેલા માણસને શુળીએ ચડાવ્યો કે નહિં? તે બદમાસે પેલા માણસોને યુક્તિથી નસાડયો છે.

પ્રધાન—મહારાજ! આપશ્રીની આજ્ઞા મુજબ તે માણસને અનુચરોના કબજામાં સોંપ્યા છે. (ત્યાં એક સિપાઈ દોડતો આવ્યો) આપણા કુંવરજીની મુદ્રીકા કોઈ હરણ કરી ગયું હતું તે આજે આ . માણસ પાસેથી મળી આવી છે.

મેં ચોરી કરી નથી પણ આમાં સ્ત્રીની છબી છે તેની શોધ માટે ફરૂં છું. આવનાર માણસ બોલ્યો.

રાજા—અરે! ભલા માણસ જો તો ખરો કે આ છબી સ્ત્રીની છે કે બીજાની છે તું ખોટો ભરમમાં કુટાય છે. તું તારો ગુન્હો કબુલ કર.

સિપાઈ—જે માણસને આપે વધ-સ્થંભે મોકલ્યો છે તે માણસ આ બાબતનો ખુલાસો કરશે.

જાઓ! તેને હાલને હાલ કચેરીમાં હાજર કરો. રાજાએ હુકમ કર્યો.

તેથી અનુચરો લાલસિંહને કચેરીમાં હાજર કરે છે. લાલસિંહને હાજર થતાં રાજાએ પૂછયું "તારૂં અહીં આવવાનું પ્રયોજન શું છે?"

મહારાજા! એક નિરપરાધી માણસને બચાવવા આવ્યો છું. લાલસિંહે જવાબ આપ્યો.

રાજા—ચુપ કર! એક માણસ જામીન થઈ શુળીએ ચડયો તો તું બીજાને કેવી રીતે નિર્દોષ ઠરાવી શકીશ.

લાલસિંહ—જે રાજયમાં રાજા અન્યાયી હોય, લોકો પરસ્ત્રીને હેરાન કરતા હોય, પરધનની લાલસાવાળા હોય, જે રાજયમાં ન્યાયનું નામ નિશાન નહોય તે રાજ્યમાં સત્ય-નીતિનો વાસ હોય જ કયાંથી? સાંભળો! જે માણસોને મેં છોડાવ્યા છે તે માણસો જેવા તેવા નથી સમજ્યા! રાજા પોતે ગુન્હેગાર હોવ ત્યાં બીજાની શી વાત કરવી! તેઓ તો મોટા રાજ્યના રાજવંશી હતા, ન્યાયનિતિ અને સદ્ગુણના ભરેલા હતા. તમને આવા મહાન્ પુરૂષોની અધમગતિ કરતાં શરમ નથી આવતી?

રાજા—ચુપ રહે! નાદાન, તારા જેવા તો અનેક માણસો અહીં આવી ગયા.

લાલસિંહ—ભલે, જેવી તમારી મરજી. પણ મને બે ચાર શબ્દો આ માણસને પૂછવા દો!

ભલે ખુશીથી પુછ. રાજાએ આજ્ઞા આપી.

લાલસિંહ—ભાઈ! તને આપેલી વીંટીમાં પુરૂષની છબી કયાંથી આવી?

માણસ—મને કંઈ ખબર નથી મહારાજ!

"મહારાજ" શબ્દ સાંભળી રંગીલસેન રાજા ચમકી ઉઠયો. આ માણસ 'મહારાજ' કેમ કહે છે? રાજાએ પૂછયું.

લાલસિંહ—તે પુછવાનો તમને હક્ક નથી. સિપાઈ, તેં કોઈને આ મુદ્રિકા આપી હતી?

માણસ—હા! મારા વ્હાલા સરદાર, અહીંના રાજમિત્રને મેં તે વીંટી આપી હતી. પણ તેમને મને એક વીંટી આપી છે. તે આ રહી. એમ કહી તે વીંટી આપે છે.

વીંટી હાથમાં લઇ તપાસી જોઈને કહ્યું કે હ્યે મહારાજ! આ એક વીંટી. આ વીંટી આપનાર તમારી મુદ્રીકાનો ચોર છે. આ માણુસ ચોર નથી.

દાસી દોડતી હાંફતી રાજકચેરીમાં આવે છે અને કહે છે "મહારાજ! આજે કુંવરજીના મહેલમાં ગજબ થયો છે. રાજમિત્રના આશ્રમમાં આવેલી બે રાજકુમારીઓ તદ્દન ગાંડી બની ગઈ છે. આ દુષ્ટ કેદીને જોયો છે ત્યારથી તેઓ તદ્દન બેચેન છે, તેને જાદુઈ વિદ્યાર્થી વશ કર્યાં છે. તે દરેક સ્ત્રીઓના મન હરે છે માટે તે દુષ્ટને એકદમ ગામ બહાર કાઢી મુકવો જોઈએ.

રાજા—દાસી! જા, તેઓને અહીં બોલાવી લાવ! રાજાએ હુકમ ફરમાવ્યો. (લાલસિંહ તરફ ફરીને) દોષીતને નિર્દોષ ઠરાવનાર પાપી તું પોતે જ ચોર છે. ધિક્કાર છે તારા જેવા પાખંડીને! સ્મરણ કર તારા ઈશને કે જેથી તું તારા કૃત્યનો બદલો સારી રહેલી કહેણીમાં મેળવી શકે.

લાલસિંહ—અરે દુષ્ટ રાજા! તું મને શું શીખામણ આપતો હતો! મારો પ્રભુ તો મારી સાથે જ છે. પણ હે! દુષ્ટ નૃપ! અન્યાયી રાજા તારો પરમાત્મા તારાથી વિમુખ છે. તું નિરપરાધીને અપરાધી ગણે છે.

તે આગળ બોલવા જાય છે પણ સામેથી બેઉ રાજકુંવરીઓને કચેરીમાં આવતાં દેખી તે ઉભો રહ્યો.

હે પિતા! હે પિતા! શું તમે પણ તમારી દીકરીને ભૂલી ગયાં? કુંવરી આવતાં જ બોલી.

આ અવાજ સાંભળી રાજા ચમકયો.

પિતાજી! પિતાજી! તમે ક્યાં છો? આ તમારી દુઃખી દીકરીને બોલાવો! શું તમે મને નહીં બોલાવો! તમારી વનલત્તાને તો નિહાળો! પદ્મમણીએ કહ્યું.

પુત્રીને દેખતાંજ રાજા બોલ્યો કે પુત્રી! તું ક્યાં હતી? બોલ, બોલ, મારી વ્હાલી પુત્રી બોલ! તું અચાનક ક્યાંથી આવી? એમ બોલતાં તે પોતાની પુત્રીને ભેટી પડે છે, પણ લાલસિંહને ઉભેલ દેખીને પદ્મણી શરમાઈ જાય છે. મારી વ્હાલી પુત્રી તું કેમ શરમાય છે?

દાસી--પેલા દુષ્ટ માણસની કુદષ્ટિથી.

લાલસિંહ--નીચ જાત, દાસી! ચુપ રહે! તું સ્ત્રી જાત છે તેથીજ જવા દઉ છું, નહીં તો તને અને તારા રાજાને બંનેને યમદૂતના ઘેર મોકલી દેત.

રાજા--અરે પાપી! લંપટ! શું તું મને પણ મારા રાજ્યમાં યમશરણ પહોંચાડવા હિંમત કરે છે? એમ પૂછતો પોતાની શમશેર ઉગામે છે.

લાલસિંહ--પાપી, આઘો ખસ! તું એમ ન ધારતો કે તારાથી હું ડરી પાછો પડીશ. પણ તને તારી પુત્રીની ખાતર જીવતો રાખું. માટે આઘો ખસ!

પદ્મમણી—પિતાજી! બચાવો! બચાવો!!! આ તમારી દુઃખી દીકરીને બચાવો!

રાજા—બેટા! તું શાથી આમ બોલે છે. અને શા માટે બ્હેન તમારી ખરી હકીકત કહી. તમારા દુઃખનો ભાર ઓછો કરો.

પિતાજી! આ તમારી પુત્રીને વિધવા થતી બચાવો!

બેટા! તું તો મારા જીવનની વેલી છે. તું મને આ દુષ્ટને મારતા કેમ વારે છે? મારા વૈરીને મારતાં ન અટકાવ!

પિતાજી! તે તમારા દુશ્મન નથી પણ મિત્ર છે. જો તમે તમારી પુત્રીનું સુખ ઇચ્છતા હોતો તમે આ દૂષ્ટ કૃત્યથી અટકો! તે દૂષ્ટ નથી પણ રણવિજયો વિર પ્રધાનપુત્ર......

બેટા! તું આ શું બોલે છે? કયાં એ રણવિજયી લાલસિંહ અને કયાં આ દુષ્ટ! દોષીતને નિર્દોષ બનાવનાર! કયાં એ રણવીર યોધ્ધો અને કયાં આ ભીરૂ-કાયર અને કામી!

પિતાજી! તમો ભૂલો છો? તમારી ભયંકર ભૂલ થાય છે. આ એજ લાલસિંહ છે કે જે તન, મન ને ધનના માલીક છે. અને મારા સ્વામી છે. તમારા જમાઈ છે.

રાજા—પુત્રી! તું પણ આ દુષ્ટની સંગી છે.

તમે તે યુવકોને શા માટે વધસ્તંભે મોકલતા હતા? જવાબ આપો! પદમણીએ તાડુકીને પૂછયું.

શા માટે ન મોકલું? તેઓ આપણા શહેરના નગરશેઠ બુબ-ચંદશાહના મકાનમાંથી તેમની દાસીને ફોસલાવી ભગાડી જનાર યુવકોના જામીન થઈ તેને નસાડી મુકવાના આરોપસર!

દુષ્ટ! બુબચંદશાહનું નામ લેવામાંજ પાપ છે. તે દુષ્ટ પાપીએ તો ઘણી ભોળી લલનાઓને લલચાવી-ફોસલાવી બિચારીઓના શીયલ ખંડીત કર્યાં છે. તમારી પોતાની પુત્રીને પણ તે દુષ્ટે દુઃખ દેવામાં કાંઈ બાકી મુકયું નથી, તેની તો પાછળથી વાત! પણ, તમે તે યુવકોની કાંઈપણ તપાસ કરી હતી કે નહિ?

ના, તે બાબતની અમે કાંઈપણ તપાસ કરી નથી. રાજા ઠાવકુ મોં રાખી બોલ્યો.

શું તે શેઠ તેની દાસીને ઓળખી શકશે કે? પદમણી બોલી.

સિપાઇ! સિપાઈ!

અન્નદાતા! શો આજ્ઞા? સીપાઈ સલામ કરી સામે આવી બોલ્યો.

જાઓ! બુબચંદશાહને બોલાવી લાવો! રાજાએ હુકમ કર્યો.

સિપાઇઓ શેઠને બોલાવી હાજર થયા.

આ બેમાંથી તમારી દાસી કઈ તે તમે જાણો છો? રાજાએ શેઠની તરફ નજર ફેરવતાં પૂછયું.

અન્નદાતા ! પેલી રહી તે. દેવસેના તરફ આંગળી લંબાવતા શેઠ બોલ્યો.

દુષ્ટ નાદાન ! ચુપ રહે ! "શું મોહનપુરીના રાજાની કન્યા આ પાપીની દાસી થશે ? શું પ્રતિષ્ઠાપુર નગરના રાજકુંવરની પત્ની અને આપની સૌભાગ્યની ભાતૃજાયા !"

ના, ના, તેમ હોય જ નહીં રાજા તાડુક્યા.

પિતાશ્રી ! તો પૂછો એને જ. પદમણી બોલી.

દેવસેના, શી હકીકત છે ? રાજાએ પૂછ્યું.

આપે જે વીરકુમારોને કારાગ્રહે પૂર્યા હતા તે કોઈ નહીં પણ મારા પતિ દેવકુમારજ હતા. શેઠે મને દુષ્ટ દાનતથી ઘરમાં રાખી હતી. જ્યારે તેમાંથી છુટવા હું આપઘાત કરતી હતી ત્યારે મારા પતિએ મને બચાવી. વળી મારા ધર્મભ્રાતા અને આપના જમાઈ આ લાલસિંહે સહાયતા કરી તો શું મારા પ્રાણ બચાવનારની આ દશા.

આ પ્રમાણે સાંભળી રાજા ઘણો જ પસ્તાયો. હા ! દેવ ! મેં આ શું કર્યું ? મેં નકામા આ રાજવંશીઓને છેડ્યા. અરે ! આ દુષ્ટ નગરશેઠે મને આડે રસ્તે દોર્યો. લાલસિંહ, મને માફ કર ! મારી વ્હાલી પુત્રી ! તું તારા પિતાના આવા કૃત્યને માફી આપીશ ? અરેરે ! ! મેં આ શું કર્યું ?

અરે રાજન્ ! તમે આ શું કરો છો ? શાંત થાઓ ! કુદરત જે કરે તે સર્વે સારા માટે જ. જો નગરશેઠનો આવો બનાવ ન બન્યો હોત તો અમારો અને તમારો મેળાપ શી રીતે થાત ! તેમજ પાપીને પાપની શિક્ષા પણ મળત નહીં, માટે તમારી પુત્રીનો ઉપકાર માનો ! રાજવંશી પુરૂષે કહ્યું શું મારી પુત્રીએ મને અંધારામાં રાખ્યો ? રાજાએ પૂછ્યું.

સમય આવે ત્યારે પુત્રી પણ તમને સત્ય ખુલાસો આપેને ! જો પહેલા વાત કરી હોત તો તમે સાચું માનત જ નહીં. માટે પરમાત્મા જે કરે છે તે સર્વે સારૂં જ કરે છે. રાજન્ ! હવે આપ

ગઈ ગુજરીનો શોચ ન કરો! પ્રભુનો પાડ માનો કે બધા સારાં વાનાં થયાં લાલસિંહે કહ્યું.

છે કોઈ હાજર! રાજા બોલ્યા.

અન્નદાતા ! શી આજ્ઞા ! સિપાઈ હાજર થયો.

જાઓ એ દુષ્ટ નગરશેઠના ઘરબાર જપ્ત કરો અને તેના કુંટુંબને નગર બહાર કાઢી મૂકો!

રાજન્! સાહસ ન કરો. એક પાપીના કૃત્ય માટે આખા કુટુંબને શીક્ષા ન હોય! તેનો પુત્ર અને પુત્રવધુ તો ઘણાજ સદ્‌ગુણી છે. માટે તેને સજાની જરૂર નથી. ફક્ત નગરશેઠના કૃત્યને માટે જે શીક્ષા આપવી ઘટે તે આપો! દેનસેના બોલી ઊઠી.

આખરે તે પાપી નગરશેઠને દેશનીકાલની સજા કરવામાં આવી. તેના પાપની શીક્ષા ભોગવતા તે પાપી કાળું મુખ લઈ ચાલતો થયો.

રાજમિત્ર! આ વીંટી વિષે તમે શું જાણો છો ? રાજાએ પૂછ્યું.

રાજન્! દેવકુમારને દુઃખમાં જોઈ તેના મિત્રની શોધ માટે આ વીંટી આપી હતી, સૌભાગ્યે કહ્યું.

આ વીંટી તમને ક્યાંથી મળી તે જણાવશો ? લાલસિંહે નમ્રતાપૂર્વક પૂછ્યું.

એવી તો મારી પાસે ઘણીએ વીંટીઓ છે.

ક્યાં છે તે મને બતાવોને?

સૌભાગ્યે વીરકુટુંબ તથા મણિવિજયની મુદ્રીકાઓ જોવા માટે આપી.

રાજમિત્ર ! આ બધી વીંટીઓ આપની પાસે ક્યાંથી ?

વખત આવશે ત્યારે જણાવીશ. આવા આનંદના વખતે હું કોઈને નાખુશ કરવા માગતો નથી.

ઠીક ! ત્યારે પછી જણાવશો. એમ કહીને પોતાના આવાસ તરફ જવા ઉભો થયો. એટલે સર્વે જણ પોતપોતાના આવાસ–નિવાસ તરફ ગયા.

# પ્રકરણ તેંતાલીસમું

## મણિવિજયનો આવાસ

**મણિવિજયના** આવાસે લાલસિંહ આવે છે ત્યારે તેને ઘણાજ સન્માનપૂર્વક આદરમાન આપે છે અને લાલસિંહની બુદ્ધિના ઘણાજ વખાણ કરે છે. "તમારા જેવા શુરવીર અને વફાદાર વળી અમારા જેવા રાજકુમારને ઠગવામાં તમારા જેવા ચાલાક કોઇક જ હશે, કુદરત કુદરતનું કામ બજાવ્યા કરે છે, પણ તમે આવા ચાલાક હોવા છતાં આ રાજમિત્રથી ઠગાયા છો તેનું તમને ભાન છે?

રાજમિત્ર! પોતાની વાત કરવાને આનાકાની કરે છે, કારણકે **માણસના પેટની** અને **ઝાડના પોલની** ભાગ્યેજ ખબર પડે! પદમણીએ જણાવ્યું.

આમ હાસ્ય વિનોદ ચાલે છે ત્યાં સૌભાગ્ય આવીને કહે છે કે બેન દેવસેના! આપણા જેવી સ્ત્રીઓ કરતા પુરૂષોનું ભાગ્ય બળવાન પણ હોય છે.

આ સાંભળી મણિવિજય વિચારમાં પડયો. અરે! આ શું? મને ખાત્રી થાય છે કે આ કોઇ સ્ત્રી હોવી જોઇએ "રાજમિત્ર! તમે શું બોલ્યા તે બોલો જોઇએ!"

હું સ્ત્રી નથી પણ દેવસેનાને ખૂશ કરવા બોલતી હતી સમજ્યા!

તમારી વાણી બધાને શંકામાં નાંખે છે. લાલસિંહ બોલ્યો.

ભાઈ, તમે શંકા લાવો તે સ્વાભાવિક છે. તમે વિવેકી અને

સદ્‌ગુણી પિતાના પુત્ર છો. મંજરી જેવી ધુતારી દુષ્ટ સ્ત્રીના તમે કટ્ટા દુશ્મન છો અને સૌભાગ્યસુંદરીના ભ્રાતા છો.

શું તમે મંજરીને ઓળખો છો ? શું તમે સૌભાગ્યસુંદરીને પણ પિછાણો છો ? લાલસિંહે આશ્ચર્ય પામતા પૂછયું.

'હા.' સ્મીતહાસ્ય કરતાં કહ્યું.

આ સાંભળી ઘડીભર લાલસિંહ વિચારમાં પડી ગયો અને મનમાં નિશ્ચય કરે છે કે આજ સોભાગ્ય બ્હેન ન હોય ! તે બરાબર ખૂબ વિચારીને બોલ્યોઃ-બ્હેન ! હવે મને ખબર પડી કે તમે કોઈ નહિં પણ મારા દેવકુમારભાઈના બ્હેન સૌભાગ્યસુંદરી જ છો.

આ પ્રમાણે સોભાગ્યસુંદરીનું નામ સાંભળી મણિવિજય ચમકયો અને બોલ્યો કે "શું મારી વ્હાલી સૌભાગ્ય ? વાહ ! પ્રભુ, વાહ ! શું તારી અજબ લીલા ! આખરે, સત્યનો બેલી તો મારો ભગવાનજ છે. તમે તમારા ભાઈને બચાવવા આગળ કેમ ન પડયા ?

ફક્ત આપના પ્રેમની પરીક્ષા કરવા જ.

મણિવિજય—( પોતાના અંતરાત્માને આનંદ આપવા લાગ્યા. ) આપ તો મારા પ્રાણદાતા છો, માટે તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો જ છે. આજનો દિવસ તો મારા માટે-મારા જીવન માટે કોઈ અલૌકિક જ છે.

લાલસિંહ--આજનો દિવસ તો ગુરૂદેવ અને ધર્મ પ્રતાપે ઘણોજ આનંદદાયક છે, માટે ચાલો, દેવદર્શન કરી જંગલમાં જઈ જરા આત્માને આનંદ આપીએ.

આથી લાલસિંહ, મણિવિજય તથા પોતાના સિપાઈઓ જંગલ તરફ ફરવા માટે ઊઠયા. અને ગયા જ્યાં તેમને દુષ્ટ મંજરી પોતાના જીવનનો વિચાર કરે છે તે સાંભળવામાં આવ્યું. "મેં મારા જીવનમાં કેટલું બધું દુઃખ ભોગવ્યું ! મારા કર્યા મને જ નડયા. હું જે જે કરૂં છું તે બધું મારા વિરૂદ્ધ જ જાય છે. મેં જેટલું લાલસિંહ અને

દેવકુમારને ફસાવવા માટે કર્યું. તેટલુંજ તેમના સારા માટે થાય છે. લાલસિંહેજ મને નગરમાંથી કઢાવી. મેં બદ્રીકસિંહને ગાદી અપાવી પણ તેને મને રાખી નહીં ત્યાંથી મોહનપુર ગઈ ત્યાંથી પણ લાલ-સિંહે મને પાયમાલ કરી, પણ એક ભૂલ થઈ ગઈ કે તે વખતે મેં તેને ઓળખ્યો નહોતો. તે પદ્માવતીને પરણ્યો પણ હવે તું જોજે કે આ મંજરી તારા માટે શું કરે છે. તારો જીવજ લઈશ. તું ગમે ત્યાં અને ગમે તે વેશે હઈશ પણ તને શોધી નાગણની માફક ડંશ દઈ તને મારીશ ત્યારે જ જંપીશ" આમ બોલતી બોલતી જંગલમાં ભમ્યા કરે છે.

જ્યારે લાલસિંહ અને મણિવિજયને જુએ છે. ત્યારે અરે! આ દુષ્ટ તો અહીંજ છે ને? પણ તેને ફસાવવો શી રીતે? એવી યુક્તિ કરૂં કે જેથી બંને આપોઆપ લડે, અને મરે. તેથી સૌભાગ્ય, દેવકુમાર અને મોહનપુરીના પ્રધાનનું પણ વેર સાથે સાથે લેવાય.

શું તે મારા કહેવાથી લઢશે ખરા! ના, ના, ત્યારે મારે શો ઉપાય લેવો. (એવામાં પદ્માવતીને આવતી જુએ છે) અરે! પેલી દેવકન્યા જેવું કોણ આવે છે. હા. હા. ઓળખી, એ તો પદ્માવતી છે. ઠીક લાગ છે. મણિવિજયને સમજાવી પદ્માવતીમાં મોહાંધ બનાવી લડાવી મારૂં.

લાલસિંહ જંગલ જોતો જોતો આગળ ચાલતો જાય છે તે લાગ સાધી મંજરી આવે છે અને કહે છે. કેમ છો રંગીલા–રાજકુમાર હું આપને પ્રણામ કરૂં છું.

તમે કોણ છો મને ક્યાંથી ઓળખો?

એક રંગીલા સ્ત્રી ભોગી રાજકુંવરને કોણ ન ઓળખે? હું તમારી પાસે આવી છું તેનું કારણ સાંભળો "તમારી સૌભાગ્ય લાલસિંહ સાથે બધો સંબંધ રાખે છે ફક્ત લગ્નગ્રંથીથી જોડાવાનુંજ બાકી છે સમજ્યા? પણ તમારૂં સૌભાગ્ય આગળ ચાલે શું" મારા

રાજકુમાર હું સત્યજ કહું છું કે લાલસિંહ અને સૌભાગ્ય બંને જણુ દંપતિનો લ્હાવો લે છે. પણ તે હકીકત તને આગળ ઉપર કહીશ. પુરૂષ બિચારો શું કરે ? જો તમારે તેને તજવી હોય તો એક દેવાંસી કન્યા તમને લાવી આપું.

મણિવિજય—દુષ્ટા ! તારી લવારી બંધ કર અને અહીંથી ચાલી જા. મારી પતિવૃતા સ્ત્રી ઉપર ખોટો આરોપ મૂકી પાપ ન કર બહુ થયું.

મંજરી—રાજકુમાર, જરા ખ્યાલ કરો. મોટા મોટા રાજા મહારાજાઓ પણ સ્ત્રીકટાક્ષ આગળ નિર્માલ્ય થઇ ગયા તો પછી લાલસિંહની શું તાકાત ! જરા જુઓ ! રાવણ જેવા મહાન રાજાઓ, વિશ્વામિત્ર જેવા મહર્ષિઓ અને ઇંદ્ર જેવા મહાન દેવો પણ સ્ત્રીઓના કટાક્ષ આગળ સર્વસ્વ ભૂલ્યા છે. તો પછી એક પામર લાલસિંહનું શું ગજું ? માટે કહું છું કે પેલી દેવાંગના આવે છે તેને તમે યાચો. હું તે સ્ત્રીને અહીં બોલાવું છું.

આવો ! આવો ! પદમાવતીબ્હેન અહીં આવો ! આ તમારા માનીતા પતિદેવને તમારા મોહપાશમાં નાખી તેમની આશા પૂર્ણ કરો.

પદમાવતી—(લાલચોળ થતી) અરે! દુષ્ટ મંજરી, તું અહીં ક્યાંથી, અને તું આ શું બોલે છે ? મારા પતિ અહીં ક્યાં છે ? તું મને ફસાવવા માગે છે ?

મંજરી—તમને ફસાવવા માગતી નથી પણ સુખી કરવા માગુ છું. હજી તમે પરણ્યા નથી માટે મારૂં કહ્યું માનીને આ રંગીલા રાજકુમારને પરણો.

રાજકુમાર ! જુઓ, આ તમારા લાયક ઉર્વશી જેવી અપ્સરા. માટે આપ તેની અભિલાષા પૂરી કરો અને પરણો.

બાળા, તમે કોણ છો ? મણિવિજયે પૂછ્યું.

વિયોગે વ્યાકુળ, પ્રેમનો કોલ આપનાર અને ખેલનારી ક્ષત્રિયાણી છું. બાળાએ જણાવ્યું.

તો ચાલો ત્યારે, તમારો પ્રેમનો કોલ હું પુરો કરીશ અને તમારો વિયોગ દૂર કરીશ.

કુંવર, સાહસ કરતાં વિચાર કરો! શું ક્ષત્રિયાણી એક પતિને વર્યા પછી બીજાને વરશે? શું હંસણી કદી મોતીના ચારા સિવાય અન્ય ચારો ચરશે? શું બંટીના વાવનારને કમોદના સ્વાદની ગમ પડશે? માટે નાદાન રાજકુંવર!! ખબરદાર!!! જો એક ડગલું આગળ વધ્યો તો મોત આવ્યું સમજજે. આ તો રણચંડીકા છે.

મંજરી—પદમાવતી! એક રખડતા લેભાગુને પરણ્યા કરતાં તો આ રાજકુમારને પરણી રાજરમણી બની આનંદ ભોગવો.

ચુપ! રાંડ શંખણી, દુષ્ટ! તું જાણતી નથી કે તું કોણ છે? સર્વનું એંઠુ ખાનારી લૌંડી, તું મને શિખામણ દેનારી કોણ છે? સર્વનું નિકંદન કાઢનારા તારા બધા ચરિત્રો મારાથી અજાણ્યા નથી. માટે તને સાફ શબ્દોમાં કહું છું કે તને હજુ લાલસિંહના શુરાતનની ખબર નથી પડતી. યાદ ન હોય તો યાદ કર, તેં તારા અન્નદાતા રાજાનું નિકંદન કાઢયું. મોહનપુરીમાં તેં શું ન કર્યું? દુષ્ટ! તું મારા પિતાશ્રીને પણ ફસાવવા આવી. જો મારા વ્હાલા લાલસિંહે મારા પિતાશ્રીને ન બચાવ્યા હોત તો શું થાત? પાપીણી! તું તારૂં કાળું મોઢું લઇ આ શું બોલે છે? ચાલી જા.

મંજરી—બહુ થયું, હવે રહેવા દે. જાણતી નથી કે મંજરીની યુક્તિઓ કેવી પાર ઉતરે છે. વસંતસિંહને અદ્રશ્ય કરાવ્યા, કેશવસિંહનું ખુન કરાવ્યું. દેવકુમાર પર આરોપ નાંખી દેશનિકાલ કરાવ્યો અને તારા લેભાગુ પતિને પણ મેં મારૂં પાણી બતાવ્યું. તે બધું શું તું ભુલી જાય છે. માટે બહુ ડાહી ન થા અને સમજ, નહીં તો તારી પણ આ દશા થશે.

ઓ પાપીણી, દુષ્ટા, કાળાં ધોળાં કરનારી તુંજ છે. તું અધમ ગતીએ જવાની છે. પાપીણી! તારૂં મોં જોવા માગતી નથી. આઘી ખસ. પદમાવતીએ જણાવ્યું.

મણિવિજય—સુંદરી! શાને માટે આટલા બધા ગુસ્સે થાવ છો! મારૂં કહેવું માનો એટલે બધું ઠીક થઈ જશે.

બસ ચુપ રહે, રાજકુમાર! તમે નાદાન છો. ક્ષત્રિયાણીના ખાંડાના ખેલ તમે જોયા લાગતા નથી. પ્રાણ જશે પણ શિયળ નહિ જાય એ ચોક્કસ માનજો. શું આ ભવમાં એક પતિ સ્વિકાર્યા પછી બીજા પતિનું ચિંતવન કરવું તે મહાપાપ ન ગણાય કે? બસ તમારી બહાદુરી તમારી પાસે જ રહેવા દો. નહીં તો જોવા જેવી થશે. રાજકુમાર! તમે તો મારા ભાઈ થાવ. શું મારા બહાદૂર પતિને મૂકી તારા જેવા પરસ્ત્રી લંપટ, બાયલા અને હિચકારાને વરશે? પદમાવતિએ પોતાને શોભે તેવો જવાબ આપ્યો.

બસ રહે! તારી વધુ પડતી જીબાન સાંભળવા હું નથી માગતો. બોલ, મારૂં કહ્યું માને છે કે નહિ? રાજકુમાર ગુસ્સાના આવેશમાં બોલ્યો.

રાજકુંવર! એમ એ નહિ માને, કરો બળાત્કાર. દાસી મંજરીએ વચમાં જ ઉમેર્યું.

નીચ! દુષ્ટ, તારી શી તાકાત છે કે તું બળાત્કાર કરી શકે? સિંહણની માફક ગર્જના કરતી ત્રાડુકી ઉઠી. રાજકુમાર! તમે મારા પતિના શુરાતનથી હજી અજાણ લાગો છો? આટલાં બધાં ખાસડાં ખાધાં છતાં લાજ નથી, તો તમારા અને કુતરામાં શો તફાવત? શું જનેતાએ દિકરો પેદા કર્યો છે? લંપટ, હીચકારા, ઢાંકણીમાં પાણી લઇ ડુબી મર તો ધરતી પરથી ભાર ઓછો થાય.

સતિયા સત્ય ન છોડીએ, સત્ય છોડે પત જાય,
સત્યકી બાંધી લક્ષ્મી, જબ મીલેગી આય.

આ દોહરો યાદ આવતાં પદ્માવતિમાં નવું ચેતન આવે છે, અને પરમાત્માનું સ્મરણ કરતાંની સાથે જ પોતાની કમ્મરમાંથી ખંજર કાઢી મણિવિજયના સામે ધસી ત્યાં લાલસિંહ સામેથી આવે છે તેણે આ દ્રશ્ય જોયું.

અહા! આ સુંદરી કોણ હશે? મણિવિજય તેને કેમ ફસાવતો હશે? શું મણિવિજય દુષ્ટ છે? ઓહ, ઓહ આ દુષ્ટ મંજરી અહીં ક્યાંથી? આ સુંદરીને ફસાવનાર બીજું કોઇ નહિ પણ આ દુષ્ટા જ હોવી જોઇએ દૈવ્ય આ સુંદર સ્ત્રી કોણ હશે? આવા કોમળ ફળનો ભોક્તા કોણ હશે? અને આ સુંદરીનો પતિ કોણ હશે? અરે! આ વખતે મને મારી પદમાવતી કેમ યાદ આવે છે? શું આ સુંદરી પદમાવતી તો નહિ હોય? તે તો તેની માતુશ્રીની સાથે ગઈ છે. તો આ સુંદર સ્ત્રીને જંગલમાં તરછોડી જનાર કયો મુર્ખ હશે? લાલ-સિંહ વિચારમાં ને વિચારમાં ત્યાંજ ઉભો રહી આ દ્રશ્ય નિહાળવા લાગ્યો.

દુષ્ટા! ચુપ રહે!!! શું તું મને વેશ્યા ધારે છે? શું તું મને આવા હિચકારા સાથે પરણાવવા માગે છે? આ સિંહણને છંછેડી દુષ્ટ જીવતો જશે? અરે!!! રાજકુળમાં ઉત્પન્ન થએલા નરરાક્ષસ તને કંઇ શરમ છે કે નહિ? તું કોની સાથે વાત કરે છે. તે તું જાણે છે?

હવે હદ થાય છે. હજી કહું છું કે સીધી રીતે કબુલ કર નહીં તો બળાત્કાર કરૂં છું. તારા પતિને હવે સંભાળ. રાજકુમાર કામાંધ દશામાં બબડવા લાગ્યો.

પાપી, મારા પતિ અહીં હોય તો તો જરૂર તારૂં નિકંદન કાઢત. પણ તે અત્યારે કયાંય હશે. મારા વીર પતિ વિરરાજ્ય પ્રધાન કુળદીપક અહીં હોત તો તારા જેવા હજારો કુતરાઓને યમદ્વાર પહોંચાડત. બોલ, બોલ, દુષ્ટ! તું મને શું કરીશ?

મણિવિજય ધસતો બાળા તરફ (પોતા તરફ) આવતો જણાયો. તેથી તે બાળાથી ચીસ પડાઇ ગઇ "કોઇ ક્ષત્રિય વીર મને બચાવો અને મારા શિયલનું રક્ષણ કરો." આ બૂમ સાંભળી લાલસિંહ વિચાર-ભગ્ન થઇ તુરતજ અહીં આવી પહોંચ્યો.

સુંદરી! કોનાથી રક્ષણ કરવાનું છે? બોલ, જલ્દી બોલ. (મંજ-રીને દેખતાં) ઓ પાપીણી દુષ્ટા, તું પણ પાછી અહીં આવી છું ને?

મંજરી—મણિવિજય મને બચાવો! મને બચાવો!!!

મણિવિજય—લાલસિંહ ! એને છોડો.

દૂર બેસ, નહિં તો તારી પણ આ દશા થશે. લાલસિંહે જણાવ્યું.

શું મારી પણ આ દશા થશે ? અરે ! દુષ્ટ, તને તારી બેન સાથે ભોગ ભોગવતાં શરમ નથી આવતી ? તું પરસ્ત્રીનો ભોક્તા થઇ તેનેજ પરણવાની આશાએ મારી મનોઇચ્છીત સ્ત્રીથી છૂટો પાડે છે અને...

ચુપ ! જરા વિચારીને બોલો. મારી બેનના માટે જરા પણ અપશબ્દ બોલ્યા તો તમે તમારી વાત જાણ્યા છો ? દુષ્ટ બની પર-સ્ત્રી ભોગવવા બેઠો છે ને મને અને મારી બેનને દોષીત કરો છો ?

હું એક પણ શબ્દ ખોટો કહેતો હોઉં તો પૂછો આ મંજ-રીને ! રાજકુમાર બોલ્યો

સુંદરી ! તમો કોણ છો ? લાલસિંહે પ્રશ્ન કર્યો.

શુરવીર સરદાર ! મારા શિયલના રક્ષણહાર, નિરાધારના આધાર, મારા મુગટમણિ ! હું આપના ચર્ણોની દાસી છું. શુ તમે મને ભુલી ગયા ?

સુંદરી ! તમારૂં નામ જણાવશો ? તમે વિરબાળા જણાઓ છો છતાં મને દેખી મણિવિજયના સામા થતાં કેમ અચકાયા ?

મારા વ્હાલા ! વિચારો, આપ મળ્યા પછી અમારે શી ચીંતા હોય ? જ્યાં સિંહ હાજર હોય ત્યાં સિંહણને પોતાના બળની જરૂર રહેતી નથી. મારૂં ના...મ ! અહા...હા......હા, મ્હારા વ્હાલાથી ક્યાં અજાણ્યું છે ? માતુલ ગ્રહે વદાય કર્યા પછી આપ મને સંભાળો જ શાને ?

શું ! મારી વ્હાલી પદ્માવતી ! તું અહીં ક્યાંથી ?

માતુલ ગ્રહેથી પિતાના ઘેર જતાં વાઘના પંઝામાં સપડાએલી આ નગરોદ્યાનમાં પડેલી ઘણા વખતે સાવધ થઈ અને અહીં આવતાં મંજરીના સપાટામાં આવી અને આપે જ મને બચાવી.

આ બધું સાંભળી મણિવિજય ઘણો શરમીંદો થઈ ગયો અને પોતે બધાને રાજધાનીમાં લઇ ગયા. મંજરીને પણ સાથે લાવ્યા.

## પ્રકરણ ચુવાલીસમું

### સૌભાગ્ય સુંદરીનો મહેલ.

**મણિવિજય** ગુસ્સે થઈ ગયો હતો તેથી તે આવીને તરતજ સૌભાગ્યસુંદરી પાસે આવી બોલ્યો "લે, આ તારો પતિ."

આ શું બોલો છો? જરા વિચારીને બોલો.

મારે વિચાર કરવાનો જ નથી.

આ બધું શું છે? આ બાંધેલી મંજરી ક્યાંથી? આ અજાણી સ્ત્રી કોણ છે? વ્હાલા! આ બધું શું છે, તે મારાથી સમજાતું નથી.

બ્હેન! તમે અહીં ક્યાંથી? અરે! આ દુષ્ટ મંજરી અહીં ક્યાંથી આવી? દેવસેનાએ પદ્માને જોતાં પૂછ્યું.

બ્હેન પેલા યોગીરાજના કહેવા પ્રમાણે વિરપ્રધાનપુત્ર મારો પતિ થશે તો તેમજ થયું છે. હવે મારા જાણવામાં આવ્યું કે જે દુષ્ટ મંજરીએ મને અને મણિવિજયને કલેશ કરાવ્યો તેજ મારા પિતાના બેહાલ કરનારી છે.

ભાઈ મણિવિજય! જરા બોલતાં વિચાર કરો. મારા પતિ ઉપર આક્ષેપ કરતાં શરમ નથી આવતી? જરા વિચાર તો કરવો હતો? પદ્માવતીએ હૃદયનો ઉભરો ઠાલવ્યો.

ભાઈ લાલસિંહ! આવું જુઠું કલંક ચઢાવવાનું તેમની પાસે કાંઈ કારણ છે? સૌભાગ્યસુંદરીએ દલીલ કરતાં પૂછ્યું.

બ્હેન! આ દુષ્ટ દાસીના કહેવાથી જ તે આમ બોલે છે. તે તારા પતિ છે તેમજ પદ્માવતીના ભ્રાતા છે નહીં તો હું તેમનો એક

શબ્દ પણ ન સાંભળત. મારા હૃદયમાં આગ બળ્યા કરે છે કે તેણે મારી પ્રિયા ઉપર કુદ્રષ્ટિ કરી છે અને તેનાથી થાય એટલું કર્યું છે. લાલસિંહે જણાવ્યું.

નાથ! તે રાંડ જ કાળાં કામ કરનારી છે તો તેને જે શિક્ષા આપવી યોગ્ય લાગે તે આપી આ વાતનો નિકાલ લાવો. પદ્માવતી બોલી.

લાલસિંહ—મંજરી! અરે! દુષ્ટા!!! ખરેખરૂં કહી દે, નહિં તો આ શમશેરથી તારૂં ધડ ઉડાવી દઈશ. બોલ, જલ્દી કહે.

મને મારશો નહિં. હું સાચું કહીશ, તમને બન્ને જણને આપસ-આપસમાં લડાવી મારવા અને મારા વૈરનો બદલો લેવા મેં આ પ્રપંચ કર્યો હતો. બેન પદ્મામતીને હું ઓળખું છું મેંજ આ કાળા કર્મો કર્યાં પણ તેમાં હુંજ ફસાઇ છું. માટે...મને ક્ષમા કરો. મારા ઉપર દયા લાવી મને જતી કરો. મંજરીએ કરગરતાં કરગરતાં કહેવા માંડયું. કેશવસિંહનુ ખુન કરાવી દેવકુમાર આરોપ મુકાવનાર હું જ હતી અને........

અરે! પાપીણી, આ હું શું સાંભળું છું? દુષ્ટા, પાપણી તેંજ કેશવસિંહનું ખૂન કરાવી આખા રાજ્યનું નીકંદન કઢાવ્યું છે? બોલ? ખૂન શી રીતે કરાવ્યું? લાલસિંહ ગુસ્સે થઈ બોલ્યો.

મંજરી—મહારાણીના શીખવ્યા મુજબ તેમના મહેલના છુપા રસ્તાથી ચાર મારાઓને કેશવસિંહ આવાસમાં દાખલ કર્યાં અને દેવકુમારની તલવારને બદલે લોહીવાળી તલવાર મ્યાનમાં મુકવાની યુક્તિ કરી. મહારાણીની યોજના પાર પડી અને દેવકુમાર પર આરોપ મુકાયો.

પદ્માવતી—ભાઈ, જો, જો, તારી મૂર્ખાઈ ઉપર મને શરમ આવે છે. તને તારી બેન ઉપર જુલ્મ કરતાં લાજ ન આવી? ધિક્કાર છે!!! તારી બુદ્ધિને! તારૂં મૂખ જોવું પણ મને ગમતું નથી. મારી પતિ ઉપર તેમજ તારી પોતાની પત્ની ઉપર જુઠો આરોપ મુકતાં મોત કેમ ન આવ્યું. સાંભળ! સાંભળ! મારા કાચા કાનના વીર! સાંભળ! જો તારો પોતાનો વહેમ તારાથી વિરૂદ્ધ ગયો આખરે તો સત્યનો બેલી પ્રભુ જ છે.

બેનનું આવું લાગણી ભર્યું અને મીઠું વચન સાંભળી મણિવિજય ગુસ્સે થઇ મંજરીને કહેવા લાગ્યો. રાંડ, "તેં જ મને ફસાવ્યો" એમ બોલી શમશેરથી મારવા જાય છે.

મણિવિજય રહેવા દે. તેનું મોત તો બીજી રીતે જ આવશે. સિપાઇઓ! મંજરીને કારાગ્રહે લઇ જાવો! લાલસિંહ એકદમ બોલી ઊઠયો.

પદ્માવતી! માફ કરો! મારી ભૂલ થઈ, હું પાપી બન્યો કે મારી દુષ્ટ બુદ્ધિ થઇ હવે ફરીથી આવી ભૂલ નહીં કરૂં મણિવિજયે માફી માંગતાં કહ્યું.

ભાઇ! હું તને માફી આપુ છું. હવે ફરીને આવું વર્તન ન રાખીશ. પદ્માએ શિખામણ આપતાં માફી આપી.

વ્હાલા પતિ! હવે આપણે સુવર્ણપુર જવું જોઈએ પદ્માવતીએ જણાવ્યું.

લાલસિંહ—જરૂર! આપણે આવતી કાલે આ દુષ્ટ મંજરીને લઇને જ જઇશું.

બીજા દિવસની પ્રભાતે બધાએ સાથે જવાનું નક્કી કર્યું. જ્યારે સૂર્ય ખીલી રહ્યો છે. તેના સોનેરી કિરણો પૃથ્વી ઉપર ફેંકી રહ્યો છે તેજ વખતે બધા સુવર્ણપુર જવા તૈયાર થયા. જ્યારે તેઓ સુવર્ણપુર પહોંચે છે ત્યારે દરેકના આત્મામાં કોઇ અનેરો આનંદ ઉભરાઇ ગયો ન હોય તેવું ભાસે છે.

કેમ, પ્રધાનજી! આપણા મહારાજાને બોલાવો! હવે તો પોતે સુધર્યા લાગે છે લાલસિંહે પૂછયું.

જ્યારે પ્રધાને સિપાઈઓને મહારાજાને તેડવા મોકલ્યો ત્યારે લાલસિંહ બોલ્યો કેમ, બેન! હવે તમારા પતિ સુધર્યા હશે. માટે તેમની સત્તા તેમને સોંપવામાં મને વાંધો લાગતો નથી. તમારી શી મરજી છે?

ભાઈ, એમાં અમારી મરજી? અમને પૂછવાનું હોય જ નહિં

જેમ તમને ઠીક લાગે તેમ કરો કારણકે તમો જે કરશો તે સારૂં જ કરશો. તેમાં અમારે જોવાપણું હોય જ નહિં.

કેમ! દુર્જયસિંહ, હવે તમારા વર્તનમાં ફેરફાર થએલો જોઈ મારા આત્માને તેમજ પ્રજાને ઘણો જ આનંદ થાય છે. હવે પવિત્ર મણિમાળા પ્રત્યે કોઈ દિવસ ખરાબ વર્તન કરતા નહિં. અને પ્રજા ને રાજ્યની આબાદી વધારી તમારી યશકીર્તિ ને ઉજ્જવલ કરો. અને દુરાચારનો ત્યાગ કરી સદ્માર્ગે વિચરો. લાલસિંહે મહારાજા દુર્જયસિંહને આવતાં ઉપરના શબ્દો કહી સંભળાવ્યા.

મારા વ્હાલા દોસ્ત, હવે હું આ રાજ્ય કરવાને યોગ્ય નથી છતાં તમારી મારા પ્રત્યે પ્રેમની લાગણી જોઈ રાજ્યનો ભાર સ્વીકારી પ્રતિજ્ઞા કરૂં છું "આજથી પર સ્ત્રી માતા અને પુત્રી સમાન છે." મારી પ્રજા એજ મારો પ્રાણ અને મુક્તિ છે. દુર્જનસિંહ પ્રતિજ્ઞા લેતાં બોલ્યા.

પ્રધાનજી! જાઓ, સઘળી સત્તા આપના નામદાર મહારાજાને સોંપો અને આપણે આપણી ફરજ બજાવો. એમ કહી લાલસિંહ પોતાને મકાને આવ્યો.

વ્હાલી! તમે મારા માટે ઘણું જ કષ્ટ વેઠયું છે.

વ્હાલા! તમારો પ્રેમ મેળવવા માટે મને એ કષ્ટ કશા પણ હીસાબમાં જ નથી.

દેવસેનાબેન! તમારે તમારા પતિ માટે પણ જરા દુઃખ લગાડવું નહિં. હું તમને તેમનો મેળાપ જરૂર કરાવી આપીશ. મારાથી બનતો પ્રયત્ન કરી તેમને શોધી કાઢી મારી મિત્ર તરીકેની ફરજ બજાવીશ. આપ શાંતી રાખશો આટલા દિવસો ધીરજ રાખી તો થોડા દિવસ વધારે

મારા ધર્મ ભ્રાતા! તમારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. પતિ વિયોગી સ્ત્રીની પીડા જેણે સહન કરવી પડતી હોય તેજ જાણે. આટલા આટલા કષ્ટ વેઠવા છતાં મારા કર્મમાં હજુ વિયોગ જ રહ્યો. જેવી મારા કર્મની ગતિ. તેમાં તમે કે બીજું કોઈ શું

કરી શકે? મારા વ્હાલા દુઃખમાં રખડે અને હું સુખમાં સૂઈ રહું તે કેમ બને?

બ્હેન દેવસેના, શાંત થાઓ. શું મને મારા મિત્રના વિયોગે લાગતું નહિં હોય? મને પણ તમારા જ જેટલું દુઃખ થાય છે. પણ સમય આવે બધું સારૂં થશે. આમ વાતો કરે છે ત્યાં કોઈ દુઃખી ગરીબના સ્વરો કાને અથડાયા.

આ દુઃખીયા આંધળા માણસને કોઈ ખાવા આપો. ભાઈ, હું ઘણા દિવસનો ભૂખ્યો છું મારી પીડાને શાંત કરો પ્રભુ તમારૂં ભલું કરશે.

એક ભિક્ષુક ભીખ માગવા નીકળ્યો છે અને તે ધીમે ધીમે બોલતો બોલતો અહીંથી પસાર થાય છે.

એ ભિક્ષુકને જોતાં જ અરે! બેન પદ્માવતી મને બચાવો! બચાવો!! અરે! આ દુષ્ટ મારો કેડો છોડતો નથી. દેવસેના આમ બોલતાં મૂર્છીત થઈ જમીન ઉપર પછડાઈ પડી.

આમ એકદમ દેવસેનાને બેભાન સ્થિતિમાં જોઈ. લાલસિંહ વિચારમાં પડી ગયો. બેન! તમને શું થયું છે? કોનાથી બચાવવાનું કહો છો?

દેવસેના જરા સાવધ જતાં બોલી "અરે! દુષ્ટ ચાલ્યો જા. હવે મારો કેડો છોડ.

બેન! તમે કોને કહો છો?

ભાઈ! પેલા ભિક્ષુકને.

તે ભિક્ષુક કોણ છે?

શું તમે ઓળખ્યો નહિં? તે તમારો કટ્ટો વૈરી અને મારા શિયળનો ભૂખ્યો. ને અનર્થનો કરનાર વળી મારા પતિનો વિયોગ કરાવનાર કુમાર ભદ્રિકસિંહ છે.

બેન! ભિક્ષુક ભદ્રિકસિંહ હોય જ નહિં. તે બને જ

તો તેને જ પુછીને ખાત્રી કરો. એટલામાં

ભજન મીઠા સ્વરે ગાય છે. વાંચક વર્ગ! એક ચિત્તે જરા સાંભળો

કર્મતણી ઘટના છે ન્યારી, અભિમાન ન કરશો કોઈ,
સત્તાના મદે અંધ બનીને, દુરાચારને સેવશો નહિં.–૧
એક વખતનો રાજા આજે, ભિખારી થઈને ફરતો,
હજારોનો પાલણહાર, આજે ટુકડા માગી પેટ ભરતો.–૨
ભાઈ–ભાઈમાં કલેશ કરીને, સઘળી સિદ્ધિ મેં લીધી,
પાપ થકી મેળવેલી લક્ષ્મી, આજે ગુમાવી સૌ દીધી.–૩
માટે સમજુ થઈને શાણા, સત્ય પરાયણ સૌ બનજો,
એક વખતનો રાજા ભદ્રિક, આજે ભિખારી વેષે જો.–૪
ભિક્ષુક બનીને આવ્યો આજે, ખાવાને મને આપો કોઈ,
કહે 'ભોગીલાલ' કુદરત કેરી, શિક્ષા થઈ તે કેવી જોઈ–૫

ઉપરનું ભજન ભદ્રિકસિંહ ભિખારીની અવસ્થામાં ગાતો ગાતો રાજમહેલ આગળ આવી ઉભો રહ્યો ત્યારે લાલસિંહ નીચે આવ્યો અને પૂછ્યું. અરે! ભાઈ, તમે કોણ છો?

ભાઈ તમારે શું કામ છે. હું એક જંગલનો રખડતો ભિખારી છું. ભિખારીએ જણાવ્યું.

તમે ગમે તેમ કહો પણ તમો કોઈ ઉચ્ચ કોટીના જણાઓ છો. ભાઈ, રંકને રાય થતાં અને રાયને રંક થતાં શી વાર. પ્રભુના દરબારમાં દરેકના માટે એક સરખો જ ન્યાય છે. "**જેવી કરણી તેવી ભરણી**" તમારે શું કામ છે. જો તમોને દયા આવતી હોય તો મને ભીક્ષા આપો નહીં તો તમારી મરજી.

ભાઈ, તમારૂં કુળગોત્ર તો કહો?

ભાઈ, હું એક રાજવંશી કુળમાં જન્મ પામ્યો છું પણ તે પવિત્ર કુળનું નામ લઈ શરમાવવા માગતો નથી. મારા પવિત્ર કુળમાં હું એક અંગારો ઉત્પન્ન થયો, મેંજ મારા કુળનો નાશ કર્યો છે.

ભાઈ. તમે મને ઓળખો છો? લાલસિંહે પૂછ્યું.

ભાઈ, તમને કોણ ન ઓળખે. તમો એક મોટા માણસ છો,

આ રાજ્યના સ્તંભ છો. તમારા રાજ્યમાં ફરવું અને તમને ન ઓળખીએ તે કેમ ચાલે. ભાઇ મને ભીક્ષા આપોને!

તમે પ્રતિષ્ટાપુરના.........

ભાઈ, એ પવિત્ર નગરનું નામ લઈ મારી મશ્કરી ન કરો!

તમે લાલસિંહ અને દેવકુમારને ઓળખો છો?

હા. હા, કેમ ન ઓળખું? તેઓએ મારા માટે કેટલા દુ:ખ સહન કર્યાં. (આંખમાંથી અશ્રુઓ નીકળવા માંડયાં) મેં પાપીએ જ તેમને દુ:ખી કર્યાં છે.

ભાઈ, તું રડીશ નહિં. સિપાઈઓ! જાઓ! આ ભાઈને સારાં કપડાં અને ખાવાનું આપો!

સિપાઈઓએ ભદ્રિકને સારા કપડાં પહેરવાને તથા ખાવાને આપ્યું. પછી ભદ્રિક લાલસિંહ પાસે આવીને કહેવા લાગ્યો.

મહારાજ! તમારો મારા ઉપર મોટો ઉપકાર થયો છે પ્રભુ તમોને સદા સુખી રાખે. તમારો આભાર માનું છું.

ભાઈ ભદ્રિક, એવું ન બોલો.

તમે મને ક્યાંથી ઓળખ્યો? ભદ્રિકે પૂછ્યું.

થોડી વાર પછી લાલસિંહે દેવસેનાને બોલાવી અને કહ્યું. બેન! આ તમારા શિયલનો તરસ્યો, તમારા ઉપર હુમલો કરી તમને હરણ કરી લઈ જનાર, તમારા પતિનો ભાઈ, અને અમારા રાજકુળનો અંગાર. તમે ઓળખ્યો કે નહિં? હવે એ કદી પણ તમારા ઉપર કુદૃષ્ટિ કરશે નહિં. તેને તેના કર્મનો બદલો પુરેપુરો મળી ચુક્યો છે.

બેન! સાંભળો! લાલસિંહે કહ્યું.

જેવી કરણી તેવી ભરણી, કુદરતનો એ છે ન્યાય,
બીજાનું ભુંડુ કરનારો, આખર તે પસ્તાય.
કુદરતનો એ છે ન્યાય—૧

જેવું લેવું તેવું દેવું, એ જગત તણો વહેવાર,
વહેવાર ચુકી નર જે જગ વિચરે, પામે તે ધીટકાર.
કુદરતનો એ છે ન્યાય—૨

સમય સમયનું કામ કરે છે, સમય સદા બળવાન,
સમય જાણ્યો નહીં જેને જગમાં, તે નર પશુ સમાન,
કુદરતનો એ છે ન્યાય—૩

સત્ય પરાયણ જીવન જીવી, કરે જે પર ઉપકાર,
કહે **ભોગીલાલ** ધન્ય જીવન તેનું, જ્યાં સહાય સદા.
કીરતાર, કુદરતનો એ છે ન્યાય—૪

બેન, માણસ જ્યારે સત્તાના મદમાં આવી સારા અસારનો વિચાર ભુલી જઈ પોતાના જીવનને અધોગતીમાં નાંખી પોતે દુઃખી થાય પરંતુ બીજાને પણ દુઃખી કરે છે. આનું નામ તે કુદરતનો ફટકો.

માણુસ જ્યારે પોતાની ફરજ ભૂલી અવળા માર્ગે ચાલે છે ત્યારે તેની અવદશા થાય છે. રાજ્યને પાયમાલ કરનાર કુળાંગાર અને પેલી દુષ્ટ મંજરીનો આશક આ રહ્યો. આ પ્રમાણે વચનના પ્રહાર સંભળાવી ભિખારી અવસ્થામાં ભદ્રિકની ઓળખાણ આપે છે. પેલી દુષ્ટ મંજરીને પણ અત્રે બોલાવી. મંજરીને આવેલી જોઈ ભદ્રિકસિંહ પ્રશ્ચાતાપ કરવા લાગ્યો અને પોતાના કરેલા કુકર્મોની માફી માગી. ભાઈ, લાલસિંહ! આજે મારી આંખો ઉઘડી છે. એક વખતનો હું તમારો દુશ્મન હતો પણ આજ તો તમારો આશ્રીત અને તમારો ગુન્હેગાર છું. હવે 'મારો' યા 'જીવાડો'

ભાઈ, હું આજે પ્રતિજ્ઞા કરૂં છું કે પરસ્ત્રી મારે માતા અને પુત્રી સમાન છે. ઓ! મારી માતા તુલ્ય ભાભી! મારા કરેલા કર્મોની માફી માગું છું. મને આશા છે કે આપ જરૂર મને માફ કરશો. હું અત્યારે રાજકુમાર નહિં પણ એક રસ્તાનો રખડતો પાપી રંક ભિક્ષુક છું. શું મારા જેવા ગરીબ ઉપર તમો કંઇ પણ દયા નહિં લાવો? આજે મારા આત્માને ખરેખરૂં જ્ઞાન થયું છે.

'ધર્મ એજ જીવનનો સહારો છે' માટે હવે મારે રાજ્ય અને પ્રજાની બની શકે તેટલી સેવા ખરા હૃદયથી બજાવી મારા કરેલા કર્મનું પ્રાયશ્ચીત કરવું એ જ મારો નિશ્ચય.

ભાઈ, આ બધું પાપનું મૂળ આ રાંડ મંજરી જ છે. એને જ મને અને મારી માતુશ્રીને અનેક જાતના ઉંધા પાટા બંધાવ્યા હતા. આ બધા કુકર્મો કરાવનાર જો હોય તો આ એક જ રાંડ છે. હજી પણ દુષ્ટા ધરાઈ ન હોય તેમ તમારૂં અને મણિવિજયનું કાસળ કાઢવા તૈયાર થઈ. તો ભાઈ, એને જીવતી રાખવી એ મહા પાપ છે. હવે મને મારા પાપની ક્ષમા આપી આપની પાસે રાખો.

આખરે દેવસેના અને પદ્માવતિ ભદ્રિકસિંહને માફી આપી સદ્-

માર્ગે ચાલવા શિખામણ આપી પોતાની પાસે રાખે છે. આ વખતે વિલાસવતિ અંદર હાજર જ હતી તેણે પણ પોતાના કરેલા કર્મોની માફી માગી અને પોતાના પતિના ચર્ણોમાં પોતાનું સર્વસ્વ સોંપી આનંદ માનવા લાગી.

કેટલાક દિવસો પછી સાંભળ્યું કે પ્રતિષ્ટાપુરનગર ઉપર દુશ્મન ક્રૂરસિંહે હલ્લો કર્યો છે. આથી દેવકુમાર અને વસંતસિંહ બને ભાઈઓ ચંપાવતિ જઈ પોતાનું સૈન્ય લઈ પોતાનું રાજ્ય લેવા જાય છે.

શુરવીર યોદ્ધાઓની માફક બંને ભાઈઓ હજારો સૈનીકો સાથે ચાલ્યા જાય છે. પ્રતિષ્ટાપુર નગરની નજીકમાં આવી છાવણી નાંખી પડાવ નાંખે છે. દેવકુમારે પડાવ નાંખ્યો છે એવું ક્રૂરસિંહના જાણવામાં આવતાં પોતાનું હજારોનું લશ્કર લઈ દેવકુમાર અને વસંતસિંહને મહાત કરવા આવ્યો. પણ આ બે ભાઈઓ તેમના તાબે થાય તેમ નહોતા. એટલે તેઓ વચ્ચે ભારે યુદ્ધ ચાલ્યું.

દેવકુમાર એક મહાન નરકેશરીની માફક વીરને છાજે તેમ હાથમાં તલવાર લઈ દુશ્મનોને ઘાસની માફક કાપતો દુશ્મનની છાવણીમાં આગળ વધવા લાગ્યો. તેની પાછળ વસંતસિંહ પણ શુરાતનથી લડતો લડતો દુશ્મનોને હરાવતો આગળ વધી રહ્યો છે. આ વખતે આ બંને ભ્રાતાઓ પોતાની માતૃભૂમિ માટે પ્રાણની પણ પરવા કરતા નથી.

દુષ્ટ ક્રુરસિંહ પણ પોતાના શુરવીર લડવૈયાઓને લઈ પડકાર પાડે છે આથી દેવકુમાર બોલ્યોઃ દુષ્ટ પાપી, મારા માતાપિતાને કારાગ્રહે પુરી અને મારૂં રાજ્ય પચાવી પાડી હરામનું ખાવા તૈયાર થયો છે, તો તેનો બદલો હવે પુરેપુરો વાળવાનો આજે મારો સમય આવ્યો છે માટે ચાલ, થા હોંશિયાર!!!

છપ્પો.

ધરી ઢાલ તલવાર, કરમાં ભાલો ઝાલ્યો,
શૂરવીર ને રણધીર, જાય જાણે કશરી ચાલ્યો,
દે દુશ્મનને ત્રાડ, ત્યા નહીં દીલમાં ધરતો,

શુરવીર દેવકુમાર, માતૃભૂમિ માટે લડતો,
શુરવીર ક્ષત્રિય એ જ કે, પીઠ કદી ધરતો નથી,
કહે 'ભોગી' કુમાર 'દેવ', કોઈથી ડરતો નથી. ૧
લઈ શમશેર જ હાથ, કત્લ દુશ્મનની કરતો,
ત્રાહ ત્રાહ સૌ થાય, જરી નહીં પાછો ફરતો,
જાણે કાપતો ઘાસ, સરિતા રક્તની વહેતી,
દુશ્મન કેરી ફોજ, નહીં એના સામે ટકતી,
આવી પાછળ ક્રુરસિંહ, ઘાવ વસંતને મારતો,
કહે 'ભોગી' ત્યાં લાલસિંહ, આવીને બચાવતો. ૨
યોધ્ધો એ રણધીર, દેખીને દુશ્મન કંપે
વરતાવે અતિ ત્રાસ, મહા યોધ્ધાઓ ધ્રુજે,
ક્રુરસિંહનું સૈન્ય, દેખીને ત્રાસે થાકે,
શુરવીર દેવકુમાર, જરા નહીં બાકી રાખે,
પકડયો ત્યાં ક્રુરસિંહને, રાજ્ય લક્ષ્મી મેળવી,
કહે 'ભોગી' ધન્ય 'દેવ'ને, જેને ગઈ વસ્તુ મેળવી ૩

આ પ્રમાણે દુશ્મનો સામસામી લડતા લડતા હજારો માણસોનો સંહાર કરવા છતાં એકમેકને મચક આપવા તૈયાર નહોતા પણ અચાનક વસંતસિંહ ઉપર પાછળથી દુષ્ટ ક્રુરસિંહે ઘાવ માર્યો, વસંતસિંહ ઘાયલ બન્યો. પરંતુ લાલસિંહ અને ભદ્રિકસિંહ અચાનક આવી પહોંચ્યા અને વસંતસિંહને ઉગારી લીધો. લાલસિંહની સૂચના મુજબ ભદ્રિકસિંહ વસંતસિંહને લઈ છાવણીમાં આવ્યો.

ભદ્રિક છાવણીમાં આવે છે એટલામાં તો ક્રુર ક્રુરસિંહ દેવકુમાર ઉપર ઘા કરવા આગળ ધસ્યો અને જેવો ઘાવ કરવા જાય છે તેવો તુરત જ લાલસિંહ ચેતી જઈ પોતાની શમશેર ઉપર ઝીલી લઈ તેને બચાવી લે છે. હવે લાલસિંહથી સહન થઈ ન શક્યું. લાલસિંહ પોતે પોતાના ખરા સ્વરૂપમાં નર કેશરીની માફક દુશ્મનના ઉપર સૈન્ય લઈ તુટી પડયો. અને આખા લશ્કરમાં હાહાકાર વરતાવી દીધો. દેવકુમારને સહેજ ઈજા થઈ હોવાથી તેને પણ છાવણીમાં મોકલે છે અને લાલસિંહ

એકલો જ આખા સૈન્યમાં મોખરે રહી પોતાના માલીકની ખાતર, પોતાના દેશની ખાતર પોતાના પ્રાણનું બલિદાન આપવા તૈયાર થયો. ધન્ય છે આવા નરકેશરી વીરને ! !

લાલસિંહ પોતાની વાકય ચાતુરીથી પોતાના સૈન્યને શુર ચઢાવી દુશ્મન ઉપર સામટો હલ્લો કરી પોતાની પવિત્ર ભૂમિને ખાતર દુશ્મનોને હંફાવવા આગળ ચાલ્યો. આખરે લશ્કરને ઉત્સાહ આવ્યો અને પોતાના કેદ પકડેલા રાજાને મુક્ત કરાવવા સારૂ યાહોમ કહી કુરસિંહ ઉપર તુટી પડયા. અને તેને પકડી લીધો તે લાલસિંહ વિજય પામ્યો.

દુશ્મના હાથમાં ગએલી રાજ્ય લક્ષ્મી પોતે પાછી મેળવી સાચા દેશસેવક તરીકે પોતાનું નામ વધાર્યું.

સૈનીકો પણ હર્ષઘેલા બની ઉત્સાહ પૂર્વક લાલસિંહને ઘણુંજ આદરમાન આપી અને બોલ્યા: ધન્ય છે અમારા સરદારને ! ! !

કુરસિંહને છાવણીમાં લાવ્યા પછી લાલસિંહે પૂછયું: બોલ, કુરસિંહ ! તારે તાબે થવું છે કે મોતને શરણ થવું છે ?

કુરસિંહ એક બહાદુર સરદાર હતો તે એકદમ નમતું આપે તેમ નહતો, તે જેવા તેવાને ગાંઠે તેમ નહતો. તેથી તેણે જવાબ આપ્યો, આ કુરસિંહ એક અજાણ્યા નિર્માલ્ય સરદારની પાસે દયાની ભીખ માગશે નહીં, તે તો સદા મોતને જ પસંદ કરશે. આ કુરસિંહ કદાપી પણ નમશે નહીં તે મોતથી પણ ડરશે નહીં.

લાલસિંહ—શું તું મને ઓળખે છે ? જો મારા સામુ જો કે હું કોણ છું ?

કુરસિંહ—સામું જોઈ બોલ્યો: કોણ બહાદુર વીરલાલસિંહ શાબાશ શુરવીર સરદાર. હવે આ કુરસિંહ તારા જેવા વીર સરદારને જરૂર નમશે. હવે હું તમારો કેદી છું. મને ખુશીથી બન્ધીવાન કરો.

આખરે તેને બન્ધીવાન બનાવી કેદી તરીકે પ્રતિષ્ટા પુરની નજીકની છાવણીમાં લઈ ગયો.

# પ્રકરણ ૪૫

## સ્થલ : નજીક છાવણી

છાવણીમાં વસંતસિંહ-ઘાયલ થઇને પડેલો છે અને બેભાનમાં જેમ આવે તેમ બકયા કરે છે. કયાં ગયો એ પાપી દુષ્ટ-મને નિર-પરાધિને પાછળથી ઘા મારી શું દુષ્ટ જીવતો રહેવા માગે છે કયાં ગઈ મારી શમશેર ત્યાં તો દેવકુમાર બોલ્યો કે અરે શૂરવીરો શું જુઓ છો દુશ્મનો જ્યાં હોય ત્યાંથી મારીને કત્લ કરો અને માતૃભૂમીની ઈજત રાખો ત્યાં ભદ્રિકસિંહ બોલ્યો કે જરા શાંન્ત થાઓ અને તમો બધા કયાં છો તે તો વિચારો-ત્યાં દેવકુમાર બોલ્યો કે અરે ભદ્રિક તું કયાંથી ત્યાં ભાદ્રક બોલ્યો કે ભાઈ દેવકુમાર તમો આઘા જાઓ આજે ભદ્રિક એ પાપી નથી. પણ તમારો અને મારી માતૃ-ભૂમીનો સેવક છે માટે હાલ તમો મારી સારવારમાં છો, પણ દેવકુમાર બોલ્યો કે તમે અહિં કયાંથી આપના મિત્ર લાલસિંહના હૂકમથી શું મારો મીત્ર લાલસિંહ અહિં જ છે.

ભાઈ જાઓ બોલાવો જલ્દી બોલાવો મારે તેને મળવું છે ત્યાં તો ભદ્રિકસિંહ બોલ્યો કે તે તો રણભૂમિમાં દુશ્મનોને સંહારવા એક-લો જ વિર પુરૂષની માફક ઝઝૂમી રહ્યો છે. અને જ્યારે આપ ઘાયલ થયા ત્યારે તેમને છાવણીમાં લાવવા માટે મને હુકમ કર્યો ત્યાં તો દેવકુમાર બોલ્યો કે શું મારો મીત્ર એકલો લડે હું શું બાયલાની માફક અહિંજ ઊભો રહ્યો છું. ધીક્કાર છે મને મારે પણ તેની મદદે જવું જ જોઈએ ત્યાં ભદ્રિક બોલ્યો કે ભાઈ જરા શાંન્ત થાઓ

તમારી સ્થિતિનો વિચાર કરો જો તમને લાલસિંહના વિજય માટે શંકા પડતી હોય તો હું જઉં-ત્યાં દેવકુમાર બોલ્યો કે જાઓ જલ્દી જાઓ અરે કોઈ છે હાજર-મારો વ્હાલો-લાલ કયાં મારો મીત્ર કયાં મારે તેને મળવું છે. માટે જલ્દી બોલાવો-ત્યાં ચંપાવતી બોલી કે વ્હાલા તમે આમ આકુળ વ્યાકુળ કેમ છો તમારા ભાઈ તો તમારી પાસે છે. પલંગ પર ઘવાયલા પડયા છે ત્યાં દેવકુમાર બોલ્યો કે ચંપાવતી જેમ મને મારા મીત્રના સહેવાસનો વિયોગ કરાવ્યો છે તેં જ જૂઠું કલંક આપી-મારા મિત્રના ચારીત્ર માટે મને શંકાશીલ બનાવ્યો આ બધો દોષ તારો જ છે તેં જ તેને ન કહેવાના વેણ કહી મારાથી જૂદો પાડયો જા મારે તારૂ મોં જોવાની પણ ઈચ્છા નથી ચાલી જા તારૂ પાપી મોં જોવા માગતો નથી. વ્હાલા દેવકુમાર આ દાસીનો થએલો ગુન્હો કૃપા કરી માફ કરો. હું આપશ્રીના ચર્ણો આગળ ખોળો પાથરી વીનવું છું. વ્હાલા શું આ દાસીને છેક જ નીરાશ કરશો. પાપીણી તારી વાત પર ભરૂસો રાખી મેં મારા વફાદાર મીત્ર લાલસિંહને કેટલો હેરાન કર્યો માટે કૃપા કરી તું અહીંથી દુર જા. હું તારી સાથે વાત કરવામાં પણ મને લાંછન છે. એટલામાં દેવકુમાર વસંતસિંહને પડેલો જોઈ બોલ્યા કે ભાઈ તમે આવી સ્થીતિમાં કેમ ભાઈ પાપી-એ તમને ઘા કરી મને ઘા કર્યો તેથી ઘાયલ થઈ ને હું અહીં પડયો છું અને તમને તે માણસ બચાવી પોતે રણસંગ્રામમાં દેશના માટે એકલો ઝઝૂમે છે. એટલામાં ભદ્રિકસિંહ આવીને શુભ સમાચાર આપે છે કે ભાઇ લાલસિંહનો જય થયો અને તે વિજય મેળવી આખા દેશની સેવા કરી પોતાનું જીવન તેને ધન્ય બનાવ્યુ છે. પણ તે વિરપુરૂષ આપશ્રીની પાસે આવતાં શરમાય છે, અને કહે છે કે મારૂ કલંકીત મોં મારા ભાઈ દેવકુમાર તથા બેન ચંપાવતીને શું બતાવું. દેવકુમાર બોલ્યો કે ભાઈ ભદ્રિક મારો જીવનનો હાર અને મારા પ્રાણનું રક્ષણ કરનાર એ મારો મીત્ર કયાં છે ચાલો જલ્દી બતાવો તેના પવિત્ર ચર્ણોના દર્શન-કરી મારી થએલી ભૂલની ક્ષમા માગી તેને માન સહિત મારી સાથે લાવીશ નાનાભાઇ આપશ્રીને તસ્દી લેવાની જરૂર નથી, હુંજ તેને હાલ ને હાલ બોલાવી તમારી સેવામાં હાજર કરૂં છું. એટલામાં લાલસિંહ આવે છે અને બન્ને મીત્રો

એક એકને ભેટે છે. અને બન્ને મીત્રો ક્યાં સુધી એક-એકની બાથમાં જકડાઇ ને પોતાને પ્રેમનો ઊભરો કાઢવા લાગ્યા. દેવકુમાર બોલ્યો કે ધન્ય છે મીત્ર તારી નીડરતા ને તારી નીમકહલાલીને તારી પવિત્રતાને અને તારા સંયમને વળી મારા ઉપર તેમજ મારા સારા કુટુંબ પર તેં જે લાગણી અને નિઃસ્વાર્થ સેવા બજાવી છે. તે હાલના જમાનામાં કોઇ મીત્ર આવી સેવા નહી બજાવે. ધન્ય છે તારી ટેકને.

છપ્પા

મીત્ર સાચો એજ કે પર દુખે દુખી થાતો<br>
મીત્ર સાચો એજ કે, નહિ સ્વાર્થવિનતો<br>
મીત્ર સાચો એજ કે નીજ પ્રાણ પાથરતો<br>
પરસેવાના કાજ કદી નહી-પાછો પડતો<br>
કરતો મીત્રની સેવ પોતાના પ્રાણની સાટે<br>
તન, મન, ધન અર્પતો મીત્રના ભલા જ માટે<br>
આવા મીત્ર દુનીયામહીં મળવા ઘણા મુશ્કેલ છે<br>
ભોગી કહે આ જગતમાં એવા તો વીરલા કોક છે

આ પ્રમાણે દેવકુમાર અને લાલસિંહ બન્ને મીત્રો આનંદની સાથે ભેટે છે અને પોતાના મીત્રની બહાદુરીથી આજે પોતાના રાજ્યનો ચારે દીશાએ ફરકતો વાવટો જોઇ પોતાના આત્માને ઘણો જ સંતોષ અનુભવે છે. એવામાં ચંપાવતી રાણી (દેવકુમારની બીજી (પત્ની) આવે છે અને ઘણી જ શરમાળ દશામાં આવી. જે પોતાના સ્વામીના પાસે નીચું મોં રાખી ઊભી રહે છે. અને ઘણીજ નમ્રતાથી પોતે બે હાથ જોડી બોલે છે. ચારીત્રવાન શુરવીર મારા વિર લાલસિંહ આ દુખી બેનના હાથે જે થએલી મોટી ભૂલની ક્ષમા આ રંક ભગીનીને નહી આપો. ત્યાં લાલસિંહ બોલ્યો કે બહેન આ શું કરો છો આપતો મારા મીત્રના અર્ધાંગના છો. અને હૃદય રમણી છો. હું તો આપ બન્નેના ચર્ણોનો સેવક છું મારે માફી આપવાની હોય જ નહિ. ઈશ્વર સૌનું કલ્યાણ કરે માટે પ્રભુ જે કરે છે તે સારૂ જ કરે છે. માટે આપને મારી માફી માગવાની હોય જ નહિ, એટલામાં લાલસિંહ

બોલ્યો હે દેવકુમાર આ નવિન વ્યક્તિને માન આપી બોલાવો. એટલામાં દેવકુમાર નવીન વ્યક્તિ તે જોઈ બોલ્યો કે કોણ વ્હાલી મારી હૃદયેશ્વરી દેવશેના શું તું પણ અહિંજ છે. શું તને જ રંગીલપુરના નગરશેઠને બચાવનાર લાલસિંહ જ છે. હા મારા પ્રાણેશ આજનો દિવસ અને આપશ્રીનો મેલાપનો જો યોગ થયો હોય તો તે બધો પ્રતાપ તમારા આ બહાદુર વિર મીત્ર લાલસિંહનો જ છે. વ્હાલા મારી સાથે રંગીલપુરના રાજકુંવરી તથા મારી પ્રિય સગી પદમાવતી પણ લાલસિંહના ધર્મપત્ની થઇ આવેલા છે શું મારો મીત્ર પરણ્યો. હા સ્વામી આપના વડીલ ભ્રાત વસંતસેનને લઇ જનાર દુષ્ટના હાથમાંથી રંગીલપુરની રાજકુંવરી પદમણીને બચાવી પોતેજ પરણ્યા છે અને મારી સખીને પણ વાઘના મુખમાંથી બચાવી તથા તેના પીતાને ફાંસીને લાકડે જતા પણ તે વીર પુરૂષે જ બચાવ્યા છે. ત્યાં વસંતસિંહ બોલ્યો કે—શું રંગીલપુરની રાજકુંવરી પણ શું અહિંયા જ છે. તે સુશીલ કુંવરી અને મારી ધર્મની બ્હેન. લાલસિંહ જેવા વીરની ધર્મપત્ની બની તે જોઈ હું ઘણોજ ખૂશી થયો છે. વાહ પ્રભુ વાહ એટલામાં સૌભાગ્યસુંદરી આવી બોલી કે ભાઈ વસંત તથા ભાઈ દેવ. આપની બહેન આપશ્રીને વંદન કરે છે અને આપશ્રીને વિજયમાળ પહેરાવવા આવી છું તે આપ ગ્રહણ કરો ત્યાં વસંતસિંહ બોલ્યો કે બહેન સૌભાગ્ય તું અહિં કયાંથી આ વિજયમાળા તો ભાઈ લાલસિંહને શોભે ત્યારે સૌભાગ્ય બોલી કે ભાઈ લાલસિંહનું આવાગમન સાંભળી મારા રસાલા સાથે હું મારા ભ્રાતાઓને મળવા આવી છું ને મેં તમને રંગીલપુરમાં મદદ ન કરી તેના માટે ક્ષમા માગું છું ત્યાં દેવકુમાર બોલ્યો કે શું તું પણ રંગીલપુરમાં હતી. હા. ભાઈ ત્યાં પણ તમને મદદ કરનાર પણ લાલસિંહજ છે.

વાહ વિધાતા વાહ તારી પણ અજબ કૃતિ છે. ઘડીકમાં રાયને રંક અને રંકને રાય. ત્યાં તો દેવકુમાર બોલ્યો. ઓ મારા મિત્ર લાલસિંહ તારો તે કેટલો ઉપકાર માનું છું આ તારી કરેલી નિસ્વાર્થ સેવાનો બદલો કયારે વાળીશ. ભાઇ ચાલો હવે આપને બધા નગરમાં પ્રવેશ કરી ત્યાં બધા નગરમાં જાય છે.

## પ્રકરણ છેતાલીસમું

### છેવટનો આનંદ

આખરે કુદરતની ઘટના ફેરવાઈ ગઈ સૌ સૌ જે પોતપોતાની કૃત્યાકૃત્યનો ખ્યાલ થાય છે. આખરે જ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા થઈ અને આ ક્ષણભંગુર જગતમાં સ્વાર્થ સિવાય કોઈ વસ્તુ નથી. છતાં જ્ઞાનીઓ તો કહી ગયા છે. આ જગત એવી સ્થિતિમાં જકડાયલું છે કે તેના મોહમાંથી આત્માથી જેટલો બને તેટલો ત્યાગ કરી જીવનનો વિકાસ કરવો એજ સાચું કર્તવ્ય છે.

છેવટે આજે પ્રતિષ્ટાપુર નગરમાં રાજા, સરદારો સામંતો અને પ્રજાના દીલમાં કોઈ અનેરો આનંદ ઉદ્‌ભવે છે એક વખતનું પાટલીપુર-નગર શ્મશાનવત્ સમાન બની ગયું. અને એજ પાટલીપુર નગર આજે ઈંદ્રપુરી સમાન શોભી રહ્યું છે. સારાએ શહેરમાં રોશની રમત ગમત અને આનંદની સરીતાઓ વહી રહી છે. આજે રાજા વિરભદ્રસિંહ પોતાની રાણી દેવલ દેવીને કહે છે કે આ ગામમાં એક વખત કેટલો ઉત્પાત અને ત્રાસ અને અંધાધુંધિ હતી. ત્યાં રાણી બોલી કે પ્રાણેશ. આ બધાય દુઃખનું મુળ આપશ્રીના ચર્ણોની દાસી આ પાપીણી દેવલદેવી જ છે.

મેં અજ્ઞાનતાને વશ થઈ અને દુષ્ટ મંજરી—દાસી શીખવણીથી મેં આ બધું કૃત્ય કર્યું કેશવસિંહનું ખૂન મેં કરાવ્યું આળ દેવકુમારને

માથે ચઢાવ્યું વસંતસિંહનું હરણ આ પિશાચીનીએ કરાવ્યું. ફક્ત મારા દીકરાને રાજ્ય મળે તે લોભથી આ બધાય અઘોર પાપની કરનારી હું જ છું અને મારા જ હાથે મેજ કુહાડી મારી મારો પગ મેંજ ભાગ્યો. માટે નાથ, હવે મને ક્ષમા કરો હવેથી કોઈ દીવસ આવું નીચ કૃત્ય નહિ જ કરૂં ત્યારે જ રાજાની આંખો ઉઘડી. અને પસ્તાવાનો પાર રહ્યો નહિ. એટલામાં છડીદાર આવી છડી પોકારે છે. ત્યાં વસંતકુમાર, દેવકુમાર, લાલસિંહ તથા સ્ત્રી વર્ગ વીગેરે બધાય સાથે આવે છે. અને બોલે છે કે પુજ્ય પિતાશ્રી. અને માતુશ્રી પ્રણામ કરીએ છીએ ત્યાં રાજા આશીર્વાદ આપે છે.

ત્યાં દેવલદેવી આવી બોલી કે ભાઈ વસંત ભાઈ તથા ભાઇ દેવ તથા ભાઈ લાલસિંહ આ પાપીણી માતાને માતા તરીકે ન બોલાવો પણ ધિક્કારો. ત્યાં બન્ને પુત્રો બોલ્યા કે માતુશ્રી જેવી ભાવીની ઇચ્છા હતી તેમ થયું. હવે ગઈ ગુજરી ભુલી જઈ પ્રભુના નામનું સ્મરણ કરો. ત્યાં પ્રધાન છત્રસિંહ પણ આવે છે બન્ને બાળકો પ્રણામ કરે છે. ત્યાં પદ્માવતી અને પદ્મણી બન્ને પુત્રવધુઓ લાલસિંહના પિતાને પ્રણામ કરે છે અને પિતા સુખી રહો તેવો આશિર્વાદ આપે છે.

એટલામાં મોહનપુરીનો પણ રાજા આવે છે અને પોતાની થયેલી ભુલની ક્ષમા માગે છે. ત્યાં વસંતસિંહની ધર્મપત્નિ જયકુંવર પણ પોતાના પતિનાં દર્શન કરી કૃતાર્થ થાય છે અને નાનો ભાઇ કિર્તીસિંહ પણ આવે છે, અને બધાય આ વખતે આનંદની હેલીમાં આવી ગયા છે. આ બધાય આનંદમાં કેશવની ખામી હતી. જેવી ભાવીની મરજી. આખરે રાજા વીરભદ્રસિંહે પોતાની થએલી ભૂલની ક્ષમા માગી. અને રાણીનો મોહ દશામાં રહીને મેં તમને દુઃખો આપ્યાં તેના માટે શરમીંદા બન્યા અને રાજ્યની તમામ જવાબદારી દેવકુમારને સોંપી. અને પ્રધાન લાલસિંહને કરી પોતે પોતાના આત્મ-કલ્યાણ માટે પવિત્ર દીક્ષા લઇ રાજા અને રાણી દેવલદેવી બન્ને

પોત પોતાના પાપના પ્રાયશ્ચિત કરી પોતાના આત્માનું કલ્યાણ કર્યું. અને દેવકુમાર અને દેવસેના તેમજ ચંપાવતી તથા લાલસિંહ વીગેરે પ જ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા રાખી પ્રજાનું પાલન કરતા અને ગરીબોના સેવા કરી પ્રજાનો આશિર્વાદ લઇ જીનેશ્વર ભગવાનની ભક્તિ કરી પ્રજાનું હીત ;કરતા હતા અને પરમ ચારિત્ર ચૂડામણી શ્રી. ભદ્રબાહુ મુની માહારાજના ઉપદેશ સાંભળતા સૌ પોત પોતાના આત્માના નિકાચિત કર્મોનો ત્યાગ કરી અમર નામના કરી. સૌએ પોત પોતાના જીવન સાર્થક કર્યાં. ધન્ય, હો ધન્ય હો, એવા સુપુત્ર દેવકુમારને ધન્ય હોય પવિત્ર મીત્ર લાલસિંહને અને ધન્ય સતિ શિરોમણી દેવશેનાને એવા પવિત્ર આત્માને સદા અમારા વંદન હો.

સમાપ્ત

## કુન્દન કાવ્ય વિનોદ

દરેક સામાજીક તેમજ વહેવા-
રિક તેમજ ધાર્મિકના દરેક વિ-
ષયોથી અલંકૃત

પૃષ્ટ ૩૦૦

પાકુ બાઇન્ડીંગ

ટૂંક વખતમાં બહાર પડશે.

કી. રૂા. ૩-૦-૦

કવિ ભોગીલાલ કૃત

★

સામુદ્રિક વિષયોની સંપુર્ણ
વિગત સાથે તેમજ ભૂત તથા
ભવિષ્યનું સંપુર્ણ જ્ઞાન સાથે
માહિતી આપનાર અજોડ ગ્રંથ
ગદ્ય તથા પદ સાથે સુંદર
ભાવાર્થ સહિત

## જ્ઞાનદર્પણ

પૃષ્ટ ૨૦૦

પાકુ બાઇન્ડીંગ

કી. રૂા. ૩-૮-૦

કવિ ભોગીલાલ કૃત

### હિંદી ભાષામાં ઘણાજ સુધારાવધારા સાથે
### ઘણાજ ટુંક સમયમાંજ બહાર પડશે

# મેવાડના અણમોલ જવાહિર યાને આત્મ બલિદાન

આવૃતી ૨ જી સચિત્ર

લગભગ પચાસ ફોટાઓ સાથે કી. ૫-૦-૦

---

## અમારા પ્રકાશનો

| | | |
|---|---|---|
| મેવાડના અણમોલ જવાહિર—યાને—આત્મ બલિદાન સચિત્ર કીં. | | ૪-૦-૦ |
| શ્રીપાલ મહારાજાનો રાસ આવૃત્તિ ૨ જી. | ,, | ૨-૮-૦ |
| દેવકુમાર સામાજીક અને ધાર્મીક નવલકથા | ,, | ૨-૦-૦ |
| પાટણકર કાવ્ય મંજરી ભાગ ત્રીજો | ,, | ૧-૪-૦ |
| જૈન તીર્થમાલા સો બુકના ૨૫-૦-૦ | ,, | ૦-૦-૦ |
| મહામંત્રી વિમલશાહનું સંગીત સાથે જીવન ચરીત્ર | ,, | ૦-૪-૦ |

### પુસ્તક મળવાનું ઠેકાણું:

**કવિ ભોગીલાલ રતનચંદ**
રતનપોળ પીપળાવાળો ખાંચો તથા
ઝવેરીવાડ પટણીની ખડકી
**અમદાવાદ.**

**મેસર્સ મેઘજી હીરજી**
બુક સેલર્સ
ઠે- પાયધુની ગોડીજીની ચાલ
૧ લે માળે—**મુંબઈ.**

---

## સંગીતના સુંદર સ્ટાફ સાથે

### જ્ઞાન સાથે અપુર્વ આનંદનો અવશ્ય લાભ લો.

ધાર્મીક પ્રસંગે અથવા શુભ લગ્નાદિ પ્રસંગે દરેક વિષયના સંગીત સાથે પ્રવચન કરી ઘણા રાજા મહારાજા તેમજ સંભાવિત સદ્ગ્રહસ્થો અને ઘણા શહેરો તથા ગામો તરફથી ઘણાજ સુવર્ણચંદ્રકો મેળવી જનતાને મુગ્ધ કરી છે. તો એક વખત અવશ્ય લાભ લેવા વિનંતી છે.

લખો-

**કવિ ભોગીલાલ.**

## મુઝાવાની જરૂર નથી.

ઘણાજ વર્ષોના બહોળા અનુભવથી ઘણાજ દર્દીઓના આશીર્વાદ મેળવ્યા છે, જીવલેણ દર્દો કે હીસ્ટ્રીયા, લકવો, લોહીવા, પ્રદર, પ્રમેહ, ક્ષય, સંગ્રહણી, જેવા ભયંકર દર્દોની ચીકિત્સા કરી દવા આપવામાં આવે છે. હીસ્ટ્રીયાનો કહ્યા મુજબ ઉપાય કરે અને ન મટે તો રૂા. સો ઇનામ-

લખો યા મળો:-
**કવિ ભોગીલાલ.**
(રજીસ્ટર-મેડીકલ પ્રેકટીશનર)